સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 6
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ માઘ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૨
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઈન્ડિયા-યુએસએ વચ્ચે વચગાળાના વેપાર-કરાર

# ભારત માટે ખૂલશે 30,000 અબજ ડૉલરની અમેરિકી બજાર





ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર-કરારની વિગતો જાહેર કરતા વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ. (એજન્સી)

વૉશિંગ્ટન / નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે દાવો કર્યો હતો કે ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર-કરારથી ભારતીય નિકાસકારો માટે અમેરિકાના ૩૦ હજાર અબજ (૩૦ ટ્રિલ્યન) ડૉલરના બજાર ખૂલશે.

બન્ને દેશે શનિવારે એકબીજાના માલસામાનની આયાત પરની ડ્યૂટી ઘટાડવાની કે નાબૂદ કરવાની શનિવારે વચગાળાના વેપાર-કરારમાં જાહેરાત કરી હતી.

અમેરિકા ભારત ખાતેથી આયાત કરાતા અનેક માલસામાન પર પચાસ ટકાને બદલે હવે માત્ર ૧૮ ટકા ટૅરિફ લેશે. અમેરિકાએ ભારત ખાતેથી અમુક ચીજોની આયાત પરની ટૅરિફ શૂન્ય કરી છે, જ્યારે ભારતે અમેરિકાથી આયાત કરાતી કેટલીક ચીજ-વસ્તુઓને ડ્યૂટી કન્સેશન આપવાનો નિર્ણય લીધો હતો.

આમ છતાં, ભારતે પોતાના ડેરી અને કૃષિ ક્ષેત્રના હિતને સંપૂર્ણ સુરક્ષિત રાખ્યું છે.

અમેરિકાએ ભારત ખાતેથી હીરા અને રત્નો, વિમાનના ભાગો, સ્માર્ટફોન, તેજાના, ચા, કૉફી, નાળિયેર અને કોપરેલ તેલ, સોપારી, બ્રાઝિલ નટ, કાજુ, ચેસ્નટ, વૅજિટેબલ વૅક્સ, આવોકાડો, કેળાં, કેરી, અનાનસ, મશરૂમ્સ, બેકરીની અમુક પ્રૉડક્ટ્સ પરની ટૅરિફ નાબૂદ કરવાનો નિર્ણય લીધો હતો.

અમેરિકાથી ભારત ખાતે આયાત થનારા દારૂઃ વાઇન્સ અને સ્પિરિટ્સ, ઇથેનોલના ઉત્પાદનની આડપેદાશ જેનો ઉપયોગ ઢોરો અને મરઘાં-બતકને ખવડાવવા થાય છે - ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રૅન્સ, ઢોરોને ખવડાવવા માટેની લાલ જુવાર (રેડ સૉર્ગમ), સૂકો મેવો, સોયાબીન ઑઇલ, તાજા અને પ્રૉસેસ કરેલાં ફળો, કૉસ્મેટિક્સ, ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક કેમિકલ્સ, અમુક તબીબી સાધનો, કમ્પ્યૂટર-આધારિત પ્રૉડક્ટસ પરની ડ્યૂટી ઘટાડવાનું નક્કી કર્યું છે. ભારતે આગામી પાંચ વર્ષમાં (જુઓ પાનું ૨) ▸▸

## કઈ - કઈ અમેરિકી એક્સપોર્ટ પર નૉ ટૅરિફ?

▸ હીરા અને રત્નો ▸ વિમાનના ભાગો ▸ સ્માર્ટફોન ▸ તેજાના ▸ ચા ▸ કૉફી ▸ સોપારી ▸ નાળિયેર અને કોપરેલ તેલ ▸ બ્રાઝિલ નટ ▸ કાજુ ▸ ચેસ્નટ ▸ વૅજિટેબલ વૅક્સ ▸ આવોકાડો ▸ કેળાં ▸ કેરી ▸ અનાનસ ▸ મશરૂમ્સ ▸ બેકરીની અમુક પ્રૉડક્ટ્સ.

## કઈ-કઈ અમેરિકી ઇમ્પોર્ટ પર ડ્યૂટી કન્સેશન?

▸ દારૂઃ વાઇન્સ અને સ્પિરિટ્સ ▸ ઇથેનોલના ઉત્પાદનની આડપેદાશ જેનો ઉપયોગ ઢોરો અને મરઘાં-બતકને ખવડાવવા થાય છે ▸ ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રૅન્સ ▸ ઢોરોને ખવડાવવા માટે લાલ જુવાર (રેડ સૉર્ગમ) ▸ સૂકો મેવો ▸ સોયાબીન ઑઇલ ▸ તાજા અને પ્રૉસેસ કરેલાં ફળ ▸ કૉસ્મેટિક્સ ▸ ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક કેમિકલ્સ ▸ અમુક તબીબી સાધનો ▸ કમ્પ્યૂટર-આધારિત પ્રૉડક્ટસ.

સૂર્યકુમારની કૅપ્ટન્સ ઈનિંગને પગલે વર્લ્ડકપમાં ભારતનો વિજયી શુભારંભ

# સૂર્યાનો સુપર શો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે (૨૦ ઓવરમાં ૯/૧૬૧)એ શનિવારે પ્રારંભિક દિવસે યુએસએ (૨૦ ઓવરમાં ૮/૧૩૨)ને ૨૯ રનથી હરાવીને બે પૉઇન્ટ સાથે ખાતું ખોલાવ્યું હતું. આખી ભારતીય ટીમમાં માત્ર કેપ્ટન સૂર્યકુમાર યાદવે (૮૪ અણનમ, ૪૯ બૉલ, ચાર સિક્સર, દસ ફોર) પ્રશંસનીય ઇનિંગ્સ સાથે ટીમની લાજ રાખી હતી. તે અવિસ્મરણીય ઇનિંગ્સ રમ્યો હતો.

અમેરિકાના ૧૩૨ રનમાં સંજય ક્રિષ્ણમૂર્તિ અને શુભમ રાંજણેના ૩૭-૩૭ રન હાઇએસ્ટ હતા. બીજા ભારતીય મૂળના બૅટ્સમૅન મિલિંદ કુમારે ૩૪ રનનો ફાળો આપ્યો હતો. ઈજાગ્રસ્ત હર્ષિત રાણાને બદલે રમી રહેલા મોહમ્મદ સિરાજે તકનો લાભ લઈને ત્રણ વિકેટના તરખાટ સાથે ભારતનો વિજય આસાન બનાવ્યો હતો. અક્ષર અને અર્શદીપે બે-બે વિકેટ મેળવી હતી. એક વિકેટ વરુણને મળી હતી, જ્યારે હાર્દિકને ૩૪ રનમાં વિકેટ નહોતી મળી શકી.

એ પહેલાં, ભારતની ઇનિંગ્સમાં સૂર્યકુમાર સર્વત્ર છવાઈ ગયો હતો. તેણે હાફ સેન્ચુરી પૂરી કર્યા બાદ આતશબાજી વધુ ઉગ્ર બનાવી હતી. ખાસ કરીને તેણે સૌરભ નેત્રાલકરની ૨૦મી ઓવરમાં ચોગ્ગા-છગ્ગા મારીને ટીમને ૯/૧૬૧નો પડકારરૂપ ટાર્ગેટ અપાવ્યો હતો. તે ઘણી વાર બિગ શૉટ માર્યા બાદ જમીન પર પટકાયો હતો, પણ ફરી ઊભો થઈને અસલ મિજાજમાં રમવા લાગ્યો હતો. ભારતે (જુઓ પાનું ૨) ▸▸


**સ્વીપનો શહેનશાહઃ** સૂર્યકુમાર યાદવે તોફાની બૅટિંગ કરી હતી.

## કૃષિ-ડેરી ઉદ્યોગને ઊની આંચ નહીં આવે

નવી દિલ્હીઃ અમેરિકા સાથે કરવામાં આવેલા વચગાળાના વેપારી કરાર અંતર્ગત ભારતે દેશના કૃષિ તેમ જ ડેરી ઉદ્યોગનું સંપૂર્ણ રક્ષણ કર્યું છે અને અમેરિકા મકાઈ, ઘઉં, ચોખા, સોયા, દૂધ, ચીઝ, ઈંધણ, ટોબેકો, ચોક્કસ શાકભાજી અને માંસ જેવી વસ્તુઓ પરના ટૅરિફમાં ઘટાડો કર્યો છે. ભારત અને અમેરિકાએ શનિવારે સંયુક્ત જાહેરાત કરતા કહ્યું હતું કે વચગાળાના વેપારી કરાર માટે અમે એવું માલખું તૈયાર કર્યું છે જેને કારણે ભારતનાં કૃષિ અને ડેરી ઉત્પાદનોનું રક્ષણ પણ થશે અને અમેરિકા ભારતીય સામાન પરનો અગાઉનો પચાસ (જુઓ પાનું ૨) ▸▸

## જેમ્સ અને જ્વેલરીને જલસા

### ભારતીય હીરા, રત્નો પરની ઝીરો-ડ્યૂટીથી નિકાસ વધશે

મુંબઈઃ ભારતના હીરા અને રત્નો તેમ જ જ્વેલરી (દાગીના) ઉદ્યોગ, ખાસ કરીને તેના નિકાસકારોને અમેરિકા સાથેના વચગાળાના વેપાર-કરારથી સારો લાભ થવાની આશા છે. ભારત ખાતેથી અમેરિકામાં આ ક્ષેત્રના માલસામાનની નિકાસમાં અનેક ગણો વધારો થશે.

અમેરિકાએ ભારતીય હીરા અને રત્નો પરની ટૅરિફ નાબૂદ કરવાની જાહેરાત કરી છે. જૅમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના અધ્યક્ષ કિરીટ ભણસાળીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા ખાતે ભારતીય કટ અને પૉલિશ કરેલા (જુઓ પાનું ૨) ▸▸

દાયકાઓનું ભાજપનું સપનું સાકાર

## ઘાટકોપરનાં રિતુ તાવડે બનશે મુંબઈનાં મેયર

### શિંદે-સેનાના સંજય ઘાડી ડેપ્યુટી મૅયરઃ બંને બિનહરીફ ચૂંટાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ મુંબઈના મૅયરપદ માટે ભાજપ કોને ઉમેદવારી આપે છે તેની સામે છેલ્લા અનેક દિવસોથી ચાલી રહેલા સસ્પેન્સનો શનિવારે અંત આવ્યો હતો. ભાજપે મુંબઈના પ્રથમ નાગરિક ગણાતા મૅયરપદ માટે ઘાટકોપરમાંથી ચૂંટાયેલાં નગરસેવિકા રિતુ તાવડેને ઉમેદવારી આપી હતી. તો શિવસેના (શિંદે)ના તરફથી ડેપ્યુટી મૅયરપદ માટે સંજય ઘાડીને ઉમેદવારી આપવામાં આવી છે. વિરોધ પક્ષ શિવસેના (યુબીટી)એ મૅયરપદ માટે કોઈ ઉમેદવાર ઊભો રાખશે નહીં એવી જાહેરાત શનિવારે મોડી સાંજે કરતા આ બંને ઉમેદવારોને હવે બિનહરીફ ચૂંટાઈ આવશે. બુધવારે સત્તાવાર રીતે બંને ઉમેદવારોને મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયર તરીકે જાહેર કરવામાં આવશે. એ સાથે જ વર્ષોથી મુંબઈ મહાનગરપાલિકામાં કબજો કરીને શાસન કરવાનું ભાજપનું (જુઓ પાનું ૨) ▸▸

અમેરિકાએ ટૅરિફ ઘટાડી પણ...

## રશિયા પાસેથી ઑઈલ ખરીદ્યું તો ફરી ઊંચી ટૅરિફની ધમકી

ન્યૂ યોર્કઃ ભારતે સીધી કે આડકતરી રીતે રશિયા પાસેથી તેલ ન ખરીદવાની સહમતી દર્શાવી હોવાનું જણાવતાં અમેરિકાએ કહ્યું હતું કે સાત ફેબ્રુઆરીથી અમલી બને તે રીતે અમેરિકાએ ભારતીય સામાન પર લાદેલો વધારાનો પચીસ ટકા ટૅરિફ નાબૂદ કર્યો છે.

જોકે ભારત રશિયા પાસેથી ઑઈલ પાછું ખરીદવાનું શરૂ કરશે તો ફરી ટૅરિફ લગાડાશે એવી સ્પષ્ટતા અમેરિકાએ કરી છે પણ આ મુદ્દે ભારત ચૂપ છે.

વાઈટ હાઉસ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર (જુઓ પાનું ૨) ▸▸

## ઍડવાન્ટેજ હાર્લી-ડેવિડસનઃ અમેરિકી બાઈક પર ઝીરો ડ્યૂટી

નવી દિલ્હીઃભારત-અમેરિકા વચ્ચે કરવામાં આવેલા વચગાળાના વેપારી કરાર અમેરિકાથી આયાત કરવામાં આવતી અને ૮૦૦થી ૧૬૦૦ સીસીની ક્ષમતાના એન્જિન ધરાવતી બાઈક પર ભારત ઝીરો ડ્યૂટી વસૂલશે જેને કારણે હાર્લી-ડેવિડસન જેવી અમેરિકન બ્રાન્ડને લાભ થશે.

ગયા વરસે સરકારે ૧૬૦૦ સીસી સુધીની ક્ષમતાના એન્જિન ધરાવતી બાઈક પરની ઈમ્પોર્ટ ડ્યૂટી પચાસ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરી હતી.

ભારત અને અમેરિકાએ શનિવારે વચગાળાના વેપારી કરાર અંગે સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

આ કરાર માર્ચની મધ્યમાં સહી કરવામાં આવે એવી શક્યતા છે. (જુઓ પાનું ૨) ▸▸

## શંકાસ્પદ ન હોય એવાં બૅન્ક અકાઉન્ટને ફ્રીઝ ન કરી શકાયઃ દિલ્હી હાઇ કોર્ટ

નવી દિલ્હીઃ જ્યારે ખાતાધારક તપાસમાં આરોપી કે શંકાસ્પદ ન હોય ત્યારે બૅંક ખાતાઓનું અપ્રમાણસર ફ્રીઝિંગ સ્પષ્ટપણે મનસ્વી છે અને વ્યક્તિના આજીવિકાના મૂળભૂત અધિકાર અને વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતાની વિરુદ્ધ છે, એમ દિલ્હી હાઈ કોર્ટે જણાવ્યું છે.

ન્યાયાધીશ પુરુષેન્દ્ર કુમાર કૌરવે જણાવ્યું હતું કે ખાતાઓનું અપ્રમાણસર ફ્રીઝિંગ અન્યથા નિર્દોષ એન્ટિટીના રોજિંદા વ્યવસાયિક કામગીરીને લકવાગ્રસ્ત કરે છે, જેના પરિણામે વ્યાપારી સદ્ભાવના અને નાણાકીય પરિણામોનું નુકસાન થાય છે.

માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ અવલોકનો કરવામાં આવ્યા હતા, જેમાં કેન્દ્ર અને આઇફોરસીને સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા અને એચડીએફસી (જુઓ પાનું ૨) ▸▸

પાકિસ્તાન-ચીન બંનેના પેટમાં તેલ રેડાયું

## અમેરિકાએ મૂકેલા નકશામાં પીઓકે, અક્સાઈ ચીનને ભારતના ભાગ ગણાવાયા

નવી દિલ્હી : શનિવાર સવારની હેડલાઈન ભારત અને અમેરિકાના વેપાર કરારની રૂપરેખા હતી, પરંતુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વેપારી પ્રતિનિધિએ મૂકેલા ભારતના નકશાની તસવીર વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. નકશામાં પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીર સહિત આખું જમ્મુ અને કાશ્મીર ભારતનું બતાડવામાં આવ્યું છે. આમાં ચીને જેના પર દાવો મૂક્યો છે એ અકસાઈ ચીનને પણ ભારતનો ભાગ બતાડવામાં આવ્યો છે. ભારતે વર્ષોથી પ્રાદેશિક અખંડિતતા માટે આ નકશાનો અભિગમ અપનાવ્યો છે. ભૂતકાળમાં અમેરિકાની સરકારનું વિદેશ ખાતું જે નકશો બહાર પાડતું હતું એમાં પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીરને અલગ બતાડવામાં આવતું હતું જે પાકિસ્તાનના અભિગમને (જુઓ પાનું ૨) ▸▸

## આઈસીસીની લાલ આંખ પછી પાકિસ્તાનની સાન ઠેકાણેઃ વાતચીત માટે તૈયાર

નવી દિલ્હી : પાકિસ્તાનની ટીમ આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ વિવાદને લઈને આઈસીસીથી વાતચીત કરવા તૈયાર છે. પાકિસ્તાને ઔપચારિક રીતે અનુરોધ કર્યો છે કે તે વાતચીત કરવા તૈયાર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોના કે. આર. પ્રેમદાસ સ્ટેડિયમમાં મુકાબલો થવાનો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મૅચ અગેના વિવાદમાં વળાંક આવ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ સાથે ઔપચારિક વાતચીત કરવાની માગણી કરી છે. પાકિસ્તાન બૉર્ડે પહેલાં આઈસીસીને પત્ર લખીને ભારત સામેની મૅચ હટાવવાની વાત કરી હતી. પાકિસ્તાને આને અસાધારણ સંજોગો ગણાવ્યા હતા અને પોતાની સરકારની ટ્વિટને પણ આધાર બનાવ્યો હતો.

આના જવાબમાં આઈસીસીએ પીસીબીને પૂછ્યું હતું કે તે કયા અસામાન્ય સંજોગોનો (જુઓ પાનું ૨) ▸▸

## ‘વિશ્વાસ’ ભારતની મોંઘેરી મૂડીઃ મોદી

### મલયેશિયામાં નવી કૉન્સ્યુલેટ અને શિષ્યવૃત્તિની જાહેરાત


**પ્રેરણામૂર્તિઃ** મલયેશિયાના પ્રવાસે પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્યાંના ભારતીય સમુદાયમાંના બાળકે દોરેલા તેમના ચિત્ર પર ઓટોગ્રાફ આપ્યા હતા. (એજન્સી)

ક્વાલા લમ્પુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે ભારત ‘વિકાસ માટેનું વિશ્વાસપાત્ર ભાગીદાર’ બની ગયું છે. ભારતની સાથે યુકે, અમેરિકા અને યુરોપિયન યુનિયન સહિતના અનેક દેશે તાજેતરમાં વેપાર-કરાર કર્યા છે.

તેમણે મલયેશિયામાં રહેતા ભારતીયોને સંબોધતા જણાવ્યું હતું કે તમે ભારત અને મલયેશિયા વચ્ચેના સંબંધના ‘સેતુ’ સમાન છો. ભારત મલયેશિયામાં પોતાની નવી કૉન્સ્યુલેટ શરૂ કરશે તેમ જ મલયેશિયાના વિદ્યાર્થીઓને ભારતમાં ભણવા માટે ‘તિરુવલ્લુવર શિષ્યવૃત્તિ’ અપાશે.

મોદી શનિવારે મલયેશિયાની બે દિવસની મુલાકાતે આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

ઑપરેશન સિંદૂર સંબંધે મોટો ઘટસ્ફોટ

## ગઝવા-એ-હિન્દનો નારો અસીમ મુનીરે આપ્યો હતોઃ ઈલ્યાસ કાશ્મીરી

નવી દિલ્હીઃ ભારતે ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાન અને પીઓકે સ્થિત આતંકવાદીઓનાં ઠેકાણાંને નિશાન બનાવી આતંકવાદના કિલ્લા ધરાશાયી કરી દીધા હતા. ભારતે કરેલા હવાઈહુમલામાં આતંકવાદીઓનાં તાલીમ અને ભરતી કેન્દ્રોને નેસ્તનાબૂદ કરવામાં આવ્યાં હતાં અને તેમાં જૈશ-એ-મોહમ્મદનો આતંકવાદી ગઢ બહાવલપુર પણ હતો.

જૈશ-એ-મોહમ્મદના ટોચના આતંકવાદી ઈલ્યાસ કાશ્મીરીએ ઑપરેશન સિંદૂરને લઈને મોટો ખુલાસો કર્યો છે.

પાકિસ્તાનની સેનાના વડાએ આતંકવાદીઓને કહ્યું હતું કે આ ગઝવા-એ-હિન્દ છે. પીઓકેના રાવલકોટમાં પાંચ (જુઓ પાનું ૨) ▸▸



મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૮-૨-૨૦૨૬ થી તા. ૧૪-૨-૨૦૨૬

ગ્રહગોચરઃ આ સપ્તાહમાં સૂર્યનારાયણ મકર રાશિમાંથી તા. ૧૩મીએ કુંભ રાશિમાં પ્રવેશે છે. મંગળ મકર રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. કુંભ રાશિમાં શુક્ર શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૧૦મીએ વૃશ્ચિકમાં, તા. ૧૨મીએ ધનુમાં.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૮, ૯, ૧૪ શુભ જણાય છે. મહત્ત્વના નોકરીના નિર્ણયો લઈ શકશો. કાર્યક્ષેત્રે સફળતા મેળવશો. નાણાંના અવરોધો દૂર થશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સદસ્યોનો સહયોગ પ્રાપ્ત થાય. ઉચ્ચ પરીક્ષાના સફળ પરિણામો પ્રાપ્ત કરશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ મેળવશો. તા. ૮, ૧૧, ૧૨ શુભ ફળદાયી જણાય છે. નોકરીના કામકાજ આ સપ્તાહમાં સહકાર્યકરોની મદદથી સંપન્ન થશે. વ્યક્તિગત પ્રભાવ તથા આત્મવિશ્વાસ વધુ દૃઢ બનશે. સપ્તાહની મહિલાઓની પ્રવૃત્તિઓ નિયમિતપણે જળવાઈ રહેશે. કુટુંબના સભ્યોમાં આ સપ્તાહમાં મહિલાઓને સંપ અને એક વાક્યતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય છે. સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. તા. ૮, ૧૦, ૧૧ નોકરી માટે સફળતા દર્શાવે છે. નોકરીના સહકાર્યકરોની મદદ મેળવશો. વેપારની નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબીજનોના મતભેદોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે પ્રોત્સાહન અને સગવડતા પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ અનુભવશો. કુટુંબની પ્રવૃત્તિઓમાં મહિલાઓને યશપ્રાપ્તિનો અનુભવ થશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિતપણે જળવાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતા જણાશે. નોકરીમાં માનપાન પ્રતિષ્ઠા વધશે. તા. ૯, ૧૨, ૧૩ નોકરીમાં નિર્ણયાત્મક જણાય છે. વેપારના મિત્રોમાં યશ મેળવશો. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ અનુભવશો. મહિલાઓને નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતાનો અનુભવ થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં પ્રગતિ જણાશે. તા. ૮, ૯, ૧૩, ૧૪ શુભ ફળદાયી જણાય છે. મિત્રોમાં સંપ અને એકવાક્યતા જળવાઈ રહેશે. જૂના મતભેદો દૂર થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ જણાય છે. મહિલાઓને સંતાનની અધ્યયનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનું માર્ગદર્શન ઉપયોગી પુરવાર થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કામકાજની સફળતા જણાય છે. દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીના કામકાજ અર્થે લાંબા અંતરનો પ્રવાસ જણાય છે. તા. ૮, ૯, ૧૪ની પ્રવૃત્તિઓ એકંદરે સુખરૂપ બની રહેશે. પ્રગતિ જળવાશે. મહિલાઓના પરિવારજનો સાથેના તીર્થપ્રવાસ અને ધાર્મિક આયોજનો સફળ નીવડશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સુખદ પુરવાર થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં યશ મેળવશો. નોકરીમાં તા. ૧૦, ૧૧, ૧૨ શુભ પુરવાર થશે. મુસાફરી દ્વારા ઉઘરાણીનાં નાણાંની વસૂલી શક્ય જણાય છે. વેપારની પ્રવૃત્તિઓમાં નિયમિતતા અને વ્યસ્તતા અનુભવશો. સ્વાસ્થ્ય જળવાશે. મહિલાઓના કામકાજ તા. ૧૦, ૧૨, ૧૩ શુભ દર્શાવે છે. વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. નાણાંનું રોકાણ પણ શક્ય છે. નોકરી માટે તા. ૯, ૧૩, ૧૪ શુભ પુરવાર થશે. સાહસિકતાથી કામકાજના નિર્ણયો લઈ શકશો. નાણાં આવકની વૃદ્ધિ જણાય છે. મહિલાઓને પડોશ મિત્રો સાથેના મતભેદોનો ઉકેલ જણાશે. મહિલાઓના નિજી કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળતાઓ જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવશો. લે-વેંચનો વેપાર સફળ નીવડશે. તા. ૯, ૧૧, ૧૨ નોકરી ક્ષેત્રે સફળતા દર્શાવે છે. રાજકારણમાં પ્રગતિ જણાશે. મક્કમ અને સાહસિક નિર્ણયો થકી કાર્યક્ષેત્રે સફળતા મેળવશો. વ્યવસાયની મુલાકાતો સફળ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નાણાં વ્યવસ્થા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં તા. ૯, ૧૦, ૧૧ નિર્ણયાત્મક બની રહેશે. નોકરી અર્થે પ્રવાસ સફળ બની રહેશે. આત્મવિશ્વાસ અને કાર્યશક્તિ અને અનુભવને પૂર્ણપણે ગોચરફળ સફળતા લાવે તેમ જણાય છે. નાણાં વ્યવસ્થા સફળ બની રહેશે. મહિલાઓને કુટુંબમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસક્રમ નિયમિત જળવાય રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં સરળતા, સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વધુ પડતું કામકાજ જોખમ ટાળવું જરૂરી છે. વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૧, ૧૩,૧૪ શુભ જણાય છે. નોકરીના અધિકારીનું પ્રોત્સાહન પણ મેળવશો. મિત્રોમાં નાણાં વ્યવહાર પૂર્ણ થશે. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ સંબંધનો સુખદ અનુભવ થશે. પરિવારજનો સહિત પ્રવાસ શક્ય છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સુખદ પુરવાર થશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, રવિવાર, તા.૮–૨–૨૦૨૬, ભાનુ સપ્તમી, શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

ભારતીય દિનાંક ૧૯, માહે માઘ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા.શકે ૧૯૪૭,
માઘ વદ–૭
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ–૭
પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ,
માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ,
માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૯મો,
માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૨ સુધી, પછી વિશાખા
ચંદ્ર તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૦, સ્ટા. ટા.
– મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ –
ભરતીઃ સાંજે ક. ૧૬–૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૫૯ (તા. ૯)
ઓટઃ સવારે ક. ૧૦–૦૨, રાત્રે ક. ૨૧–૫૯
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ–સપ્તમી. ભાનુ સપ્તમી, પૂર્વેદ્યુઃ શ્રાદ્ધ, શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા), ભદ્રા સમાપ્તિ ક. ૧૫–૫૩.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભાનુ સપ્તમીનો સુંદર પર્વયોગ, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, વાયુદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, પરગામ મધ્યમ, વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવા વસ્રો, આભૂષણ, મહેંદી, વાહન, માલ લેવો, દુકાન–વેપાર, રત્નધારણ, પશુ લે–વેંચ, બી વાવવું, ધાન્ય ભરવું, નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
આચમનઃ શુક્ર–હર્ષલ ચતુષ્કોણ ઈર્ષ્યાળુ સ્વભાવ, ચંદ્ર–રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના ચંદ્ર–મંગળ ચતુષ્કોણ માથા ફરેલ
ખગોળ જ્યોતિષઃ શુક્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ત્રિકોણ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ (તા. ૯)
ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૮–૨–૨૦૨૬ થી તા. ૧૪–૨–૨૦૨૬

રવિવાર, માઘ વદ–૭, વિ. સં. ૨૦૮૨, તા. ૮મી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૨ સુધી (તા. ૯મી) પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, પૂર્વેદ્યુઃ શ્રાદ્ધ, શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા), ભદ્રા સમાપ્તિ ક. ૧૫–૫૩. લગ્ન, સામાન્ય દિવસ.

સોમવાર, માઘ વદ–૮, તા. ૯મી. નક્ષત્ર વિશાખા. ચંદ્ર તુલામાં મધ્યરાત્રે ક. ૨૫–૪૦ સુધી (તા. ૧૦) પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અષ્ટમી વૃદ્ધિતિથિ છે. અષ્ટકા શ્રાદ્ધ, કાલાષ્ટમી, જાનકી જન્મ, વિંછુડો પ્રારંભ ક. ૨૫–૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, માઘ વદ–૮, તા. ૧૦મી, નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૭–૫૪ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અન્વષ્ટકા શ્રાદ્ધ, વિંછુડો. લગ્ન, શુભ દિવસ.

બુધવાર, માઘ વદ–૯, તા. ૧૧મી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૦–૫૨ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શ્રી રામદાસ નવમી, પારસી ૭મો મેહેર માસારંભ, વિંછુડો, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૦–૫૩. ભદ્રા પ્રારંભ ક. ૨૩–૧૨. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, માઘ વદ–૧૦, તા. ૧૨મી, ૨૦૨૬, નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૩–૪૧ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૩–૪૧ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ ક. ૧૨–૨૨, વિંછુડો સમાપ્તિ ક. ૧૩–૪૧. સૂર્ય કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૭ (તા. ૧૩) મું. ૩૦ સામ્યાર્ઘ, સામાન્ય દિવસ.

શુક્રવાર, માઘ વદ–૧૧, તા. ૧૩મી, નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૬–૧૨ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. વિજયા એકાદશી (પેંડા), સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી ક. ૧૨–૫૩ સુધી, (સૂર્યોદયથી ક. ૧૨–૫૩ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.) શુદ્ધ સમયમાં લગ્નમુહૂર્ત.

શનિવાર, માઘ વદ–૧૨, તા. ૧૪મી, નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮–૧૫ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪–૪૧ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. શનિ પ્રદોષ. શુભ દિવસ. ■

# યુદ્ધ અટકાવવા જૂન સુધીની મહેતલ ટ્રમ્પે આપી છેઃ ઝેલેન્સ્કી

કીવઃ અમેરિકાએ યુક્રેન અને રશિયાને લગભગ ચાર વર્ષના યુદ્ધનો અંત લાવવા માટે એક કરાર પર પહોંચવા માટે જૂનની સમયમર્યાદા આપી છે, તેવું રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ પત્રકારોને જણાવ્યું હતું. જોકે, ઊર્જા માળખા પર રશિયન હુમલાઓને કારણે એમને શનિવારે પરમાણુ પાવર પ્લાન્ટ્સનું ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી હતી.

જો જૂનની સમયમર્યાદા પૂરી નહીં થાય, તો ટ્રમ્પ વહીવટીતંત્ર બંને પક્ષો પર તેને પૂર્ણ કરવા માટે દબાણ કરશે, એમ તેમણે ઉમેર્યું. ઝેલેન્સ્કીએ શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે અને તેઓ કહે છે કે તેઓ જૂન સુધીમાં બધું કરવા માગે છે. અને તેઓ યુદ્ધ સમાપ્ત કરવા માટે બધું કરશે. અને તેઓ બધી ઘટનાઓનું સ્પષ્ટ સમયપત્રક ઇચ્છે છે.

ઝેલેન્સ્કીએ કહ્યું કે અમેરિકાએ આવતા અઠવાડિયે તેમના દેશમાં પ્રથમ વખત ત્રિપક્ષી વાટાઘાટોનો આગામી રાઉન્ડ યોજવાનો પ્રસ્તાવ મૂક્યો છે, સંભવતઃ મયામીમાં, અમે અમારી ભાગીદારીની પુષ્ટિ કરી છે. ■

# ઓબામા અંગેની ટ્રમ્પની રંગદ્વેષી પોસ્ટ અંતે દૂર કરાઈઃ વાઈટ હાઉસે પહેલાં એનો બચાવ કર્યો હતો

વૉશિંગ્ટન : અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામા અને તેમની પત્ની મિશેલ અંગેની પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની રંગભેદી સોશ્યલ મીડિયા પોસ્ટનો બન્ને પક્ષ રીપબ્લિકન અન ડેમોક્રેટ નેતાઓએ આને અપમાનકારક અને આક્રમક ગણાવીને વિરોધ કરાતા તેને પાછી ખેંચવામાં આવી હતી.

આ પોસ્ટમાં ઓબામા અને તેની પત્નીને જંગલનાઢ પ્રાણીઓ બતાડવામાં આવ્યાં હતાં. ટ્રમ્પે શુક્રવારે મોડેથી કહ્યું હતું કે હું આ પોસ્ટ બદલ માફી માગવાનો નથી. ટ્રમ્પે કહ્યું હતું કે મેં ભૂલ કરી નથી.

ટ્રમ્પની ગુરુવાર રાતની પોસ્ટનો વિરુદ્ધ નાગરિક અધિકારોના એક્ટિવિસ્ટ અને રિપબ્લિકન પાર્ટીના પીઢ સેનેટરોએ જબરદસ્ત વિરોધ કરતા દોષનો ટોપલો ટ્રમ્પના એક કર્મચારી પર ઢોળી નાખવામાં આવ્યો હતો. દેશના પ્રથમ અશ્વેત પ્રમુખ ઓબામા અને તેમના પત્નીને આમાં ખરાબ ચિતરવામાં આવ્યા હતા. વાઈટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એ પહેલાં પોસ્ટનો બચાવ કર્યો હતો. તેમણે આ સામેના આક્રોશને બનાવટી ગણાવ્યો હતો.

રિપબ્લિકન પાર્ટીના પીઢ નેતાએ આ પોસ્ટ દૂર કરવાનો અનુરોધ કરતા વાઈટ હાઉસે એને દૂર કર્યો હતો. વાઈટ હાઉસે એક નિવેદનમાં કહ્યું હતું કે કર્મચારીએ ભૂલથી પોસ્ટ મૂકી હતી. ટ્રમ્પના ટ્રુથ સોશ્યલ અકાઉન્ટમાં રાત્રે આ પોસ્ટ મુકાઈ હતી. ■

# કેરળમાં કાંદા ભરેલી ટ્રકમાં મળ્યા વિસ્ફોટકો

મલપ્પુરમઃ કેરળના ચેમ્માડમાં ડુંગળી લઇ જતાં ટ્રકમાંથી ૧૦,૫૦૦થી વધુ જિલેટીન સ્ટિક અને ડિટોનેટર જપ્ત કરવામાં આવ્યા હતા. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

એક અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસે ટ્રકની માલિક એક મહિલાની અટકાયત કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર ઈંટ ઉત્પાદન એકમમાં ઊભા ટ્રકમાંથી આશરે ૨૪૫ બોક્સ જપ્ત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦,૫૦૦થી વધુ જિલેટીન સ્ટીક, ડેટોનેટર અને તાર હતા.

તિરુરંગડી પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું કે ડુંગળીથી ભરેલો ટ્રક શુક્રવારે મોડી રાત્રે ઈંટ ઉત્પાદન એકમમાં પહોંચ્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

## ભારત માટે ખૂલશે

૫૦૦ અબજ ડૉલરના અમેરિકાનાં ઊર્જા ઉત્પાદનો, વિમાનો, કીમતી ધાતુઓ, ટૅક્નોલૉજી પ્રૉડક્ટ્સ ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે અમેરિકામાં આયાત કરાયેલી ભારતીય ચીજો વપરાશ માટે વૅરહાઉસ (વખાર)માંથી ૨૦૨૬ની સાત ફેબ્રુઆરીએ ઇસ્ટર્ન સ્ટાન્ડર્ડ ટાઇમ મુજબ રાતના ૧૨.૦૧ વાગ્યે કે તે પછી કાઢવામાં આવી હશે, તો તેના પર વધારાની ટૅરિફ નહિ લાગે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે ભારત - અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર-કરારને લીધે 'મેક ઇન ઇન્ડિયા' મિશનને નવું જોમ મળશે અને ખેડૂતો, ઔદ્યોગિક સાહસિકો માટે તક વધશે તેમ જ મહિલાઓ અને યુવાનો માટે નવી રોજગારી ઊભી થશે.

પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારતીય નિકાસકારો, ખાસ કરીને લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો, ખેડૂતો, માછીમારોને અમેરિકા સાથેના આ કરારનો લાભ વધુ મળશે.

તેમણે જણાવ્યું હતું કે કાપડ અને કપડાં, ચામડાં અને ફૂટવૅર (પગરખા), પ્લાસ્ટિક અને રબર, ઑર્ગેનિક કૅમિકલ્સ, ઘરને સુશોભિત કરવાની ચીજો, કલાકારીગરીની ચીજો, અમુક મશીનરી, દવા, વાહનના ભાગોના ઉત્પાદકોને અમેરિકા સાથેના આ કરારથી ફાયદો થશે.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાને દાવો કર્યો હતો કે ભારતના ડેરી અને કૃષિ ક્ષેત્રના રક્ષણનું આ કરારમાં ધ્યાન રખાયું હોવાથી દેશમાંના મકાઇ, ઘઉં, ચોખા, સોયા, પૉલ્ટ્રી, દૂધ, ચીઝ, ઇથેનૉલ (ઈંધણ), તમાકુ, અમુક શાકભાજી, માંસ વગેરેના ઉત્પાદકોને કોઇ માઠી અસર નહિ થાય. (એજન્સી) ■

## રશિયા પાસેથી

નિવેદનમાં જણાવ્યા અનુસાર આવતા દસ વર્ષ માટે ભારતે અમેરિકા સાથે સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવાની પણ બાંયધરી આપી છે.

ઈસ્ટર્ન સ્ટાન્ડર્ડ ટાઈમ પ્રમાણે ભારતથી આયાત કરાયેલા અને ૧૨.૦૧ વાગ્યા બાદ વૅરહાઉસમાંથી વપરાશ માટે બહાર કાઢવામાં આવનારાં ભારતીય ઉત્પાદનો પર વધારાનો પચીસ ટકા ટૅરિફ લાગુ નહીં પડે. (એજન્સી) ■

## એડવાન્ટેજ

કરારના અમલને દિવસથી જ ઝીરો ડ્યૂટી અમલમાં આવશે.

કરાર અંતર્ગત ભારત ૨૫૦૦ સીસી અને તેથી વધુની ક્ષમતા ધરાવતી અમેરિકી કાર, ડીઝલ વાહનો તેમ જ ૩૦૦૦ સીસી અને તેથી વધુના પેટ્રોલ વાહનોની આયાત ડ્યૂટીમાં પણ રાહત આપશે.

અમેરિકા ભારતથી આયાત કરવામાં આવતા ચોક્કસ ઑટો પાર્ટ્સ પરનો રેસિપ્રોકલ ટૅરિફ નાબૂદ કરશે તો અમુક પાર્ટ્સ પર ૧૮ ટકા ટૅરિફ લાગુ કરશે. (એજન્સી) ■

## કૃષિ ડેરી

ટકા ટૅરિફ ઘટાડીને ૧૮ ટકા કરશે.

આ સામાન મહત્ત્વનો છે કેમ કે દેશના નાના અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા ખેડૂતોના જીવનનિર્વાહનું તે સાધન છે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું.

અમેરિકા સાથેના વેપારી કરારમાં દેશના ખેડૂતોનું હિત અગ્રસ્થાને રહ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે મોદી સરકાર ખેડૂતોના હિત અને ગ્રામીણ રોજગારનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે. (એજન્સી) ■

## વિશ્વાસ ભારતની

'વિશ્વાસ' ભારતની મોંઘેરી પૂંજી છે. યુકે, અમેરિકા, યુરોપિયન યુનિયન ઉપરાંત, યુએઇ, ન્યૂ ઝીલૅન્ડ, ઓમાન, ઑસ્ટ્રેલિયાએ ભારતની સાથે વેપાર-કરાર કર્યા છે.

મલયેશિયામાં ભારતીય મૂળના અંદાજે ૩૦ લાખ લોકો છે અને તેમાં તમિળ લોકોની સંખ્યા ઘણી વધુ છે.

મોદીએ જણાવ્યું હતું કે મલયેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમ તમિળ અભિનેતા એમ. જી. રામચંદ્રન (એમજીઆર)ની ફિલ્મોના ગીતો બહુ ગમે છે. તમિળ વિશ્વને ભારતની ભેટ છે.

ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, કેન્દ્રીય પ્રધાનો - એસ. જયશંકર, નિર્મલા સીતારમણ અને એલ. મુરુગન તમિળનાડુના જ છે. (એજન્સી) ■

## ઘાટકોપરના

દાયકાઓ જૂનું સપનું પણ સાકાર થશે.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૨૭ બેઠક માટે ૧૫ જાન્યુઆરીના ચૂંટણી બાદ આવેલા પરિણામમાં ભાજપ ૮૯ નગરસેવકો સાથે બહુમતી મેળવીને સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો. તો તેમના સાથી પક્ષ શિંદેસેનાએ ૨૯ બેઠકો જીતી હતી. બહુમતીના ૧૧૪ના આંકડા સામે યુતિ પાસે ૧૧૮નો આંકડો હોવાથી સત્તાધારી પક્ષ તરીકે બંને પક્ષ મૅયર અને ડેપ્યુટી મૅયરપદ માટે કોને ઉમેદવારી આપશે તેનું સસ્પેન્સ શનિવારે સવારના ઉમેદવારી દાખલ કરવાના દિવસ સુધી કાયમ રહ્યું હતું. આ વખતે મુંબઈનું મૅયરપદ ઓપન શ્રેણીની મહિલા માટે અનામત થઈ ગયું છે, તેથી આગામી અઢી વર્ષ મુંબઈમાં મહિલા મેયર રહેશે.

શનિવારે પાલિકા મુખ્યાલયમાં મૅયર અને ડેપ્યુટી મૅયરપદ માટે ઉમેદવારી દાખલ કરવાના દિવસે સવારના ભાજપ અને શિંદેસેનાના પક્ષના વરિષ્ઠ નેતાઓએ સંયુક્ત બેઠક લીધા બાદ ઘાટકોપરના વોર્ડ નંબર ૧૩૨ના નગરસેવિકા રિતુ તાવડે અને દહિસરના નગરસેવક સંજય ઘાડીનું નામ ડેપ્યુટી મૅયરપદ માટે જાહેર કરવામાં આવ્યું હતું. સત્તાવાર રીતે તેમના નામ જાહેર કર્યા બાદ બંને ઉમેદવારોએ પાલિકા મુખ્યાલયમાં ફોર્મ ભર્યા હતા. એ સાથે જ છેલ્લા અનેક દિવસોથી આ પદ માટે ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. મૅયરપદ માટે ભાજપ તરફથી રાજશ્રી શિવડેકર, પ્રિતી સાટમ, અલકા કેળકર, તેજસ્વી ઘોસાળકર જેવાં અનેક નામો ચર્ચામાં હતાં પણ પ્રશાસકીય અનુભવ ધરાવતી અને પક્ષમાં મજબુત સમર્થન ધરાવતાં રિતુ તાવડેએ બાજી મારી લીધી હતી.

આ દરમ્યાન વિરોધપક્ષ શિવસેના (યુબીટી) મૅયરપદ અને કૉંગ્રેસ તરફથી ડેપ્યુટી મૅયરપદ માટે ઉમેદવાર ઊભો રાખવામાં આવવાનો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું, તે માટે માતોશ્રીમાં ઉદ્ધવ ઠાકરે સાથે પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓની બેઠકોનો દોર પણ ચાલ્યો હતો. થોડા દિવસ અગાઉ આદિત્ય ઠાકરેએ પણ તેમનો પક્ષ મૅયરપદ માટે ઉમેદવાર ઊભો રાખીને લડશે એવું કહ્યું હતું, તેથી સાંજ સુધી તેઓ કોને ઉમેદવારી જાહેર કરે છે તેના પર સૌ કોઈનું ધ્યાન હતું. જોકે શનિવારે સાંજના ફોર્મ ભરવાની મુદત પૂરી થાય તેના થોડા મિનિટો અગાઉ આદિત્ય ઠાકરેએ તેમનો પક્ષ મૅયરપદની ચૂંટણી લડશે નહીં એવી જાહેરાત કરી હતી. વિરોધ પક્ષમાંથી મૅયર અને ડેપ્યુટી મૅયરપદ માટે કોઈ ઉમેદવારી આપવામાં આવી નથી. તેથી હવે આ બંને પદના ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવશે એ નિશ્ચિત છે. બુધવારે ૧૧ ફેબ્રુઆરીના પાલિકા મુખ્યાલયમાં થનારી વિશેષ સભામાં સત્તાવાર રીતે તે મુજબની જાહેરાત કરવામાં આવશે.

બુધવારે સત્તાવાર રીતે રિતુ તાવડે મેયર બનશે એ સાથે જ મુંબઈ મહાનગરપાલિકામાં વર્ષો સુધી સંયુક્ત શિવસેનાના નાના ભાઈ તરીકે તરીકે રહેલી ભાજપનું આખરે પોતાનો મેયર બેસાડવાનું સપનું પૂરું થશે. શિવસેનાના પચીસ વર્ષ સુધી મુંબઈ મહાનગરપાલિકામાં એકચક્રી શાસનને તોડવામાં ભાજપ સફળ રહી છે. જોકે તે માટે સંયુક્ત શિવસેનામાં ભંગાણ કરાવીને એકનાથ શિંદેને ઊભો કરીને પોતાની તરફ કરાવવાનું ષડયંત્ર રચ્યુ હોવાનો આરોપ ભાજપ પર થતો આવ્યો છે. જોકે ભાજપે આ આક્ષેપોની પરવા નહીં કરતા ઠાકરે પરિવારના હાથમાં પાલિકાની તિજોરીની ચાવી છીનવી લેવામાં સફળ થઈ છે. ■

## આઈસીસીની

હવાલો દઈ રહી છે. આઈસીસીએ આ સાથે સ્પષ્ટ કર્યું હતું કે મૅચમાં ન રમવાનાં કાનૂની પરિણામો અને સંભવિત પ્રતિબંધોનો સામનો કરવો પડશે. હવે તાજા ઘટનાક્રમમાં પીસીબીએ આઈસીસીને સંવાદનો વિકલ્પ સૂચવ્યો છે જેથી આમાં કોઈ ઉકેલ મળી શકે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આઈસીસીએ આખા પ્રકરણમાં પોતાનો અભિગમ સ્પષ્ટ કરતા કહ્યું હતું કે નિષ્પક્ષતા, નિયમોની પવિત્રતા અને સંવાદને પ્રાથમિકતા દેવામાં આવશે. આઈસીસીનો હેતુ વૈશ્વિક ટુર્નામેન્ટની ગરીમા બનાવી રાખવાનો, ખેલાડીઓ અને ચાહકોના હિતોની રક્ષા કરવાનો અને બધા નિર્ણયોમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે. ■

## ગઝવા-એ-હિન્દનો

ફેબ્રુઆરીએ જૈશ-એ-મોહમ્મદના ટોચના કમાન્ડર ઈલિયાસ કાશ્મીરીએ આતંકવાદીઓ સમક્ષ આ ખુલાસો કર્યો હતો કે પાકિસ્તાનની સેનાના વડા આસિમ મુનીર યુદ્ધનું એલાન કરતાં કહ્યું હતું કે આ યુદ્ધ ગઝવા-એ-હિન્દ છે. ■

## સૂર્યાનો

સાધારણ શરૂઆત બાદ ભારતનો જોરદાર ધબડકો થયો હતો. ૧૩ ઓવરમાં ૭૭ રનમાં ભારતે છ વિકેટ ગુમાવી અને તમામ બૅટ્સમેને કૅચ ચડાવ્યા હતા. ખરેખર તો ભારતે નવમાંથી આઠ વિકેટ કૅચ આઉટમાં ગુમાવી હતી. છેલ્લે વરુણ રનઆઉટ થયો હતો.

શેડલી વૅને ચાર અને હરમીત સિંહે બે વિકેટ લીધી હતી. ભારતે ૫૦ રનની અંદર ચાર વિકેટ ગુમાવી દીધી. વર્લ્ડ નંબર વન બેટ્સમેન અભિષેક ટીમની ઇનિંગ્સની બીજી ઓવરમાં પોતાના પહેલા બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. પેસ બોલર અલી ખાને ડીપ કવરમાં તેને ક્રિષ્નમૂર્તિના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

ઈશાન કિશન (૨૦ રન) તિલક વર્મા (પચીસ રન) સાથેની ૩૮ રનની ભાગીદારી બાદ આઉટ થયો હતો.

પેસ બોલર શેડલી વૅનની જે ઓવરમાં બીજા બૉલમાં ઈશાન આઉટ થયો એ જ ઓવરના પાંચમા બૉલમાં તિલકે વિકેટ ગુમાવી અને છેલ્લા બૉલમાં શિવમે વિકેટ ફેંકી દીધી હતી. શેડલીની આ ત્રણેય વિકેટમાં બૅટ્સમેન કૅચઆઉટ થયા હતા.

સૂર્યકુમાર સાથેની ૨૬ રનની ભાગીદારી બાદ રિન્કુ સિંહ (૭૨ રન) મોહમ્મદ મોહસીનના બૉલમાં કૅચઆઉટ થયો હતો. પાંચ રન બાદ હાર્દિકે પણ વિકેટ ગુમાવી હતી. તેણે માત્ર પાંચ રન કર્યા હતા.

હાર્દિક સાતમા ક્રમે બૅટિંગમાં આવ્યો ત્યારે જામ-પૅકડ સ્ટેડિયમમાં પ્રેક્ષકોએ તેને ચિયર અપ કર્યો હતો, પણ તે એક ફોર માર્યા બાદ પોતાના છઠ્ઠા બૉલ પર આઉટ થયો હતો. ■

## શંકાસ્પદ ન હોય

બેંકને તેના બેંક ખાતાઓને સ્થગિત કરવા માટે આપવામાં આવેલા કોઈપણ સંદેશાવ્યવહાર અથવા નિર્દેશને પાછો ખેંચવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી.

ગૃહ મંત્રાલય (ખઇઅ) હેઠળ સ્થાપિત, આઇફોરસી સાયબર ગુના સામેની લડાઈમાં રાષ્ટ્રીય સ્તરે નોડલ પોઇન્ટ તરીકે કાર્ય કરે છે. અરજદારના એક ગ્રાહક સામે છેતરપિંડીનો આરોપ લગાવીને સાયબર ફરિયાદ નોંધાયા બાદ તેના બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા અને માર્ચ ૨૦૨૫ સુધીમાં, પોલીસ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર તેના ખાતાઓમાં રહેલા લગભગ ૮૦ લાખ રૂપિયા હોલ્ડ પર રાખવામાં આવ્યા હતા. ■

## જેમ્સ એન્ડ જવેલરી

હીરાની નિકાસ ફરી ઘણી વધવાની આશા રખાય છે.

તેમણે જણાવ્યું હતું કે જ્વેલરી (દાગીના-ઝવેરાત)ની અમેરિકા ખાતેની નિકાસ પરની ટૅરિફ ઘટાડીને ૧૮ ટકા કરાઇ છે અને હીરા, રત્નોની નિકાસ પરની ડ્યૂટી શૂન્ય કરાઇ હોવાથી તે આ ક્ષેત્ર માટે 'ટર્નિંગ પૉઇન્ટ' સાબિત થશે.

અમે ઝીરો-ટૅરિફની યાદીમાં લેબૉરેટરીમાં તૈયાર કરાયેલા હીરા અને સિન્થેટિક જૅમસ્ટૉન્સનો સમાવેશ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.

ઑલ ઇન્ડિયા જૅમ ઍન્ડ જ્વેલરી ડૉમેસ્ટિક કાઉન્સિલ (જીજેસી)ના અધ્યક્ષ રાજેશ રોકડેએ જણાવ્યું હતું કે ભારતના હીરા અને રત્નોના વેપારીઓ, ખાસ કરીને નિકાસકારો માટે અમેરિકાનાં બજાર ખુલ્લા મુકાયાં છે. તેને લીધે ભારતીય નિકાસકારો અમેરિકાની બજારમાં સારી સ્પર્ધા કરી શકશે અને સસ્તામાં હીરા, રત્નો, દાગીના વેચી શકશે. (એજન્સી) ■

## અમેરિકાએ

અનુરૂપ હતું. આ વખતે લાંબા ગાળાની પ્રણાલી ત્યજીને અમેરિકાના વહીવટીતંત્રે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને અલગ બતાડ્યું નથી.

ભારત વારંવાર એમ કહે છે કે જમ્મુ અને કાશ્મીર (અને લદાખ) ભારતનું અવિભાજ્ય અંગ છે અને અમારા પ્રાદેશિક દાવાને બાહ્ય સત્તાની કાયદેસરતાની જરૂર નથી અમેરિકાનું નવું વલણ અગાઉ કરતાં ભિન્ન છે અને ભારતના અભિગમને ટેકો આપે છે.

આ નકશો ભારત-અમેરિકા સંબંધના સંવેદનશીલ ક્ષણે બહાર પાડવામાં આવ્યો છે. થોડા મહિના અગાઉ ટ્રમ્પે ભારતીય સામાન પર પચાસ ટકા ટૅરિફ લાદી હતી. વેપાર કરાર કરવામાં લગભગ એક વર્ષ થયું છે. વચગાળાના કરાર પ્રમાણે ભારત પરના ટૅરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યા છે જે આખા એશિયામાં સૌથી ઓછા છે જ્યારે રશિયા પાસેથી તેલ લેવા માટે લગાડવામાં આવેલા દંડાત્મક ટૅરિફ દૂર કરવામાં આવ્યા છે. ■










# ખાડામાં છ વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો

થાણે: થાણેના દિવા વિસ્તારમાં પાણીથી ભરેલા ખાડામાં છ વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

શિળ ફાટા વિસ્તારમાં ખાન કંપાઉન્ડની પાછળ ખાડામાં બાળકીનો મૃતદેહ નજરે પડતાં સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે અગ્નિશમન દળના જવાનો ત્વરિત ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તેમણે ખાડામાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો, જેને બાદમાં હોસ્પિટલમાં મોકલી અપાયો હતો. (પીટીઆઇ)■

# અજિત દાદા વિમાન ઉતરાણ અંગેનો અંતિમ નિર્ણય કોનો?

## તપાસમાં નવી કડીઓ મળી રહી છે

બારામતી: મહારાષ્ટ્રના દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસ હવે નિર્ણાયક વળાંક પર આવી ગઈ છે. આ કેસની તપાસ માટે નિમણૂક કરાયેલ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) અને ડીજીસીએની ટીમએ હવે વિમાન દ્વારા ઉતરાણના બીજા પ્રયાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તપાસમાં મળેલી આ નવી કડીઓ અકસ્માતનું ચોક્કસ કારણ સમજાવે તેવી સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર તપાસ એજન્સીઓ મુખ્યત્વે નીચેની ચાર બાબતો પર ધ્યાન આપી રહી છે. આમાંની પ્રથમ વિઝિબિલિટી (વાતાવરણમાં કેટલું જોઈ શકાતું હતું) છે. અકસ્માત સમયે બારામતી એરપોર્ટ વિસ્તારમાં ગાઢ ધુમ્મસ હતું. માત્ર ૮૦૦ થી ૩૦૦૦ મીટર દૂર જોઈ શકાતું હતું ત્યારે પાઇલટે ઉતરાણ કેમ કર્યું?

બીજી બાબત એ છે કે શું પાઇલટને લેન્ડિંગ માટે 'ક્લિયર કમાન્ડ' આપવામાં આવ્યો હતો અથવા સિસ્ટમમાં કોઈ ટેકનિકલ ખામી હતી? ત્રીજું શું એરપોર્ટ નજીક પહોંચી રહ્યા હતા ત્યારે અને ઉતરાણ દરમિયાન વિમાનના એન્જિન અથવા કંટ્રોલ સિસ્ટમમાં અચાનક કોઈ ખામી આવી હતી? ચોથું, શું વિમાન બીજા પ્રયાસમાં ઉતરાણની ગણતરી ચુકી ગયું અને રનવેને બદલે બાજુમાં ધસી પડ્યું હતું? આ કોનો નિર્ણય છે? આ અંગે તપાસ ચાલી રહી છે. તપાસમાં બહાર આવ્યું છે કે પાઇલટે પ્રથમ પ્રયાસમાં નબળી વિઝિબિલિટીને કારણે ચક્કર મારવાનું નક્કી કર્યું હતું. જોકે, બીજા પ્રયાસમાં રનવે દેખાતો ન હોવા છતાં લેન્ડિંગનું જોખમ કેમ લેવામાં આવ્યું હતું, વિમાનને લેન્ડ કરવાનો અંતિમ નિર્ણય કોણે લીધો? શું તે પાઇલટ દ્વારા લેવામાં આવ્યો હતો કે તેને આદેશ આપવામાં આવ્યો હતો? આ અંગે તપાસ ચાલી રહી છે.

વિમાનના બ્લેક બોક્સ અને 'બ્લેક બોક્સ'ને વિશ્લેષણ માટે દિલ્હીની પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં ડેટા જાહેર કરવામાં આવશે. બીજી તરફ મહારાષ્ટ્ર સીઆઈડીએ પણ આ કેસની તપાસ શરૂ કરી દીધી છે અને અજિત પવારના અંગત સચિવ અવિનાશ સોલ્વતની ચાર કલાક પૂછપરછ કરવામાં આવી છે. ■






# થાણેમાં આગમાં ત્રણ ઓટોરિક્ષા અને મોટરસાઈકલ ખાક



(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે પશ્ચિમમાં રેતી બંદર પાસે શનિવારે વહેલી સવારના પાર્ક કરેલી ત્રણ ઓટોરિક્ષા અને એક બાઈકમાં અચાનક આગ ફાટી નીકળી હતી, જેમાં ચારેય વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ મુંબ્રા બાયપાસ રોડ પર રેતીબંદર વિસર્જન ઘાટ-બે નજીક પતરાના ઝૂંપડામાં અને તેની બાજુમાં ત્રણ ઓટોરિક્ષા અને બાઈક પાર્ક કરેલા હતા. શનિવારે સવારના લગભગ ૭.૪૦ વાગ્યાની આસપાસ અચાનક ઓટોરિક્ષાની સાથે જ મોટરબાઈકમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી. લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું પણ આગમાં ચારેય વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.■






# કેબલ તૂટતાં લિફ્ટ પાંચમા માળેથી નીચે ધસી ગઈ

માલેગાંવ: માલેગાંવ મહાનગરપાલિકામાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી પત્યાની ગણતરીની મિનિટોમાં મોટી દુર્ઘટના બની હતી. ક્ષમતા કરતાં વધુ લોકો લિફ્ટમાં પ્રવેશવાને કારણે કેબલ તૂટી ગયો હતો, જેને પગલે લિફ્ટ ઝટકા સાથે સીધી નીચેની તરફ ધસી ગઈ હતી. સદ્નસીબે સેફ્ટી બ્રેકની સુવિધા હોવાથી લિફ્ટમાં હાજર લોકોના જીવ બચી ગયા હતા.

માલેગાંવ મહાનગરપાલિકાની ઑફિસમાં શનિવારે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી હોવાથી મોટી સંખ્યામાં નગરસેવકો અને પત્રકારો આવ્યા હતા. ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી પાંચમા માળેથી નીચે ઊતરવા માટે એક જ સમયે લગભગ ૧૫ જણ લિફ્ટમાં પ્રવેશ્યા હતા, જેમાં નગરસેવકો અને પત્રકારોનો સમાવેશ હતો.

કહેવાય છે કે લિફ્ટની ક્ષમતા માત્ર આઠ વ્યક્તિની હોવા છતાં તેમાં ૧૫ જણ પ્રવેશ્યા હોવાથી લિફ્ટ ઑવરલોડ થઈ ગઈ હતી. ક્ષમતા કરતાં વધુ વજનને કારણે લિફ્ટનો મેઈન કેબલ તૂટી ગયો હતો. લિફ્ટ ઝટકા સાથે નીચે તરફ ધસી ગઈ હતી. સદ્નસીબે સેફ્ટી બ્રેકને કારણે લિફ્ટ બીજા માળે અટકી ગઈ હતી, નહીંતર મોટો અનર્થ સર્જાયો હોત.

લિફ્ટ બીજા માળે અટકી ગયા પછી પણ દરવાજા ન ખૂલતાં ફસાયેલા લોકોને ગૂંગળામણ થવા લાગી હતી. ■






# ટ્રેનના લેડિઝ ડબ્બામાં બુરખો પહેરીને ચઢ્યો યુવાન: મહિલા પ્રવાસીઓમાં ગભરાટ

મુંબઈ: મધ્ય રેલવેની લોકલ ટ્રેનમાં બુરખો પહેરીને ચઢેલા યુવાને મહિલા પ્રવાસીઓમાં ગભરાટ ફેલાવી દીધો હતો. સતર્ક મહિલાઓએ પૂછપરછ પછી પોલીસનો સંપર્ક સાધતાં યુવાન ઘાટકોપર સ્ટેશન નજીક ચાલતી ટ્રેનમાંથી કૂદીને ભાગી ગયો હતો.

મળતી માહિતી અનુસાર ઘટના શનિવારે બપોરે બની હતી, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. લેડીઝ ડબ્બામાં પ્રવાસીઓની ભીડ હોવાથી બુરખાધારી શકમંદ કયા સ્ટેશનેથી ચઢ્યો તેની કોઈને જાણ નહોતી. શરૂઆતમાં બુરખામાં પુરુષ હોવાની કોઈને શંકા ગઈ નહોતી, પરંતુ બાદમાં તેની હિલચાલ શંકાસ્પદ જણાતાં મહિલા પ્રવાસીઓએ તેનું ધ્યાનથી નિરીક્ષણ કર્યું હતું. બુરખામાં યુવાન હોવાનું સ્પષ્ટ થતાં મહિલા પ્રવાસીઓએ તેની પૂછપરછ શરૂ કરી હતી. ડરી ગયેલો યુવાન ઉડાઉ જવાબ આપતો હતો. દરમિયાન પ્રવાસી દ્વારા રેલવે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરાઈ હતી.

ટ્રેન ઘાટકોપર સ્ટેશન નજીક પહોંચી ત્યારે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનો આરોપીને તાબામાં લેવા તહેનાત હતા. પકડાઈ જવાનો અણસાર આવતાં આરોપી ચાલતી ટ્રેનમાંથી કૂદીને ભાગી ગયો હતો.

મુંબઈની લોકલ ટ્રેનમાં મહિલાઓની સુરક્ષા માટે પોલીસ કર્મચારી તહેનાત હોય છે. એ સિવાય સીસીટીવી કૅમેરા ગોઠવવામાં આવ્યા હોવા છતાં આવી ઘટના બનતાં મહિલા પ્રવાસીઓ ગભરાટ ફેલાયો હતો.

આ પ્રકરણે રેલવે પોલીસે એફઆઈઆર નોંધી ફરાર આરોપીની શોધ હાથ ધરી હતી. પોલીસને શંકા છે કે ચોરીને ઇરાદે શકમંદ લેડીઝ ડબ્બામાં ચઢ્યો હશે. પોલીસ તેની ઓળખ મેળવવા સ્ટેશન અને ટ્રેનમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. ■











# થાણેમાં ૧૨ વર્ષના છોકરાએ ઇમારત પરથી લગાવી મોતની છલાંગ

થાણે: થાણેમાં ૧૨ વર્ષના છોકરાએ ઇમારત પરથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં આવેલા હાઉસિંગ કોમ્પ્લેક્સમાં ૩ ફેબ્રુઆરીએ આ ઘટના બની હતી. ઇમારતના છઠ્ઠા માળે આવેલા ફ્લેટમાં રહેનારા છોકરાએ બારીમાંથી નીચે ઝંપલાવી દીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા છોકરાને રહેવાસીઓ તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

વાગલે એસ્ટેટ ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે અમે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. અમને ઘટનાસ્થળેથી કોઇ પણ સુસાઇડ નોટ મળી આવી ન હોવાથી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

પોલીસ હાઉસિંગ કોમ્પ્લેક્સના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી રહી હોઇ છોકરાના મોબાઇલની પણ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■



**છેલ્લો દિવસ:** મુંબઈમાં હાલમાં ચાલી રહેલા કાલા ઘોડા ફેસ્ટિવલના છેલ્લા બે દિવસમાં ઘણા લોકોએ મુલાકાત લીધી હતી. આજે ફેસ્ટિવલનો છેલ્લો દિવસ છે. (અમય ખરાડે)

# કારના કાચ તોડી લૅપટોપ ચોરનારી ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાર્ક કરાયેલી કારના કાચ તોડી લૅપટોપ ચોર્યા બાદ તેને તમિળનાડુમાં વેચનારી ટોળકીને પોલીસે પકડી પાડી હતી.

અંબોલી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ મહેશ ઉર્ફે ગૌતમ વ્યંકટેશ નાયુડુ (૨૨), જય કુમાર વિલસાની (૨૪) સદા વિરામમની નાયુડુ (૩૬) તરીકે થઈ હતી. તેમની પાસેથી ચોરીની મતા અને ગુનામાં વપરાયેલી બાઈક જપ્ત કરવામાં આવી હતી.

અંધેરી પશ્ચિમમાં ન્યૂ લિંક રોડ પર પાર્ક કારમાંથી ૨૯ જાન્યુઆરીની સાંજે ચોરી થઈ હતી. કારનો વિંડો કાચ તોડી લૅપટોપ, આઈફોનનુ ચાર્જર, લૅપટોપ ચાર્જર અને બૅગ ચોરી ગઠિયા ફરાર થઈ ગયા હતા.

આ પ્રકરણે અંબોલી પોલીસે ગુનો નોંધી ઘટનાસ્થળ તેમ જ આરોપીના આવવા-જવાના માર્ગ પરના ૭૦થી વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજને આધારે પોલીસે આરોપીને ભિવંડીના નારપોલી વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા. ■


ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન
મંત્રાલય MSME (ભારત સરકાર)
સી.બી.કોરા ઇન્સ્ટીટ્યુટ, સીંપોલી વિલેજ, મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)
સરકારી પ્રમાણપત્ર
કેરલા મ્યુરલ, જાપનીજ પેંટીંગ કોર્સ
૧૫ ફેબ્રુઆરી પ્રેકટીસ સાથે ઉપરના કલર સાથે ટોટ બેગ અને એમ.ડી.એફ ઉપર શીખવાડશું
હર્ષલા હેમંત સાવંત ૯૮૨૦૮૫૪૫૫૮
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮


# બળાત્કારના આરોપમાંથી મુક્તિ, પણ જાતીય ઈરાદો સ્પષ્ટ: કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી

થાણે: ગંભીર જાતીય કુકર્મ કે અપરાધ કરવાનો 'ઇરાદો' આરોપી ધરાવતો હોવાનું દર્શાવતી પીડિતાની જુબાનીના આધાર પર થાણેની વિશેષ અદાલતે ૨૦૨૨માં બાળકીના અપહરણ અને જાતીય હુમલાના કેસમાં ૨૯ વર્ષના શખસને ત્રણ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. જોકે તબીબી તારણોના અભાવે કોર્ટે આરોપીને બળાત્કારના ગંભીર આરોપોમાંથી મુક્ત કર્યો હતો. કોર્ટે તેને ૫૦૦ રૂપિયાનો પણ દંડ ફટકાર્યો હતો. જો દંડની રકમ ન ચૂકવે તો વધુ છ વર્ષની સાદી કેદની સજા કોર્ટે સંભળાવી હતી.

૨૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ તે સમયે આઠ વર્ષની બાળકી ભિવંડીના ફંદોલેનગર વિસ્તારમાં રમતી હતી ત્યારે આરોપી ઈમરાન મુન્નુ શેખે તેનું અપહરણ કર્યું હતું. બાળકીએ બૂમાબૂમ કરી મૂકતાં સ્થાનિક રહેવાસીઓએ તેને બચાવી લીધી હતી.

શેખ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬-એબી (૧૨ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે બળાત્કાર) સહિતની અન્ય કલમો તેમ જ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

જજ એન. કે. કારંડેએ સગીરાની જુબાની પર વધુ આધાર રાખ્યો હતો. જાતીય ગુનામાં પીડાના પુરાવાને હંમેશાં ભૌતિક રીતે સરખાવવાનું જરૂરી નથી હોતું, એવી નોંધ કોર્ટે કરી હતી. શારીરિક ઇજાઓનો અભાવ જોતાં જજે નોંધ કરી હતી કે જો પીડિતા સાથે દુષ્કર્મ કરાયું હોત તો ગુપ્તાંગમાં ઇજા થઈ હોત. આ કેસમાં બળાત્કાર સાબિત થતો નથી. જોકે આરોપી પીડિતાને તે રમતી હતી ત્યાંથી લઈ ગયો અને તેના ગુપ્તાંગને સ્પર્શ કર્યો હતો, જે જાતીય હેતુ હતો એવું સ્પષ્ટ દર્શાવે છે, એમ પણ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# અકસ્માત કેસમાં ૧૨.૭૪ લાખ રૂપિયાનું વળતર

થાણે: થાણેમાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) વર્ષ ૨૦૨૦માં મોટરસાઇકલને નડેલા અકસ્માતમાં ગંભીર રીતે ઇજા પામેલા ૨૭ વર્ષના યુવકને ૧૨.૭૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમએસીટીનાં સભ્ય આર. વી. મોહિતેએ અકસ્માતમાં સંડોવાયેલા ડમ્પર ટ્રકના માલિક અને વીમા કંપની ટાટા એઆઇજી જનરલ ઇન્શ્યૂરન્સ કંપની લિમિટેડને અરજી દાખલ થયાના સમયથી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ૪ ફેબ્રુઆરીએ આ આદેશ આપવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■







## Heartfelt Condolences



Late. Ashokbhai Ratansey Merchant

Late. Ashokbhai Ratansey Merchant
Trustee
of K.K. Wagh Education Society, Nashik.
*Passed away for his Heavenly Abode*
on 7th Feb. 2026 (Saturday)

**K.K. Wagh Education Society, Nashik**

The Management, Principal's, Teaching Faculty, Non- Teaching Staff and Students mourn the untimely demise and offer heartfelt condolences to the bereaved family.
May his noble soul rest in eternal peace.


# કાંજુર ડમ્પિંગ માર્ગનો મામલો ફરી સુપ્રીમ કોર્ટમાં જશે

મુંબઈ: કાંજુર ડમ્પિંગ ગ્રાઉન્ડની દુર્ગંધ દૂર કરવા નિષ્ણાતોની સમિતિ લખનઊ સ્થિત ડમ્પિંગ ગ્રાઉન્ડનો અભ્યાસ કરવા ગઈ છે. જોકે, આ સમગ્ર પ્રકિયા સમયની બરબાદી છે એવો આક્ષેપ કરતી અરજી સંબંધિત સુનાવણી હાઇકોર્ટમાં પૂરી થાય એ માટે કન્નમવાર નગર એસોસિયેશન સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે.

ડમ્પિંગ ગ્રાઉન્ડ હટાવવા વિરુદ્ધ વનશક્તિ નામની પર્યાવરણવાદી સંસ્થા અને કન્નમવાર નગર એસોસિયેશને હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. છેલ્લા અનેક વર્ષથી આ અરજી પર સુનાવણી થઈ રહી હતી. કેટલાક મહિના પહેલા વનશક્તિ સંસ્થાની સુનાવણી દરમિયાન હાઇ કોર્ટે ડમ્પિંગ ગ્રાઉન્ડ ત્રણ મહિનામાં હટાવવા અને એ માટે પર્યાયી જગ્યા શોધવાનો આદેશ પાલિકાને આપ્યો હતો. આ આદેશને પાલિકા પ્રશાસને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ત્યારબાદ સુપ્રીમે હાઇ કોર્ટના આદેશ પર સ્ટે આપ્યો હતો..

ડમ્પિંગ ગ્રાઉન્ડ જે સ્થળે છે એ વિસ્તાર સાગર કિનારા પ્રતિબંધ ક્ષેત્રમાં આવે છે. એ સ્થળે મોટા પ્રમાણમાં જંગલો હતા જે નષ્ટ કરવામાં આવ્યા છે. બાકી રહેલી અલ્પ જગ્યામાં ડમ્પિંગ ગ્રાઉન્ડ કેવી રીતે ઊભું કરી શકાય એવો પ્રશ્ન એસોસિયેશન દ્વારા કરવામાં આવ્યો છે.

આ સિવાય ૧૩ વર્ષથી પરિસરમાં રહેતા લોકોને આરોગ્યની જે સમસ્યા સતાવી રહી છે એની ભરપાઈ કોણ કરશે એવો સવાલ પણ પૂછાઈ રહ્યો છે. દુર્ગંધ દૂર કરવા ટેકનોલોજી લાવવામાં આવશે એવા બણગા પાલિકા ફૂંકી રહી છે, પણ એક સુદ્ધાં નવી ટેકનોલોજી આવી નથી. દુર્ગંધની સમસ્યા દૂર નથી થઈ. ■




## સંસ્થા સમાચાર

# સુનીલ શેટ્ટીએ ‘બ્લેક સ્કોર્પિયનઃ ટુ હેલ એન્ડ બેક’નું મુંબઈમાં લોકાર્પણ કર્યું



સુધરી ગયેલા ગુનેગારના વાસ્તવિક જીવનની સફરથી પ્રેરિત એક રસપ્રદ નોન-ફિક્શન પુસ્તક બ્લેક સ્કોર્પિયનઃ ટુ હેલ એન્ડ બેકનું લોકાર્પણ મુંબઈની એક યાદગાર સાહિત્યિક સાંધ્ય ઘટના બની રહી હતી. જુહુ જિમખાના ખાતે આયોજિત, આ કાર્યક્રમમાં લેખકો, મીડિયા વ્યાવસાયિકો, ડિજિટલ સર્જકો અને નોંધપાત્ર હસ્તીઓ સ્થિતિસ્થાપકતા, મુક્તિ અને પરિવર્તન પર કેન્દ્રિત વાર્તાની ઉજવણી કરવા માટે હાજર રહ્યા હતા.

ક્રાઇમ જર્નલિસ્ટો વિજય શેખર, રાજુ સંથાનમ અને કેલ્વિન જોશુઆ દ્વારા લિખિત બ્લેક સ્કોર્પિયનઃ ટુ હેલ એન્ડ બેક ગુનાહિત અંડરવર્લ્ડના ઊંડાણથી સુધારા અને સ્વ-સાક્ષાત્કારની શોધ સુધીની અસાધારણ યાત્રાને આલેખે છે. વર્ષોના સંશોધનાત્મક પત્રકારત્વ, પ્રત્યક્ષ અનુભવ અને ઊંડા સંશોધનથી તૈયાર થયેલું આ પુસ્તક શ્યામ કિશોર ગરીકાપતિ અને તેમના ગુનાખોરીના જીવનની સાચી જીવન કથા છે .તેઓ કેવી રીતે તેમના જીવનને બદલવામાં સફળ રહ્યા હતા એનું પણ વર્ણન છે. આ કાર્યક્રમમાં માનવંતા મહેમાન તરીકે હાજરી આપનારા અભિનેતા સુનીલ શેટ્ટીએ લેખકો અને પુસ્તકના મુખ્ય સંદેશને મજબૂત સમર્થન આપ્યું હતું. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### બાન્દ્રા, ખારમાં

વિસ્તારોમાં ઓછા દબાણે પાણી પુરવઠો રહેશે. બાન્દ્રા પશ્ચિમમાં કુરેશી નગર ઝૂંપડપટ્ટી નજીક ખુલ્લા મ્હાડા પ્લોટમાંથી પસાર થતી પાઇપલાઇન તેમજ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પાસેથી જતી પાઇપ લાઈનમાં સમારકામ કાર્ય હાથ ધરવામાં આવશે. રહેવાસીઓને સાવચેતીના પગલા તરીકે અગાઉથી પૂરતું પાણી સંગ્રહ કરવાની અપીલ કરી છે. નાગરિકોને સલામતીના પગલા તરીકે રહેવાસીઓને આગામી થોડા દિવસો માટે પીવાનું પાણી ઉકાળીને ફિલ્ટર કરવાની ભલામણ કરવામાં આવે છે

**ચેમ્બુર અને ગોવંડીમાં આવતા અઠવાડિયે ૩૦ કલાક માટે પાણીપૂરવઠો બંધ રહેશે**

મુંબઈઃ મુંબઈના એમ પૂર્વ અને એમ પશ્ચિમ વિભાગમાં પાણી પુરવઠો સુધારવા માટે વિવિધ કામ બુધવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના મધરાતના બે વાગ્યાથી શુક્રવાર, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સવારે આઠ વાગ્યા સુધી હાથ ધરવામાં આવશે. તેથી આ સમયગાળા દરમયાન ચેમ્બુર ગોવંડી અને માનખુર્દ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે.

આ સમારકામ દરમિયાન, એમ પૂર્વ વિભાગના કેટલાક ભાગો (વોર્ડ નં. ૧૪૬, ૧૪૭ અને ૧૪૮) અને એમ પશ્ચિમ વિભાગના કેટલાક ભાગો (વોર્ડ નં. ૧૫૪ અને ૧૫૫) માં કુલ ૩૦ કલાક માટે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. એમ પૂર્વ અને એમ પશ્ચિમ વિભાગોમાં પાણી પુરવઠો વધુ કાર્યક્ષમ બનાવવા માટે, તુર્ભે લો-લેવલ જળાશય પર ૧,૨૦૦ મીમી વ્યાસના ઇનલેટ વોટર પાઇપ પર ૧૨૦૦ મીમી વ્યાસનો ગેટ સ્થાપિત કરવામાં આવશે. ઉપરાંત, તુર્ભે લો-લેવલ જળાશયને ટનલ શાફ્ટ સુધી પાણી પહોંચાડતી ૧,૨૦૦ મીમી વ્યાસની ઇનલેટ વોટર પાઇપને જોડતી ૧,૨૦૦ મીમી વ્યાસની પાણીની લાઇનનું જોડાણ લેવામાં આવશે. આને કારણે, એમ પૂર્વ અને એમ પશ્ચિમ વિભાગના કેટલાક ભાગોમાં પાણી પુરવઠો બંધ રહેશે. તેથી નાગરિકોએ સાવચેતીના પગલા તરીકે જરૂરી પાણીનો સંગ્રહ કરવો. ઉપરાંત, સાવચેતીના પગલા તરીકે, આગામી ત્રણ દિવસ સુધી પાણી ઉકાળીને અને ફિલ્ટર કરીને પીવું .

**આ વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે**

એમ પૂર્વ વોર્ડઃ એચ. પી. સી. એલ. રિફાઇનરી, એચ. પી. સી. એલ. કોલોની, વરુણ બેવરેજીસ, બી. એ. આર. સી., ગવનપાડા, ઇન્ડિયન ઓઇલ કંપની લિમિટેડ, બી. પી. સી. એલ. કોલોની, ટાટા કોલોની, નિત્યાનંદ બાગ, રાણે ચાલ, આર. સી. એફ. કોલોનીમાં પાણી પુરવઠો બંધ રહેશે.એ સિવાય ઓલ્ડ રિફાઇનરી વિસ્તાર, ભારત નગર, જે. પ્લોટ, હશુ અડવાણી નગર, અનિક ગાંવ, એમ. એ. સી. બી. કોલોની, સહ્યાદ્રી નગર, આર. એન. એ. ઉદ્યાન, મ્હાડા કોલોની, રોકલાઇન બિલ્ડીંગ્સ, વિષ્ણુ નગર, વિડીયોકોન બિલ્ડીંગ, એસ. જી. કેમિકલ બિલ્ડીંગ, પ્રયાગનગર , ઓમ-ગણેશ નગર, રાહુલ નગર, અશોક નગરમાં પાણી પુરવઠો બંધ રહેશે. એમ વેસ્ટ વિભાગમાંઃ બીપીટી, ટાટા, બી. પી. સી. એલ., માહુલ ગામ, મારવલી ચર્ચ, માહુલ એસઆરએ, ફારુક ગલ્લી, ખાદી મશીન, આર. સી. માર્ગ, સિંધી સોસાયટી, એસઆરએ બિલ્ડીંગ્સ, વાશી નાકા, અંબા પાડા, જીજામાતા નગર, વિટ્ટાસંચ્યન, સૈલીલા રામટેકડી, તોલારામ ટાવર, ચેમ્બુર કેમ્પ, ગણેશ નગર, અશોક નગર, કોંકણ નગર, વાશીગાંવ, મ્હાડા બિલ્ડીંગ્સ, મુકુંદ નગર એસઆરએ, લક્ષ્મી નગર, મિતુલ એન્ક્લેવ, મૈસુર કોલોની, એમ. એસ. બિલ્ડીંગ્સ, વિજય નગર, આર. સી. માર્ગ વિસ્તારમાં પાણી બંધ રહેશે. ■

### શિંદે સેનાને

હોવો જોઈએ. બીજી બાજુ તમારા ઘરનો ઢાળ પૂર્વ બાજુએ હોવો જોઈએ? ઈશાન (ઈશાન ખૂણો ) દિશાને શુભ માનવામાં આવે છે. નૈઋત્ય દિશામાં આવેલા દરવાજાને દુર્ભાગ્યનો દરવાજો માનવામાં આવે છે.

આ પૃષ્ઠભૂમિમાં ઠાકરે જૂથને અગાઉ આપવામાં આવેલી જૂની ઓફિસ બિલ્ડિંગમાં જગ્યાઓ બદલવામાં આવી છે. આ બિલ્ડિંગની એક બાજુ કોંગ્રેસ પાર્ટીને આપવામાં આવેલી ઓફિસ હવે શિંદે જૂથની શિવસેનાને આપવામાં આવી છે. પરિણામે, ઠાકરે જૂથની શિવસેના અને શિંદે જૂથની શિવસેના બંને ઓફિસો એકબીજાની બાજુમાં આવશે. આને કારણે, રાજકીય પ્રવૃત્તિઓ વધુ વેગ પકડે તેવી શક્યતા છે. ■

### પાણી પુરવઠો

અને એ.કે. વૈદ્ય રોડ, બાંદ્રા પશ્ચિમ. ઝિગઝેગ રોડ, કુલ ડોંગર, નરગીસ દત્ત રોડ અને પાલી માલા રોડ.

**ઓછા દબાણવાળા પાણી પુરવઠાવાળા વિસ્તારો :**

હિલ રોડના છેડાથી તાજ લેન્ડના છેડા સુધી, જેમાં બી.જે. રોડ, એચ.કે. ભાભા રોડ, કેન રોડ અને ગણેશ ઝૂંપડપટ્ટી વિસ્તારનો સમાવેશ થાય છે. (મધ્યરાત્રિ પછી સવારે ૧ વાગ્યાથી ૪.૩૦ વાગ્યા સુધી પાણી પુરવઠો ઉપલબ્ધ રહેશે.

### ભાજપ વિરુદ્ધના

પદ માટે અરજી સ્વીકારવા જણાવ્યું હતું. શિવસેનાએ અધિકૃત ઉમેદવાર જાહેર કર્યો હોવા છતાં બળવો કરી શિરસાટના સમર્થકો અરજી દાખલ કરવા તૈયાર થયા હતા. જોકે, એકનાથ શિંદેએ ઉધડો લીધા પછી આ સમર્થકો અડધે રસ્તેથી પાછા ફર્યા અને નારાજી નાટક પર પડદો પડી ગયો હતો. ■

### દસમા-બારમાની

આવી છે અને નિયમોનો ઉલ્લંઘન કરવા પર કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આપી છે. આ સિવાય પરીક્ષા સમયગાળા દરમિયાન કેન્દ્રના પરિસરમાં આવેલા તમામ ઝેરોક્ષ સેન્ટરો, ફેક્સ સેન્ટરો અને એસટીડી બૂથ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં અને તેની આસપાસ મોબાઇલ ફોન, સ્માર્ટ ઘડિયાળો અથવા અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવા પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ■

### દુરંતો, ગરીબ રથ

એક્સપ્રેસના ઉપડવાના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હાલમાં રાતે ૮.૩૦ વાગ્યે ઉપડતી આ ટ્રેન હવે સાંજે ૭.૫૫ વાગ્યે ઉપડશે. પરિણામે મુંબઇ સવારે ૭.૨૦ ને બદલે સવારે ૮.૨૦ વાગે પહોંચશે. આ ટ્રેનો ઉપરાંત રેલવે વહીવટીતંત્રે ૧૨૧૦૫ ગોંદિયા-નાગપુર-સીએસએમટી વિદર્ભ એક્સપ્રેસનો સમય બદલવાનો પણ નિર્ણય લીધો છે. આ ટ્રેન હાલમાં સવારે ૬.૦૦ વાગ્યે બડનેરા સ્ટેશન પહોંચે છે, જે બદલીને સવારે ૬.૦૫ વાગ્યે કરવામાં આવ્યો છે. મધ્ય રેલવેએ પુણે-નાગપુર ગરીબ રથ અને પુણે-નાગપુર એક્સપ્રેસના સમયમાં પણ ફેરફારની જાહેરાત કરી છે. અઠવાડિયામાં ત્રણ વખત દોડતી આ બંને ટ્રેનો હાલમાં સવારે ૯.૧૦ વાગે નાગપુર પહોંચે છે. નવા ટાઇમટેબલ મુજબ આ ટ્રેનો હવે સવારે ૯.૨૦ વાગે નાગપુર પહોંચશે. આ ફેરફારો ૧૫ એપ્રિલથી અમલમાં આવશે. ■

### ભારતમાં માત્ર

૧૦૦ વર્ષનો ઇતિહાસ જુઓ. તમને તેના પર પુસ્તકો પણ મળશે. તમે જોશો કે ત્યાંનો સમાજ અસ્તિત્વમાં આવ્યો તે પૂર્વે તેને તૈયાર કરવામાં આવ્યો અને પછી તેનો ઉદય થયો.

તેમણે આગળ કહ્યું કે આજે જે લોકો આપણો વિરોધ કરે છે તેઓ પણ આ સમાજનો એક ભાગ છે. આપણે તેમને પણ સંગઠિત કરવા પડશે. આપણે બધાને સંગઠિત કરવા પડશે. ભારતમાં ફક્ત હિંદુઓ છે અને બીજું કોઈ નહીં. ફક્ત એટલા માટે કે તેઓ હિન્દુ કહે છે આપણે તેને ધર્મ ન માનવો જોઈએ. હિંદુ કોઈ ચોક્કસ સમુદાયનું નામ નથી. હિંદુ વિશ્લેષણ છે.

મોહન ભાગવતે વધુમાં જણાવ્યું કે આપણા એકબીજા સાથેના સંબંધો આત્મીયતા પર આધારિત હોવા જોઈએ સોદાબાજી પર નહીં. ભારતનો શાશ્વત સ્વભાવ યથાવત છે. ઋષિ-મુનિઓ માનતા હતા કે દરેક વ્યક્તિ આપણા પોતાના હોવાથી બધા જ્ઞાનને વિશ્વ સાથે વહેંચવું જોઈએ. ભારતનો ધર્મ તેનો પ્રાણ છે. દરેકે સાથે મળીને ચાલવું જોઈએ. જો આપણે એકલા રહીએ છીએ તો કોઈ શિસ્ત નથી, પરંતુ જો આપણે બધા સાથે રહીએ છીએ તો શિસ્ત છે. કારણ કે બ્રહ્માંડ અસ્તિત્વમાં છે તે ધર્મ દ્વારા ચલાવવામાં આવ્યું છે. ધર્મનિરપેક્ષતા ખોટો શબ્દ છે તે સાંપ્રદાયિકતા હોવો જોઈએ. ■

### મુંબઈમાં પણ

અઢી વર્ષને બદલે મેયર માટે સવા વર્ષની મુદત શિવસેનાએ રાખી છે, તે આધારે જ મુંબઈમાં શિંદે સેનાના તમામ સિનિયર નગરસેવકોને તક મળી રહી તે માટે ડેપ્યુટી મૅયર પદની મુદત સવા વર્ષની રાખી હોવાનું પક્ષના સિનિયર નેતાએ જણાવ્યું હતું.

પક્ષના વરિષ્ઠ નેતાએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે પક્ષમાં ચૂંટાઈ આવેલા નગરસેવકોની સંખ્યા ૨૯ છે, તેમાં મોટાભાગના લોકો સંયુક્ત શિવસેના વખતે ઉદ્ધવ ઠાકરે સાથે હતા. પક્ષમાં ભંગાણ પડયા બાદ તેઓ ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડીને શિંદેસેનામાં જોડાયા છે. તેથી તેમને સાચવી લેવાની જવાબદારી પક્ષની છે. તેથી પાંચ વર્ષના કાર્યકાળ દરમ્યાન આ નગરસેવકોમાંથી સિનિયરોને ડેપ્યુટી મૅયર પદ તો અન્ય નગરસેવકોને સ્થાયી, સુધાર, એજ્યુકેશન સહિતની અન્ય સમિતિમાં સમાવી લેવામાં આવશે. કોઈ પણ ચૂંટાયેલો નગરસેવક નારાજ થાય નહીં તેની જવાબદારી પક્ષની રહેશે. ■

### માલેગાંવમાં ઈસ્લામ

થયો હતો. નસરીન બાનોને કુલ ૪૩ મત મળ્યા હતા. બીજી તરફ ઘોડકેને માત્ર ૧૮ મતોથી સંતોષ માનવો પડ્યો હતો. ૨૫ મતથી તેમનો પરાજય થયો હતો. ઇસ્લામ પાર્ટીના ૩૫, સમાજવાદી પાર્ટીના પાંચ અને કોંગ્રેસના ત્રણ સહિત કુલ ૪૩ કોર્પોરેટરોએ નસરીન બાનોને મત આપ્યો હતો.

બીજી તરફ શિવસેના પાસે ૧૮ નગરસેવક હતા. શિવસેનાએ લતા ઘોડકેને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમને માત્ર ૧૮ નગરસેવકના મત જ મળી શક્યા હતા. આ ચૂંટણીમાં સૌથી મોટી ચર્ચા એમઆઈએમ અને ભાજપની ભૂમિકાની હતી. ૨૧ કોર્પોરેટરો સાથેના એમઆઈએમ જો કોઈને ટેકો આપ્યો હોત તો ચૂંટણીનું દૃશ્ય બદલી શક્યું હોત. જોકે, એમઆઈએમના ૨૧ અને ભાજપના બે કોર્પોરેટરોએ ચૂંટણીમાં તટસ્થ રહેવાનું પસંદ કર્યું હતું. આનાથી ઇસ્લામ પાર્ટીના ઉમેદવાર માટે માર્ગ મોકળો થયો.

### અંધેરીમાં લાગેલી

જાણ થતા ઘટના સ્થળે ફાયરબ્રિગ્રેડ સહિત પોલીસ પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ફ્લેટમાં લાગેલી આગ ફક્ત ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, ઈલેક્ટ્રિક સાયકલ, કપડા, ફ્રિજ સહિતના ઘરના સામાનમાં લાગી હતી.

લગભગ અડધા કલાકમાં આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે આ દરમ્યાન ઘરમાં રહેલા બે બાળકોને આગને કારણે થોડા દાઝી ગયા હતા અને આગને કારણે નીકળેલા ધુમાડાથી ગૂંગણામણની ફરિયાદ થઈ હતી. બાળકોને તરત નજીક આવેલી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. બાદમાં જોકે વધુ સારવાર માટે તેમને રાજવાડી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જખમી બાળકોમાં ૧૦ વર્ષની જુહી ધુમાળ અને સાત વર્ષનો વિવાહ ચૌધરીનો સમાવેશ થાય છે. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં રેફ્રિજરેટરમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હોવાનું જણાયું હતું. ■

### નાગરિકોને હેરાનગતિ

રાજ્ય સરકાર પાસેથી મદદ માગે છે, તેમની શું અપેક્ષાઓ છે. રાજ્ય સરકાર તે તમામ બાબતોમાં તેમની સાથે રહેશે. આ સમગ્ર પ્રક્રિયામાં આરટીઓ અધિકારીઓ ડ્રાઇવર સંગઠનો સાથે પણ સંપર્કમાં છે અને જો ભવિષ્યમાં કોઈ સમસ્યાઓ ઊભી થશે, તો તેનું નિરાકરણ લાવવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. ઉપરાંત, જો ઓલા-ઉબેર-રેપિડોના માલિકો ખોટી રીતે વર્તન કરી રહ્યા છે અને ડ્રાઇવરો સાથે અન્યાય કરી રહ્યા છે, તો રાજ્ય સરકાર તેમની સામે પણ યોગ્ય કાર્યવાહી કરશે, એમ સરનાઈકે ચેતવણી આપી હતી. ■

### મહારાષ્ટ્ર સ્થાનિક

રાજ્ય શોકની જાહેરાતને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

મત ગણતરી નવમી ફેબ્રુઆરીએ થશે, ત્યારબાદ આદર્શ આચારસંહિતા ઉઠાવી લેવામાં આવશે.

રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ, પુણે, સતારા, સાંગલી, સોલાપુર, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર, પરભણી, ધારાશિવ અને લાતુર જિલ્લામાં ૭૩૧ સભ્યોને ચૂંટવા માટે મતદાન થયું હતું. જેના માટે ૨,૬૨૪ ઉમેદવારો મેદાનમાં હતા.

સવારે ૭.૩૦ વાગ્યે મતદાન શરૂ થયા પછી, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર, એનસીપી (એસપી) ના નેતાઓ જયંત પાટીલ અને રોહિત પવારે શરૂઆતમાં મતદાન કર્યું હતું.

સુનેત્રા પવારે મોટા પુત્ર પાર્થ પવાર સાથે બારામતીના કાટેવાડી ગામની પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું.

૭૩૧ જિલ્લા પરિષદ બેઠકો માટે કુલ ૨,૬૨૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જેમાંથી ૩૬૯ મહિલાઓ માટે, ૮૩ અનુસૂચિત જાતિ માટે, ૨૫ અનુસૂચિત જનજાતિ માટે અને ૧૯૧ અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે અનામત છે.તેવી જ રીતે, ૧,૪૬૨ પંચાયત સમિતિ બેઠકો માટે ૪,૮૧૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જેમાંથી ૭૩૧ મહિલાઓ માટે, ૧૬૬ અનુસૂચિત જાતિ માટે, ૩૮ અનુસૂચિત જનજાતિ માટે અને ૩૪૨ અન્ય પછાત વર્ગો માટે અનામત છે. (પીટીઆઈ) ■

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

પાટણવાવ નિવાસી હાલ અમેરિકા (ડેનવર) સ્વ. જશવંતિબેન તથા સ્વ. પ્રાણલાલ ખેતશી દોશીના સુપુત્ર સુરેશ (ઉં. વ. ૮૪) તે પૂર્ણિમાબેનના પતિ. બ્રિજેન તથા કેતનના પિતા. મહેન્દ્ર, સ્વ. ભરત, કિરિટ, સુરેખા બીપીનચંદ્ર દોશી, ઉષાબેન કિશોરભાઇ લાખાણીના મોટાભાઇ. મનિષાના સસરા. સ્વ. ધીરજલાલ પોપટલાલ રૂપાણી (પૂના)ના જમાઇ. તા. ૨૬-૧-૨૬ ડેનવર ખાતે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ સાંતાક્રુઝ ગં. સ્વ. માલતીબેન શાહ (ઉં. વ. ૭૬) તે સ્વ. અશ્વીનભાઇ નેમીદાસ શાહના ધર્મપત્ની. કલકતા નિવાસી સ્વ. સવકોરબેન ત્રિભોવનદાસ શાહના પુત્રી. સ્વ. ચંદ્રાબેન જયંતીલાલ શાહ (સ્વામી)ના પુત્રવધૂ. જાસ્મીન તથા નેહાના માતુશ્રી. નિલેશભાઇ તથા વૈભવ ભાઇના સાસુ. સ્વ. દીલીપભાઇ, પ્રદીપભાઇ, સ્વ. ચંદ્રેશભાઇ, વિદ્યુતભાઇ તથા ઉષાબેનના ભાભી. તા. ૬-૨-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ગોરેગામ સ્વ. લીલાવંતીબેન મુગટલાલ શાહના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૫) તે માલિનીબેનના પતિ. અમિત અને અંકિતના પિતા. સારીકા અને ડિમ્પલના સસરા. પ્રશષતીના દાદા. જયશ્રીબેન કિશોરભાઇ દોશી અને કલ્પનાબેન જયકરભાઇ દોશીના ભાઇ. લીંબડી નિવાસી સ્વ. કુંદનબેન ઇન્દુલાલ શાહના જમાઇ. શનિવાર તા. ૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ ભાયંદર દોશી નગીનદાસ કપૂરચંદના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૬) તા. ૩-૨-૨૬ મંગળવારના અવસાન પામેલ છે. તે સ્વ. ફતેચંદભાઇ, સ્વ. હસમુખભાઇ, નવીનભાઇ, સ્વ. તારાબેન ચંપકલાલ, સ્વ. હિરાબેન મહીપતરાય, જયોતિબેન, નવીનચંદ્રના ભાભી. દીપક, મનિષ, દક્ષાબેન-મિલનકુમાર, રિનાબેન હરેશકુમારના માતુશ્રી. ચેતના, ઝંખનાના સાસુ. પિયર પક્ષે નાથાલાલ, માણેકચંદ લાખાણી, ખાંભાવાલાના દીકરી. તે નિધી-વત્સલ, જાનવી, યશ, પ્રિયલ ધવલકુમાર, સ્નેહ દર્શલના બા. ભાવયાત્રા તથા માતૃવંદના તા. ૯-૨-૨૬ સોમવારના સવારે ૯.૩૦ કલાકે. ઠે. રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, નવરંગ હોટલની બાજુમાં, ભાયંદર (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી હાલ બોરીવલી, સ્વ. જયંતીલાલ હિમજી ગાંધીના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૯૩) ૬/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે યોગેશ, ચેતન, જયશ્રી, રિટાના માતુશ્રી. રેખાબેન, સ્વ. આશાબેન, અલ્કાબેન, ઉમેશકુમાર દોશી તથા મનીષકુમાર ડગલીના સાસુ. ચિરાગ હેતલ, આકાશ હર્મિની, રોશની ભાવેશકુમાર, પ્રિતી શ્રેણિકકુમાર, રાજવી સિદ્ધાર્થકુમાર, ખ્યાતિ અમિતકુમારના દાદી. સ્વ. ખેતશી દેવશીભાઇ સંઘવીના દીકરી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૮/૨/૨૬ના રોજ ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જૂનાગઢ નિવાસી હાલ વસઈ, અ. સૌ. કુંદનબેન નવીનચંદ્ર સંઘવીના પુત્રવધૂ પારૂલબેન સંઘવી (ઉં. વ. ૪૫) તે ધવલભાઈના ધર્મપત્ની, જાગૃતિ નિમિષ બોધાણી તથા વિશાલના ભાભી. સ્વ. જ્યોત્સ્નાબેન અરૂણભાઈ દોશીના દીકરી. અલ્પા સંદીપભાઈ મૂંઝયાસરા તથા ભાવિકાના બહેન. ૪/૨/૨૬ ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા દશા શ્રીમાળી જૈન**

સુદામડા નિવાસી હાલ દહિસર, સ્વ. કાંતિલાલ વીરચંદ તુરખિયાના પુત્ર નરેન્દ્રભાઈ તુરખિયા (ઉં. વ. ૭૨) તા. ૪/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સ્મિતાબેનના પતિ. સ્વપ્નીલ તથા મિતેષના પિતા. રિદ્ધિના સસરા. લખતર નિવાસી સ્વ. અંબાલાલ છોટાલાલ શાહના જમાઈ, વિલાસબેન નલિનકાંત શાહ, લતા અરવિંદભાઈ મણિયાર તથા સ્વ. યોગેશભાઈના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૮/૨/૨૬ના રોજ ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, એક્સર રોડ, અજમેરા ગ્લોબલ સ્કૂલ પાસે, યોગીનગર બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના વલ્લભજી દેવજી શાહ (ઉં. વ. ૮૧) તા. ૫/૨/૨૬ના અરિહંત શરણ પામેલ છે. ગાંગબાઈ દેવજીના પુત્ર. રેખા (રતન)ના પતિ રશ્મીન, હેમંત, જાગૃતિના પિતા. નાનજી, પ્રવિણ, લક્ષ્મીબેન, મંજુલાબેન, રતનબેનના ભાઈ. ગેલડાના જવેરબેન ડુંગરશી કેશવજી વોરાના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦. નિ. વલ્લભજી શાહ, પ્રેમ સાગર સોસાયટી, એલ.બી.એસ. માર્ગ, કુર્લા. મુંબઈ-૭૦.

નાના ભાડિયાના ચંપકલાલ મેઘજી ગડા (ઉં. વ. ૮૩) તા. ૫-૨-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મેઘજીના પુત્ર. રંજનબેનના પતિ. જીજ્ઞા, કૌશિક, મયુર, મેહુલના પિતા. વસંત, અરવિંદ, ચંદ્રકાંત, મેરાવા સીમા જીતેન, લાખાપુર ગીતા મુકેશના ભાઈ. ના.ભાડિયા સોનબાઈ પ્રેમજી રામજીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. : બપોરે ૨ થી ૩.૩૦. નિ.: કૌશિક ગડા, ૭/સી, ૭૦૩, અલિકા નગર, લોખંડવાલા, કાંદિવલી (ઈ).

બારોઇના ચંદ્રાવંતી પ્રવિણચંદ્ર કેનીઆ (ઉં. વ. ૮૩) તા. ૬-૨-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી પાંચીબાઇ ધનજી ગોવરના પુત્રવધુ. સ્વ. પ્રવિણચંદ્રના ધર્મપત્ની. સી.એ. જીગ્નેશ, સી.એ. મેઘકુમારના માતુશ્રી. ભુજપુર લક્ષ્મીબેન જીવરાજ મેઘજી ગાલાના સુપુત્રી. જયંતીલાલ, સ્વ. ગુણવંત, સ્વ. જીતેન્દ્ર, રાયણ સ્વ. પ્રગુણા રાજેન્દ્ર ગોગરીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. મેઘકુમાર કેનીઆ, ૫૦૧, કથા સોસાયટી, સોનીવાડી, ઓફ શીંપોલી રોડ, બોરીવલી (વે).

ડોણના વિમળાબેન (ઉમરબાઈ) વિધ્યાચંદ (બાબુભાઈ) છેડા (ઉં.વ.૮૭) તા.૨-૨-૨૬ ના અવસાન પામેલ છે. સુંદરબેન ચાંપશીના પુત્રવધુ. વિધ્યાચંદ (બાબુભાઈ)ના પત્ની. લાધીબાઈ રાયશીના પુત્રી ભવાનજી, બાડા લક્ષ્મી (ભચી) નાગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયવંતીબેન શાંતિલાલ છેડા. ૨૦૧, દેસાઈ સોલીટેઅર, નાથાલાલ પારેખ માર્ગ, માટુંગા, મું ૧૯.

તલવાણાના કિશોર દેવચંદ દેઢિયા (ઉં. વ. ૭૫) તા. ૫-૨-૨૬ના અવસાન પામ્યા છે. સાકરબેન દેવચંદના સુપુત્ર. મંજુલાબેનના પતિ. સંજય, કીર્તન, દીપા, જીજ્ઞાના પિતા. તલકશી, રમેશચંદ્ર, હરખચંદ, ખુશાલ, શશીકાંત, રાયણ નાનબાઈ શામજી, બિદડા ધનવંતી દામજી, તરૂલતા લક્ષ્મીચંદ, હાલાપુર લક્ષ્મી લક્ષ્મીચંદના ભાઈ. બિદડા કેસરબેન મણીલાલ નરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય દેઢિયા, ઇ-૨૦૩, બિ. નં.૪૫, તિલકનગર, મું. ૮૯.

બેરાજાના હેમચંદ તેજશી છેડા (પ.પૂ.હંસમુનિ મ.સા.) (ઉં. વ. ૮૪) તા.૫-૨-૨૬ના કાળધર્મ પામ્યા છે. માતુશ્રી સુંદરબેન તેજશી નેણશીના સુપુત્ર. હેમલતા, મંજુલાના પતિ. દેશલપુર કંઠી હંસા ભરત, લુણી હીના હિતેશ, ડેપા જ્યોતિ પરેશના પિતાશ્રી. પ્રાગપુર જેઠીબાઈ નાનજી નરશી, દેશલપુર નાનબાઈ પ્રેમજી વેલજીના જમાઈ. ગુણાનુવાદ સભા : રવિવાર, તા.૮-૨-૨૬, મુળજી નગર ઉપાશ્રય, બોરીવલી (વે), સમય : ૯.૩૦ થી ૧૧, નિવાસ : હેમચંદ તેજશી છેડા. ૯-બી, હરીકુંજ, સેન્ટ ઝેવીયર્સ સ્ટ્રીટ, પરેલ, ભોઈવાડા ૧૨.

## હિન્દુ મરણ

**લુહાર**

દાઠાવાળા, હાલ મુંબઈ નિવાસી, સ્વ. કાંતિલાલ ત્રિકમભાઈ ચિત્રોડાના ધર્મપત્ની સ્વ. લલિતાબેન (ઉં.વ. ૮૦) શુક્રવાર, તા. ૬-૨-૨૬ના રોજ અવસાન થયું છે. તેઓ મંજુલાબેનના સાસુ. ઘનશ્યામના માતાજી, રુશિકા અને ત્રિશાના દાદી તથા ગોદાવરીબેન છગનભાઈ ગોહિલના સુપુત્રી. તેમની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૯-૨-૨૬ના ૪.૦૦થી ૬.૦૦. સ્થળ: કે. લોહાર રામ મંદિર, કુંભારવાડા ત્રીજી ગલી, ગોલદેવળ નજીક, મુંબઈ-૪૦૦૦૦૪.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. ભક્તિબેન (જયશ્રી) ભૂપેશ શીવ (ઉં. વ. ૫૬) ગામ મોટી ભાડઇ હાલ મુલુંડ સ્વ. ભૂપેશ કૃપાશંકર શીવના ધર્મપત્ની. અ. સૌ. સ્વ.પુષ્પાબેન કૃપાશંકર શીવના મોટાપુત્રવધૂ. અ. સૌ. સ્વ. ઇન્દિરાબેન મધુસુદન રત્નેશ્વર (કોઠારાવાળા)ના જયેષ્ઠ પુત્રી. અ. સૌ. પૃથ્વી મહેશ કુડવા અને જશના માતા. સ્વ. મનીષ ગં. સ્વ. લીના ધર્મેશ સોનપારના ભાભી. તા. ૭-૨-૨૬ના મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૨-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ભાટીયા નિવાસી હાલ બોરીવલી સ્વ. જયંતભાઇ દાવડાના ધર્મપત્ની જયબાલા (કુસુમબેન) જયંતભાઇ દાવડા તે જીજ્ઞેશભાઇ, પ્રજ્ઞેશભાઇ તેમ જ હિનાબેન સોમૈયાના માતુશ્રી. સ્વ. પ્રભુદાસ કાનજીભાઇ રાજાના દીકરી. સ્વ. વિજયભાઇ રોહિતભાઇ નારણદાસ દાવડા, સરલાબેન ગુણવંતરાય ગોવાણીના ભાભી. પલ્લવીબેન જીજ્ઞેશભાઇ દાવડા અને સંજયભાઇ સોમૈયાના સાસુ. હર્ષ તેમ જ નીકિતાના દાદી (ઉં. વ. ૭૭) તા. ૭-૨-૨૬ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૯-૨-૨૬ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. રાહેજા ઓલ્ડ કલબ, રાહેજા એસ્ટેટ, કુલુપવાડી રોડ, બોરીવલી (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

લખપત નિવાસી હાલ મુંબઇ સ્વ. મધુબેન તથા ભુલચંદભાઇ મુખીના પુત્ર વિમલભાઇ (ઉં. વ. ૬૯) તે દિપ્તીના પતિ. મિતેન, દર્શનના પિતાશ્રી.રિદ્ધિ, દિવ્યાના સસરા. અશોકભાઇ, સંજયભાઇ, સુધીરભાઇ, સુનીલભાઇ, દિપકભાઇના ભાઇ. સરલાબેન દિલીપભાઇ સોમૈયા, પૂર્ણિમાબેન મહેન્દ્રભાઇ ચંદનના ભાઇ. પાર્વતીબેન દેવજીભાઇ ઠક્કરના જમાઇ. હાલ બેંગલોર, તા. ૬-૨-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

અજીતભાઈ દામોદર સંપટ (ઉં. વ. ૮૧) તે સ્વ. શાંતાબેન દામોદર સંપટના પુત્ર. આશાબેનના પતિ. સ્વ. તારાબેન ચત્રભુજ કક્કા, સ્વ. હરિદાસભાઈ, સ્વ. મીનાબેન માધવ સિંહ ગાજરીયા, સ્વ. મૂળરાજભાઈના ભાઈ. સ્વ. નીખિલભાઈ તથા દિવ્યા હર્ષ ઉદેશીના પિતા. સ્વ. કસ્તુરબેન દ્વારકાદાસ પમાણી અંજારના જમાઈ. ૪/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ગામ વળીયા નિવાસી હાલ સાયન, ભુપેન્દ્રભાઈ ઠાકરશી કાલિદાસ પારેખ (ઉં. વ. ૭૯) ૫/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. જતીન, જ્યોતિ પરાગ કોટક, જાગૃતિ હેમાંગ તન્નાના પિતા. રૂપલના સસરા. સ્વ. ચંપાબેન વૃજલાલ મલકાણના જમાઈ. નરેન્દ્રભાઈ, હરેશભાઈ, પ્રતિભાબેન પ્રવિણકુમાર ધ્રુવ, જ્યોત્સ્નાબેન જયંત શાહના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે કુમકુમ બિલ્ડીંગ, કોટક મહેન્દ્ર બેંકની ઉપર, પ્લોટ નં ૧૭૫/એ સાયન વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગીયારસે બ્રાહ્મણ**

ગામ ફરીયાદકા હાલ અંધેરી, બાલમુકુન્દ પુરષોત્તમ પંડ્યા (ઉં. વ.૧૦૨) ૬/૨/૨૬ના શુક્રવારે કૈલાસવાસી થયા છે. તે સ્વ. દયાગૌરીના પતિ. મિનાક્ષી વિરેન્દ્ર મહેતા, રેખા ચિતરંજન દવે, ઉષા મનોજ દેસાઈ, સુધીર, જયેન્દ્ર મીતા વિનોદ જોષીના પિતા. સૌ. વરદા, સ્વ. નિરમી, સૌ. દીપાના સસરા. છબીલદાસ, હિંમતલાલ, મુક્તાબેન, મંછાબેન, ભાનુમતીના ભાઈ. શાંતિલાલ કાશીરામ ભટ્ટ ભંડારીયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૮/૨/૨૬ના રવિવારે સાંજે ૫ થી ૭. સ્થળઃ રાજસ્થાન હોલ, એ-૧૮, આરે રોડ જવાહર નગર ગોરેગાંવ પશ્ચિમ મુંબઈ.

**ગિરનારા પરજીયા સોની**

ધીરજલાલ પરસોતમ જોગીયા (ઉં. વ. ૮૫) તા. ૬/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે મંછાબેનના પતિ. સ્વ. રતિભાઈ, સ્વ. મણિબેન, સ્વ. નાથીબેન, સ્વ. હેમીબેન, સ્વ. મટુબેન, સ્વ. દેવકુરબેનના નાનાભાઈ, હર્ષાબેન પ્રફુલભાઈ ઘૂંચલા, હસમુખ, બીનાબેન મનોજભાઈ પાલા, હેમાબેન દીપકભાઈ પાલાના પિતા. રેખાના સસરા. અંકિતા અંકિત લોઢિયા, ઐશ્વર્યા રાજ જોગી તથા ચૈતન્યના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૮/૨/૨૦૨૬ ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦. ઠક્કાઈ ભાટિયા હોલ નંબર - ૫ , એસ. વી. રોડ શંકર લેન જંક્શન કાંદિવલી વેસ્ટ.

**હિન્દુ રુખિ સમાજ**

સ્વ. કિશોરભાઈ ચીમનભાઈ પરમાર તા. ૪/૨/૨૬ દેવલોક પામેલ છે. તેમની સૂતકની ક્રિયા તા. ૮/૨/૨૬ના રવિવાર સવારે ૧૦.૦૦ થી ૨.૦૦. અને તેમની બારમાની ક્રિયા તા. ૧૬/૨/૨૬ સોમવારના ૪.૩૦ થી ૬.૦૦. ચીમનભાઈ ધૂળાભાઈ પરમારના દીકરા. સ્વ. બાલુભાઇ મેલાભાઇ સોલંકીના જમાઈ. કપિલાબેન કિશોરભાઈ, જીજ્ઞા કિશોરભાઈ, સૌરવ કિશોરભાઈ, રાહુલભાઈ બાલુભાઇ, કૈલાશભાઈ બાલુભાઇ, દિપકભાઈ, રૂપેશભાઈ, તરલાબેનના મોટાભાઈ, રમેશભાઈ ધુડાભાઈ, પ્રદીપભાઈ ધુડાભાઈના ભત્રીજા. સરનામું ૬૦૫/૪ જસવંદ, મેયફેર, વિરાર ગાર્ડન ખરોડી નાકા બોલીજ વિરાર.

**હાલાઈ લોહાણા**

૬૩ મૂળગામ થરી માધવપુર-ઘેડ હાલ સુરત, વિનોદભાઈ નરોત્તમદાસ મજીઠીયા (ઉં. વ. ૬૩) તે ગં.સ્વ.. નિર્મળાબેન નરોત્તમદાસ જમનાદાસ મજીઠીયાના સુપુત્ર. હિનાબેનના પતિ. ધારા દેવાંગકુમાર, માનસી અમિતકુમારના પિતા. પરેશ, અલ્પેશ, શૈલેષ, વિપુલ, નયના અજયકુમાર રાજા, રીટા નરેન્દ્રકુમાર ઘનેશા, પ્રીતી હિતેશકુમાર, પીંકી તુષારકુમારના ભાઈ. કાંતિલાલ નરસિદાસ જટણીયાના જમાઈ. અમી અલ્પેશના જેઠ, સૌરભ, પ્રીતેશ, નિધિ, બંસરી, જય, ક્રિશીના મોટાપપ્પા, ગુરુવાર તા. ૫/૨/૨૬ના સુરત મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૯/૨/૨૬ સાંજે ૫.૦૦ થી ૭:૦૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલે માળે, એસ.વી.રોડ, શંકરમંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

મુલુંડ નિવાસી, કચ્છ ભુજ ગામના, સ્વ. અમૃતલાલ દામજી કોટકના સુપુત્ર જયેશ અમૃતલાલ કોટક (ઉં. વ.૫૮) તા. ૫/૨/૨૦૨૬, ગુરુવારે અવસાન થયું છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. સ્વ. તારાબેન વસંતભાઈ ઠક્કરના ભાઈ. મિહિર-માનસીના પિતાજી. દિપેશભાઈ. નવિનભાઈ. કટારિયાના સસરા, જાગૃતિબેનના સસરા, પ્રાર્થનાસભા નથી. લોકિક વહેવાર બંધ છે.

**મારુ કંસારા**

લાઠી નિવાસી, હાલ હાજી અલી મુંબઇ, ભુપેનભાઇ (ઉં. વ.૬૬) તે સ્વ. પ્રેમચંદભાઇ તથા સ્વ. ધીરજબેન સોલંકીના સુપુત્ર, અલકાબેનનાં પતિ. પાર્થના પિતા. વિધિના શ્વસુર, સ્વ. મૃદુલાબેન, તથા રાજુભાઇ, નયનાબેનના ભાઈ. હીયાન અને વીયાનાના દાદા,શુક્રવાર તા. ૬/૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા. ૮/૨/૨૬ના સાંજે ૫થી ૭. સ્થળ એફપીએચ બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજી અલી, મુંબઇ-૧૮.

**મેઘવાળ**

સ્વ. હરજીભાઈ શામજીભાઈ ભોજ તે ગં.સ્વ. માલુબેન શામજી દેસા ભોજ દિકરા, ગં.સ્વ. રજની બેનના પતિ. નેહા સુમીતના બાપુજી. પ્રથમના દાદા. કિયારાના નાના, પાલજીભાઈ, ગિરધરભાઈ, હેમાબેન, લક્ષ્મીબેનના ભાઈ, સ્વ. ટીડીબેન શકુરભાઈ ગલાભાઈ ડેડિયાના ભાણેજ. બારમાની ક્રિયા તા. ૯/૨/૨૬ સોમવારના સાંજે ૫. કલાકે. સ્થળ; કોમ્યુનિટી હોલ ન્યુ એરપોર્ટ કોલોની, હનુમાન રોડ, વિલેપાર્લે ઇસ્ટ.

## પારસી મરણ

બેરોઝ જીમી દારુવાલા તે મરહુમ જીમીના ધનીયાની. તે મરહુમો પીરોજા જાલેજર મોદીના દીકરી. તે નીકેદલ ને અનાહીતાના માતાજી. તે જેનીફરના સાસુજી. તે હુફ્રીયા, વશતી, ઝર્કસીસના બપઇજી. તે બીયંગકા ને નાઇશા મમઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૬૮૧-એ, ફ્લેટ નં.૨, ખરેગામ રોડ, વી.પી.આઇ. એ. સ્કૂલની સામે, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

હોમાય જાહાંગીર તારાપોર તે મરહુમો દીના જાહાંગીર તારાપોરના દીકરી. તે મરહુમો હોશંગ, વીકાજી ને વીરાના બહેન. તે ઝુબીન પટેલના આન્ટી. (ઉં. વ. ૯૫) રે. ઠે. બરજો બિલ્ડિંગ, રૂમ નં. ૨૯, બીજે માળે, વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૨-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૨,માં ડુંગરવાડી પર છેજી.

ફ્રેની રુસ્તમજી કોલાહ તે મરહુમો આલામાય રુસ્તમજી કોલાહના દીકરી. તે મરહુમો બચા, તેહમુલ, જમશેદ, પેસી ને ગુલુના બહેન. તે કૈયઝા રુસી પટેલના માસી. તે મરહુમ રોદા રુસી પટેલના કઝીન સિસ્ટર. (ઉં. વ. ૯૬) રે. ઠે. વરુન એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૭૦૧, સાતમે માળે, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, પરેલ, દેના બેન્ક આગળ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં છેજી.

### રોહિત શેટ્ટીના

રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારના કેસમાં પોલીસે ચાર આરોપી સ્વપ્નિલ સકટ, સમર્થ પોમાજી, સિદ્ધાર્થ ચેનપુરે અને આદિત્ય ગાયકીની પુણેથી ધરપકડ કરી હતી. સકટના ઘરમાંથી પોલીસને એક પિસ્તોલ, ત્રણ મૅગેઝિન અને એક ઍરગન મળી આવી હતી. આ શસ્ત્રો સકટને પૂરાં પાડનારા આસારામ ફાસલે (૪૨)ને પણ પુણેમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. બિશ્નોઈ ગૅન્ગના સભ્ય શુભમ લોણકરના નિર્દેશ પર આસારામે સકટને આ શસ્ત્રો આપ્યાં હતાં. જોકે શૂટરે રોહિત શેટ્ટીના નિવાસસ્થાને કઈ પિસ્તોલથી ગોળીબાર કર્યો અને તેને કોઈ પિસ્તોલ પૂરી પાડી તેની કોઈ માહિતી પોલીસને મળી નથી. શેટ્ટી ટાવર પર ગોળીબારમાં ઉપયોગમાં લેવાયેલું સ્કૂટર પુણેથી સેકન્ડ હેન્ડ ખરીદવામાં આવ્યું હતું. આ સ્કૂટર લોનાવલામાં શૂટર સુધી પહોંચાડવાનું હતું, પરંતુ પછી તેને મુંબઈ લાવવામાં આવ્યું હતું. સ્કૂટરને મુંબઈ લાવવાની જવાબદારી સકટ અને ચેનપુરેને સોંપાઈ હતી. અગાઉથી નક્કી કરેલા સ્થળે સ્કૂટર પાર્ક કરીને તાત્કાલિક બન્નેને ફરી પુણે પહોંચવાની સૂચના અપાઈ હતી. પરિણામે બન્ને ક્યારેય શૂટરના સંપર્કમાં આવ્યા નહોતા.

મુંબઈમાં પાર્ક કરાયેલા સ્કૂટરની માહિતી શૂટરને આપવામાં આવી હતી. શૂટર જાતે જ એ સ્કૂટર ત્યાંથી લઈ ગયો હતો, જેથી તેણે પણ સકટ અને ચેનપુરેને ક્યારેય જોયા નહોતા. આ રીતે બે અલગ અલગ કામગીરી બજાવનારા આરોપી ક્યારેય એકબીજાને મળ્યા નહોતા. એ જ રીતે મુંબઈમાં પાર્ક કરાયેલા સ્કૂટરની ડિકીમાં પિસ્તોલ મૂકવાની જવાબદારી બીજી જ કોઈ વ્યક્તિને સોંપાઈ હતી. એ વ્યક્તિ પિસ્તોલ સ્કૂટરની ડિકીમાં મૂકીને પસાર થઈ ગયો હતો. આ જ કારણ છે કે આરોપી પકડાયા છતાં હજુ શૂટર પોલીસને હાથ લાગ્યો નથી. શૂટર પકડાય તોય સ્કૂટર અને પિસ્તોલ પહોંચાડનારા આરોપીઓને તે ઓળખી શકશે નહીં. કહેવાય છે કે શેટ્ટી ટાવર પર ગોળીબાર પછી શૂટરે પિસ્તોલ ક્યાં સંતાડી તેની માહિતી શૂટર પકડાયા પછી જ પોલીસને મળી શકશે. આ એવું સુનિયોજિત કાવતરું છે કે અપરાધીની એક કડી તૂટે તો પણ પોલીસ આખી ચેઈનનો પર્દાફાશ કરવામાં અસમર્થ રહે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


‘ચીને આપણી અમુક જમીન પચાવી પાડી છે’ એ મુદ્દે...

# કેન્દ્ર સરકાર હકીકત છુપાવે છે કે પછી વિપક્ષો પુરાવા વગર માત્ર આક્ષેપો કરે છે?

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**પાડોશી દુશ્મન દેશ ચીને ભારતની જમીન પચાવી પાડી હોવાનો મુદ્દો ફરી ચર્ચામાં છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી પૂર્વ લશ્કરી જનરલ નરવણેના પુસ્તકનો હવાલો આપીને કહે છે કે કેન્દ્ર સરકાર આ મુદ્દે કેટલીક હકીકત છુપાવે છે... આમાં કોણ સાચું- વિપક્ષો કે સરકાર એ વાત જનતા સમક્ષ આવવી જ જોઈએ, કારણ કે આમાં રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે...**






લોકસભામાં આજકાલ એક નવા જ પ્રકારની ગરમાગરમ બહસ ચર્ચા ચાલી રહી છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આપણા ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ મનોજ નરવણેએ નિવૃત્તિ પછી લખેલા એક પુસ્તકનો મુદ્દો ચગાવ્યો છે અને એ સાથે જ ચીને ભારતની જમીન પચાવી પાડી હોવાનો મુદ્દો ફરી ચર્ચામાં છે. રાહુલ ગાંધીએ જનરલ નરવણેના પુસ્તકનો હવાલો આપીને ચીન મુદ્દે વડા પ્રધાને હાથ અધ્ધર કરીને કાયરતા બતાવી હોવાનો આક્ષેપ પણ કર્યો છે તેના કારણે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય જંગ પણ જામી ગયો છે.

કૉંગ્રેસનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી સરકાર જનરલ નારવણેનું પુસ્તક પ્રકાશિત નથી થવી દેતી કેમ કે આ પુસ્તક પ્રકાશિત થાય તો વડા પ્રધાની જે નીડર મર્દાના હોવાની ઈમેજ છબી છે એ બહુ ખરાબ રીતે ખરડાઈ જાય...ચીને ભારતની જમીન પચાવી પાડી એ વાત પર કેન્દ્ર સરકાર ઢાંકપિછોડો કરે છે તેનો પણ ભાંડો ફૂટી જાય. આ કારણે સરકાર પેલું પુસ્તક પ્રકાશત નથી થવા દેતી. એટલું જ નહીં, પણ લોકસભામાં ય આ પુસ્તકના અંશ વાંચવા નથી દેતી...

રાહુલનું તો કહેવું છે કે, ચીને ૨૦૨૦માં ભારત પર કરેલા હુમલો વખતે ભૂતપૂર્વ લશ્કરી વડા મનોજ નરવણેએ વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે થયેલી વાતચીતનો આ પુસ્તકમાં ઉલ્લેખ હોવાથી ભાજપને ઇમેજનું ધોવાણ થવાનો ડર લાગે છે. રાહુલે તો સવાલ પણ કર્યો છે કે, ચીને હુમલો કર્યો ત્યારે મોદી તથા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની ૫૬ ઇંચની છાતી ક્યાં ગઈ હતી?

રાહુલે તો ડોકલામમાં ચીને ભારતના ૨૦ સૈનિકોની હત્યા કરી પછી ચીન સતત આ વિસ્તારમાં ઘૂસણખોરી કરી રહ્યું હોવાનો દાવો કરીને આક્ષેપ કર્યો છે કે, સરકાર ઘૂસણખોરીને રોકી શકતી નથી એ હકીકત છુપાવીને દેશવાસીઓ સાથે પણ ગદ્દારી કરી રહી છે.

બીજી તરફ, ભાજપે પોતાના બચાવ રૂપે જનરલ મનોજ નરવણેનો ૨૦૨૦નો વીડિયો પણ બહાર પાડ્યો છે,જેમાં જનરલ નરવણેએ કહ્યું હતું કે, ભારતની એક ઇંચ જમીન પણ ચીનના કબજામાં ગઈ નથી. ભાજપે તો ૧૯૬૨ના યુદ્ધમાં ભારત ચીન સામે હારી ગયેલું અને અરુણાચલ પ્રદેશની ત્રીજા ભાગની જમીન ગુમાવી હતી એ વાતને યાદ કરીને કટાક્ષ પણ કર્યો છે કે, અમે નહેરુના યુગને ઘણો પાછળ છોડી દીધો છે. નહેરુની નીતિઓના કારણે ભારતે તિબેટ પરનો અંકુશ ગુમાવવો પડ્યો હતો અને ચીનની દાદાગીરીને છૂટો દોર મળી ગયો હતો. હવે નહેરુની પાર્ટીના નેતા મોદી સરકાર પર કયા મોઢે આક્ષેપ કરે છે?

કેન્દ્ર સરકારે તો જનરલ નરવણેના પુસ્તકને પ્રકાશિત થતું સરકાર રોકી રહી હોવાના દાવાને પણ ખોટો ગણાવ્યો છે. રાજનાથ સિંહે દાવો કર્યો છે કે, જનરલ નરવણેનું પુસ્તક અમે અટકાવ્યું હોત તો જનર નરવણે કોર્ટમાં ગયા હોત, પણ એવું થયું નથી તેનો મતલબ એ થયો કે, અમારી સરકારે પુસ્તકનું પ્રકાશન અટકાવ્યું હોવાની વાતમાં દમ નથી. રાજનાથનો આ મુદ્દો કેટલો સાચો છે કે નહીં તેનો જવાબ જનરલ નરવણે જ આપી શકે, પણ જનરલ નરવણેના રહસ્યમય મૌનને કારણે આ કોકડું વધુ ગૂંચવાયું છે.

ભાજપ કૉંગ્રેસના આ વાક્યુદ્ધમાં સંસદની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે અને પ્રજાના પૈસે ભરાતી સરકારી તિજોરીનાં નાણાંનો ધુમાડો થઈ રહ્યો છે, પણ આપણા નેતાઓને તેની કંઈ પડી નથી. તેમને માત્ર ને માત્ર રાજકીય હિસાબ સરભર કરવામાં રસ છે.

આઘાતની વાત પાછી એ છે કે, રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો હોવા છતાં ના તો સરકાર આ અંગે પ્રજાને જવાબ આપવાની તસદી લઈ રહી કે ના વિપક્ષો સંસદને ચાલવા દઈને ચર્ચા માટે તૈયારી બતાવી રહ્યા. સંસદમાં રાહુલ ગાંધી કે વિપક્ષોને લોકસભાના સ્પીકર કે રાજ્યસભાના ચેરપર્સન બોલવા નથી દેતા. સામે વિપક્ષોએ પણ એવું જ વલણ અપનાવીને મોદીને ના બોલવા દીધા. લોકશાહીમાં મુક્ત ચર્ચા અનિવાર્ય છે, પણ શાસકો અને વિપક્ષોના ગજગ્રાહમાં લોકશાહીના સિધ્ધાંતો સાવ કોરાણે મુકાઈ ગયા છે.

જનરલ નરવણેના પુસ્તકનો વિવાદ લાંબા સમયથી ચાલે છે. નરવણે ૨૦૨૨માં નિવૃત્ત થયા પછી તેમણે આ પુસ્તક લખેલું, પણ કેન્દ્ર સરકારે પુસ્તકના પ્રકાશનને મંજૂરી ના આપતાં વિવાદ શરૂ થયો. સરકારે રાષ્ટ્રીય સુરક્ષાનું કારણ આપીને પુસ્તક પ્રકાશનને મંજૂરી નથી આપી, પણ મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, જનરલ નરવણેએ એ પુસ્તકમાં સરકારના કાયરતાપૂર્ણ વલણની ઝાટકણી કાઢી હોવાથી પુસ્તકને પ્રકાશિત નથી થવા દેવાતું. રાહુલે આ પુસ્તકની કહેવાતી નકલ મીડિયાને બતાવીને આક્ષેપ કર્યો છે કે, ચીને હુમલો કર્યો ત્યારે જનરલ નરવણેએ વડા પ્રધાનને કોલ કરીને ‘આર્મી શું કરે?’ એ પૂછ્યું હતું. ત્યારે જનરલ નરવણેને કહેવામાં આવેલું કે, ‘તમને ઠીક લાગે એ કરો...’

રાહુલનું કહેવું છે કે, સરકારે પોતાની ફરજ બજાવવાના બદલે જવાબદારી આર્મી ચીફ પર ઢોળી દીધી હતી...

હવે રાહુલની વાતમાં કેટલો દમ છે- કેટલું સત્ય છે એ ખબર નથી, કેમ કે પુસ્તક હજુ બજારમાં આવ્યું નથી ને જનરલ નરવણે આ મુદ્દે મૌન છે. આ સંજોગોમાં રાહુલ ગાંધી અંધારામાં તીર ચલાવીને મોદીને પાડવા મથતા હોય એ શક્ય છે. રાહુલના આક્ષેપો નક્કર આધાર વિનાના છે તેમાં બેમત નથી, પણ સામે ચીન મુદ્દે કેન્દ્ર સરકારની નીતિ અને વલણ પણ શંકાસ્પદ છે. ચીન લડાખ સરહદે મોટા પાયે બાંધકામ કરી રહ્યું છે એવા રિપોર્ટ્સ વિદેશી મીડિયા ગ્રુપ ‘થિન્ક ટેન્ક્સ’ દ્વારા વારંવાર અપાય છે. સેટેલાઈટ તસવીરોના કહેવાતા પુરાવા પણ રજૂ કરવામાં આવે છે, પણ સરકાર આ મુદ્દે મૌન જ રહે છે. ભારતીય મીડિયામાં પણ આ દાવાને સમર્થન આપતા રિપોર્ટ પ્રસિદ્ધ થયા જ છે પણ ‘ચીને એક પણ ઈંચ જમીન નથી પચાવી’ એવી જ રેકર્ડ સરકાર વગાડ્યા કરે છે.

આવા સિનારિયોમાં સરકારે રાહુલના આક્ષેપો અંગે સ્પષ્ટતા કરવાની જરૂર છે, કારણ કે આ મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષાનો છે. રાહુલ સાચું બોલે છે કે નહીં એ ખબર નથી, પણ રાહુલે લોકોના માનસમાં એક પ્રકારની શંકા તો પેદા કરી જ દીધી છે. સરકારે લોકોની શંકાઓ દૂર કરવી જરૂરી છે. એ માટે સરકારે સંસદમાં ચર્ચા કરી શકે કે પછી લડાખમાં ચીન સાથેની સરહદે સંસદનું સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ પણ મોકલી શકે.. માત્ર ‘રાહુલ ગાંધી કે વિપક્ષો જૂઠું બોલે છે’ એમ કહી દેવાથી કે નહેરુના સમયમાં શું થયેલું તેની વાત કરી દેવાથી સરકારની જવાબદારી પૂરી થઈ જતી નથી.

આ દેશની જનતાને જવાબ આપવા સરકાર બંધાયેલી છે અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે કોઈ બાંધછોડ કે શંકા ના રહેવી જોઈએ. ■

## એ વખતે જનરલ નરવણેએ ચીન સામે સરકારને ચેતવેલી ખરી?


જનરલ મનોજ મુકુંદ નરવણે ૨૦૨૦માં લશ્કરી વડા બન્યા પછી તેમણે આક્રમક વલણ અપનાવેલું. રાજકારણીઓની જેમ ગોળ ગોળ વાતો કરવાના બદલે જનરલે પાકિસ્તાન અને ચીન બંને ભારતનાં દુશ્મન હોવાનો સ્પષ્ટ મત તેમણે પ્રગટ કર્યો હતો. જનરલ નરવણે તો પાકિસ્તાન સામે ડાયરેક્ટ એક્શનના તરફદાર હતા. પાકિસ્તાન આતંકવાદને પોષે છે એ સંજોગોમાં ભારતને આતંકના અડ્ડાઓ પર ત્રાટકવાનો પૂરો અધિકાર છે એવું તેમણે કહ્યું હતું. જનરલ નરવણેએ ચીન સાથેના સરહદના પ્રશ્નો ઉકેલવાની ને શાંતિ સ્થાપવાની વાતો કરી હતી અને ચીન સૌથી મોટો ખતરો હોવાનું પણ કહેલું. એમણે કહેલું કે, આપણે દેશના પશ્ચિમ મોરચે બહુ ધ્યાન આપીએ છીએ, પણ ઉત્તરના મોરચે પણ ધ્યાન આપવાની જરૂર છે. ભારતની પશ્ચિમ સરહદ પાકિસ્તાન સાથે જોડાયેલી છે ને ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીર એ રાજ્યો પશ્ચિમ મોરચે છે. ઉત્તર મોરચે નેપાળ, ભૂતાન, તિબેટ, ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ વગેરે દેશો સાથેની સરહદ છે, પણ તેમાં મુખ્ય ચીન છે. જનરલ નરવણેએ ચીનની અવગણના ભારે પડશે એવો ઈશારો એ વખતે જ કરેલો.

# એક એવો દેશ, જ્યાં કેબલ વગર પહોંચે છે વીજળી!

### આના પરિણામે વીજ વાહકોનાં માધ્યમો બદલાયાં. એ થયાં વધુ સરક્ષિત અને એમનું થયું પર્ફોર્મન્સ વધુ પાવરફૂલ

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

આપણા દેશનાં લગભગ દરેક ગામડામાં વીજળી પહોંચી છે. પર્વતીય વિસ્તાર હોય કે, રણ પ્રદેશની નજીકનું કોઈ ગામડું. કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી ઓખાથી લઈને ઓડિશા સુધી. વીજ કનેક્ટિવિટીની વાત આવે ત્યારે અચૂક મોટા-મોટા થાંભલા, ખેતરોમાંથી પસાર થતી હાઈવોલ્ટેજ લાઈન, ચોક્કસ વિસ્તારમાં મૂકવામાં આવેલ ફીડર અને કંટ્રોલ રૂમ યાદ આવે. દેશમાં હજુ પણ ટુ અને થ્રી ટાયર શહેરોમાં લાઈટ (વીજળી) તો છે પણ લાઈટકાપ કંઈ સંપૂર્ણપણે બંધ થયો નથી. ઉદ્યોગો અને ખેતરમાં વીજળી આપવાના બેનર નીચે મૂકવામાં આવતો કાપ કેટલાય કામને અટકાવી દે છે. સુપર પાવર દેશ બનાવવા અને બનવા માટે ડિજિટલની દોડમાં ગતિ મૂકવાથી કે આંતરમાળખું બદલવાથી પરિણામ શ્રેષ્ઠ આવે એની કોઈ ગેરેન્ટી આપતું નથી અને કોઈ લેતું પણ નથી.



પાવર સપ્લાયની વાત હોય ત્યાં ગુજરાત રાજ્યમાં સૌથી વધુ મોંઘી વીજળી છે. સિક્કાની બીજી બાજુ જોઈએ તો વીજ ઉત્પાદન કરવું પણ હવે મોંઘું થઈ રહ્યું છે. જ્યાં રો કોસ્ટ (કાચી સામગ્રી) જ મોંઘીદાટ હોય ત્યાં એનું ઉત્પાદન થોડી સસ્તું હોય? ઉત્પાદન થયા બાદ પણ એના વાહકો, માધ્યમો અને મેઈન્ટેનન્સ પાછળ થનારો ખર્ચો ભલભલા વિભાગની તિજોરીના તળીયાં દેખાડી દે. એવામાં મોટાં કહેવાતાં એકમો અને વીજચોરીના પ્રશ્ન ઉપર પણ કોઈ પૂર્ણવિરામ મુકાયું નથી.

આ બધા વચ્ચે હવે કોઈ એવું કહે કે, વીજળી સસ્તી છે, ૨૪ કલાક મળશે અને બિલ પણ બધાયને પરવડશે ... તો? આ માટે કોઈ થાંભલા કે હાઈવોલ્ટેજ લાઈનની પણ જરૂર નથી તો?

આવું પરાક્રમ કરી બતાવ્યું છે ફિનલેન્ડે. ફિનલેન્ડે વીજક્ષેત્રે જબરી સિદ્ધિ હાંસલ કરી છે. આ દેશમાં કોઈ જ મોટી વીજલાઈન કે હાઈવોલ્ટેજ માટેની પાળી (ખેતર વચ્ચે જે હાઈમર્જ ટાવર આવે એને વીજ વિભાગમાં પાળી કહે છે) નથી. અત્યાર સુધી આપણે એ જ જોયું અને સ્વીકાર્યું છે કે, વીજ પુરવઠો પહોંચાડવા માટે કેબલ્સ-તાર અનિવાર્ય છે. દરેક ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસમાં તાર વીજવાહક હોય છે, જેમાં એસીથી લઈને આધુનિક કમ્પ્યુટર સર્વર સિસ્ટમનો સમાવેશ થાય છે. મોબાઈલમાં હવે વાયરલેસ ચાર્જિંગ ઓપ્શન આવ્યું એમ વીજળી ક્ષેત્રે કેબલ લેસ ટેક્નોલોજી આકાર પામી. કોઈ પ્રકારના તાર કે કેબલના જફા વગર સરળતાથી પૂરતા વોટમાં વીજળી ઘર-ઘર સુધી ફિનલેન્ડમાં પહોંચે છે.

હવે તાર વગર વીજળી કેવી રીતે શક્ય છે? વેલ, ત્યાં વોઈસ વેવ, રેડિયો વેવ અને લેઝર વેવની મદદથી વીજળીને વહેતી કરવામાં આવે છે. જે રીતે બ્લુટુથનું પોર્ટેબલ ડિવાઈસ આવે છે એ રીતે નાની-નાની ચીપ ફોર્મેટમાં રેડિયો ફ્રિક્વન્સીના રીસીવર અને લોકેટર સેટ કરવામાં આવ્યા છે. ફાયદો એ થયો કે, ઈલેક્ટ્રિક ડિવાઈસ માટે ડિવાઈસમાં કે બોર્ડમાં પ્લગની ઝંઝટથી મુક્તિ મળી ગઈ.

આવું શા માટે કરવામાં આવ્યું? એ સવાલ થવો સ્વાભાવિક છે.

પ્લગમાં શોક સર્કિટ, ક્યારેય સ્વિચ બોર્ડની હલકી ગુણવત્તા, સ્વિચમાં ખામી, અંદર રહેલા વાયર્સમાં ભેજ અને મેઈન લાઈન સુધીની કડાકુટમાંથી છૂટકારો મેળવવા આ આઈડિયા આશીર્વાદ સમાન બની રહ્યો. વીજ પુરવઠા માટે કેબલ્સ અનિવાર્ય છે એવું એક સમયનું વિજ્ઞાન ખોટું તો બિલકુલ નથી, કારણ કે, ભૌગોલિક પરિસ્થિતિ પણ આ જ યોજનાને અસરરૂપ કરે છે. વરસાદી સીઝનમાં ભેજ લાગવાની કે ભેજ ઊતરવાની કોઈ માથાકુટ જ નહીં, કારણ કે રેડિયો ફ્રિક્વન્સી ડિવાઈસ કોઈ સાથે જોડાયેલું જ નથી. સામા છેડે કોઈ પ્લગ, પીન કે કનેક્ટર નથી.

હવે વાયર વગર વીજળી આપવી એ વાત ગળે ઊતરે નહીં આનાં માટે વાયર જરૂરી છે, પણ એનું સ્વરૂપ અહીં બદલાયું છે. ‘એક્યુસ્ટિક વાયર’ નામની વસ્તુ અહીં કામ કરે છે, જે સામાન્ય વાયર કરતાં ઘણો અલગ હોય છે. એક્યુસ્ટિક વાયર વીજળીને જે તે રૂટ માટે ફંટાવે છે, ડાઈવર્ટ કરે છે, ગાઈડ કરે છે. અહીં અલ્ટ્રાસોનિક વેવ્ઝનો ઉપયોગ કરવામાં આવે છે. વીજ કરંટને આગળ વધવા માટે એર પ્રેશર પૂરતું કામ કરે છે. જે રીતે શોર સર્કિટ થાય અને એક સ્પાર્કમાંથી આગ ભભૂકી ઊઠે, હવાની દિશમાં આગળ વધે એવું અહીંયા થાય, પણ એ બધુ કેબલમાં અંદર. બહાર નહીં. ધ્વની બદલે છે હવાની ડેન્સિટીને, જેથી વીજ કરંટ આગળ વધે છે અને સુરક્ષિત રસ્તેથી જે તે ડિવાઈસ સુધી પહોંચે છે. હવા અદ્રશ્ય રસ્તાનું કામ કરે છે અને કેબલ્સ એનું માધ્યમ બને છે.

કામ કઈ રીતે કરે? વેલ, જે રીતે વાઈફાઈ ટેક્નોલોજી કામ કરે છે એ જ આ પદ્ધતિ કામ કરે છે. કેબલ્સ ફ્રી ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન ફોર્મેટ ભૌગોલિક સ્થિતિ ઉપર પણ નિર્ભર કરે છે. સરકારી એકમના માથે આધારિત ન રહીને ફિનલેન્ડની ખાનગી કંપનીઓએ પોતાના ગામ, શહેર, જિલ્લા અને રાજ્યને પાવરથી પાવરફૂલ કરવા બીડું ઉપાડ્યું. આસપાસના દેશ અને સમુદ્રના જહાજો સુધી પાવરલૂપ સુધી કમિન્ટમેન્ટ કરી વીજળી વેચી અને ઘર આંગણે સસ્તામાં કનેક્ટિવિટી ઊભી કરી દીધી. આને કહેવાય બિઝનેસનું રોલ મોડલ વીથ પ્રોપર પ્રોફિટ અને પીપલ બેનિફિટ પણ ખરો. સરવાળે લોકોનું વીજબિલ ઘટ્યું અને વીજળીના મુદ્દે ત્યાંની સરકાર અને કંપનીઓના સહારે સરકારી વિભાગ ખરા અર્થમાં આત્મનિર્ભર બની ગયા. વાહ... ■

**આઉટ ઓફ ધ બોક્સ**

***IBM એ સૌ પ્રથમ સ્પિલ્ટિંગ ટેક્નોલોજી વિકસાવી, જેમાં એક જ સ્ક્રિનના નાના-નાના ભાગ કરીને એકથી વધારે વિઝ્યુલ્સ એક જ સ્ક્રિનમાં જોઈ શકાય.***

સૉલ ઓફ ટૂર

# માત્ર શોપિંગ જ નહીં, પરિવાર સાથે માણવા માટે પણ પરફેક્ટ હોલિડે ડેસ્ટિનેશન છે ચીન



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

વિદેશ પ્રવાસની વાત આવે એટલે મોટા ભાગે લોકોના મનમાં શોપિંગ, મોલ્સ અને ચમકધમકનું ચિત્ર ઊભું થાય છે. પરંતુ આજનું ચીન એ માત્ર ખરીદીનું સ્થાન નથી, એ એક એવો દેશ છે જ્યાં ઇતિહાસ, સંસ્કૃતિ, આધુનિકતા અને કુદરત સહપરિવાર સાથે એકસાથે અનુભવી શકાય. દાદા-દાદીથી લઈને પૌત્ર-પૌત્રો સુધી, દરેક ઉંમરના પ્રવાસીને ચીન કંઈક જુદું આપે છે. પ્રાચીન મહેલો, અદ્ભુત સ્મારકો, ટેક્નોલોજીથી ભરપૂર શહેરો, રોમાંચક થીમ પાર્ક્સ અને શ્વાસ રોકી દે તેવી કુદરતી સુંદરતા ચીનને સંપૂર્ણ ફેમિલી હોલિડેવાળું ડેસ્ટિનેશન બનાવે છે. ચાલો જાણીએ ઑરોરા ટૂર્સનાં ધવલભાઈ જાંગલા ચીનનાં પ્રવાસ વિશે શું કહે છે?





**★ સવાલઃ લોકો ચીનનું નામ લેતાં જ સૌથી પહેલા શોપિંગ યાદ કરે છે. તો ચીન માં એનાં કરતા વધુ શું છે એ જણાવો.**

ધવલભાઈઃ આજનું ચીન દુનિયાના સૌથી સંપૂર્ણ ફેમિલી ડેસ્ટિનેશન્સમાંથી એક છે. હા, અહીંની શોપિંગ સ્ટ્રીટ્સ અને આધુનિક મોલ્સ આકર્ષણનો ભાગ છે, પરંતુ ચીન એની સિવાય પણ ઘણું આપે છે. પ્રાચીન મહેલો, ઐતિહાસિક સ્મારકો, કુદરતી અચંબાઓ, ભવિષ્ય જેવી ફિલીંગ આપતાં શહેરો, થીમ પાર્ક્સ અને હજારો વર્ષ જૂની પરંપરાઓ અહીં જીવંત છે. બાળકો ટેક્નોલોજી અને થીમ પાર્ક્સથી મંત્રમુગ્ધ થાય છે, મોટા લોકો સંસ્કૃતિ અને ઇતિહાસમાં ડૂબે છે અને વડીલો સુવ્યવસ્થિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્ગદર્શિત સાઈટસીઈંગને કારણે આરામદાયક અનુભવ કરે છે. આ જ વિવિધતા ચીનને ત્રણ પેઢી સાથે મુસાફરી કરવા માટે આદર્શ બનાવે છે.

**★ સવાલઃ તમારી ચીન ટૂરની આઈટિનરીમાં કયા શહેરો આવરી લેવાય છે અને દરેક શહેર ખાસ કેમ છે ?**

ધવલભાઈઃ અમારી વિચારપૂર્વક તૈયાર કરેલી આઈટિનરીમાં પાંચ અદ્ભુત શહેરો સામેલ છે, બિજિંગ, ચેંગદુ, ચોંગકિંગ, ઝાંગ જિયાજી અને શાંઘાઈ. દરેક શહેર જુદું છે અને દરેકનો અનુભવ સંપૂર્ણપણે અલગ છે. બિજિંગ ચીનના શાહી ઇતિહાસ અને રાષ્ટ્રીય ગૌરવથી પરિચિત કરાવે છે. ચેંગદુ એની શાંત જીવનશૈલી અને પાંડા સાથે એક અલગ ઉષ્માભર્યું વાતાવરણ આપે છે. ચોંગકિંગ એની નાટ્યાત્મક સિટીસ્કેપ અને નદીના દશ્યો વડે ચકિત કરે છે. જ્યારે ઝાંગ જિયાજી કુદરતી સૌંદર્યની પરાકાષ્ઠા દર્શાવે છે અને શાંઘાઈ ચીનનું આધુનિક અને વૈશ્વિક રૂપ રજૂ કરે છે. આ પાંચેય શહેરો સાથે મળીને ઇતિહાસ, કુદરત, મનોરંજન અને અર્બન લક્ઝરીનું સરસ સંતુલન ઊભું કરે છે.

**★ સવાલઃ ચીનનાં ફેમિલી હોલિડે દરમિયાન કયા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળો જોવા મળે છે?**

ધવલભાઈઃ આ ટૂર દરમિયાન ફેમિલીઓ વિશ્વના સૌથી પ્રખ્યાત સ્મારકોનો અનુભવ કરે છે. બિજિંગમાં તિયાનમેન સ્ક્વેર, ભવ્ય ફોરબિડન સિટી, આધ્યાત્મિક ટેમ્પલ ઓફ હેવન, શાહી સમર પેલેસ અને વિશ્વવિખ્યાત ગ્રેટ વોલ ઓફ ચાયનાની મુલાકાત લેવામાં આવે છે. ઓલિમ્પિક સ્ટેડિયમ પર ફોટો સ્ટોપ આ ટૂરમાં મોડર્ન ટચ ઉમેરે છે. આ સ્થળો માત્ર જોવા માટે નથી, પરંતુ એવી કહાણીઓ છે જે પરિવારોને સાથે બેસીને ચીનના સમૃદ્ધ વારસાને સમજવાની તક આપે છે.

**★ સવાલઃ બાળકો અને યુવાન પ્રવાસીઓને આ ટૂર કેવી રીતે આકર્ષે છે?**

ધવલભાઈઃ બાળકો અને યુવાનો માટે ચીન અત્યંત રોમાંચક છે. યુનિવર્સલ સ્ટુડિયોઝ બિજિંગ આ ટૂરનું મુખ્ય આકર્ષણ છે, જ્યાં વર્લ્ડ ક્લાસ રાઇડ્સ અને મનોરંજન મળે છે. ચેંગદુમાં જાયન્ટ પાંડા બ્રિડિંગ સેન્ટરની મુલાકાત બાળકો માટે હંમેશા ભાવનાત્મક અને યાદગાર અનુભવ બની રહે છે. હાઈ સ્પીડ ટ્રેનની મુસાફરી, કેબલ કાર, ગ્લાસ બ્રિજ અને હેલિકોપ્ટર રાઇડ્સ પ્રવાસમાં એડવેન્ચર અને થ્રીલ ઉમેરે છે, જેથી યુવા પ્રવાસીઓ સમગ્ર ટૂર દરમિયાન સતત જોડાયેલા રહે છે.

**★ સવાલઃ શહેરોથી આગળ વધીને વિચારતા નેચર લવર્સ માટે કયા કુદરતી આકર્ષણો સામેલ છે?**

ધવલભાઈઃ કુદરત આ ટૂરનું સૌથી મજબૂત પાસું છે. ઝાંગ જિયાજીએ નેશનલ ફોરેસ્ટ પાર્ક, જે અવતાર ફિલ્મની પ્રેરણા બન્યું છે, અદ્ભુત અને અવિશ્વસનીય દશ્યો પ્રસ્તુત કરે છે. અહીં વિશ્વના સૌથી ઊંચા આઉટડોર લિફ્ટ્સમાંથી એક, બૈલોંગ એલિવેટર દ્વારા પહોંચવામાં આવે છે. પ્રવાસીઓ ઝાંગ જિયાજીએ ગ્રાન્ડ કેન્યન ગ્લાસ બ્રિજ, તિયાનમેન માઉન્ટેન કેબલ કાર, ગ્લાસ સ્કાયવોક અને હેવન્સ ગેટ જેવા રોમાંચક સ્થળોનો પણ અનુભવ કરે છે. આ કુદરતી અચંબાઓ પરિવાર માટે યાદગાર ક્ષણો સર્જે છે.

**★ સવાલઃ ચોંગકિંગ અને શાંઘાઈ આધુનિક શહેરો તરીકે જાણીતા છે. પણ ત્યાં ફેમિલી સાથે ટ્રાવેલ કરતા યાત્રીઓ માટે શું ખાસ છે?**

ધવલભાઈઃ ચોંગકિંગ ફ્યુચરિસ્ટિક સીટી હોય એવું લાગે છે. અહીં મલ્ટિ લેવલ રસ્તાઓ, નદીના દશ્યો અને લિઝિબા મેટ્રો સ્ટેશન જેવી અનોખી જગ્યા છે, જ્યાં ટ્રેન સીધી રહેણાંક ઇમારતમાંથી પસાર થાય છે. યાંગ્ત્ઝે રિવર કેબલ કાર અને હોંગયાડોંગ કેવ કોમ્પ્લેક્સ અદ્ભુત દશ્યો અને સાંસ્કૃતિક માહોલ આપે છે, જ્યારે ચિકીકૌ એન્શિયન્ટ ટાઉન પરંપરાગત ગામડામાં હોય એવી અનુભૂતિ કરાવે છે. શાંઘાઈમાં શાંઘાઈ ટાવર, શાંત જેડ બુદ્ધા ટેમ્પલ, સુપરફાસ્ટ મેગલેવ ટ્રેન અને હુઆંગપુ રિવર ક્રુઝ દ્વારા ફેમિલીઓ ચીનનું વૈશ્વિક અને આધુનિક રૂપ જોઈ શકે છે.

**★ સવાલઃ આ ચીનની ટૂર તમામ ઉંમર માટે આરામદાયક અને અનુકૂળ કેવી રીતે છે?**

ધવલભાઈઃ આ ટૂરનો મુખ્ય ઉદ્દેશ જ લિઝર એટલે કે આરામ છે. મહેમાનોને પ્રીમિયમ ફાઈવ સ્ટાર હોટેલ્સમાં રોકાણ આપવામાં આવે છે, જ્યાં વિશાળ રૂમ્સ, ઉત્તમ સુવિધાઓ અને સેન્ટ્રલ લોકેશન મળે છે. શહેરો વચ્ચે મુસાફરી હાઈ સ્પીડ ટ્રેન્સ અને સારી રીતે આયોજન કરેલા ટ્રાન્સફર્સથી સરળ બને છે. ભારતીય પરિવારો માટે સૌથી મોટો આરામ એ છે કે ઑરોરાના મહારાજ દ્વારા તૈયાર કરવામાં આવતું તાજું શાકાહારી ભોજન, જે સ્વાદ, સ્વચ્છતા અને ઓળખાણ જાળવી રાખે છે. માર્ગદર્શિત પ્રવાસ, આરામદાયક ગતિ અને સંતુલિત સાઈટસીઈંગને કારણે આ ટૂર વડીલો, બાળકો અને દરેક માટે યોગ્ય છે.


**★ સવાલઃ ચીનને ફેમિલી ડેસ્ટિનેશન તરીકે તમે એક વાક્યમાં કેવી રીતે વર્ણવશો?**

ધવલભાઈઃ ચીન માત્ર જોવા માટેનો દેશ નથી, પરંતુ એક સંપૂર્ણ ફેમિલી અનુભવ છે, જ્યાં ઇતિહાસ શીખવે છે, કુદરત પ્રેરણા આપે છે, આધુનિક શહેરો આશ્ચર્યચકિત કરે છે અને દરેક પેઢી યાદગાર સ્મૃતિઓ સાથે ઘરે પરત ફરે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# હું એમ કે'તો'તો કે...

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com


ગાંધીજી


જયપ્રકાશ નારાયણ


ડૉ. વર્ગિસ કૂરિયન

*હમ કરેં બાત દલીલોં સે તો રદ હોતી હૈ*
*ઉનકે હોઠોંકી ખમોશી ભી સનદ હોતી હૈ*
*કુછ ન કહેને સે ભી છીન જાતા હૈ એજાઝ-એ-સુખન*
*ઝુલ્મ સહનેસે ભી ઝાલીમ કી મદદ હોતી હૈ*

ફરક માત્ર એક જ માણસ પાડી શકે છે... ભલે વસતી હોય લાખો કરોડોની. પણ એ બધા વંચાઈ ગયેલા બે કલાક જૂના છાપા જેવા, પસ્તી જેવા... થોડાક કદાચ ગળતું જતું પુંસકત્વ હટાવવાની કોશિશ પૂરતા થોડું ઘણું બોલે/ લખે/ ક્લીપ બનાવે... બસ ધેટ્સ ઈટ. પૂર્ણ વિરામ. Crude ભાષામાં બૈરી છોકરાં અને સભ્ય ભાષામાં પરિવાર ઈત્યાદિ તરફ નજર ફેરવીને શત્રુઘ્ન સિંહાની જેમ ખામોશ થઈ જાય અને પછી રોજ સાંજે સવારની નજરોમાંથી ઊતરતા જાય અને અનેક સમજૂતીઓ પર જીવતાં જીવતાં મરતા જાય રોજ.

પણ...

કોઈક પાકે એમાંથી જ માનસરનું મોતી કે ગોલકોડાંનો હીરો જે આખીય જામી પડેલી ભદ્દી, જાડી વ્યવસ્થાને તહસનહસ કરી નાખે. એ હોય આમ તો પતંગિયાભેર એટલે કે અતિસૂક્ષ્મ પણ આગ જેવી આગમાં ઝંપલાવાથી પા ટકો ય ડરતું ના હોય, કારણ? અંતના ઓથારમાંથી બહાર જ નીકળી ગયું હોય. સાઉથ આફ્રિકામાં ફર્સ્ટ ક્લાસના ડબ્બામાંથી તગેડી મુકાયા બાદ આખા સાઉથ આફ્રિકાના નોન સાઉથ આફ્રિકનોનું નેતૃત્વ હાથમાં હોવાની ગુલાબી બાંહેધરી ટાઈના બંધગળામાં હોવા છતાંય એ ભારત આવી જ જાય... પછી ભલેને સાચાખોટા નિર્ણયો લે પણ આઝાદી અપાવાનું નિમિત્ત તો બને જ બને એક જ માણસ. ૧૯૭૪-૭૫માં આ જ ગરીબતમ બિહારની દુર્દશામાંથી એક માણસ બહાર નીકળી એસ્ટાબ્લિશમેન્ટની અડીખમ દીવાલોને હચમચાવી એક વખત તો ફેંકી દે. પછી ભલે નવા આવેલા ભોળાભટ્ટ લાંચિયા લોકો એ જ એસ્ટાબ્લિશમેન્ટને વેચાઈ જાય અને બહુ સ્ટ્રગલ અને લાંબી લડત પછી મેળવેલું સાવધાન સુકાન એસ્ટાબ્લિશમેન્ટને પાછુ સોંપી દે. વળી પાછા, ૧૯૮૦થી ૨૦૧૪ સુધી સમજણપૂર્વકની સત્તાબદલી કરવાવાળાને પછાડવા એસ્ટાબ્લિશમેન્ટ તરફ ગતિ કરી રહેલા સેમી એસ્ટાબ્લિશમેન્ટના એક અત્યંત અસરકારક અને સુખી શખ્સ, ગુજરાતના મુખ્ય પ્રધાન, ભરપૂર પ્રોમિસીસ સાથે કોશિયાથી લઈને બૌદ્ધિક દરેકનો વિશ્વાસ મેળવી પરિવર્તનના નામે આવી જ જાય અને પોતાના વધી ગયેલા મોટા સ્વરૂપ અને મોટી અપેક્ષાઓ સાથે સ્થિર તો થઈ જાય પણ દરમ્યાનમાં એનું સેમી એસ્ટાબ્લિશમેન્ટ હવે એસ્ટાબ્લિશમેન્ટ થઈ ગયું હોય. હવે તો આવડા ગંજાવર, કોંગ્લોમરેટ, કે મલ્ટીનેશનલ કક્ષાના તોતિંગ હેડક્વાર્ટર સજ્જ સેટ-અપને સંભાળવાનું હોય. એટલે એ જાકારાગ્રસ્તોને મુખ્ય પ્રધાન અને સૈદ્ધાંતિક લડતના શત્રુઓને નાયબ મુખ્ય પ્રધાન (અબજો ખર્વોના રુશ્વતના આરોપ યથાવત્) અને મર્યા બાદ એના પત્નીને (એમના ઉપર પણ) બનાવવા પડે/બનતાં જોવા પડે. આ આખી વ્યવસ્થા આમ તો બહુ સહજ અને સદી ગયેલી છે. બિહાર એક એવું રાજ્ય છે જ્યાંથી તમને જે પી પણ મળે, તમને લાલુ-રબડી પણ મળે. વાહ બિહાર... અને પાછાં ત્યાંથી જ બુદ્ધ પણ અને મહાવીર પણ મળે. બહુ ઓછા એવા કેટલાક નયનરમ્ય અપવાદોને બાદ કરતાં દરેક -politician એ એક politician જ હોય છે. અને એમાંય રાજકારણની, લોકસભાની ભાષાની મા પૈણી નાખવાના કુકર્મ બદલ તો લાલુ જ જવાબદાર. લાંબું આયુષ્ય સજા બનતું જોવું હોય તો જોવો લાલુને. સત્તા વિહોણું યાદવ પરિવાર, થોડાક સભ્યોનું દૂર થઈ જવું, રાતદિવસ પેંતરાબાજીની મથામણ...આ બધું દેશના રાજકારણની ભાષા બગાડવાની સજારૂપે છે. હજી લાંબું જીવીને ભોગવવી પડશે.

હવે ફરકની વાત કરીએ. ચુનાવ શબ્દ ગુજરાતીમાં લાલુની ભાષા જેટલો જ ભદ્દો લાગે છે. બિહાર-૨૦૨૫માં એક બહુ આશાસ્પદ સિતારાએ સ્કોરબોર્ડ પર શૂન્યની શહીદી નોંધાવી. મને મનમાં થાય કે બ્રેડમેનનો રેકોર્ડ ઊંધો આ શહીદને ફળે. બ્રેડમેનની, છેલ્લી ટેસ્ટમાં ઝીરોમાં આઉટ થઈ જવાથી સરેરાશ બની ૯૯.૯૬ની. ૫૪ ટેસ્ટમાં ૨૯ સેન્ચુરી. શહીદે શૂન્યથી શરૂ કર્યું છે. રિટાયર થાય (અને રિટાયર થાય જ, ખેંચ્યા ના જ કરે, માર્ગદર્શક મંડળનો વિચાર સરસ જ છે જો અમલ સર્વગ્રાહી હોય તો.) ત્યારે ૯૯.૯૬ની નહીં તો વિરાટ- સચિન- સુનીલ જેટલી એવરેજ તો મેળવે જ.

હું તો એમ કે'તો'તો કે જેની વાત કરવી છે એની વાત તો હજી શરૂ ય ક્યાં થઈ છે?!

*શબ્દને પણ પાંખ ફૂટે ત્યારથી આ વાત ચાલુ થાય છે.*
*છેવટે ભાષા જ ખૂટે ત્યારથી આ વાત ચાલુ થાય છે*

*મેં હજી તો આંખ પણ બીડી નથી ને સાવ અંધારું થયું?*
*શ્વાસમાંથી ગંધ છૂટે ત્યારથી આ વાત ચાલુ થાય છે.*

ચંદ્રકાન્ત શાહ 'ચંદુ'

આવતા બે રવિવાર ખાસ જોજો. બહુ મજા આવશે.

આજે આટલું જ... ■


# કારીગર કળાને જીવે છે ને આમ વારસો આગળ વધે છે...

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

કચ્છની ધરતી પર કળા અને જીવન વચ્ચે કોઈ ભેદરેખા નથી. અહીં કળા રોજિંદા જીવનમાં શ્વાસ લે છે વસ્ત્રોમાં, ઘરગથ્થુ વસ્તુઓમાં, ઉજવણીઓમાં અને યાદોમાં. હસ્તકળાને માત્ર પરંપરા તરીકે નહીં પણ જીવંત અભિવ્યક્તિ તરીકે સ્થાપિત કરનારા કારીગરો પૈકી એક નામ મેઘીબેન રૂપા મેરિયાનું છે. હમણાં જાન્યુઆરીમાં તેઓ વિદાય લઇ ગયા એટલે આજે એમની કારીગરીને યાદ કરતા સ્મૃતિ લેખ લખાય છે. તેમના નિધનથી હસ્તકળા જગત, કારીગર સમાજ અને કચ્છની સાંસ્કૃતિક ધરોહરમાં એક ઊંડો ખાલીપો સર્જાયો છે.

મેઘીબેન માત્ર ભરતકામ કરનાર કારીગર નહોતાં, તેઓ કાપડ પર રીતસરની વાર્તા લખતા. નવાઈ લાગી? હા, એમનાં ટાંકા બોલતાં. આમ તો એ એપ્લીક કળા. સુંદર પેચ અને ટેભા (ટાંકા)ની મદદથી એ આખું વાર્તાચિત્ર ઊભું કરતાં. મેઘીબેનનું કળાશિક્ષણ ઔપચારિક સંસ્થામાં નહોતું, તે ઘરઆંગણે મળેલું. માતાથી શીખેલી પરંપરાગત ભરતકામ કળા તેમનો મુખ્ય આધાર અને એજ આધારે તેમણે પોતાનો અનોખો સર્જન માર્ગ રચ્યો. પરંપરાગત આહીર ભરતકામની નજાકત સાથે તેમણે કથાત્મક એપ્લીક અને પેચવર્કને જોડીને એક નવી દૃશ્યભાષા ઊભી કરી. તેઓ ઘટના, સંદેશ અને અનુભવોના વાહક હતાં કારણકે તેમની રચનાઓમાં પેટર્ન માત્ર શણગાર માટે નહોતા. ૨૦૦૧ના ભૂકંપે કચ્છની ધરતી સાથે સમગ્ર માનવજીવનની ગોઠવણીને હચમચાવી નાખી હતી. આ


મેઘીબેન



વિનાશ પછી કારીગર સમુદાયે કળાને પુનર્નિર્માણના સાધન તરીકે અપનાવ્યું અને આ સમયગાળા દરમિયાન કથાત્મક કાપડ કળાનો એક શક્તિશાળી પ્રવાહ ઊભો થયો જેમાં મેઘીબેન અગ્રેસર રહ્યાં, કળા તો નિશંક જૂની જ છે, પરંતુ કચ્છની આ હસ્તકળા પર સૌનું ધ્યાન ભૂકંપ પછી વિશેષ ગયું, એ પહેલા માત્ર વિદેશી સહેલાણીઓ આ ખજાનાને પામવા અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ધૂમ મચાવવા કચ્છમાં આવતા. ભૂકંપ પછી કચ્છના સર્વાંગી વિકાસ અને પ્રવાસને અગત્યની ભૂમિકા ભજવી.

તેમણે દુઃખ, નુકસાન અને બચાવની વાર્તાઓને કાપડ પર ઉતારી. આ કૃતિઓ વ્યક્તિગત પણ હતી અને સામૂહિક પણ. આ રીતે હસ્તકળા દસ્તાવેજ બની, જાણે ઇતિહાસની વિકલ્પિક નોંધ! એનિમેટેડ દસ્તાવેજી ફિલ્મ ટાંકો બોલે છે માં (યુટ્યૂબ પર અવશ્ય જોવું) દર્શાવાયેલ કારીગરોની યાત્રામાં મેઘીબેનની કથાત્મક કળા મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આ વિચાર કે ટાંકા પણ બોલે છે એ મેઘીબેનના જીવનની સત્યતા હતી. પ્રદેશમાં કારીગર કેન્દ્રિત વિચારધારા મજબૂત બનાવવામાં કેટલીક સંસ્થાઓએ મહત્ત્વનું કામ કર્યું, જેમાં કલા રક્ષા મહત્ત્વપૂર્ણ છે જેમાં મેઘીબેન સ્થાપક સ્તરે જોડાયેલા રહ્યાં. અહીં તેમણે સહકારી સર્જન, ડિઝાઇન સંવાદ અને પરંપરા નવાચારનું સંકલન આગળ વધાર્યું એટલે તેમની કૃતિઓએ વૈશ્વિક કળા જગતમાં પણ પોતાનું સ્થાન બનાવી લીધું. યુનેસ્કો સીલ ઓફ એક્સેલન્સ એવોર્ડ મળવો એ તેમના કાર્યની ગુણવત્તા અને નવીનતાનો પુરાવો છે. વિદેશી પ્રદર્શનોમાં તેમની રચનાઓએ દર્શકોને કચ્છની સંસ્કૃતિ સાથે પરિચિત કર્યા.

પર્યાવરણના હિમાયતી, ઓસ્ટ્રેલિયન કલાકાર અને કોન્શિયસ ક્લોથ કંપનીના સ્થાપક કેરોલ ડગ્લાસ છેલ્લા અઢી દાયકાથી કચ્છના રંગકારો અને વણકરોમાં ઊંડાણપૂર્વક સામેલ થયા છે અને તેમણે અને કલારક્ષાએ તેમના સ્થાપક સભ્ય મેઘીબેનને યાદ કરતા ફોટા મૂક્યા હતા જે અહીં સંદર્ભ તરીકે લેખમાં રજૂ કર્યા છે.

આજે મેઘીબેન શારીરિક રીતે હાજર નથી, પણ તેમનો વારસો જીવંત રહેશે તેમની કૃતિઓમાં, સહકારી કારીગરોમાં અને કચ્છની કળાસંસ્કૃતિમાં. ટાંકામાં જીવતી સ્મૃતિના પ્રતીક મેઘીબેન રૂપા મેરિયાને ભાવાંજલિ.■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

જી. જી. ભોય હોસ્પિટલમાં સર્જાયેલી અભૂતપૂર્વ કટોકટીએ સમગ્ર હોસ્પિટલમાં ગમગીનીની ચાદર બિછાવી દીધી હતી. ચાળીસ નવા કેસની સામે ૩૨ દરદીઓનાં મોત થયાં હતાં. હોસ્પિટલમાં અત્યાર સુધીમાં એકી સાથે...એક જ દિવસમાં થયેલા મૃત્યુનો આ સૌથી મોટો આંકડો હતો. હોસ્પિટલને દરેક બીછાને ફફડાટ હતો. ડોક્ટરો તથા અન્ય સ્ટાફમાં ઉચાટ હતો...અને ડો. શાહ માટે આ એક મોટો પડકાર હતો. ઇન્જેક્શનો બનાવટી હોવાનો ભય ખોટો પુરવાર થયો હતો. ડોક્ટરોની સારવારમાં કોઇ કચાસ નહતી... જે બન્યું એ માનવસર્જિત નહીં, પરંતુ આકસ્મિક કે કુદરતી હતું. જોકે ડો. શાહને માત્ર આટલું આશ્વાસન ખપતું નહતું. પોતાની હોસ્પિટલમાં આટલી મોટી જાનહાનિ એમને પીડા આપી રહી હતી ને એથી વિશેષ શહેરમાં વધતો કોરોનાના કેસનો આંકડો એને પીડી રહ્યો હતો.

'આપણે લોકોના જીવ બચાવવાની પૂરેપૂરી કોશિશ કરવાની...બાકી બધું ભગવાન પર છોડી દેવાનું....' એમણે ડોક્ટરોને બોલાવીને માત્ર આટલું જ કહ્યું હતું.

***

રાત પડવાની રાહ જોઇ રહેલો ઇલિયાસ ઊભો થઇને નિર્મલ પાસે ગયો. નિર્મલ આંખો મીંચીને પડ્યો હતો. એના બેડ પાસે ઓક્સિજનનો બાટલો નહતો. હાથ પર આઇવી નહતી. બાજુમાં ઊંધી લટકાવેલી, ટપકતી બોટલ નહતી.

'દોસ્ત', ઇલિયાસે ધીમા અવાજે કહ્યું. તરત જ નિર્મલે આંખો ખોલી.

'બોલ.' નિર્મલના અવાજમાં ઉદાસી અને ઉદાસીનતા હતા.

'પરેશાન લગ રહે હો. ક્યા હુઆ...'

'કૂછ નહીં....દિલ નહીં લગતા....'

'ખુશી મનાઓ. હમ બચ ગયે હૈ. બહુત લોગ મર ગયે...' ઇલિયાસે મજાક કરી.

'મુઝે મરને કા ડર નહીં....બસ, એક બાર ઘરવાલોં સે મિલના હૈ.'

'વો દિન દૂર નહીં... સામને કિનારા દિખ રહા હૈ...દેખો તુમ્હારા ઓક્સિજન કા બોટલ હટ ગયા....ઇન્જેક્શન દો મેં સે એક હો ગયા...બહુત જલ્દ તુમકો ડિસ્ચાર્જ મિલ જાયેગા. ડોક્ટર કો મૈને પૂછા....' ઇલિયાસે કહ્યું. નિર્મલે આંખો મીંચીને પડખું ફેરવી લીધું. એને ઇલિયાસની વાતોમાં બિલકુલ રસ નહતો.

***

રાબેતા મુજબ ઇમર્જન્સી વોર્ડમાં રાઉન્ડમાં નીકળેલા ઇન્ટર્ન ડોક્ટર ઉમંગે જોયું કે પડખું ફરીને સૂતેલા નિર્મલનો એક હાથ બેડની બાજુએ લબડતો હતો. એણે નજીક જઇને જોયું...એને સીધો સૂવડાવ્યો. શંકા જતાં નાક પાસે આંગળી મૂકી... કાંડા પર બે આંગળીઓ મૂકીને નાડી તપાસી...એક લાંબો લાંબો નિસાસો નાખીને નિર્મલને માથા સુધી ચાદર ઓઢાડી દઇને ડો. ત્રિવેદીને કોલ કર્યો. કોઇ રિસ્પોન્સ નહીં મળતા સુશીલા નામની નવી ટ્રેઇની નર્સને બોલાવી.

'ડેથ....' ઇન્ટર્ન ડોક્ટરે કહ્યું.

'બીજા વોર્ડ્સમાં પણ ડેથના કેટલાક કેસ છે....રાતનો સ્ટાફ એમાં જ લાગેલો છે.' સુશીલાએ કહ્યું. એણે બાજુના ટેબલ પર પડેલા કેસ પેપર પર વાંચીને ઇન્ટર્ન ડોક્ટરને આપ્યા. ઇન્ટર્ને જરૂરી નોંધ લખીને સહી કરી. દરમિયાન નર્સ રાતપાળીના વોર્ડબોયને બોલાવી આવી. ઇન્ટર્ન ડોક્ટર અને વોર્ડબોય ડેડબોડીને કાળા પ્લાસ્ટીકમાં વીંટીને બહાર ઝાડની નીચે મૂકવા ગયા ત્યારે અન્ય વોર્ડમાંથી બીજા સાત મૃતદેહોને ઉતાવળે બહાર લાવીને ખડકવામાં આવી રહ્યા હતા.

પાછલી કાળમુખી રાતની કળ વળી નહતી ત્યાં બીજી ગોઝારી રાત ઊગી હતી. રાતભરમાં આઠ જણે જીવ ગુમાવ્યા. હોસ્પિટલમાં બધું યંત્રવત્ થઇ ગયું. તમામ ક્રિયા-પ્રકિયા... પ્રોસિજર... મૃત્યુનો મલાજો અને શોક પણ... કારણ કે મૃત્યુ એક રોજિંદી ઘટના બની ગઇ હતી અને રોજેરોજની ઘટના માણસને નિષ્ઠુર અને નિર્લેપ બનાવી દે છે. સ્મશાનમાં ચિતા પર લાકડા ગોઠવનારો ભાવુક બની જતો નથી. એની સંવેદનશીલતા નિર્જીવ લાકડું બની ગઈ હોય છે.

**અમે તો તારા પરની શ્રદ્ધાને ટેકે ઊભા હતા. અમારી ભક્તિ ખોટી હતી કે તારી શક્તિ...જવાબ આપ...**

સવાર પડતા સુધીમાં તાજી ઘટનાથી હોસ્પિટલમાં ભાગદોડ મચી ગઇ હતી. વ્યવસ્થા ખોરવાઇ ગઇ.....મૃતદેહોના નિકાલના વિધિએ રૂટિન સારવારને અસર પહોંચાડી. હોસ્પિટલમાં ફોનની ઘંટડી રણકતી રહી... મૃતકોના સગાવહાલાઓને ફોન કરાતા રહ્યા...એમના ફોન આવતા રહ્યા. એમાંનો એક કોલ નિર્મલના ઘરે થયો.

નિર્મલના પિતાએ લેન્ડલાઇન પર ફોન ઊચક્યો ને હેલો કહ્યું.

રાબેતા મુજબનો ફોર્માલિટી કોલ. રેકોર્ડેડ કોલ જેવો જ...એક યંત્રવત્ અવાજ આવ્યો.

થોડા શબ્દોમાં અપાયેલા સંદેશાએ પિતાના હૃદય પર ઊભો કાપો મૂક્યો. એમનું આખું શરીર કંપવા લાગ્યું. હાથમાંથી છુટી ગયેલા ફોનમાંથી બીપ...બીપ અવાજ આવતો રહ્યો....નિર્મલનાં મમ્મી પ્રવેશ્યાં.

'શું થયું.....? કોનો ફોન હતો? શું થાય છે તમને? પવિત્રા જલદી આવ...' નિર્મલના મમ્મીએ એમના ધ્રૂજતા શરીર પર હાથ ફેરવતા બૂમ પાડી.

પવિત્રા અને કિનુ દોડતાં આવ્યાં.

'નિર્મલ....આપણો નિર્મલ......'

મમ્મીજી એમને વળગી પડ્યાં...એમના ખોળામાં માથું ઢાળી દીધું. રૂમમાં દોડી આવેલી પવિત્રાએ કાન બંધ કરી દીધા. કિનુએ ચીસ પાડી. 'ડે.....ડી......' પવિત્રાએ એને છાતીએ વળગાડી. મા-દીકરી મમ્મીજીના પગ પાસે બેસી ગઇ. પવિત્રા પથ્થરની મૂર્તિ સમાન અચેતન...અવાચક હતી. એની સ્થિર આંખોમાંથી આંસુ વહેતા હતા. મમ્મીજી એની પીઠ પસવારતાં ભીની આંખે શ્રીનાથજીની છબીજીને જોતાં બોલ્યાઃ 'ઠાકોરજી, તું આટલો ક્રૂર...આટલો કઠોર નીકળ્યો? અમારી શ્રદ્ધાનો આ બદલો. અમે તો તારા પરની શ્રદ્ધાને ટેકે ઊભા હતાં.....અમારી ભક્તિ ખોટી હતી કે તારી શક્તિ...બોલ, જવાબ આપ....' મમ્મીજીના શબ્દોમાં આક્રોશની સાથે શ્રીજી પરનો ખોડંગાતો ભરોસો હતો.

'દાદા, મારે ડેડીને મળવું છે... મને ડેડી પાસે લઇ જાવ.' કિનુ દાદાજીને વળગીને રડતી રહી. દાદજી શું જવાબ આપે......એક બેબસ બાપ શું બોલે?

એણે દાદીનું મોં પોતાની બાજુ કરીને કહ્યુંઃ 'દાદી, મને ડેડી પાસે લઇ જાવને પ્લીઝ...' કિનુ મમ્મીને કહેવા લાગીઃ 'મમ્મી, મારે મળવું છે ડેડીને...' કિનુ હિબકાં ભરી રહી હતી.

પવિત્રાના મોબાઇલની રીંગ વાગી... વાગતી રહી... ચારેયની અંદર ઉકળતા કોલાહલે બાહ્ય શોરને રોકી રાખ્યો હતો... રીંગ વાગીને બંધ થઇ... ફરી વાગી.

અચાનક કિનુ બોલી ઉઠીઃ 'મમ્મી ફોન....' પવિત્રાને ઝટકો લાગ્યો હોય એમ ઊભી થઇ. મોબાઇલ ઓન કર્યો.

'પવિત્રા'સૂકેતુ બોલ્યો. પવિત્રા સાંભળી રહી હતી, પણ બોલી નહીં.

'પવિત્રા, સોલંકીનો કોલ હતો...ફેમિલી મેમ્બર્સ સ્મશાનમાં હાજર રહી શકશે....અંતિમ સંસ્કાર કરી શકાશે, પણ......' થોડીવાર અટકીને આગળ બોલ્યોઃ 'અંતિમ દર્શન નહીં થઇ શકે.'

'સૂકુ, મારી જીવન દોરી કપાઇ ગઇ.....' મરણ પથારીએથી કોઇ દરદીના અંતિમ શબ્દો જેવા એના કણસતા શબ્દો સૂકેતુનું કાળજું કંપાવી દેવા માટે પૂરતાં હતાં. પરંતુ સૂકેતુ માટે અંદરથી તૂટી જઇને ચૂરચૂર થઇ જવાની એ ઘડી નહતી. એણે પવિત્રા અને પરિવારને સંભાળવાના હતા.

'પવિત્રા, હું આવું છું... તું ત્યાં સુધી પ્લીઝ તારો અને બધાનો ખ્યાલ રાખ...હું સાથે આવીશ.'

***

અભય સાબડે અને સુહાસિની જોશીએ સોલંકી મારફત ડો. શાહની મુલાકાત માગી હતી. સોલંકી બંનેને ડો. શાહની કેબિનમાં બેસાડીને ગયો.

'સર, આપકા ઓફિશિયલ સ્ટેટમેન્ટ લેં ઉસસે પહેલે આપકા ધન્યવાદ કરના ચાહતે હૈ....આપકી વજહ સે કઇ સારે લોગોં કી જાન બચ ગઇ હૈ...' સુહાસિની જોશીએ બેસતાં વેંત કહ્યું.

'મૈં નિમિત બના હું. હાં, ઇસકા હકદાર સોલંકી હૈ... જિસ તરહા સે ઉસને... વિધિન નો ટાઇમ...પૂરા ઓપરેશન કિયા... આપ લોગ યે કહે સકતે હો કિ શાયદ મેરી નઝર ઔર ઉસકા દિમાગ કામ કર ગયા.'

'આપકા સ્ટેટમેન્ટ બહુત ઇમ્પોર્ટન્ટ હૈ....સોલંકી મેઇન કમ્પલેનન્ટ હૈ ઔર આપ જોઇન્ટ કમ્પલેનન્ટ ઔર વિટનેસ ભી હો.' અભય સાબડેએ કહ્યું.

'ઉસ રાત જો હુઆ...જિસ દરદી કે સાથ હુઆ....અગર આપ ચાહો તો ઉસ દરદી કા નામ વગૈરે....ડિટેલ ભી દે સકતે હો....' સુહાસિની જોશી બોલ્યાં.

'આપને સ્ટેટમેન્ટ તૈયાર રખા હૈ...?' સાબડેએ પૂછ્યું.

'આઇ એમ સો સોરી...વક્ત નહીં મિલા...આજકલ હોસ્પિટલ કા માહોલ તો આપ જાનતે હો...આપ થોડી દેર વેઇટ કરેં તો અભી લિખ કર દે દેતા હું....' ડો. શાહે કહ્યું.

'હમ આપકી સિચ્યુએશન સમઝ સકતે હૈ.' મેડમ જોશીએ કહ્યું.

મેડમ જોશી અને સાબડેએ એકબીજાની સામે જોયું. બંનેની આંખમાં મૂકસંમતિ હતી. ડો. શાહે ફુલસ્કેપ પેપર કાઢીને લખવાની શરૂઆત કરી....

***

સોલંકી ટકોરા મારીને કેબીનમાં ધસી આવ્યો....'સર, સોરી આપને ડિસ્ટર્બ કરું છું.' પછી અભય સાબડે અને સુહાસિની જોશીને જોઇને બોલ્યોઃ 'આઇ એમ સોરી...આપ લોગ આયે હો લેકિન....એક બડી ઇમર્જન્સી આ ગઇ હૈ...'

'શું થયું સોલંકી બોલો...?' ડો શાહે પૂછ્યું.

'સર, એક મોટી આફત આવી ગઇ છે. આપણે વાત કરવી જરૂરી છે...તમારી જરૂર છે....' સોલંકીએ કહ્યું.

'ક્યા હુઆ....?' જોશી મેડમે પૂછ્યું.

'મૈં આપકો અભી નહીં બતા સકતા....' સોલંકી બોલ્યો..

'મૈં કલ આપકો સ્ટેટમેન્ટ ભેજ દું તો ચલેગા...ઇફ યુ ડોન્ટ માઇન્ડ.' ડો. શાહે કહ્યું.

'હમ સમઝ સકતે હૈ...આપકી સિચ્યુએશન.' અભય સાબડે બોલીને ઊભા થયાં એની પાછળ સુહાસિની જોશી ઊભાં થઇને ચાલવા લાગ્યાં.

બંને બહાર નીકળીને ગેટ સુધી પહોંચ્યા. સામે ઊભેલી એટુઝેડ ન્યૂઝ ચેનલની વેનમાંથી રિપોર્ટર સંજુ ઉતર્યો.

'ક્યા હોસ્પિટલ મેં કોઇ બડા કાંડ હુઆ હૈ...?' અભય સાબડેએ એને પૂછ્યું.

'નહીં સર રૂટિન ન્યૂઝ....' સંજુએ હસીને જવાબ આપ્યો.

'સર, આપ યહાં.... ક્યા કોઇ બડા હાદસા હુઆ હૈ...?' સંજુએ પૂછ્યું.

'નહીં, રૂટિન મુલાકાત.' સાબડેએ હસીને જવાબ આપ્યો.

'જહાં પુલીસ ઔર પત્રકાર પહોંચ જાયે વહાં કૂછ રૂટિન નહીં હોતા' બોલીને રિપોર્ટર સંજુ ફરી વેનમાં જઇને બેઠો.

'યાર હેગડે, કૂછ તો હૈ.....પુલીસ આ કર ગઇ.....'

'હાં, ઇતની લાશેં ગીરી હૈ.....' હેગડે બોલ્યો.

'સોલંકી નહીં બોલેગા...?' હેગડેએ પૂછ્યું.....

'નહીં લાશેં બોલેગી...?' સંજુએ કહ્યું.

(ક્રમશઃ)■



અરાઉન્ડ દ વર્લ્ડ

**નીલ પાટીલ**
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# રાખમાંથી



# જાપાન
## ધીમે ધીમે ઉકેલાતો દેશ

ક્યોટોના અરાશિયામા બાંબૂ જંગલમાં ચાલતી વખતે આજે પણ સદીઓની શાંતિ મહેસૂસ થાય છે. તેનીથી અમુક કલાકોના અંતરે ટોકિયોના શિબુયા ક્રોસિંગ પરથી ભવિષ્ય દોડતું દેખાય છે. જાપાનનો આત્મા આ જ વિરોધાભાસમાં વસે છે. ક્યોટો, નારા અને કામાકુરા જેવા ઐતિહાસિક શહેરો જાપાનનો પાયો દર્શાવે છે, જ્યારે ટોકિયો, ઓસાકા અને યોકોહામા એ જ પાયા પર ઊભેલું ભવિષ્ય છે. ભૂતકાળનું સન્માન કરવામાં આવે અને વર્તમાનમાં કર્તવ્યનિષ્ઠાનું પાલન થાય, તો જ ઉજ્વળ ભવિષ્ય ઘડી શકાય એવો જાપાનનો મક્કમ વિશ્વાસ છે. આ ફિલોસોફી અહીં સર્વત્ર જોવા મળે છે.

જો તમે મને પૂછો તો હું નિ:સંકોચ કહી શકું કે જાપાનમાં પગલું મૂકતાં જ દરેક પ્રવાસીને પ્રાચીન અને અત્યાધુનિકતાનું તેનું સહજ સંમિશ્રણ તરત જ આકર્ષિત કરે છે - જ્યાં બહુમજલી ઇમારતોની બાજુમાં શાંત પ્રાર્થનાસ્થળો ઊભાં છે, નિયો આર્કેડની ઝગમગાટ વચ્ચે ટી સેરિમનીની શાંતિ વહેતી રહે છે અને બુલેટ ટ્રેન નીકળે તે પહેલાં પ્લેટફોર્મ પર એક ક્ષણની નિર્મળ શાંતિ અનુભવાય છે. આ દૃશ્યો માત્ર આંખોને આનંદ આપતા નથી; તેઓ એક ગહન ઇતિહાસની જીવંત છાપ ધરાવે છે. અહીં દરેક અનુભવ, ભલે તે નાનકડો હોય, પાછળ કોઈક લાંબી યાત્રાની સાક્ષી આપે છે. આ સુમેળની સાચી કદર કરવા માટે તેની પાછળની વાર્તા સમજવી જરૂરી છે, કારણ કે જાપાનની આજની શાંતિ, શિસ્ત અને નાવીન્યતા રાતોરાત ઉપજી નથી. તે ઇતિહાસની સૌથી વિનાશકારી હાર અને માનવ દુ:ખમાંથી જન્મેલી છે.

ક્યોટોના શાંત બગીચાઓમાં લટાર મારતાં, ટોકિયોથી ઓસાકા સુધી શિંકનસેનમાં મુસાફરી કરતાં અથવા જાપાની પરોણાગતની નિખાલસતા અને ચોકસાઈથી પ્રભાવિત થતાં તમે ફક્ત કાર્યક્ષમતા કે પરંપરા નથી જોતા, પરંતુ એવા રાષ્ટ્રનું પ્રતિબિંબ જુઓ છો જેણે શાંતિ, સ્થિતિસ્થાપકતા અને પ્રગતિને કેન્દ્રમાં રાખીને પોતાને સચેતપણે પુન:નિર્માણ કર્યું છે. અહીંનું શિસ્તબદ્ધ વર્તન, સમયપાલન અને પરસ્પર આદર કોઈ બાંધછોડ નથી, પરંતુ ઇતિહાસથી જન્મેલી સંસ્કારિત ટેવ છે. જાપાનના યુદ્ધપશ્ચાત પરિવર્તનને સમજવાથી દરેક પ્રવાસી અનુભવ - ભોજન, પ્રાર્થનાસ્થળની મુલાકાત, મ્યુઝિયમ વોક કે સામાન્ય સિટી સ્ટ્રોલ - વધુ ઊંડાણ પામે છે. તે તમને સમજાવે છે કે આ દેશ શાંતિને કેમ એટલું મહત્ત્વ આપે છે, નાવીન્યતા અહીં કેમ ઘણીવાર આધ્યાત્મિક અનુભૂતિ જેવી લાગે છે અને કેવી રીતે સામૂહિક શિસ્ત, સંયમ અને સતત પ્રયત્નોએ એક સમયે અવશેષોમાં ફેરવાયેલા રાષ્ટ્રને વૈશ્વિક શક્તિમાં બદલ્યું.

જાપાનની આ યાત્રાની શરૂઆત મેઇજી પુનરુદ્ધાર (1868-1912)થી થાય છે. પશ્ચિમી સત્તાઓ સાથે સ્પર્ધા કરવા માટે જાપાને પોતાની એકાંત સામંતશાહી વ્યવસ્થાને ત્યજીને ઝડપી આધુનિકીકરણ અપનાવ્યું. રેલવે, ટેલિગ્રાફ, સાર્વત્રિક શિક્ષણ, આધુનિક ઉદ્યોગો અને પશ્ચિમી શાસન પદ્ધતિઓનો સ્વીકાર થયો. આ પરિવર્તન સમય માટે અસાધારણ ઝડપભર્યું હતું અને તેણે જાપાનને વિશ્વના આધુનિક નકશા પર સ્થિર કરી દીધું. પરંતુ આ આધુનિકીકરણ સાથે લશ્કરવાદ અને સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓ પણ વિકસ્યાં. જીવનરક્ષણ અને સંસાધનો માટે વસાહતો આવશ્યક છે એવી માન્યતાથી જાપાને વિસ્તરણ નીતિ અપનાવી, જે અંતે વિનાશ તરફ દોરી ગઈ.

પ્રથમ સિનો-જાપાની યુદ્ધ (1894-1895) અને રુસો-જાપાની યુદ્ધ (1904-1905)માં મળેલી જીતોએ જાપાનને એશિયામાં એક નવી શક્તિ તરીકે સ્થાપિત કર્યું. જોકે ટાઈશો લોકશાહીના ટૂંકા યુગ બાદ લશ્કરી સત્તાએ ફરી નાગરિક સત્તાને પછાડીને કાબૂ મેળવી લીધો. સમ્રાટ હિરોહિતોના શોવા યુગમાં રાષ્ટ્રવાદ અને વિસ્તરણવાદ વધુ તીવ્ર બન્યા. મંચુરિયા અને ચીન પર આક્રમણ થયું અને અંતે 7 ડિસેમ્બર 1941ના રોજ પર્લ હાર્બર પર હુમલો થયો, જેના કારણે યુનાઇટેડ સ્ટેટ્સ પણ બીજા વિશ્વયુદ્ધમાં ખેંચાઈ આવ્યું. આ ક્ષણ જાપાનના ઇતિહાસમાં નિર્ણાયક વળાંક સાબિત થઈ.

પેસિફિક યુદ્ધ જાપાન માટે અત્યંત વિનાશક સાબિત થયું. સતત બોમ્બમારાથી ટોકિયો સહિતના મુખ્ય શહેરો ભસ્મીભૂત થઈ ગયા. 1945 સુધી જાપાનના શહેરી વિસ્તારોનો મોટો ભાગ રાખમાં ફેરવાઈ ગયો હતો. હિરોશિમા અને નાગાસાકી પર અણુ બોમ્બવર્ષાએ માનવ ઇતિહાસના સૌથી ભયાનક દૃશ્યો સર્જ્યાં - જે આજે પણ શાંતિ અને નિશસ્ત્રીકરણના વૈશ્વિક સંદેશરૂપે યાદ કરવામાં આવે છે. આ સાથે મંચુરિયા પર સોવિયેત આક્રમણ થતાં પરિસ્થિતિ સંપૂર્ણપણે જાપાનના વિરોધમાં વળી ગઈ. અંતે 15 ઑગસ્ટ 1945ના રોજ સમ્રાટ હિરોહિતોએ શરણાગતિ સ્વીકારી, જેના સાથે જાપાનની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓનો અંત આવ્યો.

યુદ્ધ પછી જાપાન સંપૂર્ણ અવશેષોમાં ફેરવાઈ ગયું. ઉદ્યોગો પડી ભાંગ્યા, મોંઘવારી આકાશે પહોંચી અને ખાદ્ય અછતે વ્યાપક ભૂખમરાનો ખતરો ઊભો કર્યો. લાખો લોકો ઘરવિહોણા બન્યા અને દૈનિક જીવન માટે સંઘર્ષ શરૂ થયો. 1945થી 1952 દરમિયાન જાપાન પર સાથી દેશોનો વ્યવસાય રહ્યો, જેમાં યુએસ જનરલ ડગ્લસ મેકઆર્થરના નેતૃત્વ હેઠળ વ્યાપક રાજકીય, સામાજિક અને આર્થિક સુધારાઓ અમલમાં મૂકાયા. લોકશાહીકરણ અને નિશસ્ત્રીકરણ મુખ્ય ધ્યેય રહ્યા, પરંતુ સાથે સાથે માનવ ગૌરવ અને નાગરિક હકો પર ભાર મૂકાયો.

1947ના બંધારણે જાપાનને બંધારણીય રાજાશાહી અને સંસદીય લોકશાહીમાં ફેરવી દીધું. સમ્રાટને પ્રતીકાત્મક સ્થાન આપવામાં આવ્યું અને નાગરિક અધિકારો, શ્રમ હકો તથા સ્ત્રી સશક્તિકરણ માટે મજબૂત આધાર ઊભો થયો. શિંતો રાજ્યનો અંત લાવીને સમ્રાટે પોતાનો દૈવી દરજ્જો ત્યાગ્યો - જે જાપાનના આધુનિક લોકશાહી સ્વરૂપ માટે એક મહત્વપૂર્ણ માનસિક અને સાંસ્કૃતિક પરિવર્તન હતો.

શીતયુદ્ધની પરિસ્થિતિમાં અમેરિકાની નીતિ બદલાઈ અને જાપાનને એક મજબૂત આર્થિક સાથી તરીકે ફરી ઊભું કરવાની દિશામાં પ્રયત્નો શરૂ થયા. 1952માં વ્યવસાય સમાપ્ત થયો અને યુએસ - જાપાન સલામતી કરારથી બંને દેશો વચ્ચે કાયમી જોડાણ સર્જાયું, જે આજે પણ જાપાનની સુરક્ષા વ્યવસ્થાનો આધાર છે અને એશિયા - પેસિફિક ક્ષેત્રમાં તેની ભૂમિકા નિર્ધારિત કરે છે.

1955થી 1973નો સમયગાળો જાપાની આર્થિક ચમત્કાર તરીકે ઓળખાય છે. કોરિયન યુદ્ધ દરમિયાન મળેલા લશ્કરી ઓર્ડરોએ ઉદ્યોગોને નવજીવન આપ્યું. સરકાર અને ઉદ્યોગ વચ્ચેના સંકલિત સહકારથી સ્ટીલ, કોલસા, વાહન, શિપબિલ્ડિંગ અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રો ઝડપથી વિકસ્યા. વડા પ્રધાન હાયાતો ઇકેદાના ઇન્કમ ડબલિંગ પ્લાનએ માળખાકીય વિકાસ, નિકાસ અને મધ્યમ વર્ગની વૃદ્ધિને વેગ આપ્યો, જેના પરિણામે સામાન્ય નાગરિકનું જીવનસ્તર નોંધપાત્ર રીતે સુધર્યું.

આ સમયગાળામાં જાપાન વિશ્વની બીજી સૌથી મોટી મૂડીવાદી અર્થવ્યવસ્થા બની ગયું. 1964ની ટોકિયો ઓલિમ્પિક્સ, શિંકનસેનની શરૂઆત અને સંયુક્ત રાષ્ટ્રમાં પ્રવેશ તેના પુનર્જાગરણના વૈશ્વિક પ્રતીકો બન્યા. જાપાન ફરીથી વિશ્વ મંચ પર વિશ્વસનીય, શિસ્તબદ્ધ અને આદરપાત્ર રાષ્ટ્ર તરીકે ઊભું રહ્યું.

આજનું જાપાન પરંપરા અને ટેકનોલોજી વચ્ચેના ઉત્તમ સંતુલનનું જીવંત ઉદાહરણ છે. રાખમાંથી પુન:નિર્માણ પામેલો આ દેશ આજે વિશ્વની સૌથી સમયસર, સુરક્ષિત અને કાર્યક્ષમ પરિવહન પ્રણાલીઓમાંની એક ધરાવે છે. રોબોટિક્સ, ઓટોમેશન અને સ્માર્ટ ડિઝાઇનથી લઈને દૈનિક જીવનની નાની સુવિધાઓ સુધી, ટેકનોલોજી અહીં માનવજીવનને વધુ સરળ, શાંત અને ગોઠવાયેલ બનાવે છે.

સાંસ્કૃતિક રીતે પણ જાપાનનો વૈશ્વિક પ્રભાવ મજબૂત છે. તેની રસોઈ, પોપ સંસ્કૃતિ, કળાઓ, ફેશન અને ડિઝાઇન વિશ્વભરમાં લોકપ્રિય છે. અને આ સર્વ આધુનિકતાની વચ્ચે પણ ટી સેરિમની, ચેરી બ્લોસમ્સ, પ્રાર્થનાસ્થળો, કુદરત પ્રત્યેનો આદર અને સામૂહિક શિસ્ત અખંડિત રહી છે.

પ્રવાસીઓ માટે જાપાન ફક્ત એક ગંતવ્ય નથી; તે સ્થિતિસ્થાપકતા, પુનર્જન્મ અને માનવ પ્રયત્નની જીવંત વાર્તા છે. વિનાશમાંથી વૈશ્વિક મહાસત્તા બનવાની તેની યાત્રા આપણને યાદ અપાવે છે કે સૌથી મોટા પડકારો પણ, જો સમજદારી, સંયમ અને એકતા સાથે સામનો કરવામાં આવે, તો અસાધારણ ભવિષ્યનો પાયો બની શકે છે.



## ખરેખર!
### તો મને ખબર જ નહોતી!

- જાપાનમાં વેન્ડિંગ મશીનોમાં ગરમ કોફીથી લઈને છત્રી સુધી બધું જ મળે છે!
- ટોકિયોનું શિબુયા ક્રોસિંગ એક એવું સ્થળ છે જ્યાં એક જ સમયે અઢી હજાર લોકો શિસ્તબદ્ધ રીતે રસ્તો ઓળંગે છે.
- નૂડલ્સ મોટો અવાજ કરીને ખાવું જાપાનમાં સારી આદત માનવામાં આવે છે.
- માઉન્ટ ફુજી એક પરફેક્ટ સિમિટ્રિકલ વોલ્કેનિક પર્વત છે અને હવા સ્વચ્છ હોય તો તે ટોકિયોથી પણ દેખાય છે.
- જાપાનમાં ટ્રેનો એક મિનિટ પણ મોડી પડે તો પ્રવાસીઓ પાસે માફી માંગવામાં આવે છે.
- કેપ્સ્યુલ હોટેલ્સ એટલે સૂવા માટેના ફ્યુચરિસ્ટિક પોડ્સ, જે જાપાનમાં બહુ જ કોમન છે.
- ક્યોટોમાં આજે પણ ગેશાઓને પારંપરિક સંગીત, કળા અને શિષ્ટાચારનું પ્રશિક્ષણ આપવામાં આવે છે.
- ચેરી બ્લોસમ સીઝન ફક્ત અમુક સમય માટે જ હોય છે. આ દરમિયાન લોકો ઝાડની નીચે પિકનિક ગોઠવીને તે ક્ષણનો પૂરેપૂરો આસ્વાદ લે છે.



## ભારતીયોમાં જાપાન લોકપ્રિય શા માટે છે?

આમ જોવા જઈએ તો જાપાન પ્રાથમિક રીતે થોડો અપરિચિત જણાય છે. અહીંનું શિસ્તબદ્ધ જીવન, નવા નિયમો, નવી ભાષા, અનોખું ભોજન, વિવિધ રીતરિવાજો અને સાંસ્કૃતિક પરંપરા આપણને થોડું ડરાવે છે, પરંતુ એક વાર આ દેશ સમજાવા લાગે ત્યાર પછી ક્યારે તે આપણને આકર્ષિત કરીને તેના પ્રેમમાં પાડી દે છે, તે આપણને પણ સમજાતું નથી. જાપાનમાં ટ્રેન લેટ થવાનો સરેરાશ વિલંબ ફક્ત અઢાર સેકંડનો છે. રોડ ટ્રાફિકમાં શિસ્ત અને સહિષ્ણુતા એટલી તીવ્રતાથી પાલન કરાય છે કે રસ્તા પર હોર્ન સાંભળવા જ મળતો નથી. જાપાની લોકો અન્યોનો વિચાર કરીને વાહન ચલાવે છે અને શાંતિને સૌથી વધુ મહત્ત્વ આપે છે. પેકિંગસજાવટની બાબતોને પણ અહીં બહુ મહત્ત્વ અપાય છે. અહીં કરિયાણું હોય કે એકાદ ભેટવસ્તુ, તે અત્યંત સુંદર રીતે પેક કરાય છે. તેની પાછળ સૌંદર્યદૃષ્ટિ અને આદર વ્યક્ત કરવાની ભાવના હોય છે. અહીં હોટેલ, ટેક્સી અથવા રેસ્ટોરાં જેવી જગ્યાએ ક્યાંય પણ ટિપ આપવાની જરૂર નથી. સેવા આપવી એ તેમની દૃષ્ટિએ વ્યવસાયનું નહીં, પરંતુ જવાબદારી અને પ્રતિષ્ઠાનું પ્રતીક છે. અહીં સમયનું બહુ મહત્ત્વ છેદરેક બાબત યોગ્ય સમયે, યોગ્ય રીતે અને શાંતિથી થાય છે. અહીંની શિસ્ત સખતાઈ તરીકે નહીં, પરંતુ આદત તરીકે કેળવાયેલી હોય છે. અતિ પ્રગતિશીલ ટેકનોલોજી અને પારંપરિક મૂલ્યોનો સુંદર સમન્વય એટલે જાપાન. ક્યારેક એકાદ મંદિરમાં શાંતિ અનુભવાય છે, તો ક્યારેક શિંકનસેન બુલેટ ટ્રેનની ગતિમાં આધુનિકતાનો અણસાર મળે છે. જૂનું અને નવું વચ્ચેનું સંતુલન અહીં ફક્ત દેખાતું નથી, પરંતુ અનુભવાય છે. કશું પણ નહીં બોલતાં ઘણું બધું શીખવતો દેશ એટલે જાપાન. સૌંદર્ય, સુસંસ્કૃતિ, શાંતિ અને સર્જનશીલતાઆ સર્વ મૂલ્યોની અનુભૂતિ આપણને અહીંના દરેક ખૂણામાં થાય છે; અને તેથી જ જાપાન જોવું એ જીવનભર અંતર્મનમાં સંગ્રહિત રહી જનાર અનુભવ બની જાય છે. આથી જ તો જાપાન ભારતીયોમાં લોકપ્રિય છે ને?

## શોધી કાઢો જોઈએ!

**આગામી બાબત શોધો અને તેની આસપાસ વર્તુળ કરો.**

- કિમોનોમાં જાપાની મહિલા
- રેડ તોરી ગેટ
- બુલેટ ટ્રેન (શિંકાન્સે)
- ચેરી બ્લોસમ બ્રાન્ચ
- વીણા વર્લ્ડ ટુર મેનેજર
- ટેંપલ રુફ સિલુએટ
- સુશી રોલ્સ
- માનેકી નેકો



## વીણા વર્લ્ડ ટ્રાવેલ ક્રોસવર્ડ

**10 જાપાનીઝ ફિલોસોફીઝનાં નામ શોધો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કિં | ત્સુ | ગી | ટ્રે | શીં | વા | ગો | હા | ળી |
| ઈ | ચિ | ગો | ઈ | ચી | બી | કા | રા | બે |
| ન | ઈ | કિ | ગા | ઈ | સા | યુ | ગે | ન |
| ચિ | રા | સૂ | મા | નો | બી | તી | ઈ | શી |
| શિ | ન | રી | ન | યો | ફૂ | કા | ના | બે |
| ન | કૌ | ઝે | ટ્રે | બુ | લા | તે | લે | ક્રા |
| રી | ય | રુ | બે | શ | મો | લો | શિ | નૌ |
| કા | જૈ | છિ | ક્રા | ઓ | શિં | ગૂ | નં | પ્ર |





## જાપાની ભાષાના ઉપયોગી શબ્દ

જાપાની માણસો શાંતિ, સૌમ્ય અને મદદે તત્પર હોય છે. તમે જાપાનમાં હો ત્યારે થોડું જાપાની બોલો ત્યારે તેમને બહુ સારું લાગે છે. આ માટે અહીં અમુક શબ્દો પાઠ કરો.

| અંગ્રેજી શબ્દ | ગુજરાતી | જાપાની |
|---|---|---|
| હેલો | નમસ્કાર | કોન્નિચિવા |
| ગૂડ મોર્નિંગ | સુપ્રભાત | ઓહાયો ગોઝાયમાસ |
| ગૂડ ઈવનિંગ | શુભ સંધ્યા | કોન્બનવા |
| ગૂડ નાઈટ | શુભ રાત્રિ | ઓયાસુમી નસાઈ |
| થેંક યુ વેરી મચ | આભાર | અરિગાતો ગોઝાયમાસ |
| એક્સક્યુઝ મી | માફ કરો | સુમિમાસેન |
| પ્લીઝ | કૃપા કરી | ઓનેગાયશિમાસ |
| યેસ/નો | હા/ના | હાઈ/ઈઈએ |
| વ્હેર્સ ધ ટોઈલેટ? | ટોઈલેટ ક્યાં છે? | ટોઈરે વા દોકો દેસૂ કા? |
| હાઉ મચ? | કેટલા? | કોરે વા ઈક્રા દેસૂ કા? |

## તમને કઈ રીતે જાપાન જોવું છે?

તમારી પસંદગી, તમારો સમય અને તમારું બજેટ તમારી જાપાનની મુલાકાત નક્કી કરે છે. અલગઅલગ રીતે તમે જાપાન અનુભવી શકો તે માટે વીણા વર્લ્ડ તમને વિવિધ વિકલ્પો આપે છે. તો તમારો વિકલ્પ પસંદ કરો અને પહોંચી જાઓ વીણા વર્લ્ડમાં.

**ગ્રુપ ટૂર્સ:** જાપાનની ભાષા, ભોજન અને ભૂગોળઆ બધું જ અનોખું છે. આથી વધુમાં વધુ પર્યટકો ગ્રુપ ટૂર્સમાં જાપાન જુએ છે, જેથી બધું વ્યવસ્થિત રીતે જોઈ શકાય અને પર્યટક તરીકે તમને કોઈ ફિકર કરવી પડતી નથી. તમારી સંગાથે રહેનારા વીણા વર્લ્ડના મૈ હૂં ના! કહેનારા લોકપ્રિય ટૂર મેનેજરને ફક્ત ફોલો કરવાનું અને નિ:શંક જાપાનની મજા માણવાની. પાંચ દિવસથી સત્તર દિવસ સુધી, પોણા બે લાખથી સવા છ લાખ સુધીની જાપાન ટૂર્સ તમારે માટે ડિઝાઇન કરાઈ છે. તમને જો ચેરી બ્લોસમ અનુભવવો હોય, તો હમણાં જ તુરંત બુક કરવું જોઈએ. અનેક ટૂર્સ પહેલેથી જ હાઉસફુલ થઈ ચૂકી છે.

**કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ:** અમુક પર્યટકો પર્યટન માટે નીકળતી વખતે પોતાની કંપની પસંદ કરે છે, અથવા ફક્ત પોતે જ, પરિવારમિત્રો સાથે જવાનું પસંદ કરે છે. આવા પર્યટકો માટે વીણા વર્લ્ડની કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ એક ઉત્તમ વિકલ્પ છે. તમને જોઈએ તેમ, તમારું પ્રાઇવેટ જાપાન ડિઝાઇન કરી આપવા વીણા વર્લ્ડની કસ્ટમાઇઝ્ડ ટીમ સુસજ્જ છે. અને જ્યારે તમે તમારી આ પ્રાઇવેટ હોલિડે પર જાપાનમાં હો, ત્યારે તમે એકલા નથી હોતા. વીણા વર્લ્ડની કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ ગેસ્ટ રિલેશન્સ ટીમ વર્ચ્યુઅલી ૨૪/૭ તમારી સંગાથે હોય છે. તેથી અચાનક ઉદ્ભવેલી કોઈ પણ અડચણ તમને ભયભીત કરતી નથી. વીણા વર્લ્ડ છે ને! એટલે નો વરીઝ એટ ઑલ. અને હા, આજકાલ તમે તમારા એક્સક્લુઝિવ પ્રાઇવેટ ગ્રુપ સાથે ટૂર મેનેજર પણ લઈને જઈ શકો છોછે ને સોને પે સુહાગા? તો ચાલો! અબ દેર કિસ બાત કી?

**વુમન્સ સ્પેશિયલ અને સિનિયર્સ સ્પેશિયલ:** જાપાન ટૂર્સ આ ટૂર્સ એટલે વીણા વર્લ્ડનો અલગ જ મામલો છે. મહિલાઓ અને સિનિયર્સમાં આ ટૂર્સ અત્યંત મનપસંદ અને લોકપ્રિય છે. ચેરી બ્લોસમ માટે હમણાં સુધી ૩ વુમન્સ સ્પેશિયલ અને ૩ સિનિયર્સ સ્પેશિયલ ટૂર્સ ફુલ થઈ ચૂકી છે. આ પરથી તમને આ ટૂર્સની લોકપ્રિયતાનો અંદાજ આવી જશે. તમે હજી બુકિંગ કર્યું નથી?

**કોર્પોરેટ ટૂર્સ (MICE):** હજી સુધી વીણા વર્લ્ડે અલગઅલગ કંપનીઓ મારફતે ચાળીસ હજારથી વધુ કોર્પોરેટ્સને ભારત અને દુનિયાભરના વિવિધ સ્થળોની ટૂર્સ કરાવી છે. પાંત્રીસ સભ્યોની માઇસ ટીમ અને વીણા વર્લ્ડના એક્સપર્ટ ટૂર મેનેજર્સ આ ટૂર્સ ઉત્તમ રીતે આયોજન કરે છેએમાં નવાઈ નથી. ડીલર્સ ઇન્સેન્ટિવ ટૂર્સ, કોર્પોરેટ એવોર્ડ ફંક્શન્સ, CEO અને કોર ટીમ ગેધરિંગ્સ, ટીમ બિલ્ડિંગ ઑફસાઇટ્સ જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા વીણા વર્લ્ડે ઍંસીથી વધુ કોર્પોરેટ કંપનીઓને સફળ સેવા આપી છે - એન્ડ ઇટ્સ ગ્રોઇંગ ટ્રાવેલ યોર વે! વીણા વર્લ્ડ સંગાથે, નિ:શંક રીતે.




VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# અભિવ્યક્તિની લીલીછમ્મ તાજગી એટલે રમેશ પારેખની ગઝલ

રમેશ પારેખ એટલે છ અક્ષરના નામનો ચમત્કાર. એમની વસમી વિદાયના બે દાયકા થઈ ગયા. ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રભાવમાં આછકલાં નામો તરી રહ્યા છે, નવાં નવાં નામો તરવરી રહ્યા છે. આજની નવી પેઢી આમ પણ બધું વિસારે પાડીને ચાલે છે, પણ એક વાત નક્કી છે કે રમેશ પારેખ આજ પણ આપણી હયાતીના હસ્તાક્ષર છે. ગુજરાતી ભાષા જીવંત રહેશે ત્યાં સુધી આ ધોધમાર સર્જક કાયમ છે. રમેશની માતબરતા, વિપુલતા અને વિવિધતા, પ્રયોગ કરવાની ગુંજાશ તથા કાવ્યે કાવ્યે પ્રકટ થતો નવો ઉન્મેષ અનન્ય છે. રમેશ પારેખ એવો સર્જક છે કે જેનાં ગીત વિશે કહી શકાય કે ન ભૂતો ન ભવિષ્યતિ. કવિ રમેશ પારેખ વિશે બહુ લખાયું છે પણ મારે આજે એક ગઝલકાર રમેશ પારેખની વાત કરવી છે. ગીત હોય કે ગઝલ પણ અભિવ્યક્તિની લીલીછમ્મ તાજગી ઊડીને આંખે વળગે છે.

રમેશની ગઝલ થોડીક નોખી છે. લયના રાજવી પાસે ઊર્મિકાવ્યની માવજત જુદી હોય છે તો રોમાન્સના રાજા પાસે ગઝલની રજૂઆત નોખી છે. આ રોમેન્ટિક ગઝલકારે જે ગઝલો આપી છે એ ગુજરાતી ગઝલ સાહિત્યનો જુદો વારસો છે, જુદી વિરાસત છે અને શોધનિબંધનો વિષય છે. શબ્દે શબ્દે અટકવું પડે, સમજવું પડે અને સમજીને અર્થને માણવો, નાણવો અને જાણવો હોય તો જ રમેશની ગઝલ પાસે જજો.

રમેશે ઘસાઈને બેવડ વળી ગયેલા ચટપટા કાફિયા-રદીફ નથી લીધા. ગઈકાલનો માણસ એ આજનો માણસ નથી જ નથી. તો પછી આજની ગઝલ ગઈકાલની ગઝલ જેવી શા માટે હોઈ શકે અને એટલે જ રમેશે કહ્યું છે:



*બેસે-ઊઠે પ્રભાત આ ચશ્માંના કાચ પર*
*ને આવે-જાયે રાત આ ચશ્માંના કાચ પર*
*સ્થિતિ, પ્રસંગ, શક્યતા, સંબંધ ધસમસે*
*ઝીલતો રહું પ્રપાત આ ચશ્માંના કાચ પર*

ભલે એમણે નવો રદીફ ‘ચશ્માંના કાચ પર’ વાપર્યો પણ એણે કોઈ ચશ્માંથી જોયું નથી, પોતાની દૃષ્ટિથી જ જોયું છે. સર્જક જ્યારે વિપુલ પ્રમાણમાં સર્જન કરતો હોય ત્યારે ક્યારેક ચિંતા થાય કે આટલી બધી મબલખતામાં એની વાણીનું ઐશ્વર્ય ક્યારેક વિખરાઈ તો નહીં જાયને. જો કે રમેશે ઐશ્વર્યને એકત્રિત કર્યું હતું.

રમેશે પુરાણ કલ્પનાનો ઉપયોગ ગીત અને ગઝલમાં કર્યો છે. નગરજીવનની વ્યથા, વેદના અને વલોપાત અનેક સ્થળે વ્યક્ત થયા છે. એમની ગઝલોના થોડા શેર આ વાતનું સમર્થન આપે છે.

*સજા કબૂલ મને આ નગર કબૂલ નથી*
*હવે આ કેદ, આ ખુલ્લી કબર કબૂલ નથી*
*બંધ દરવાજા ઝૂરે છે સતત ટકોરાને*
*કોઈ વિલંબ કે કોઈ સબર કબૂલ નથી.*
*આ બળતું નગર છે, નગરમાંથી દોડી નીકળવાનું છે*
*અહીં છે કશું તેને અહીંયાં જ છોડી નીકળવાનું છે*
*એક તૂટેલા ચહેરાના ટુકડાઓ જોડી નીકળવાનું છે*
*આ બળતું નગર છે, નગરમાંથી દોડી નીકળવાનું છે.*

ગઝલમાં ક્યારેક અંગ્રેજી શબ્દો અને ક્યારેક શીર્ષકમાં અંગ્રેજી શબ્દો માત્ર એટલું જ પુરવાર કરે છે કે આ કવિએ પોતાની બારી ખુલ્લી રાખી છે.

આ સર્જકે જીવનમાં દંભને પણ જોયો હશે. પોકળતાને પણ પ્રમાણી હશે, બટકણા સંબંધોનું પોત પણ નાણ્યું હશે અને મૈત્રી વગરના મિત્ર પણ જોયા હશે, નહીંતર પથ્થરના હૈયામાં ઝરણું ફૂટે એમ આવી પંક્તિઓ કેવી રીતે પ્રકટી શકે છે?

*બે માણસની વચ્ચે પરિચય છે કેટલો*
*પથ્થરની સાથે કાચના સંબંધ જેટલો*

અને બીજો શેર:

*આમ તો પાંદડું એક જ ખર્યું’તું ડાળેથી*
*પરંતુ આખીયે લીલાશ પર ઊઝરડો છે.*

એ વર્ષાનો કવિ છે, મીરાનો કવિ છે, લોકબોલીના લય અને લહેકાનો કવિ છે એટલે એમની ગઝલમાં આ બધાનો પ્રયાગ રચાયો છે.

રમેશ પાસે અભિવ્યક્તિ હતી, ભાષાના પોતને નાણવાની અને શૈલીમાં આધુનિકતા તથા આરોહઅવરોહથી શબ્દને સજાવવાની સમજણ હતી. આ કવિ ક્યારેક પરંપરા સાથે નાતો બાંધે છે તો એ પરંપરાની વરમાળા પહેરીને મ્હાલતો નથી. તમે ગમે ત્યારે તેને વાંચો કે સાંભળો, કર્તાની ખબર ન હોય તો પણ ખબર પડે કે આ રમેશની રચના છે.

રમેશ પારેખનો જન્મ ૧૭ નવેમ્બર, ૧૯૪૦માં લીલીછમ્મ વેલી અમરેલીમાં થયો હતો. છેલ્લા તબક્કામાં રાજકોટને રહેણાંક બનાવે છે અને ત્યાંજ મે મહિનાની ૧૮મી-૨૦૦૬ના રોજ અલવિદા કરે છે. લયના આ રાજવીને, ઊર્મિના આ બેતાજ બાદશાહને અને રોમાન્સના રાજાને ગીત-ગઝલનો ગુલશન કહી શકાય. ફૂલોના જેવી તાજગી અને પોતીકી અભિવ્યક્તિને કારણે એમનું પ્રદાન નોખું અને અનોખું રહેતું.

રમેશ પારેખે ૧૧ કાવ્ય સંગ્રહો, સંપાદનો, બાળ કાવ્ય સંગ્રહો, વાર્તા સાહિત્યના સંગ્રહો, નાટ્ય સંગ્રહો, ‘હોંકારો આપો તો કહું’ જેવો લેખ સંગ્રહ. કેટલી બધી વિવિધતા!. ગીતકાર થયો નથી અને કદાચ થશે નહીં એવા મોટા ગજાના ગીતકારે ગઝલને પણ સરખો ન્યાય આપ્યો છે. ગીત કવિને જાણો તો જ ગઝલકાર રમેશને માણો.

‘ચશ્માના કાચ પર’ ગઝલ સંગ્રહની પ્રસ્તાવનામાં શ્રી હર્ષદ ચંદારાણાએ કહ્યું છે કે ‘રમેશની ગઝલોમાં અનેક પંક્તિઓ અવિસ્મરણીય છે, બધી ટાંકવા બેસું તો ઓઢણી કરતાં આભલાં વધી જાય. છૂટક શેરો તો સારા છે જ પણ ‘આખેઆખી સંઘેડા-ઉતાર ગઝલોમાં ‘વાત છે’, ‘શરતાયણ’, ‘ન મોકલાવે’, ‘મેળો’, ‘હોય તો શું’, ‘સૂની હવેલી’, ‘બને છે’ ના પ્રથમ ચાર શેર વગેરેને ઉલ્લેખી શકાય. આ ગઝલો કોઈ પણ માપદંડથી માપતાં ઊણી ઊતરતી નથી.’

રમેશે ગઝલના સ્વરૂપમાં પરંપરા નિભાવી છે, પણ પરંપરાગત ક્યારેય થયો નથી. પ્રકૃતિએ કવિ રોમેન્ટિક છે પણ હકીકતનો છેદ ઉડાડતો નથી. રમેશને ભાષાનો છોછ નથી. ઉર્દૂ-ફારસી-અરબી અને સંસ્કૃત શબ્દો સજોડે એક પંગતમાં દેખાય છે. આ કવિ સાંપ્રત સમસ્યાઓને, પર્યાવરણને, સમાજને અને દંભને ગઝલમાં યથાયોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકીને ક્યારેક કટાક્ષ તો ક્યારેક ચાબખાથી કામ લે છે. એ પોતાને પણ છેદે છે, નામના ટુકડા કરે છે અને વ્યથાને વહેતી કરે છે. જેમ કે:

*‘ર’ની હાલત મેશ જેવી છે છતાંયે*
*વાત ના માને કોઈ સળગેલ ઘરની.*
* * *
*મેશ જેવો આ ‘ર’ તને આપું*
*આંખ કાજળ વડે સજાવી જો*
* * *
*આમ ૧૯૪૦માં જન્મ્યો છું, રમેશ*
*છતાં યુગોથી લડું છું આ જંગ યાદ આવે*
* * *
*વેશ તેં પ્હેર્યો તો છ અક્ષરનો કિંતુ હે રમેશ*
*એ નપાવટ બેવફા પણ કેટલો જલદી થયો.*
* * *
*ક્ષણોને સારવું, સૂંઘું ને મુક્ત છોડી દઉં*
*હું તો પારેખ છું પારેખ, કોટવાલ નથી*
* * *
*છે પાંચ ફીટ અને પાંચ ઇંચનો તું, રમેશ*
*ને જખ્મ છાતીએ આકાશથીય મોટો છે.*
* * *
*મને દીવાલ ગણી સૌ લખી ગયાં સૂત્રો*
*બધા જ રંગથી અસલી અસલી રમેશ ખરડાયો.*
* * *
*છે ગુલમ્હોર હથેળીમાં એના એ જ, રમેશ*
*તોય ૧૯૭૭ એ ગઈ કાલ નથી.*
* * *
*ખુલ્લી કિતાબ જેવું છે ઘર આપણું રમેશ*
*હો એકલા જ ત્યાં કયા રસ્મો-રિવાજ હોય?*
* * *
*જાવું બહુ કઠીન છે કાગળ સુધી તો જા*
*તળની મમત ન રાખ પ્રથમ જળ સુધી તો જા*
* * *
*આમ અછતા ન થયા આમ ઉઘાડા ન થયા*
*હાથ ફૂલોમાં ઝબોળ્યા ને સુંવાળા ન થયા*
* * *
*કાલના કાચાં અધૂરાં સ્વપ્ન પણ*
*આંખમાં ઝૂલે છે રાતાં બોર જેમ*
* * *
*જેને જવું’તું શબ્દની સીમા અતિક્રમી*
*રોશન કરે છે આજ એ પસ્તી બજારને*
* * *
*ચકલી, તું મારા ભાગ્યનું પરબીડિયું ઉપાડ*
*હું નીકળ્યો છું શહેરમાં ગુલમ્હોર શોધવા*
* * *
*આ મારા હાથમાં દમયંતીપણું શોધું છું*
*મેં મૃત મત્સ્ય અહીં એકઠા કરેલા છે*
* * *
*સાંઈ તને જો રંગની સમજણ લગીર હોત*
*તુંયે વણે છે વસ્ત્ર તો તું પણ કબીર હોત*
* * *
*બત્તીના મૂર્ખ થાંભલા તપકિરીયો પવન*
*ખુશ્બૂ વગરના ફૂલની માણસ વગરની સાંજે*
* * *
*હે દોસ્ત સીધો તીર જેવો કોઈ પ્રશ્ન ન કર*
*આ મારો ચહેરો છે માત્ર ચહેરો છે, કૈં ઢાલ નથી.*
* * *
*નહોતી ખબર કે શ્હેરના લોકો છે સાવ અંધ*
*આવ્યો’તો હું રમેશ અરીસાઓ વેચવા*
* * *
*નવાઈ છે કે ઊંડાણોય છીછરાં નીકળે*
*કોઈ મનુષ્યની અંદર ડૂબી શકાતું નથી*
* * *
*હવે પાંપણોમાં અદાલત ભરાશે*
*મેં સ્વપ્નો નીરખવાના ગુના કર્યા છે.*
* * *
*રઝળપાટો કરીને કેડીઓ થાકી ગઈ છે*
*જઈને ઝાડ નીચે સોડિયું વાળી ગઈ છે.*
* * * ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# અપેક્ષા વિના બીજાને ખુશી આપવામાં જ જીવનની સાર્થકતા છે...

થોડા સમય અગાઉ એક સેલિબ્રિટીએ તેની સાથે સેલ્ફી લેવાની કોશિશ કરી રહેલા એક ચાહકને ધક્કો મારીને તેનું અપમાન કર્યું એ વીડિયો જોઈને સદગત હાસ્યલેખક વિનોદ ભટ્ટની આત્મકથા ‘એવા રે અમે એવા...’માંનો એક કિસ્સો યાદ આવી ગયો. એ કિસ્સો કાર્ટૂનિસ્ટ મિત્ર કાનજી મકવાણાએ શેર કર્યો હતો. એ કિસ્સો વિનોદભાઈના શબ્દોમાં જ વાચકો સામે મૂકું છું:

‘સુરતમાં મારું ભાષણ હતું. ભાષણ પત્યા બાદ એક યુવાન મારી પાસે આવ્યો. તેના હાથમાં ટેપરેકોર્ડર હતું. તેણે મને કહ્યું: ‘વિનોદભાઈ, આમાં કશુંક બોલોને? ચાર-પાંચ વાક્ય...’

‘કેમ?’ મેં તેને પ્રશ્ન કર્યો.

‘મારી પત્નીને સંભળાવવા.’ તે બોલ્યો.

‘કેમ? તેમને સાથે લાવવા હતાં ને?’ મેં કહ્યું.

સહેજ ઉદાસ ચહેરે તે બોલ્યો, ‘તેને પેરેલીસીસ થયો છે. પથારીવશ છે. તમારી કોલમ તે ખૂબ રસથી વાંચે છે. તમારી ફેન છે. તેણે મને કહ્યું કે, ‘ટેપરેકોર્ડર લેતા જાવ. મારે વિનોદભાઈનો અવાજ સાંભળવો છે.’


આ સાંભળી હું દ્રવી ગયો. મેં તેને કહ્યું, તમે એક કામ કરો ભાઈ. તમે આવતી કાલે સવારે અમારા ઉતારા પર આવો. હું કાલે તમારા ઘરે બહેનને મળવા રૂબરૂ આવીશ.’ તે ગદ્ગદ્ થતો ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે તે આવી ગયો. અમે સાથે તેના ઘરે ગયા. કંતાઈ ગયેલું શરીર, પલંગમાં પડેલી માંડ ૨૮-૨૯ વર્ષની દીકરી. મેં તેના માથા પર ભાવથી મારા બંને હાથ મૂક્યા. મારા બંને હાથ પકડી આંખ પર મૂકી ડુસકા સાથે તે બોલી, ‘ભાઈ, આ ક્ષણે હું મરી જાઉં તો કેટલું સારું!’

‘બહેન, બેટા, આ વાક્ય તો મારે બોલવાનું હતું. મારો અવાજ રૂંધાઈ ગયો...’

વિનોદ ભટ્ટે લખેલો આ કિસ્સો વાંચીને આપણી સંવેદનાના તાર પણ ઝણઝણી ઊઠે. ગઈ સદીના નામાંકિત ગાયક કુંદનલાલ સાયગલના જીવનનો આવો એક કિસ્સો પણ જાણવા જેવો છે. સાયગલજી તેમના સમયના સૌથી વધુ મોંઘા ગાયક-અભિનેતા ગણાતા હતા. તેમનો કાર્યક્રમ યોજવા માટે લોકો તેમને મોં માગી રકમ ચૂકવવા તૈયાર થતા હતા.

એક વખત ઉત્તર પ્રદેશના એક ઉદ્યોગપતિએ સાયગલને ખાનગી પ્રોગ્રામ માટે આમંત્રિત કર્યા અને તેમને પચીસ હજાર રૂપિયા પુરસ્કાર આપવાની ઓફર કરી. આ વાત સાત દાયકા અગાઉની છે, જ્યારે પચીસ રૂપિયા પણ ઘણી મોટી રકમ ગણાતી હતી અને બીજા ગાયકોને એક ગીત ગાવા માટે બસો-પાંચસો રૂપિયા જેવી રકમ મળતી હતી.



કે. એલ. સાયગલ

જોગાનુજોગ મુંબઈની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જુનિયર ટેકનિશિયન તરીકે દૈનિક મહેનતાણાથી કામ કરનારા ગણપત નામના માણસે સાયગલ પાસે જઈને કહ્યું કે થોડા દિવસો પછી મારી દીકરીનાં લગ્ન છે તો એ રાતે તમે કાર્યક્રમ આપશો?

તેણે તારીખ કહી એ સાથે સાયગલજીને યાદ આવ્યું કે એ જ દિવસે તો ઉત્તર પ્રદેશના મોટા ઉદ્યોગપતિએ ખાનગી કાર્યક્રમ માટે આમંત્રણ આપ્યું છે. જો કે તેમણે એક જ ક્ષણમાં નિર્ણય કરી લીધો અને કહ્યું કે હું તમારી દીકરીના લગ્નના દિવસે ચોક્કસ કાર્યક્રમ આપીશ. એ પછી

તેમણે તે ઉદ્યોગપતિને ના પાડી દીધી કે હું તમારે ત્યાં નહીં આવી શકું. તેમણે ૨૫ હજાર રૂપિયા જતા કર્યા, તે ઉદ્યોગપતિને નારાજ કર્યો અને એક જુનિયર ટેકનિશિયનની દીકરીના લગ્ન પ્રસંગે એક પણ રૂપિયાની અપેક્ષા વિના મફતમાં કાર્યક્રમ આપ્યો. લગ્નપ્રસંગમાં જઈને ગીતો ગાયાં! અને ઉપરથી તે દીકરીને ભેટ આપી!

આ રીતે સામાન્ય માણસોને ખુશી આપવા માટે બહુ ઓછા માણસો તત્પર રહેતા હોય છે. આવો જ એક કિસ્સો ગઈ સદીનો છે. દેશભક્ત-વિચારક-પત્રકાર ગણેશ શંકર વિદ્યાર્થી હિન્દી દૈનિક ‘પ્રતાપ’ થકી અંગ્રેજોના જુલમ સામે નીડરતાથી અવાજ ઉઠાવવા માટે જાણીતા હતા અને એટલી જ તેમની ખ્યાતિ બીજાને મદદરૂપ થનારા માણસ તરીકે પણ ફેલાઈ હતી.

ગણેશજી ‘પ્રતાપ’ અખબારના તંત્રી હતા, પણ એ વખતના બીજા ઘણા તંત્રીઓની જેમ ભારમાં જીવતા નહોતા. તેમને કોઈ પણ માણસ મળી શકતો હતો અને પોતાની વ્યથા તેમની સામે ઠાલવી શકતો હતો અથવા તો મદદ માટે તેમની સામે હાથ લંબાવી શકતો હતો.

એક વાર એક યુવાન તેમની પાસે જઈ ચડ્યો. ગણેશજી એ વખતે કંઈક લખવામાં મશગૂલ હતા એટલે તે યુવાને દરવાજા બહાર ઊભા રહીને પૂછ્યું કે હું અંદર આવી શકું?

તેનો અવાજ સાંભળીને ગણેશજીએ ઉપર જોયું અને તેને આવકાર્યો. તેમણે ઈશારાથી તે યુવાનને પોતાના ટેબલની સામી બાજુની ખુરશી પર બેસવા કહ્યું. તે યુવાન બેઠો એટલે ગણેશજીએ તેના આગમનનું કારણ પૂછ્યું.

પેલા યુવાને કહ્યું, ‘હું સામાન્ય કુટુંબનો દીકરો છું. હું મારા ગામથી અહીં અભ્યાસ માટે આવ્યો છું, પણ હું ટ્રેનમાં અહીં આવી રહ્યો હતો એ વખતે ટ્રેનમાંથી મારો સામાન ચોરાઈ ગયો. મારા કુટુંબની આર્થિક સ્થિતિ બહુ ખરાબ છે. મારી ફરિયાદ કોઈ કાને ધરતું નથી. મારી પાસે થોડાઘણા પૈસા હતા એ પણ મેં મારા સામાન સાથે બેગમાં મૂક્યા હતા...’ વાત કરતાં-કરતાં તે યુવાન રડી પડ્યો.

ગણેશજીએ તે યુવાનને પાણી પાયું અને શાંત પાડ્યો. એ પછી તેમણે પોતાના ખિસ્સામાં હાથ નાખીને પોતાની પાસે જેટલા પૈસા હતા એ કાઢીને તે યુવાનને આપી દીધા. તેમણે કહ્યું કે અત્યારે તો મારી પાસે આટલા જ પૈસા છે. આજે રવિવાર છે એટલે ઑફિસમાં મેનેજર પણ નથી. તું કાલે આવજે અને તારી જરૂર પ્રમાણે પૈસા લઈ જજે.

યુવાન ગળગળો થઈને આભાર માનવા માંડ્યો. તેને વિદાય કરીને ગણેશજી ફરી લખવા માંડ્યા.

સફળ વ્યક્તિઓ ધારે તો સામાન્ય વ્યક્તિઓને સુખની ક્ષણો આપી શકે. વિનોદ ભટ્ટ, કુંદનલાલ સાયગલ કે ગણેશ શંકર વિદ્યાર્થીની જેમ સમય, પૈસા કે પોતાની કલા કે હૂંફ થકી કોઈને મદદરૂપ બનવાની કે ખુશીની પળો આપવા માટે તત્પર રહેવું જોઈએ.

કોઈ માણસ સફળ થાય, પણ તે કોઈને થોડી ખુશી ન આપી શકે, કોઈને મદદરૂપ બનવાની ભાવના ન હોય તો તે નિષ્ફળ જ ગણાય. એ રીતે જોઈએ તો કોઈ અપેક્ષા વિના લોકોને ખુશી આપનારા માણસોનું જીવન સાર્થક ગણાય. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઇશ્કનું અઠવાડિયું: ચાહત- ‘ચોકલેટ’થી ‘ચુંબન’ સુધી...

**ટાઇટલ્સ:**
*સાચા પ્રેમમાં પણ જૂઠ્ઠું બોલવું પડતું હોય છે. (છેલવાણી)*

અંગ્રેજીનો મહાકવિ રિલ્કેના છેલ્લા દિવસોમાં એને મળવા ઇજીપ્તની વિખ્યાત સુંદરી નિમેટ ઇલોયુ આવી. રિલ્કેને એ બહુ ગમતી. રિલ્કે નિમેટ માટે બગીચામાં ગુલાબ ચૂંટવા ગયા ને ડાળખી પરના કાંટાનો ડંખ લાગ્યો, પછી એનો હાથ પાકી ગયો, ધીમે ધીમે આખા શરીરમાં ઝેર ચઢ્યું અને એ મૃત્યુ પામ્યો! ઉફ્ફ, સ્ત્રીમિત્ર માટેના ગુલાબના ડંખથી મોત મળે એનાથી વધારે સુંદર વિદાય એક કવિ માટે શું હોય? અને મજા જુઓ કે એ જ રિલ્કેએ કોઇ જુવાન નવા કવિને સલાહ આપતા પત્રોમાં લખેલું કે

‘શરૂ-શરૂમાં પ્રેમકવિતાઓ લખવી નહીં...’ (જો કે આપણે ત્યાં તો બૂઢાપામાં કવિઓને આવી સલાહ આપવી જોઇએ.)

ગઈ કાલે ૭ ફેબ્રુઆરીના ‘રોઝ ડે’ ગયો ને આશિકોએ ગુલાબોની ગુપચુપ આપ-લે કરી. આમ તો બધાં જ ફૂલો ખૂબસૂરત હોય છે, પણ ગુલાબ, ફૂલોમાં નવાબ છે. પહેલા પ્રેમની કબૂલાતથી માંડીને કિતાબમાં સાચવેલ સુકાયેલ ગુલાબની પાંખુડીઓમાં આપણા ઇકલૌતા ઇશ્કનો ઇતિહાસ છુપાયેલો હોય છે.

વળી હાલ તો ‘ઇશ્કનું અઠવાડિયું’ ચાલી રહ્યું છે. ‘રોઝ ડે’, ‘પ્રપોઝ ડે’, ‘ચોકલેટ ડે’, ‘પ્રોમિસ ડે’, ‘કિસ ડે’, ‘હગ ડે’, ‘વેલેન્ટાઈન ડે’ વગેરે, વગેરે. વસંતનાં આગમનથી આશિકોનાં દિલ ઊભરાય છે ને ખિસ્સા છલકાય છે. વેલેન્ટાઈન ડે પર પ્રેમને નામે લાખોનો બિઝનેસ થાય છે. માણસજાતની ખાસિયત છે કે એ કોઈપણ લાગણીમાંથી વેપાર ઊભો કરી શકે છે!

ચોકલેટથી નવી પ્રેમિકાને પટાવાય ને જૂની રિસાયેલ પ્રેમિકાને મનાવાય છે. ચોકલેટ, ગમે ખાસ કરીને જ્યારે કોઇએ વ્હાલથી ફ્રીમાં આપી હોય ને એટલે જ ‘ચોકલેટ ડે’ ઉજવાય છે. ચોકલેટ વિશે ચાહત ને ચીટિંગનો ગોસિપદાર કિસ્સો છે. ગુજરાતી નાટકોની પરિણીત અભિનેત્રીનું, કોઇ પ્રેમી સાથે છુપું અફેર ચાલતું. પતિ, નોકરીએ જાય એટલે પ્રેમી, અભિનેત્રીને મળવા ચૂપચાપ એના ઘરે જતો. જોકે આમાં પ્રોબ્લેમ એક જ હતો કે અભિનેત્રીને નાની દીકરી હતી! તો એ બાળકી, બાપ સામે બબાલ ના કરે એટલે પેલો



પ્રેમી રોજ બેબી માટે ‘ચોકલેટ’ લાવે. બાળકી ખુશ ને ચૂપ. ચાહતમાં ચોકલેટની નાનકડી રિશ્વત ચાલી જાય. મહિના સુધી ચોકલેટના સહારે પરણીતાની પ્રેમલીલા ચાલી.

મહિનાના અંતે કરિયાણાનું બિલ આવ્યું ત્યારે પતિએ બિલ ચેક કર્યું તો ખબર પડી કે ઘઉં, ચોખા, સાકર વગેરે સાથે રોજ ૫૦ રૂ.ની ચોકલેટ ખરીદવામાં આવેલી! એટલે કે પેલો પ્રેમી, પતિના જ ખાતામાંથી કરિયાણાવાળા પાસેથી ‘ચોકલેટ’ ખરીદતો ને એની પ્રેમિકાની પતિની જ પુત્રીને પધરાવતો ને એની જ પરણીતાને પ્રેમ કરતો! આને કહેવાય ‘ચોકલેટ’નો સૌથી સ્માર્ટ ઉપયોગ કે ‘ઓન-એકાઉંટ અફેર’, ચોકલેટના સહારે!

ઇનશોર્ટ, જે કામ ‘ચોકલેટ’ કરી શકે એને બીજું કોઇ ના કરી શકે. ચોકલેટ, પ્રેમ કે પેશનનું પ્રતીક છે અને કહેવાય છે, ડાર્કચોકેલેટથી મૂડ સુધરે છે, પ્રેમેચ્છા પનપે છે. ગુજરાતમાં દારૂબંધીને કારણે ઘણીવાર ‘દારૂ’ માટે લોકો ફોન પર ‘ચોકલેટની વ્યવસ્થા થઇ’ જેવી ખૂફિયા ભાષા વાપરે છે. માન્યું કે ઘણી યુરોપિયન ચોકલેટોમાંની ‘વાઇન ચોકલેટ’થી નશો પણ ચઢે છે ને ઘણી ડાર્ક ચોકલેટ્સ કડવી હોય છે, પણ કડવી શરાબ માટે ‘ચોકલેટ’ જેવો શબ્દ વાપરવો એ ગુજ્જુ ક્રિએટીવ દિમાગની અલ્ટીમેટ ઉડાન છે!

**ઇન્ટરવલ:**
**દૂર કોઇ દર્પણ ટૂટે,**
**તડપ કે મૈં રહ જાતા હૂં. (આનંદ બક્ષી)**

આપણે ત્યાં જાહેરમાં કિસ કરવાની છૂટ નથી એવામાં ‘કિસડે’ કે ચુંબન દિન વિશે માત્ર વાતો કરીને મુખસુખ માણીએ! શૃંગાર-શાસ્ત્રમાં ચુંબન, ઊંડો ને રસાળ વિષય છે પણ આજેય આપણો દેશ શરમાળ કે દંભી કે પછી બેઉ છે. પ્રેમની ફિલિંગ્ઝને વ્યક્ત કરતી હજારો વાર્તાઓ, નવલકથાઓ, કાવ્યો છે, પણ એક કાતિલ ને કર્ણ સત્યઘટના કહું?

મુંબઇની એક ચાલમાં બે ટપરી ‘મુન્નો’ ને ‘ગુલ્લુ’ એક જ છોકરી ‘કોયલ’ના પ્રેમમાં. વળી, કોયલને પણ બંને ટપોરીઓ ગમતા! કોયલ, બેઉ સામે ટહૂકા કરીને રમાડે. આખરે એકવાર બેઉએ કોયલને પૂછી નાખ્યું, ‘નક્કી કર કે અમારા બેમાંથી. તને વધુ કોણ ગમે છે?’

કોયલે કહ્યું, ‘ગણેશ વિસર્જનને દિવસે કહીશ.’

એ સાંજે વિસર્જનની ભીડમાં ‘મુન્નો’ ને ‘ગુલ્લુ’ મન મૂકીને નાચતા હતા, બેઉની આંખોમાં ખુન્નસ હતું. છેવટે બેઉ અચાનક લડી પડ્યા. એકમેકની જાન પર આવીને કુશ્તી કરવા માંડ્યા. જ્યારે ટપોરી મુન્નો, કુશ્તીમાં ગુલ્લુ સામે જીતવાનો જ હતો એણે દૂરથી કોયલનો અવાજ સાંભળ્યો: ‘મુન્ના બસ... મારા ગુલ્લુને છોડી દે!’ અને કુશ્તી જીતી ચૂકેલા મુન્નાના હાથપગ ઢીલા થઇ ગયા... જાણી કરીને પોતાની હાર માની લીધી અને પછી ગણેશજીની મૂર્તી માથે ઉંચકીને સામે દરિયામાં એણે ધીમે ધીમે ચાલીને જળસમાધિ લઇ લીધી!

અહીં બેમાંથી વધારે પ્રેમ કોનો? કોઇને થશે કે આવા સેલ્ફલેસ પ્રેમને એક ‘વેલેંટાઇન્સ ડે’ જેવા એક જ દિવસમાં કેવી રીતે સમાવી શકાય...ખરું ને? દર વરસે દલીલ થાય છે કે સાચો પ્રેમ, એક દિવસની ગિફ્ટનો મોહતાજ નથી, એને માટે તો આખું જીવતર ઓછું પડે. એની વે, એડવાંસમાં ‘હેપ્પી વેલેન્ટાઈન ડે’

**એંડટાઇટલ્સ:**
**આદમ: તું મને ચાહે છે?**
**ઇવ: ‘ના’ કહીશ તો માની જઇશ?** ■


દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

મોર્નિંગ મ્યૂસિંગ


રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# શોર વગરનો સાયલન્ટ વિલન...

## જેન-ઝી અને મિલેનિયલ્સની પેઢીને આજે અક્ષય ખન્ના જેવા ખલનાયક વધુ આર્કષે છે...







૫૦ વર્ષનો અક્ષય ખન્ના ક્યારેય એવો એક્ટર નથી રહ્યો, જેને યુવા પેઢી ‘માય હીરો’ કહે કે ન તો તે સેલેબલ-સ્ટાર છે કે ન તો તેને લગાતાર ફિલ્મો મળતી રહી છે. ન તો તેનાં મીમ બને છે કે ન તેની રીલ્સ વાઈરલ થાય છે. આમ છતાં, એક ઢળતી ઉંમરે ફિલ્મ ‘ધુરંધર’માં રહેમાન ડકૈતના કિરદારમાં તે આજની જેન-ઝી અને મિલેનિયલ દર્શકોની પેઢીમાં એવો છવાઈ ગયો છે કે આપણને આ પ્રકારના કિરદારોની માનસિક દુનિયામાં ઝાંખવાનું મન થાય.

હિન્દી સિને ચાહકોએ ઘણા અસાધારણ વિલેન જોયા છે; ‘જિસ દેશ મેં ગંગા બહેતી હૈ’નો રાકા (પ્રાણ), ‘શોલે’નો ગબ્બર સિંહ (અમજદ ખાન), ‘મિસ્ટર ઇન્ડિયા’નો મોગેમ્બો (અમરીશ પૂરી), ‘અગ્નિપથ’નો કાંચા ચીના (ડેની ડેન્ઝોપા), ‘શાન’નો શાકાલ (કુલભૂષણ ખરબંદા) અને બીજા ઘણા.’

એ તર્જ પર, ‘ધુરંધર’ના રહેમાન ડકૈતના પાત્રમાં અક્ષય ખન્નાએ એક નવા પ્રકારના વિલેનનું સર્જન કર્યું છે. નવી પેઢીમાં તેણે અસામાન્ય આકર્ષણ પેદા કર્યું છે. નિઃશંકપણે, અક્ષય ખન્નાએ આ કિરદાર દ્વારા સાબિત કર્યું છે કે વિલનમાં માત્ર દુષ્ટતા જ હોવી જરૂરી નથી, પણ તેમાં એક અલગ સ્તરની બૌદ્ધિકતા અને રહસ્ય પણ હોઈ શકે છે.

આ આકર્ષણ સતહી નથી, તે પોસ્ટર કે સ્ટાઇલનું પણ નથી- તે આ મનોવૈજ્ઞાનિક છે. આપણો પ્રશ્ન પણ એ છે કે આજની આ પેઢી, જે દરેક વસ્તુને ડીકોડ કરવા ઇચ્છે છે, તેને એક શાંત, સ્થિર અને નૈતિક રીતે ધૂંધળા કિરદાર પર આટલી ઝડપે વિશ્વાસ કેમ પડ્યો?

આનો જવાબ રહેમાન ડકૈતની અંદર છુપાયેલા એ આર્કેટાઈપ્સમાં છે, જેને અક્ષય ખન્ના સ્પષ્ટ જાહેર કર્યા વિના નિભાવે છે. ‘આર્કેટાઈપ્સ’ એટલે માણસની આદિમ પેટર્ન અથવા મોડેલ, જે સંસ્કૃતિઓમાં જોવા મળે અને જે માનવ ચેતનાના ‘સામૂહિક અચેતન’નો હિસ્સો હોય. આપણે આ જરા વિગતવાર સમજીએ...

રહમાન ડાકુ સૌથી પહેલાં તો ‘માસ્ટર મેનિપ્યુલેટર’ છે, પણ પરંપરાગત અર્થમાં નહીં. તે તો ચાલાકી બતાવે છે કે ન તો મગજની રમતો રમે છે. તેનું મેનિપ્યુલેશન દેખાતું નથી, તેનો માત્ર અહેસાસ થાય છે. તે લોકોને સૂચના નથી આપતો, પણ એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરે છે. વાતચીતમાં તે બોલે છે ઓછું, પણ સાંભળે છે વધુ, જે તેને તાકાત બક્ષે છે.

આજની જેન-ઝી પેઢી, જે દરેક સંબંધમાં પાવર ડાયનેમિક્સને ઓળખવા લાગી છે એમને આવા પાત્ર તરત સમજમાં આવે છે. તેમને દેખાય છે કે આ માણસ કંટ્રોલ કરવા માટે હાથ નથી ઉઠાવતો, અવાજ ઊંચો નથી કરતો- તેની હાજરી માત્રથી સમીકરણ બદલાઈ જાય છે.

આ પેઢીને ડકૈત એટલે પણ આકર્ષક લાગે છે, કારણ કે એ બધા ખુદ પોતે એવી દુનિયામાં જીવી રહ્યા છે જ્યાં ખુલ્લું નિયંત્રણ નિષ્ફળ સાબિત થયું છે. બોસ, નેતા કે ઇન્ફ્લ્યુએન્સર- જે જેટલું વધારે બોલે છે, તે તેટલો અવિશ્વસનીય લાગે છે...અહીં ડકૈતનું મેનિપ્યુલેશન અવાજ વગરનું છે, અને એ જ તેને વિશ્વસનીય બનાવે છે.

તેના વિશ્વાસનો બીજો આધાર છે, તેનો શાંત આત્મવિશ્વાસ અને અધિકારની ભાવના. ડકૈત તેની શક્તિમાં એટલો આશ્વસ્ત છે કે તે પોતાના અધિકારનો જતાવતો નથી. તે તેના પ્રભાવની જાહેરાત પણ નથી કરતો- તે કેવળ તેની માન્યતા અનુસાર વર્તન કરે છે. તેનો આ આત્મવિશ્વાસ કોઈ સિદ્ધિમાંથી નથી આવતો, પરંતુ આત્મ-સ્વીકૃતિમાંથી આવે છે. તે જેવો છે તેવો પોતાને સ્વીકારે છે. ન તેનામાં ગિલ્ટ છે કે ન તો કન્ફયુઝન. આજની યુવાન પેઢી, જે સતત પોતાને સાબિત કરવાના પ્રેશરમાં છે- ઈટ, પ્રોફાઇલ, સ્ટોરી, સ્ટેટસ વગેરે દ્વારા- તે ડકૈતના આત્મવિશ્વાસને લગભગ ઈર્ષ્યા સાથે જુવે છે.

ડકૈત અહીં એક ઓથોરિટેટિવ વિલેન છે, પણ સત્તાની એ ભાવના કોઈ હોદ્દામાંથી નથી આવતી, બલ્કે તેની માનસિક સ્થિરતાથી આવે છે. તે ઈમોશનલી અનઅવેલેબલ છે- અને એ તેને તાકાતવર બનાવે છે. જેન-ઝી પેઢીને હવે સમજાવા લાગ્યું છે કે ભાવનાત્મક ઓવર-શેરિંગ ઘણીવાર કમજોરી બની જાય છે. ડકૈતની સ્થિરતા તેમને એક સંકેત આપે છે કે દરેક ભાવનાને જાહેર કરવી જરૂરી નથી.

અહીંથી તે ઝવય અક્ષજ્ઞીભવફબહય અભિવયુાિંય માં પ્રવેશ કરે છે. રહેમાન ડકૈતને સ્પર્શ કરવો મુશ્કેલ છે- શારીરિક રીતે નહીં, પરંતુ માનસિક રીતે. તમે તેને ઉશ્કેરી ન શકો, તમે તેને પ્રેમમાં પીગળાવી ન શકો, તમે તેને શરમનો અહેસાસ કરાવી ન શકો, તમે તેને નૈતિકતામાં ઝુકાવી ન શકો કે ન તો તમે તેને પ્રશંસાથી ખુશ કરી શકો. સોશ્યલ મીડિયા જગતમાં મોટી થઇ રહેલી આજની આ પેઢી, જ્યાં દરેક વ્યક્તિ કોઈને કોઈ ઓપિનિયનથી જખમી થયેલી છે,આવા અછૂત કિરદારને લગભગ દંતકથા ગણતી હોય છે.

ડકૈતનું આ અછૂતપણું તેને ક્રૂર નથી બનાવતું, બલ્કે રહસ્યમય બનાવે છે. લોકો તેનાથી એટલા માટે નથી ડરતા કે તે શું કરશે, પણ એટલે ડરે છે કે તે ક્યારે અને શા માટે કરશે તે સ્પષ્ટ નથી. તેના વર્તનની આ અનિશ્ચિતતા લોકોને ગભરાવે છે અને આકર્ષિત પણ કરેછે, કારણ કે લોકો ખુદ એક એવા અનિશ્ચિત ભવિષ્યમાં જીવી રહ્યા છે.

એવું નથી કે ડકૈત તદ્દન લાગણીશૂન્ય છે અથવા પથ્થર દિલ છે. અક્ષય ખન્ના તેની અંદર ખૂબ નાજુક રીતે આંતરિક સંઘર્ષ અને અસહાયતાની ઝલક પણ છોડે છે- એટલી હલકી રીતે કે તે તેની વાતોમાં નહીં, પરંતુ તેની ચૂપ્પીમાં અનુભવાય છે. કોઈ નિર્ણય કરતાં પહેલાં એકાદ પળનો ઠહેરાવ અને કોઈને સજા કર્યા પછી સંતોષના ભાવનો અભાવ દર્શકોને એવો માનવા પ્રેરે છે કે ડકૈત તેના તે એક્શનને ‘એન્જોય’ નથી કરતો- બસ, એક સ્વીકૃતિનો ભાવ માત્ર છે. એનાથી એક એવો સંકેત મળે છે કે આ માણસ લાગણીઓથી મુક્ત નથી, તેણે તેને દફન કરી રાખી છે.

આ કારણથી જ ડકૈત ફક્ત એક વિલેન નથી, પરંતુ એક અભિવયુાિંફહ ટશાહહફશક્ષ છે- જે નૈતિક રીતે ખોટો છે, પરંતુ માનસિક રીતે સમજાય છે. તે સમાજનો શત્રુ નથી, સમાજનું જ એક સંભવિત પરિણામ છે. આજની પેઢી ‘ખરાબ લોકો’ને કેવળ જોવા જ નથી ઇચ્છતી, તેમને સમજવા પણ માંગે છે કે તે ખરાબ કેવી રીતે બને છે અને ક્યારેક-ક્યારેક તે જરૂરી પણ કેમ હોય છે.

ડકૈત ન તો સિસ્ટમને તોડે છે, ન સુધારે છે- તે તેનો ઇસ્તેમાલ કરે છે. આ વાસ્તવિક ક્રૂરતા આજના દર્શકોને આકારણ પ્રભાવિત કરે છે, કારણ કે તેમણે આદર્શોને તૂટતા જોયા છે. તેમના માટે નૈતિકતા એક વિલાસ બની ગઈ છે અને ડકૈત એ દુનિયાનો પ્રતિનિધિ છે, જ્યાં નૈતિકતા નહીં, કાર્યક્ષમતા સર્વોચ્ચ છે.

ડકૈતની ડાર્ક પર્સનાલિટી આજની પેઢીને એવો ભ્રમ નથી આપતી કે સૌ સારાં વાનાં થઇ જશે; તે એક જ સાબિતી આપે છે કે બધું સારું ન હોય તો પણ કેવી રીતે જીવી શકાય છે. કદાચ આજની થાકેલી, સમજદાર, સંદેહશીલ પેઢીને કોઈ હીરોની નહીં- રહેમાન ડકૈત જેવા જ ઈમાનદાર- અછૂતા- ખામોશ કિરદારની તલાશ હતી. ■

# ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# બજેટમાં બૉલ્ડને બદલે સંખ્યાબંધ સ્મોલ રિફોર્મ્સ

## ટ્રમ્પની જાહેરાતે બજારને આપેલું બૂસ્ટર કેટલું ચાલશે?

સામાન્ય રીતે બજેટને દિવસે કે બજેટને લીધે શેરબજાર તૂટે એટલે લોકોના માનસમાં બજેટ સારું નથી એવું પ્રવેશી જાય છે. જાણે કે બજેટનું કામ માત્ર શૅરબજારને રાજી અને તેજી કરાવવાનું જ હોય. બાય ધ વે, બજાર જયારે બજેટની વિવિધ જોગવાઇઓને બારીકીથી સમજશે ત્યારે લાંબાગાળાના બુલિશ ટ્રેન્ડને જોઈ શકશે. સ્માર્ટ, ધીરજવાન અને અભ્યાસુ રોકાણકારો આમ કરશે, બાકી ટોળાઓનો કોઈ ભરોસો નહીં.

**બજારની નિરાશા ટ્રમ્પને લીધે ધોવાઇ ગઈ**

બજેટને દિવસે શૅરબજાર ભારે માત્રામાં તૂટ્યું અને નિરાશ થયું તેથી પ્રથમ આપણે શૅરબજારની નારાજગી સમજીએ. બજારને કેપિટલ ગેન ટેકસમાં રાહતની અપેક્ષા હતી, જે પૂરી ન થઈ, બીજી બાજુ ફયુચર્સ-ઓપ્શન્સના સોદાઓ પરનો એસટીટી (સિકયોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેકસ) નોંધપાત્ર વધારી દેવામાં આવ્યો, જેનાથી ટ્રેડર્સ-સટોડિયાઓ નિરાશ થયા. બજારને બજેટ પાસે બોલ્ડ રિફોર્મ્સની પણ અપેક્ષા હતી, જેની ગેરહાજરીથી પણ બજારે નેગેટિવ પ્રતિભાવ આપ્યો.

આમ પણ બજાર વૈશ્વિક અનિશ્ચિતતાઓ તેમ જ યુએસ-ટ્રમ્પ ટૅરિફના ત્રાસથી પરેશાન હતું, જેમાં વળી બજેટે કોઈ નકકર પગલાં ન લેતા બજાર પાસે નિરાશ થવાનું કારણ હતું, પરંતુ સ્માર્ટ ઈન્વેસ્ટર્સ બજારની નારાજગીને પોતાની માટે તક બનાવે છે. જોકે બીજા દિવસે એટલે કે સપ્તાહનાં પ્રથમ દિવસે જ માર્કેટ નોંધપાત્ર રિકવર પણ થયું હતું.

જયારે કે મંગળવારે ટ્રમ્પની ટૅરિફ જાહેરાત અને યુએસ-ભારત વેપાર ડીલના પોઝિટિવ અહેવાલ આવતા બજારે કડાકાને બદલે કૂદકા મારવાનું શરૂ કર્યુ અને પછી સ્થિર થવા લાગ્યું. જોકે આ મામલે હજી કેટલીક અનિશ્ચિતતા ગણીને ચાલવું પડે.

બજેટમાં નાણાં પ્રધાને વિકાસલક્ષી નીતિઓના સાતત્યને જાળવી રાખવાનો અભિગમ સેવ્યો છે, તેમાં માત્ર પોપ્યુલર પગલાં પર ફોકસ કરવાને બદલે દરેક ક્ષેત્રને કંઈક આપવાનો અભિગમ રાખ્યો છે. મહત્ત્વની વાત એ ગણાય કે વિપરીત વૈશ્વિક સંજોગો વચ્ચે દેશના આર્થિક વિકાસની ગતિ ચાલુ રાખવી, તેને બળ અને પ્રોત્સાહન આપતા રહેવું એ સાદી કે આસાન વાત નથી. સરકારે બોલ્ડ રિફોર્મ્સ ભલે કર્યા નથી, પરંતુ નાના-નાના ઘણાં રિફોર્મ્સ કર્યા છે, જેની અસર વ્યાપક તેમ જ લૉંગટર્મ રહેશે.

બજેટમાં લાંબાગાળાના વિકાસને બળ આપનારા ચોકકસ પગલાંની ઝલક જોઈએ તો બેન્કિંગ સેકટર માટે નાણાં પ્રધાને એક સ્ટેન્ડિંગ કમિટીની રચના કરી છે, જે આ બૅંકિંગ સેકટરનો ઊંડો અભ્યાસ કરી તેમાં સુધારા સૂચવતી રહેશે, આ સૂધારાનો ઉદ્દેશ આ સેકટરને સ્થાનિક તથા ગ્લોબલ સ્તરે મજબૂત બનાવવાનો રહેશે.

બજેટે ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટર પર વિશેષ ભાર આપવાનું આ વરસે પણ ચાલુ રાખ્યું, આ માટે સરકારે રૂપિયા ૧૨ લાખ કરોડથી વધુની ઊંચી ફાળવણી કરી છે. અહી એ નોંધવું મહત્ત્વનું છે કે ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત આવે એટલે રિયલ એસ્ટેટ સેકટર આવી જ જાય, આ બંને સેકટરના વિકાસ સાથે અન્ય ૨૫થી ૩૦ નાના-મધ્યમ કે મોટા ઉદ્યોગો જોડાયેલા રહે છે, જેથી આ પ્રોત્સાહન વિવિધ સેકટર્સ માટે પ્રેરણાબળ બનશે. વધુ એક મજાની વાત એ છે કે બજેટે આ વિકાસ માર્ગમાં નાના શહેરોને (અર્થાત્ પાંચ લાખ સુધીની વસતીના શહેરો) આવરી લીધા છે.

એમએસએમઈ (લઘુ, મધ્યમ કદના સાહસોને) આ વખતે પણ રાહતો-પ્રોત્સાહનો આપવાનો અભિગમ ચાલુ રાખ્યો છે, જે રોજગાર સર્જનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (રિટસ)ને પ્રોત્સાહન આપવા બજેટમાં એવી જાહેરાત છે કે જાહેર સાહસો તેમની રિયલ એસ્ટેટ માટે રિટસનું માધ્યમ પસંદ કરે, જે લાંબે ગાળે લાભદાયી થશે.

સરકારે હેલ્થકેર સેકટર પર નોખું જોર આપ્યું છે. લોકોના શારિરીક અને માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સરકારે આર્યુવેદિક તેમ જ યોગાને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

ટેમ્પલ (મંદિરો) અને મેડિકલ ટૂરિઝમ પર પણ ભાર મુકાયો છે, જેનો આપણા દેશમાં ભરપૂર અવકાશ છે, હેરિટેજ સ્થળો સહિતના ટૂરિઝમ માટે સરકાર માન્ય ગાઈડસને વિશેષ તાલીમ અપાશે, જેથી ભવિષ્યમાં સ્થાનિક લોકો માટે રોજગારીની તકો વધશે. દેશમાં ૨૦ નોંધનીય પર્યટન સ્થળો પર કાર્યરત ૧૦,૦૦૦ ગાઇડ્સને તાલીમ આપવાની જોગવાઈ કરાઈ છે.

બજેટમાં અગાઉ કયારેય ધ્યાન અપાયું નહોતું એવી બાબત તરીકે બે પાયાની અને નોખી જાહેરાત કરી છે, એકમાં સરકારે વરિષ્ઠ નાગરિકો માટે કેરટેકરની તાલીમ અને અલગ ઓળખ ઊભી થાય એવું પગલું ભર્યું છે. બીજું, સરકારે બજેટમાં એક જબરદસ્ત લાંબાગાળાના વ્યૂહ તરીકે વિદેશી કંપનીઓને ભારતમાં ડેટા સેન્ટર્સ, એઆઈ અને જીસીસી (ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર) સ્પેસ સ્થાપવા માટે આકર્ષવા ટેકસ હોલિડે- તે પણ ૨૦૪૭ સુધી ઓફર કર્યો છે.

સરકારે ખેડુતોને પરંપરાગત માર્ગે પંપાળવાને બદલે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) સાથે જોડવાનો માર્ગ અપનાવ્યો છે, જેનો લાભ લઈ ખેડુતો વિકાસ કરી શકે અને વધુ આવક પણ રળી શકે. બજેટમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવા પર પણ વિશેષ ભાર મુકાયો છે, જે દેશનું જ નહીં, વિશ્વનું પણ ભાવિ છે.

ટેક્નોલોજી ક્ષેત્રે મહત્ત્વની જાહેરાત રૂપે હવે ચિપ (સેમિકન્ડક્ટર)ના ઉત્પાદનમાં સ્વાવલંબી બનવા માગે છે. આ માટે સરકારે ‘ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન’ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ મિશન માટે સરકારે ₹૪૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવાયું છે. આજે મોબાઈલ,લેપટોપ, કાર, ટીવી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે આવશ્યક ઉપકરણો જેવી દરેક વસ્તુમાં ચિપની જરૂર પડે છે. આ પગલાથી ભવિષ્યમાં ભારત ચિપ મેન્યુફેક્ચરિંગમાં દુનિયાનું મોટું હબ બની શકે છે. ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટેની સહાય બમણી કરીને રૂપિયા ૪૦,૦૦૦ કરોડ કરવામાં આવી છે.

હાલ કેટલાંક સમયથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) ભારતીય માર્કેટમાં સતત વેચાણ કરતા રહ્યા છે ત્યારે વિદેશના વ્યક્તિગત રોકાણકારોને ભારતીય ઈક્વિટીમાં સીધા રોકાણ માટે માર્ગ કરી અપાયો છે, PMS (પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ) મારફત પણ આ રાહ પકડી શકે છે. આમ ઈક્વિટીમાં રોકાણ પ્રવાહ વધવાની આશા રાખી શકાશે.

અત્યાર સુધી કોઈ પણ એક વિદેશ સ્થિત વ્યક્તિગત રોકાણકાર (PROI-પર્સન રેસિડન્ટ આઉટસાઈડ ઈન્ડિયા) ભારતીય લિસ્ટેડ કંપનીમાં વધુમાં વધુ પાંચ ટકા ઈક્વિટી ધરાવી શકતા હતા. હવે આ મર્યાદા વધારીને વિદેશી રોકાણપ્રવાહનો સ્કોપ વધાર્યો છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ચાલો, એલિયન માઉન્ટેન પર...









સોશ્યલ મીડિયા પર ચીસાચીસ વધી રહી છેઃ પરગ્રહવાસી આવી રહ્યા છે, એલિયન્સ આર કમિંગ. કોઇક નોસ્ત્રાડમસનો હવાલો આપે, કોઈક બાબા વાંગાને આગળ કરે છે અને અમુક પોતાના ટેરો કાર્ડ ચીપે છે કે જ્યોતિષ જ્ઞાનના ચીપિયા પછાડે છે.

માત્ર ધારણા ખાતર માની લઈએ કે એલિયન લોગ આવશે. પણ ઊતરશે ક્યાં? રહેશે ક્યાં?

શું એલિયન માઉન્ટેન પર લેન્ડિંગ કરશે? સબુર, આપને ખબર છે કે આ એલિયન માઉન્ટેન છે ક્યાં? આપણા પાડોશી દેશ શ્રીલંકામાં છે એ. શ્રીલંકાના પોલોનારુવા જિલ્લાના અરલગનવિલા નજીક આવેલો છે.

દાનિગલા સર્ક્યુલર રોક. અનોખી, સપાટ ટોચવાળી ગોળ આકારની રચનાને કારણે તેને એલિયન માઉન્ટેન તરીકે ઓળખાય છે. અહીં વારંવાર જોવા મળતી ઉડતી રકાબીઓ (UFO જે દાનિગલા લાઇટ્સ તરીકે ય જાણીતી છે), પ્રાચીન ગુફાઓ અને પૂર્વઐતિહાસિક શિલાલેખો સાથે જોડાયેલો ૨૮૦ મીટર ઊંચો અર્ધચંદ્રાકાર પહાડ મહત્ત્વપૂર્ણ છે.

સ્થાનિક લોકોમાં પ્રબળ માન્યતા છે આ પ્રાચીન વિમાનો માટે ઉતરાણનું સ્થળ હતું. બાય ધ વે, એનું બીજું નામ લંકેશ સાથે જોડાયેલું છેઃ રાજા રાવણનું સ્ટારગેટ.

આ દાનિગલા ઉર્ફે એલિયન માઉન્ટેનની વધુ વિગતો જાણવા લાયક છે. એ પોલોનારુવા જિલ્લામાં, મદુરુ ઓયા પુરાતત્ત્વીય રિઝર્વ નજીક આવેલો છે. એની ભૂગર્ભ રચના અનોખી છે. માનો યા ન માનો, આ પહાડ કુદરતી રીતે ઘોડાનાળાકાર અર્થાત્ horseshoe-shaped છે.

તેની સપાટ ટોચ અને ૩૬૦ ડિગ્રી દશ્ય માટે વિશેષ ઓળખ ધરાવે છે.

આ સ્થળ સાથે એલિયન યાની પરગ્રહવાસી અને ઊડતી રકાબીને લગતી અનેક દંતકથાઓ ઉપલબ્ધ છે. સ્થાનિક લોકકથાઓ અનુસાર આ વિસ્તાર અજાણ્યા હવાઈ પદાર્થોનું ફેવરિટ હોટસ્પોટ છે. અહીં આકાશમાં તેજસ્વી અને ઝડપી ગતિએ હલનચલન કરતી લાઇટ્સ જોવા મળ્યાની ઘણી વાતો થાય છે.

બીજી દંતકથા મુજબ આ સ્થળ રાજા રાવણ સાથે સંકળાયેલું છે. કહેવાય છે કે અહીં રાવણનું ઉડતું યાન (દંડુ મોનારા) ઊતરતું હતું. એક મત મુજબ આ પહાડ કદાચ પ્રાચીન કે અદ્યતન કે હવાઇપટ્ટી યાની એરસ્ટ્રિપ હોઈ શકે અને એ પણ પરગ્રહવાસીઓની!

આ અનોખા સ્થળે પુરાતત્ત્વીય શોધો પણ થઈ છે. અહીં ઈ.સ. પૂર્વે બીજી સદીની ૫૦થી ૭૦ પ્રાચીન, પૂર્વઐતિહાસિક ગુફાઓ મળી છે. સંશોધકોએ આ ગુફાઓમાં ભેદી-રહસ્યમય પ્રાચીન શિલાકોતરણી શોધી છે. અમુક લોકો માને છે કે આકારો પરગ્રહવાસી કે ઊડતી રકાબીના છે.

જ્યાં એલિયન્સે કદી પગ મૂક્યા હોઇ શકે એવી રોમાંચક કલ્પનાના ધણી જેવી જગ્યા પર જવું છે? તો હાઈકિંગ કરવું પડે. એ કામ મોટે ભાગે કાંદેગામા રાજમહા વિહારયાથી શરૂ થઈ શકે. ટોચ સુધી પહોંચતા અંદાજે ૪૫ મિનિટ થાય. આ સ્થળ એકસાથે હાંસલ થાય છે કુદરતી સૌંદર્ય, રહસ્યમય વાતાવરણ, સમૃદ્ધ સ્થાનિક લોકકથા અને ઐતિહાસિક દિલચસ્પીનું કોકટેલ. ■

# અખબારી ભવિષ્ય ક્યારેય ખોટું હોતું નથી...!

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

અમારી રાશિ વૃષભ છે. વિશ્વમાં ઘણા બધા લોકો આ રાશિ ધરાવતા હશે, પણ છાપામાં છપાતું આ રાશિનું ભવિષ્ય અમે ધ્યાનપૂર્વક અને રસપૂર્વક વાંચીએ છીએ. જોકે જુદા જુદા છાપામાં અમારું ભવિષ્ય જુદું જુદું લખાયું હોય છે, તે છતાં અખબારી ભવિષ્યકથનમાં અમને ભારે શ્રદ્ધા છે.

અમારી આર્યા ઉર્ફે ભાર્યા પણ, પોતાના ભવિષ્ય કરતાં, અમારા ભવિષ્યની વધુ ચિંતા કરે છે. જે દિવસે છાપામાં લખ્યું હોય કે ફલાણી તારીખે અકસ્માતનો યોગ છે એ દિવસે તે બાથરૂમ બબ્બે વખત ઘસીને સાફ કરે છે જેથી અમે બાથરૂમમાં આકસ્મિક રીતે લપસી ન પડીએ.

આજના છાપામાં વાંચ્યું કે, આ દિવસોમાં ગમે તે ક્ષણે ગમે તે બની જાય તો ડઘાઈ ન જતા, એટલે અમે નક્કી કર્યું કે, ગમે તે થાય પણ અમારે ડઘાવું તો નહીં જ... એક મિત્રને ફોન જોડ્યો તો રોંગ નંબર આવ્યો. એક ટેલિફોન કંપની જે એવી છે કે જે ખોટું થયાના પૈસા પણ વસૂલ કરે છે. ત્રણ વખત પ્રયત્ન કર્યો છતાં રોંગ નંબર મળ્યો. છેલ્લી વાર ફોનના સામે છેડેથી ગુસ્સામાં કહેવામાં આવ્યું: ‘ઈડિયટ! આ પાગલખાનાનો નંબર છે.’ એટલે પછી ઈડિયટે ફરીવાર પ્રયત્ન કરવાનું છોડી દીધું. બુ શર્ટ પહેરવા જતાં બે બટન તરત જ તૂટી ગયાં. આગાહી યાદ આવી ગઈ. લખ્યું હતું કે નહીં ધારેલું બનશે, પણ ડઘાવું નહીં. નક્કી કર્યા પ્રમાણે અમે ન ડઘાયા... બૂટ પહેરવા જતાં બૂટની દોરી તૂટી ગઈ. હવે! પછી ચંપલ પહેર્યાં તો ચંપલની પટી તૂટી ગઈ. એકતાલીસ કિકો મારવા છતાં સ્કૂટર ચાલ્યું નહીં. સ્કૂટર ઘેર છોડી રિક્ષા મેળવવા માટે રસ્તા વચ્ચે અમે હાથ લાંબા કરતા ઊભા રહ્યા. પણ એકેય રિક્ષાવાળો રિક્ષા ઊભી રાખતો નહોતો. બધા જાણી ગયા હશે કે આજે અમારા ગ્રહો સારા નથી! માંડ એક રિક્ષા મળી, રિક્ષાવાળાએ સાતને બદલે દસ રૂપિયા માગ્યા. અમે તેને જણાવ્યું કે અમારા આજના ગ્રહો ખરાબ છે. મંગળ સિંહ રાશિમાં પ્રવેશવાને પરિણામે શનિ-હર્ષલ સાથે કેન્દ્રયોગ થાય છે. એટલે આજે મારે તારી સાથે મારામારી નથી કરવી, માત્ર જીભાજોડી જ કરીશ. લાંબી રકઝકના અંતે તે એક રોકડો રૂપિયો પાછો આપી ચાલી ગયો. રૂપિયો ખોટો હતો.

મનમાં જાતજાતના વિચારો આવવા લાગ્યા. ઑફિસમાં બેસી ટી.વી. શરૂ કર્યું તો તેમાં આડાઊભા પટ્ટા આવવા માંડ્યા. આ અંગે ટી.વી. મિકેનિકને બદલે જ્યોતિષી મિત્રને પૂછતાં તેણે માહિતી આપી કે આપણા ગ્રહોની અસર આપણા ટી.વી. જ નહીં, ફ્રીઝ પર પણ પડે છે. અમે ફ્રીઝ ખોલી જોયું તો જ્યોતિષીની વાત સાચી નીકળી. આજનો બરફ ગઈકાલના બરફ કરતાં ઓછો ઠંડો હતો, કૂલિંગ પર ગ્રહોની અસર પડી હતી.

ચુનીબાબુના ગલ્લેથી પાન ખાધું તો ચૂનો લાગી ગયો, ને મોંમાં તરત જ ચાંદી પડી ગઈ. ચન્દ્ર વક્રી બનવાને કારણે આમ થયું.

એક સ્ત્રી અને પુરુષ રસ્તા વચ્ચે લડતાં હતા. વચ્ચે પડીને એ બંનેને છોડાવવા જતા ખબર પડી કે તે પતિપત્ની છે. અમારા હાથે વાગી ગયું. પતિપત્ની કાતરનાં પાંખિયા જેવાં છે, આ બંનેની વચ્ચે આવનાર વેતરાઈ જાય છે એ ઉક્તિ યાદ આવી. હાથે કરીને અમે હાથે વગાડી બેઠા. ખિસ્સામાં પડેલ અમારા અઠવાડિક ભવિષ્યનું કટિંગ અમે કાઢ્યું, વાંચ્યું. તેમાં સ્પષ્ટપણે લખ્યું હતું કે પારકી ઉપાધિમાં પડવું નહીં. નુકસાન થવાનો યોગ છે. માત્ર વકીલોને જ પારકી ઉપાધિમાં પડવાથી નુકસાન જવાને બદલે લાભ થતો હોય છે.

અમે હેરકટિંગ સલૂનમાં દાઢી કરાવવા ગયા. નવા કારીગરની બેદરકારીને કારણે અસ્ત્રો વાગી ગયો, લોહી નીકળવા માંડ્યું. કારીગર પર ગુસ્સે થઈ જતાં અમે પૂછ્યું: ‘તું હજામ છે કે - ’

‘સાહેબ, હજામ જ છું.’કારીગરે પોતાનો બચાવ કરતાં કહ્યું: ‘પણ મારી ‘આપની આજ’માં લખ્યું છે કે મારા હાથે આજે સત્તર જણા ઘવાવાનો યોગ છે. તમારો નંબર બારમો છે. મારા ક્વોટામાં હજી પાંચ જણા ખૂટે છે.’ અમે અમારું ભવિષ્ય વાંચ્યું તો તેમાં પણ લખ્યું હતું કે શસ્ત્ર-અસ્ત્રથી ખાસ સંભાળવું. પ્રૂફરીડરની ભૂલને કારણ અહીં અસ્ત્રાને બદલે અસ્ત્ર છપાઈ ગયું હશે, બાકી અખબારી ભવિષ્ય ક્યારેક ખોટું નથી હોતું.

અમારા ભવિષ્યમાં લખ્યું હતું, લોકો તમારી ઈર્ષ્યા કરશે. બજારમાં લીંબુ લેવા અમે ઊભા રહ્યા અને ખિસ્સામાં હાથ નાખ્યો ત્યારે ખબર પડી કે કોઈ ખિસ્સાકાતરુએ અમારા ખિસ્સા પર પોતાનો હાથ ફેરવી પાકીટ તફડાવી લીધું હતું. અમારા ખિસ્સાની તેને ઈર્ષ્યા આવી હશે. અમારા ખિસ્સામાં પાકીટ જોઈને તેના ખિસ્સામાં પાણી છૂટ્યું હશે.

રાત્રે એક મિત્રને ત્યાં જઈ તેને ટી.વી. ચાલુ કરવાની ફરમાઈશ કરી. તેણે ટી.વી. ચાલુ કર્યું. અમારા નબળા ગ્રહોની અસર છેક તેના ટી.વી. સુધી પહોંચી ગઈ હોય કે ગમે તે કારણ હોય, પણ ટી.વી.માં વડા પ્રધાન જોવા મળ્યા. તેમની આંખમાં અગાઉ કરુણા છલકતી દેખાતી હતી, એ આંખમાં આજે કૌટિલ્યચમક ડોકાવા માંડી, એટલે મિત્રને વિનંતી કરી કે, ભાઈ, જલદી બંધ કરી દે. આજનો દિવસ મારા માટે સારો નથી.

પત્નીએ રાતના ભોજનમાં રસપૂરી કર્યાં હતા. કેરીની સિઝન નહીં હોવાથી કેરીનો તૈયાર ડબ્બો મંગાવ્યો હતો. રસ ખાધો તો તેમાં કેરીનું એસેન્સ હતું, પણ રસ પપૈયા ને કોળાનો મિક્સ હતો. આમ કેમ થયું એ જોવા અમે આજના અખબારનું અમારા ભવિષ્યનું કટિંગ કાઢી વાંચ્યું તો તેમાં ચોખ્ખું લખ્યું હતું: ‘ધાર્યું ફળ નહીં મળે...’ બોલો, હવે...!■

# મોલડીએ મેમાન, અસુરો અહીં આવીશ નહીં, ધરાઈને ખાજે ધાન, પણ પાણી માગીશ નહીં

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

અરબી ભાષાની એક પ્રચલિત ઉક્તિ છે ‘મીઠા વગરનું ભોજન લૂખું, કહેવત વગરનું બોલવું લૂખું.’ કહેવતની હાજરી ન હોય એ ભાષા નીરસ કે કંટાળાજનક લાગે. એમાં માધુર્ય ન હોય, એનું આકર્ષણ પણ ઓછું હોય. કહેવતને કારણે લોકબોલીના સૌંદર્યમાં વધારો થાય છે. કહેવતો પાછળ કથા હોય છે અને એ કથા જાણ્યા પછી ભાવાર્થ ઓળખ્યા પછી ભાષા પ્રદેશના વૈભવથી વધુ પરિચિત થવાય છે. આપણી ભાષામાં સ્થળ સંબંધી ઘણી કહેવતો છે. તાપી નદી કિનારે વસેલા સુરત વિશે ઘણી કહેવતો પ્રચલિત છે. સૌથી વધુ જાણીતી કહેવત છે **સુરતનું જમણ અને કાશીનું મરણ.** અહીં સ્થળની વિશેષતા દર્શાવાઈ છે. સુરતના ભોજનની ખ્યાતિને ખાતર આપતી બીજી પણ એક કહેવત છે કે **સુરતના વેંગણ માટે તો દેવ તરસે છે.** મતલબ કે સુરત જેવા રીંગણ ક્યાંય મળે નહીં. અમરેલી જિલ્લાના સાવર અને કુંડલા એ બે ગામથી બનેલા સાવરકુંડલા તાલુકાના મોલડી ગામ વિશે એક કહેવત જાણવા જેવી, માણવા જેવી અને માણ્યા પછી સમજવા જેવી છે. આવી કોશિશ ભાષા જ્ઞાન વધારવામાં મદદરૂપ થાય છે. પાણીની ખેંચને કારણે બનેલી આ કહેવત છે **મોલડીએ મેમાન, અસુરો અહીં આવીશ નહીં, ધરાઈને ખાજે ધાન, પણ પાણી માંગીશ નહીં.** સૌરાષ્ટ્રના મોલડી ગામમાં તાજેતરના વર્ષોમાં ભારે વરસાદને કારણે ખેતરો ધોવાઈ જવાથી ખેડૂતોને પારાવાર નુકસાન થયું હોવાની ઘટના બની છે. જોકે, એક સમય એવો હતો કે આ ગામના લોકો પાણી માટે વલખાં મારતા. કેવી તીવ્ર અછત હશે કે અસુર એટલે કે દાનવ પણ અહીં મહેમાન બની પધારે નહીં



એવી અરજ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનો પ્રદેશ એટલે આગતાસ્વાગતા - મહેમાનગતિનું તો કહેવું જ ન પડે. એટલે આગળ કહ્યું છે કે ઈચ્છા હોય એટલું, ઓડકાર આવી જાય એટલા ભાવતા ભોજન આરોગજે, પણ જમણ કરી લીધા પછી પીવા માટે પાણી ન માગવું કારણ કે ના પાડવી પડશે અને આવનારને ના પાડવી એ સૌરાષ્ટ્રના સ્વભાવમાં નથી.

## લોકબોલીના રત્નો

દક્ષિણ ગુજરાતની કેટલીક આગવી લાક્ષણિકતા માન્ય ગુજરાતીની સરખામણીએ અલગ જોવા મળે છે. અહીંની બોલીના કેટલાક શબ્દપ્રયોગો ઊડીને આંખે વળગે છે. જેમ કે છોકરો કે છોકરી માટે પોયરો કે પોયરી વપરાય છે. ડોહો - ડોહી અપમાનાસ્પદ શબ્દ નથી ગણાતા બલકે પ્રેમથી માતા - પિતા માટે વાપરવાનું ચલણ છે. દક્ષિણ ગુજરાતમાં અનાવિલની વસતી બહોળી. અનાવિલ દેસાઈ જમાઈ માટે નાયક જ્યારે અન્ય અનાવિલો તેમ જ અન્ય જ્ઞાતિના લોકોમાં જમાઈ માટે પટેલ શબ્દનું ચલણ છે. અહીં દાદા આજા અથવા આજાબાપા તરીકે સંબોધિત થતા હોય છે. આગળ - પાછળ માટે અગાડી - પીછાડી જેવા શબ્દો હોય છે જે સાંભળવામાં ખૂબ મીઠા લાગે છે. બોલકી ભાષામાં હા માટે ઓવે, હશે માટે ઓહે અને હઈશ માટે ઓવા તેમ જ હું માટે મેં જેવા શબ્દો પ્રચલિત છે. એટલે તમને કોઈ એમ કહે કે ‘ઓવે મેં ઘેરમાં જ ઓવા’ એનો અર્થ ‘હા, હું ઘરમાં જ હઈશ’ એમ સમજવું.

## दोनच्या म्हणी


દરેક ભાષાના રૂઢિપ્રયોગ - કહેવતમાં એના ભાવ અનુસાર પ્રતીક - પદાર્થનો ઉપયોગ જોવા મળે છે. **पडलेले शेण माती घेऊन उठते** કહેવતમાં શેણ એટલે છાણ - ગોબર. એ જમીન પર પડ્યા પછી ઉપાડવામાં આવે ત્યારે થોડી માટી એને ચોંટી જતી હોય છે. મતલબ કે સજ્જન માણસ પર દોષારોપણ થયા પછી ગમે એટલું એનું નિવારણ કરે, એની પ્રતિમા સંપૂર્ણપણે સ્વચ્છ નથી થતી. સહેજ ડાઘ રહી જાય છે. **पळणाऱ्यास एक वाट, शोधणाऱ्यास बारा वाटा** કહેવતનો શબ્દાર્થ છે નાસી જનારની એક કેડી હોય છે, પણ એને શોધવા માટે બાર રસ્તે તપાસ કરવી પડે છે. મતલબ કે કપટ કરવું આસાન હોય છે, પણ એનું આળ પોતાને માથે ન આવે એની તકેદારી રાખવી સહેલી વાત નથી. **पाय धू तर म्हणे तोडे केवढ्याचे** કહેવતનો મર્મ સમજવા જેવો છે. સોંપેલું કે કરવાનું કામ છોડીને કે પડતું મૂકીને ન કરવાના કામ કરવાની કોશિશ કરવી - ઈચ્છા થવી એ એનો ભાવાર્થ છે. **पुराणातील वानगी पुराणात** પ્રયોગ કાળની વ્યાખ્યાને સ્પષ્ટ કરે છે. આ દુનિયામાં શાશ્વત બાબત બહુ ઓછી હોય છે. સમય બદલાય એ સાથે પ્રકૃતિ - પરંપરા બદલાયા કરે. એટલે વર્તમાન સમયમાં પ્રાચીન કાળના ઉદાહરણ ખરા ન ઉતરે એ દર્શાવવા આ રૂઢિપ્રયોગ વપરાય છે. **फासा पडेल तो डाव, राजा बोलेल तो न्याय** સમજવા જેવી કહેવત છે.

ચોપાટની રમતમાં જેના પાસા પોબાર પડે એ દાવ જીતી જાય. એ જ રીતે રાજા કરે એ ન્યાય એમ કહેવાય છે. રાજાનું કામ, એની જવાબદારી ન્યાય કરવાની હોય છે. પરિણામે રાજાએ જે ન્યાય કર્યો હોય એ પ્રજાના હિત માટે, એના કલ્યાણ માટે જ હોય એવી માન્યતા હોવાથી ન્યાય મન વિરુદ્ધનો હોવા છતાં એનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી હોતો.

हिंग्लिश VINGLISH

# एक शब्द के कई अर्थ
# One Word, Many Meanings

હિન્દી ભાષામાં પણ અન્ય ભાષાની જેમ એક શબ્દના એકથી વધુ અર્થ હોય એવા ઉદાહરણો ઉપલબ્ધ છે. અહીં પણ વપરાશ અનુસાર એના અર્થનો ખ્યાલ આવે છે. **जब एक ही शब्द के दो या अनेक अर्थ होते हैं, तो उसे अनेकार्थी शब्दों की श्रेणी में रखा जाता है।** જ્યારે એક જ શબ્દના બે અથવા વધુ અર્થ થતા હોય તો એ શબ્દો અનેકાર્થી શબ્દો તરીકે ઓળખાય છે. ઉદાહરણ અને એના પરથી બનેલા વાક્યો પરથી આ વાત એકદમ સ્પષ્ટ થઈ જશે. **जड शब्द के दो अर्थ होते हैं. एक अर्थ होता है मूर्ख और दूसरा है पेड की जड.** જડ શબ્દના બે અર્થ થાય છે, એક અર્થ છે મૂર્ખ. અજ્ઞાન, જાડી બુદ્ધિનું, ઠોઠ, ઝટ સમજી શકે નહીં એવું, કમઅક્કલ, મંદબુદ્ધિ વગેરે એના ગુજરાતી ભાષાના સમાન શબ્દો છે. ભરત રાજાના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. આ ભરત રાજા બ્રાહ્મણ અવતારમાં પણ કોઈનો સંગ ન થાય તેમ વર્તતા અને તેથી જ પોતે ઉન્મત્ત, જડ, આંધળા તથા બહેરા માફક રહેવા લાગ્યા. આકારણસર તેમનું નામ જડભરત પડ્યું. એના પરથી જડભરત જેવું એટલે એકને એક ઠેકાણે જડવૃત્તિ રાખીને બેસી રહેનાર, મૂઢ, ઝાઝું બોલે ચાલે નહિ અને બેસી રહે એવું એ અર્થ અસ્તિત્વમાં આવ્યા. **वह लडका बहुत जड है जो सीखने में दिलचस्पी नही लेता** એ છોકરો જડ છે, નવું શીખવામાં એને કોઈ રુચિ નથી હોતી. **दूसरा अर्थ पेड की जड के संदर्भ में है.** ગુજરાતીમાં મૂળનો છેલ્લો નાજુક મર્મ ભાગ કે મૂળિયું જડ કહેવાય છે. **पेड की जडें मिट्टी में गहराई तक फैली होती हैं जो उसे मजबूती देती हैं।** વૃક્ષના મૂળિયાં જમીનમાં ઊંડે સુધી ફેલાયેલા હોય છે અને એને કારણે વૃક્ષને મજબૂતી મળે છે. **नींव मजबूत होना भी कहते हैं, एक मजबूत हैं. एक मजबूत नींव ही किसी इमारत को स्थायी बनाती है । शिक्षा हमारे जीवन की नींव होती है.** મજબૂત પાયો ઈમારતને સક્ષમ બનાવે છે. શિક્ષણ આપણા જીવનમાં પાયાનું ઘડતર કરે છે.



એક જ શબ્દ અનેક અર્થ ધરાવતો હોય ત્યારે એને ભાષામાં વાપરતી વખતે ખૂબ સજાગ રહેવું પડે. અન્યથા અર્થનો અનર્થ થવાની સંભાવના ભારોભાર હોય છે. એવું બની શકે કે **NEED CHANGE** માં તમે બદલાવની વાત કરતા હો અને સામેની વ્યક્તિ છૂટા પૈસા સમજી બેસે. બે ઉદાહરણ જોઈએ.

**DATE** નો બહુ જ જાણીતો અર્થ છે તારીખ. **What is your DATE of birth ?** મતલબ કે તમારી જન્મ તારીખ કઈ છે? જોકે, આ જ **DATE** રણ પ્રદેશમાં ફળ - ખજૂર બની જાય છે. **People cherish DATES in winter.** શિયાળામાં ખજૂર ખાવાનો આનંદ લેવા જેવો છે. ખજૂર ખાવામાં બહુ આનંદ આવે તો દિલમાં વસી ગયા એમ કહો ને? આજના સમયમાં **DATE**નો અર્થ યંગ બોય્ઝ અને ગર્લ્સની રોમેન્ટિક મુલાકાત તરીકે વધુ જાણીતો છે. **Nowadays children talk to their parents about their DATE.** આજકાલ છોકરા - છોકરીઓ પોતાની રોમેન્ટિક મુલાકાતની વાત પેરેન્ટ્સ સાથે શેર કરવા લાગ્યા છે. અલબત્ત આ જ DATE જૂનવાણી પણ બની જાય છે. **Not to DATE myself, but I remember radio shows when I was young.** હું જૂનવાણી નથી, પણ જુવાનીમાં રેડિયો કાર્યક્રમ મને સાંભળવા બહુ ગમતા હતા.

બીજો શબ્દ છે **LEAVE.** એનો બહુ જ જાણીતો અર્થ છે છોડીને જવું કે નીકળી જવું. **LEAVE my house immediately.** તાબડતોબ મારા ઘરમાંથી નીકળી જા. હવે મજા જુઓ. આ જ શબ્દ રહી જશે એવો આડકતરો અર્થ પણ ધારણ કરે છે. The ink will LEAVE a stain on my shirt. શાહીનો ડાઘ મારા શર્ટ પર રહી જશે. આ શબ્દનો અર્થ રજા એવો પણ થાય છે. **I need to work more for 15 days as my colleague is on LEAVE.** મારે ૧૫ દિવસ વધારે કામ કરવું પડશે. કારણ કે મારો સાથી રજા પર છે. **The delivery boy LEAVES parcels with neighbours if we are not at home.** અહીં આ શબ્દનો અર્થ મૂકી જવું એવો થાય છે. અમે ઘરે ન હોઈએ ત્યારે ડિલિવરી બોય પાર્સલ પાડોશીને ત્યાં મૂકી જાય છે. ■

# આ તે કેવો ખેલ?

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

‘મનોજભાઇ, તમે આવું કેમ કરી શકો?’ રાધારાણીએ મનોજને ખખડાવી નાખ્યો. પાણીથી પાતળો કરી નાખ્યો. મનોજ શોપિંગ સેન્ટરમાં કૂકર રિપેરિંગ કરવાનો ગલ્લો ધરાવતો હતો.

‘પણ પણ.’ મનોજ કંઇક બોલવા મથતો હતો. રાધારાણીના આક્રમણે તેને હતપ્રભ કરી દીધો.

‘તમે ચિટર છો, તમે લાયર છો...’ રાધારાણી પેલા બિચારા બાપડા પર એકે-૪૭ ની જેમ ફાયર કરી રહ્યા હતા.

‘પણ બેનબા મારી મા...’ મનોજ એટલું જ બોલ્યો.

‘કોને મા કહો છો ? હું માજી ફાજી કે ભાજી છું? હું મણિબહેન છું? હું તો છેલ્લા પંદર વરસથી ફેવિકોલની જેમ પચાસ વરસ પર ચોંટી ગઇ છું. પાંત્રીસની દેખાવા દર મહિને પાંચ હજાર રૂપિયા બ્યુટી પાર્લરવાળીને સળગાવું છું. ખબરદાર, મને મા કે બેન કહ્યું છે. તારે મને મેડમ કહેવાનું.’ રાધારાણીએ ફાયરિંગ ચાલુ રાખ્યું.

‘સોરી બેનબા. સોરી, મેડમ.’ મનોજે ભૂલ સુધારણા કરી.

‘મેં તમને કંઇક રિપેર કરવા આપ્યું હતું.’ રાધારાણીએ શું રિપેરિંગ માટે આપેલ તે અધ્યાહાર રાખ્યું.

‘તમે શું રિપેર કરવા આપ્યું હતું?’ મનોજે પૂછ્યું.

‘તમે જ યાદ કરોને? તમારી મેમરી તો બહુ સારી છે ને?’ રાધારાણીએ ચીમટો ભર્યો.

‘મેડમ, મારે ત્યાં ઘણા બધા ઘણું બધું રિપેર કરવા મૂકી જતા હોય છે.’

‘તમારે યાદ પણ રાખવું જોઇએ ને? મેં રિપેર કરવા આપેલ મિક્સચર કોઇ બીજી વીસનોરીને પધરાવી દો તો મારે તો ગોળના પાણીએ રડવાનો વારો આવે કે નહીં?’ રાધારાણીએ શક્યતા દર્શાવી.

‘તમે શું રિપેર કરવા આપેલ?’ મનોજે ફરી પૂછ્યું.




‘મનોજભાઇ. મને મારો પતિ એટલે કે ઘરવાળો અઢળક પ્રેમ કરે છે.’ રાધારાણીએ તારીફનો પુલ બાંધવાની શરૂઆત કરી.

‘મેડમ, રિપેરિંગની વસ્તુમાં તમારા હસબન્ડનો પ્રેમ કયાંથી વચ્ચે આવ્યો?’ મનોજને રાધારાણીની વાત પલે પડી નહીં.

‘મનોજભાઇ, મારા ગોરધને મને પ્રેમના પ્રતીકરૂપે તાજમહેલ નહીં, પરંતુ, પ્રેશર કૂકર ભેટ આપેલું.’

‘મેડમ, ધંધાનો સમય છે. નકામી વાતો કરી મારો ટાઇમ ખોટો ન કરો.’ મનોજે વિનંતી કરી.

‘મારા પતિએ ભેટમાં આપેલ પ્રેશર કૂકૂરનું ઢાંકણું રિપેર કરવા આપેલ. ઢાંકણ રિપેર થઇ ગયું હોય તો મને પાછું આપો. મારા પતિ માટે મારે કૂકરમાં કઢી બનાવવી છે.’ રાધારાણીએ શું રિપેર કરવા આપ્યું હતું તેનો ફોડ પાડ્યો.

‘મેડમ પ્રેશર કૂકરનું ઢાંકણ કેવું હતું?’

‘મનોજભાઇ, ઢાંકણ રિપેર કરવા આપ્યું ત્યારે તો ચોરસ હતું. પછી કદાચ ત્રિકોણ કે લંબચોરસ થઇ ગયું હોય તો ખબર નથી.’

‘મેડમ, પ્રેશર કૂકર બનાવતી કંપની કૂકરના ઢાંકણ ગોળ જ બનાવે છે. તો પછી તમારું ઢાંકણ ચોરસ કેવી રીતે હોય?’ મનોજે સ્ક્રૂ ડ્રાઇવરથી માથું ખંજવાળ્યું.

‘તમે વાહિયાત સવાલ પૂછો છો તો જવાબ પણ વાહિયાત જ મળે કે નહીં?’ રાધારાણીએ ઇંટનો જવાબ પથ્થરથી આપ્યો.

‘મેડમ, મારો સવાલ પ્રેશર કૂકરના ઢાંકણનો ન હતો. તમારું ઢાંકણ એલ્યુમિનિયમ કે સ્ટીલનું હતું એમ હું પૂછતો હતો.’

‘તમે મને મારા પ્રેશર કૂકરનું ઢાંકણું પરત આપી દો એટલે મારું કામ પતે. મને કાંઇ ‘મહાભારત...મહાભારત ’ ખેલવાનો શોખ નથી.’

‘મેડમ સામે, કોથળામાં રિપેર થવા આવેલા પ્રેશર કૂકરના ઢાંકણા છે. તેમાંથી તમારું ઢાંકણ ગોતી લો. મહેરબાની કરીને કઠિયારાની વાર્તા જેવું ન કરતા. હું તો મામૂલી રિપેરર છું. હું સોના-ચાંદીના ઢાંકણા આપી શકીશ નહીં.’ મનોજે મજાક કરી.

એક કોથળામાં વળી ગયેલા, બગડેલા, મેલાઘેલા ઢાંકણા ભરેલ હતા. કોઇ ઢાંકણાનું ગાસ્કેટ બદલવાનું હતું. કોઇને સેફટી વાલ્વનો પ્રોબ્લેમ હતો. કોઇની સીટી બગડેલી હતી. કોઇમાં હવા નીકળી જતી હતી. કોઇ કૂકર સાથે ફીટ બેસતું ન હતું. રાધારાણીએ કોથળામાંથી તમામ ઢાંકણા કાઢ્યા, પરંતુ, જે ઢાંકણ પર ‘ગિરધરલાલ’ લખેલ હતું તે ઢાંકણ મળ્યું નહીં.

‘મનોજભાઇ, આમાં મારું ઢાંકણું નથી.’ રાધારાણીએ ફરિયાદ કરી.

‘મેડમ, વીસ વરસ જૂના કૂકરના ઢાંકણને કોઇ બહેન ભૂલથી લઇ ગઇ હશે. હવે, હું પાછું કેવી રીતે લાવી શકું? મારી પાસે એનો ફોન નંબર, સરનામું પણ નથી.’ મનોજે લાચારી દર્શાવી.

‘હવે મારે શું કરવાનું? મારો વર તો મને મારી નાંખશે. એણે મને પ્રેમથી કૂકર ભેટ આપેલ. જેની હું હિફાજત કરી શકી નહીં.’ રાધારાણી રડમસ થઇ ગઇ.

‘મેડમ, જૂના ઢાંકણના રોદણા રોવા કરતાં નવું પ્રેશર કૂકર લઇ લો.’ મનોજે નવો દાવ નાખ્યો. હકીકતમાં મનોજનો પ્રેશર કૂકર રિપેર કરવાના ધંધો તો નામનો જ હતો. વાસ્તવમાં, મનોજ પ્રેશર કૂકર વેચવાનો પણ ધંધો કરતો હતો. રિપેરિંગ માટે આવેલ ઢાંકણા જાણીજોઇને આડાઅવળા કરી નાખતો. ગ્રાહકોને ધક્કા ખવડાવતો હતો. પછી નવું પ્રેશર કૂકર લેવાનું કહી દેતો.

‘હું નવું પ્રેશર કૂકર લઇ લઉં, પરંતુ, મારા જૂના ઢાંકણાની કિંમત કૂકરની કિંમતમાંથી બાદ કરી આપવી પડશે.’ રાધારાણીએ દરખાસ્ત કરી. મનોજ તેના માટે તૈયાર ન હતો. મનોજ ઝઘડો કરવા માંડ્યો.

‘રાણા સાહેબ, હું મિસિસ ગિરધરલાલ ગરબડીયા બોલું છું. મારા પતિ ‘બખડજંતર’ ચેનલના ચીફ રિપોર્ટર છે. એણે તમારો નંબર આપ્યો છે. મારે તમારા મદદની અર્જન્ટ જરૂર છે.’ એમ કહીને બધી વાત કરી. રાણા તરત મનોજને પોલીસ સ્ટેશન લઈ આવ્યા.

‘સાલી, પોલીસની કંઇ ડ્યૂટી છે એ જ ખબર પડતી નથી. નેતાના રોડ શો કે કાર્યક્રમમાં વીઆઇપી બંદોબસ્ત, તાજિયાના ઝૂલૂસ, કથાની પોથી, કોઇ મંત્રીની ભેંસ શોધવાની, આઇએસના કૂતરા શોધવાના, નાના છોકરા અંકલ અમારી સાઇકલ શોધી આપો એમ કહે એટલે સાઇકલ શોધવાની, કોઇ નેતાને ચપ્પલ પહેરાવવાના, કોઇ પૂર્વમંત્રીના ખોવાયેલ ચશ્માં શોધવાના. બાકી રહ્યું તો પ્રેશર કૂકરના ઢાંકણાનું નવું કૂકર ખરીદવા માટે ડિસ્કાઉન્ટ અપાવવાનું?’ રાણા સાહેબ માથું પકડીને બબડતા રહ્યા અને પછી રૌદ્ર સ્વરૂપ કરીને કહ્યું : ‘ઓ મનોજભાઈ, આ મેડમના ઢાંકણાંનું વળતર ચૂકવી દો, નહીંતર...!’

ઉમેરવાની જરૂર નથી કે અમારાં રાધારાણી નવા કૂકર સાથે હસતાં મોઢે ઘેર પરત ફર્યાં....! ■




# ટીપે ટીપે સરોવર ભરાય એનું નામ બચત!

જૂઈ પાર્થ
feedback@bombaysamachar.com

પરિવર્તન એ જીવનનો નિયમ છે. તે ધાર્મિક, સામાજિક અને આર્થિક કોઈપણ ક્ષેત્રે હોઈ શકે છે. જીવનશૈલી, મોંઘવારી, સામાજિક ધારાધોરણો, કમાણી જેવી દરેક બાબતમાં પરિવર્તન આવે જ. ભલે રૂપિયો સર્વસ્વ ના હોય, પરંતુ ગુજરાન ચલાવવા માટે, સારી રીતે રહેવા માટે તેની જરૂરિયાત નકારી પણ ન જ શકાય. પૈસાની જરૂર ક્યાં નથી પડતી રાજા રજવાડાથી હાલનાં સમય સુધીમાં વૈશ્વિક સ્તરે કેટલીયે આર્થિક ચડતી પડતી મંદી આવી હશે. તેમ છતાંય વિશ્વમાં નાણાકીય વહેવારો ચાલુ જ રહ્યા છે. જે તે દેશની અર્થવ્યવસ્થા અને આર્થિક સ્થિતિ પરથી તે દેશનાં નાગરિકોની ખર્ચ કરવાની ક્ષમતા નક્કી થાય છે. જેટલું કમાઈએ એટલું ખર્ચી નાખીએ તો જે દિવસે ના કમાયા તે દિવસનું શું?

આ દિવસે સમયાંતરે કરેલી બચત કામમાં આવે છે. જીવનની મૂળભૂત જરૂરિયાત - ખોરાક માટે પણ છેવટે પૈસા તો જોઈએ જ છે. દૈનિક આવક પર જીવનારા લોકોને જે દિવસે આવક નથી થતી તે દિવસે બચત તેમને બચાવે છે.

આપણે સૌએ બચતનો સૌથી મોટો લાભ જોયો હોય તે સમય હતો કોવિડનો. આ મહામારી જ્યારે વિશ્વભરમાં ફેલાઈ રહી હતી, લોકડાઉન હતું, ના કામે જઈ શકાય કે ના કામ મેળવી શકાય આવા સમયે જે લોકોએ બચત કરી હતી તેઓનો આ કપરો સમય નીકળી ગયો હતો.

**-તો આ બચત શું છે?**

બચત એટલે પોતાની દૈનિક, માસિક કે વાર્ષિક આવકમાંથી થોડો ભાગ ના વાપરીને બેંકમાં જમા રાખવો કે તે રકમનું રોકાણ સોના ચાંદી, શેર, મ્યુચ્યુઅલ ફંડ, જમીન મકાન વગેરેમાં કરવું એ. સરકાર પણ બચતને મહત્ત્વ આપવા માટે રોકાણની અલગ અલગ યોજનાઓ બહાર પાડે છે, જેનો દરેક નાગરિક લાભ લઈ શકે છે. જો બચત કરવું આટલું જરૂરી છે તો બચત શા માટે કરવી જોઈએ?

કારણ કે બચત કરવાનાં અનેક કારણો અને ફાયદા છે.

શિસ્તબદ્ધ રીતે બચત કરવાની આદતથી સમય જતાં એકસામટી સારી એવી એવી રકમ જમા થઈ જાય છે. આનું

વ્યાજ પણ મળે છે અને સાથે વ્યકિત આર્થિક રીતે જવાબદાર પણ બને છે. બચત કરવાથી નકામા ખર્ચ પર કાબૂ આવે છે. આ ઉપરાંત, બચત કરવાથી નિવૃત્તિમાં મોટો લાભ થાય છે. પોતાની બચતથી જીવન નિર્વાહ માટે કોઈની પાસે હાથ નથી લંબાવા પડતા.

* બચતનાં કારણે કોઈ પણ પ્રકારની કટોકટીમાં રાહત રહે છે.
* બચત કરવાથી નાના મોટા દેવામાંથી બચી શકાય છે.
* બચતનાં કારણે માનસિક સંતોષ તેમજ શાંતિ લાગે છે.
* બચતથી અસાલામતીની જગ્યાએ સલામતીની ભાવના આકાર લે છે.
* બચતનાં કારણે ભવિષ્યની યોજનાઓ વધુ સારી રીતે ઘડી શકાય છે.
* બચત જ છે જેના કારણે આર્થિક સ્વતંત્રતાનો માર્ગ મોકળો બને છે.
* બચત કરવાથી બાળકોનું ભણતર અને ભવિષ્ય પણ ઊજળું કરવામાં મદદ થાય છે.

આ અને આવા બીજા અનેક ફાયદા છે બચત કરવાનાં. વડવાઓ હંમેશાં એક કહેવત કહેતા કે જે રૂપિયો બચાવી શકીએ તે કમાયા બરોબર છે. પહેલાનાં સમયમાં સંયુક્ત કુટુંબમાં પણ રૂપિયાની એટલી અછત નહોતી દેખાતી જેટલી વિભક્ત કુટુંબોમાં અત્યારે દેખાય છે. આપણાં વડવાઓ આપણા કરતાં વધુ બચત કરી શકતાં. તે સમયે જીવન નિર્વાહનો ખર્ચ ઓછો હતો તો સામે કમાણી પણ મર્યાદિત જ હતી. તેમ છતાં બચતની આવડત તેમજ રકમ મોટી હતી, કારણ કે તે સમયે ખર્ચ કરવાની જગ્યાઓ પણ મર્યાદિત હતી. જ્યારે આજે આવક કરતા જાવક વધી છે. ક્રેડિટ કાર્ડના ભરોસે પુષ્કળ ખર્ચ અને દેવુ થાય છે. મોજશોખ પાછળ રૂપિયા ખર્ચાય છે, ક્યારેક તો દેખાદેખીમાં રૂપિયા વેડફાય છે.

આવક અને એક ઘરમાં કમાવાવાળાની સંખ્યા વધવાની સાથે જાવક પણ એટલી જ વધી છે, પરિણામે ધાર્યા જેટલી બચત આજનાં સમયમાં નથી થઈ શકતી. બચત કરવા માટે કોઈ મહેનત કરે છે તો કોઈ દેવુ. અલબત્ત કંજૂસીની હદ સુધી બચત ના જ કરવી જોઈએ કે રોજીંદા જીવનમાં પણ પૈસા બચાવવાનાં લોભમાં વર્તમાન પર વાતે વાતે સમાધાન કરવું પડે. આમ ખર્ચ અને બચતનું ત્રાજવું સંતુલિત કરવું ખૂબ અઘરું છે, પણ અશક્ય નહિ તો બચત વિશે બોલો,

**તમે શું કહો છો?**

ટ્રાવેલ પ્લસ

# ભરતપુરઃ ઈતિહાસ કરતાં પણ વધુ જીવંત પ્રકૃતિ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

હજારો પક્ષીઓના લોહીથી ક્યારેય ખરડાયેલું અને આજે ફરી ફરીને પક્ષીઓનું માનીતું ઘર બની ગયેલું યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ઓળખાતું એક અનોખું સ્થળ છે ભરતપુર રાષ્ટ્રીય ઉદ્યાન. પૂર્વ રાજસ્થાનમાં આવેલું આ ઐતિહાસિક વેટલેન્ડ દુનિયાભરના પક્ષીપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે. તેનું બીજું નામ છે કેઓલાદેઓ ઘના નેશનલ પાર્ક, જેનું નામ પાર્કની અંદર આવેલા કેઓલાંદેવ મહાદેવના મંદિર પરથી પડ્યું છે.

મેં કૃષ્ણને ક્યારેય વાંસળી વગાડતા જોયા નથી પણ એમનું અસ્તિત્વ ક્યાંક તો હશે જ એવું હું વારંવાર અનુભવું છું. ક્યારેક બુલબુલના મધુર ગાનમાં, ક્યારેક લીફબર્ડના કલરવમાં, ક્યારેક પીળકના લાંબા સૂરાંત ગીતમાં અને ક્યારેક લક્કડખોદના કર્ણપ્રિય કોલમાં. શ્રીરામની સૌમ્યતા પણ મેં ક્યારેય આંખે જોઈ નથી, પણ રેશમી રૂની પૂણી જેવા બગલાઓમાં, રોઝી પેલીકનની નાજુક રંગતામાં અને ફ્લેમિંગોની અદ્ભુત ભવ્યતામાં એવું લાગે કે સૌમ્યતાએ જ અહીં સ્વરૂપ ધારણ કર્યું છે.

હનુમાનજીનો સાક્ષાત્કાર ક્યારેય થયો નથી, છતાં અહીંના રિસસ મકાક અને લંગુરને જોતા એ વિશ્વાસ ક્યારેય ડગમગતો નથી કે શક્તિ અને ચપળતાનું કોઈ દૈવી સ્વરૂપ પ્રકૃતિમાં અવશ્ય જીવંત છે. અને આ બધું જ મને એક જ સ્થળે મળ્યું ભરતપુરમાં.

**ભરતપુરઃ ઈતિહાસ કરતાં પણ વધુ જીવંત પ્રકૃતિ**

ભરતપુરનું નામ રાજા શ્રીરામના ભાઈ ભરતના નામ પરથી પડ્યું હોવાનું કહેવાય છે. ઈતિહાસના પાનાં ઉથલાવીએ તો અહીં અનેક રાજવીઓનું શાસન અને સંઘર્ષ જોવા મળે છે. ભરતપુરનો લોહગઢ કિલ્લો દુનિયાભરમાં જાણીતા મજબૂત કિલ્લાઓમાંનો એક છે.

જોકે રાજકીય ઇતિહાસ કરતાં પણ વધુ રસપ્રદ છે અહીંનું જીવંત શ્વાસ લેતું વેટલેન્ડ કેઓલાદેઓ.

હું જ્યારે પ્રકૃતિના આ આકર્ષણથી ખેંચાઈને અહીં પહોંચ્યો, ત્યારે દિવસની શરૂઆત સવારના પાંચ વાગ્યે થઈ. ફતેહપુર સિક્રીના દરવાજા પાસે, હાઇવે પર બસમાંથી ઉતર્યો. આસપાસ આછેરો પ્રકાશ હતો અને આકાશમાં કેસરી ઝાંયવાળી ચૂંદડી જેવી ઊજળી છાયા ધીમે ધીમે ધરા પર પાથરાતી હોય એવો ભાસ થતો.

એ સમયે પક્ષીઓનાં ટોળાં પાર્ક તરફ ઊતરતા હતા બિલકુલ એમ કે જાણે કોઈ વિશાળ ઉજવણીમાં મહેમાનો આવતાં હોય. આખું વાતાવરણ એવું લાગતું કે આજે પક્ષીઓનો કોઈ મોટો ઉત્સવ છે.

**શોખીનોની શિકારભૂમિથી સુરક્ષિત આશ્રયસ્થાન સુધી**

અફસોસની વાત એ છે કે ૧૯મી સદીના અંત સુધી આ જગ્યા રાજા-મહારાજાઓ અને નવાબોના શોખ માટે પાશવી આનંદની શિકારભૂમિ હતી. બ્રિટિશ વાઇસરોયને ખુશ કરવા માટે અહીં દર વર્ષે ડક હંટિંગ ફેસ્ટિવલ યોજાતો.

૧૯૩૮માં ભારતના ગવર્નર જનરલ લોર્ડ લિન્લિથગોએ માત્ર એક જ દિવસે આશરે ૪૨૭૩ પક્ષીઓને ગોળીએ ઠાર માર્યા હતા. અને છેલ્લું હંટિંગ ૧૯૬૦માં ભારતીય આર્મીના સ્ટાફ ચીફ જનરલ જે.એન. ચૌધરી દ્વારા થયું.

**પછી સમય બદલાયો**

૧૯૮૧માં આ સ્થળને ભરતપુર નેશનલ પાર્ક તરીકે જાહેર કરવામાં આવ્યું અને ૧૯૮૫માં તેને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળ્યો. ત્યારથી પક્ષીઓને અહીં સાચું રક્ષણ મળ્યું અને આજે આ જ જગ્યા હજારો પક્ષીઓનું સુરક્ષિત ઘર બની ગઈ છે.

**વિશ્વભરના પ્રવાસી પક્ષીઓનું શિયાળું ઘર**

દર વર્ષે શિયાળામાં અફઘાનિસ્તાન, રશિયા, સાઇબીરિયા, તુર્કિસ્તાન, ચીન અને મોંગોલિયા જેવા પ્રદેશોથી હજારો પક્ષીઓ અહીં આવે છે. અંદાજે ૩૭૫થી વધુ જાતિઓનું આ મેળાવડો ભરતપુરને એક વૈશ્વિક પક્ષીભૂમિ બનાવે છે.

પરંતુ માનવીનું પર્યાવરણમાં અયોગ્ય દખલ કેટલું ભયાનક પરિણામ આપી શકે એનું સૌથી કરુણ ઉદાહરણ છે સાઇબિરીયન ક્રેન.

**સાઈબિરીયન ક્રેનઃ એક દુઃખદ વિદાય**

કદી એક સમય હતો જ્યારે સાઈબિરીયન ક્રેન ભારતમાં ખાસ કરીને ભરતપુરમાં નિયમિત જોવા મળતા. પ્રકૃતિએ આ સ્થળમાં એવા રંગો ભર્યા હતા કે પક્ષીઓએ એને પોતાનું ઘર બનાવી લીધું.

૧૭મી સદીના ચિત્રકાર ઉસ્તાદ મન્સૂરનાં ચિત્રોમાં પણ સાઈબીરિયન ક્રેન અહીં દર્શાવાયેલા મળે છે. ૧૯૬૪-૬૫ દરમિયાન તો લગભગ ૨૦૦ જેટલા ક્રેન અહીં જોવા મળ્યા હતા જેનો ઉલ્લેખ લોરેન્સ એચ. વોકિંશોએ પોતાની પુસ્તક Cranes of the World (૧૯૭૩) માં કર્યો છે.

૯ નવેમ્બર ૨૦૦૧ના રોજ સવારે લગભગ ૮:૩૦ વાગ્યે પાર્કના કેટલાક નેચર ગાઈડને અચાનક સાઈબીરિયન ક્રેનનો કોલ સંભળાયો. સૌ કોઈ આશ્ચર્યમાં આકાશ તરફ જોયું અને ખરેખર એક જોડી પાર્ક તરફ આવતી દેખાઈ. એ દિવસ ખુશીનો હતો પણ એ ખુશી લાંબી નહોતી.





કારણ કે એ જોડી જ ભારત માટે છેલ્લી સાઈબીરિયન ક્રેન સાબિત થઈ. ૨૦૦૧ પછી આજ સુધી ભારતે સાઈબીરિયન ક્રેન ફરી ક્યારેય જોયા નથી.

આ પ્રજાતિ આજે માત્ર બે વિસ્તારોમાં જ બચી છે એક પૂર્વીય ક્ષેત્ર (સાઇબીરિયા-ચીન) અને બીજો પશ્ચિમી ક્ષેત્ર (ઇરાન-કાસ્પિયન કિનારો). ભારત સુધી આવતો તેમનો સ્થળાંતર માર્ગ માણસોના શિકાર અને અવરોધોથી તૂટી ગયો.

**અને આ માટે જવાબદાર છે માણસ**

નજીકના ભવિષ્યમાં ગુજરાતની શાન ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અને બંગાળ ફ્લોરિકન માટે પણ નામશેષ શબ્દ લાગુ પડી જાય તો નવાઈ નહીં.

**સાઇકલ પર ફરતું ભરતપુરઃ જીવંત અનુભવ**

કેઓલાદેઓ ઘના નેશનલ પાર્કમાં મેં દેશ-વિદેશનાં અનેક પક્ષીઓના કરતબ કલાકો સુધી નિહાળ્યા છે. સાઇકલ લઈને પાર્કના ખૂણે ખૂણે ફરવું એટલે પ્રકૃતિને હાથમાં લઈ લેવું. આછેરા સૂર્યપ્રકાશમાં પેડલ મારતા મારતા એક અનોખી સ્ફૂર્તિ શરીરમાં વહેતી અનુભવાતી.

ક્યાંક કોઈ રંગબેરંગી પક્ષી અચાનક નજીકથી ઊડી જાય એવું લાગે જાણે હાય-હેલો કરીને છટકી ગયું હોય.



સાઇકલ આગળ વધે છે અને જમણી તરફ સૂકા ઝાડની ડાળી પર આરામ કરતી ચીબરી દેખાય. કેમેરો ઉપાડું ક્લિક! શરૂઆત જ ગમતા પક્ષીથી થાય એટલે મન ખુશ થઈ જાય.

એક હાથમાં સ્ટિયરિંગ, કમરમાં કેમેરો, પાછળ કેરિયર પર બેગ અને આંખો ચોતરફ પક્ષીઓ શોધતી રહે. થોડીક વારમાં ડાળીઓ વચ્ચે સૂર્યકિરણો ખેલતા નજરે ચઢે અને એ પ્રકાશમાં રિસસ મેકાક અને નાના માંકડાઓની નિર્દોષ મસ્તી દેખાય. વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફીની મારી પ્રેક્ટિસ માટે એ મારો મનપસંદ વિષય છે.

આગળ વેટલેન્ડમાં ભગવી સુરખાબની જોડી પાણીની સપાટી પર આનંદ માણતી દેખાય. થોડી દૂર પેઇન્ટેડ સ્ટોર્કના જુવેનાઇલ બચ્ચાઓ મસ્તી કરે. એક તરફ માનસરોવરનાં રાજહંસોનું ટોળું ઉતરાણ કરે હિમાલયનાં ઊંચાં શિખરો પરથી ઊડીને અહીં શિયાળો ગાળવા આવ્યા હોય એવા આ દૃશ્યો મનને મંત્રમુગ્ધ કરી દે. ગુલાબી પેણ, સફેદ બગલાં, ગયણાં, લુહાર બધું જ અહીં સહજ રીતે મળતું જાય.

**ભરતપુર ક્યારેય ખાલી હાથ પરત મોકલતું નથી**

ભરતપુર એવું સ્થળ છે જે તમે ખાલી હાથ ક્યારેય છોડશો નહીં. ધુમ્મસભર્યા વાતાવરણમાં હરણ અચાનક રસ્તા વચ્ચે દેખાય અને તમે કેમેરો તાકો એ પહેલા જ ચપળતાથી જંગલમાં ભાગી જાય.

ક્યારેક સૂકા ઝાડ પર સૂડાઓને જોવાની મજા અલગ જ હોય. કોઈ દંપતી પ્રેમરત હોય તો કેમેરો લઈ તમે પાપારાઝી બની જાવ અને ભરતપુર તમને એ મોકો સરળતાથી આપે.

**અહીં પ્રેમ બહુ સહજ છે, નાટકીય નથી.**

કોઈ નર પક્ષી માદાને રીઝવવા ખોરાક લાવે છે. કોઈ પાણીમાં નાચીને કર્ટસી ડિસ્પ્લે કરે છે. કોઈ પીંછા ફેલાવી પોતાનું સૌંદર્ય દર્શાવે છે.

**અહીં પ્રેમ પર મહોરા નથી પ્રેમ કુદરતનો નિયમ છે.**

જંગલ મને એટલા માટે ગમે છે કે અહીં જે છે એ જ વાસ્તવિક છે અને બધું કુદરતના નિયમ મુજબ જ સ્વીકારાય છે. અહીં દરેક જીવ જાણે છે કે કોઈ ને કોઈ શિકાર બનવું જ છે. માછલી પણ જાણે છે કે કોઈકનો કોળિયો તો બનશે જ અને એ સહજતાથી સ્વીકારે છે. અહીં હરીફાઈ પણ છે, પણ તે જીવન ટકાવવા માટે છે બીજાને પછાડવા માટે નહીં.

**યાદગાર ક્ષણોઃ ઇગલ, આઉલ અને સારસ**

થોડું આગળ જઈએ તો દૂર એક પથ્થરની ટોચ પર ક્રેસ્ટેડ સર્પન્ટ ઇગલ પોતાના મજબૂત પંજામાં અજગરના બચ્ચાને દબાવી શાંતિથી બેઠો હોય એવું દેખાય. કુદરતનો નિયમ આંખ સામે જીવંત થાય.

અને પછી ઝાડની ડાળી પર હલચલ! નજર ઊંચી કરી તો જે ઘણા સમયથી શોધતો હતો એવો ડસ્કી ઇગલ આઉલ દેખાયો. જાણે જેકપોટ લાગી ગયો હોય એમ ખુશી થાય.

સરસ ક્રેનનાં દૃશ્યો તો ભરતપુરમાં ખાસ જ માણી શકાય. એક દંપતી, સાથે બચ્ચાંને હું તો કલાક સુધી એમને મનભરીને જોયા કરતો રહ્યો.

**સૂર્યાસ્ત અને પ્રકૃતિનો નશો**

જ્યારે સૂરજ ધીમે ધીમે ક્ષિતિજ તરફ ઝુકવા લાગ્યો, પાર્ક સોનેરી ઓપમાં ન્હાવા લાગ્યો. હું પરત ફર્યો. રસ્તામાં જે ઝાડ પાસે પહેલાં ચીબરી હતી, ત્યાં હવે એનાં સાથીદાર પણ હતા. અંતે વેટલેન્ડ પાસે સૂર્યાસ્ત જોવા બેઠો. ડાર્ટર સૂકા ઝાડ પર બેઠો હતો. પક્ષીઓનાં ટોળાં માળા તરફ પરત ફરી રહ્યાં હતા. નીલગાય પાણીમાં ચક્કર લગાવી રહી હતી. વાદળાં સૂરજને ઢાંકી લેવા નાહક કોશિશ કરી રહ્યાં હતા અને હું પ્રકૃતિના નશામાં ચૂર હતો.

ઢળતા સૂર્યપ્રકાશમાં એવું લાગે કે પ્રકૃતિની આંખ આપણને જોઈ રહી છે અને કંઈક કહી રહી છે.

અને કદાચ એ જ ભરતપુરનું સૌથી મોટું રહસ્ય છે. ■

ફોકસ

# મહારાષ્ટ્રનું મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર કેવી રીતે બન્યું?

રાજકુમાર ‘દિનકર’
feedback@bombaysamachar.com

ભારતનું સ્ટ્રોબેરી પાટનગરઃ મહારાષ્ટ્રમાં આવેલું મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર નથી કહેવાતું. તેના પોતાના અનોખા ગુણો છે જે તેને સ્ટ્રોબેરી ઉત્પાદનમાં અગ્રેસર બનાવે છે. દેશના ૮૦% સ્ટ્રોબેરી મહાબળેશ્વરમાંથી આવે છે. જાણો કેવી રીતે મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર બન્યું.

ભારતનાં ઘણાં શહેરો તેમનાં ફળો માટે પણ જાણીતા છે. ઉદાહરણ તરીકે નાગપુરને નારંગી શહેર, માલદાને કેરીનું શહેર અને મુઝફ્ફરપુરને લીચીનું કેન્દ્ર તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં આવેલું મહાબળેશ્વરને સ્ટ્રોબેરીનું પાટનગર કહેવામાં આવે છે. મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં આવેલું આ હિલ સ્ટેશન તેની ઉત્તમ ગુણવત્તાવાળી સ્ટ્રોબેરી અને વ્યાપારી ખેતી માટે જાણીતું છે. દેશભરમાં ઉત્પાદિત થતી સ્ટ્રોબેરીમાંથી ૮૦% મહાબળેશ્વરમાંથી આવે છે. આ જ કારણ છે કે મહાબળેશ્વરને સ્ટ્રોબેરીનું પાટનગર કહેવામાં આવે છે.

મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં સ્થિત આ હિલ સ્ટેશન ત્રણ કારણોસર સ્ટ્રોબેરીનું કેન્દ્ર બન્યું. તેનું વાતાવરણ, ફળદ્રુપ જમીન અને અદ્યતન ખેતી તકનીકો. તે લાંબા સમયથી ચાલતી પરંપરા સાથે





ઉચ્ચ ગુણવત્તાવાળી સ્ટ્રોબેરી ખેતીનો પર્યાય બની ગયું છે. પીક સિઝન દરમિયાન ભારતીય બજારોમાં મહાબળેશ્વર સ્ટ્રોબેરી સૌથી વધુ જોવા મળે છે.

**મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર કેવી રીતે બન્યું?**

ભારતીય શહેરોમાં તાજી સ્ટ્રોબેરીનો મોટો હિસ્સો મહાબળેશ્વરનો છે. તેનું તાપમાન, ધુમ્મસવાળું હવામાન અને લાલ માટી સ્ટ્રોબેરીની ખેતી માટે આદર્શ છે. સમય જતાં મહાબળેશ્વરે અદ્યતન ખેતી તકનીકો વિકસાવી. પરિણામે મહાબળેશ્વર સ્ટ્રોબેરી ઉત્પાદનમાં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, મહાબળેશ્વરની કુલ વસ્તી ૧૩,૩૯૩ છે.

મહાબળેશ્વર મહારાષ્ટ્રના પશ્ચિમ ઘાટમાં સ્થિત છે, જે પુણેથી આશરે ૧૨૦ કિલોમીટર દૂર છે. તેની ઊંચાઈ આસપાસના વિસ્તારો કરતાં હળવું તાપમાન ધરાવે છે. ચોમાસાની ઋતુ દરમિયાન શહેરમાં ભારે વરસાદ પડે છે, જે જમીનની ફળદ્રુપતામાં સુધારો કરે છે અને સ્ટ્રોબેરી, શેતૂર અને રાસબેરી જેવા બાગાયતી પાકોના સારા પાકમાં ફાળો આપે છે.

મહાબળેશ્વરમાં ૧૦ સે.થી ૨૫ સે. સુધીનું તાપમાન રહે છે, જે સ્ટ્રોબેરીનાં ફૂલો અને ફળના વિકાસ માટે આદર્શ છે. લાલ લેટેરાઇટ માટી ખનિજોથી સમૃદ્ધ છે અને વધારાનું પાણી સરળતાથી કાઢી નાખે છે, પાણી ભરાવા અને મૂળના રોગોને અટકાવે છે. આ કુદરતી વાતાવરણ ફળની મીઠાશ, કદ અને શેલ્ફ લાઇફમાં નોંધપાત્ર સુધારો કરે છે.

મહાબળેશ્વરમાં વ્યાપારી રીતે સફળ સ્ટ્રોબેરીની ઘણી જાતો ઉગાડવામાં આવે છે. ચાંડલર જાત તેના મોટા કદ અને સમૃદ્ધ સ્વાદને કારણે સૌથી વધુ ઉગાડવામાં આવતી જાત છે. સ્વીટ ચાર્લી તેની વહેલી પરિપક્વતા અને મીઠાશ માટે લોકપ્રિય છે. કેમારોસા જાત તેની કઠિનતા અને પરિવહનની સરળતા માટે ઉગાડવામાં આવે છે. આ જાતો તાજા સ્ટ્રોબેરી બજાર અને પ્રોસેસિંગ ઉદ્યોગ બંનેની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

સ્ટ્રોબેરીનું વાવેતર સામાન્ય રીતે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં શરૂ થાય છે. લણણી ડિસેમ્બરમાં શરૂ થાય છે અને માર્ચ સુધી ચાલુ રહે છે, જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન ટોચનું ઉત્પાદન થાય છે. મહાબળેશ્વર મુંબઈ, પુણે, બેંગલુરુ અને અન્ય મહાનગરો માટે સ્ટ્રોબેરીનું મુખ્ય સપ્લાય સેન્ટર બને છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ડાર્ક વેબ- ડીપફેકના ડરામણા અપરાધોનું A to Z

**સાયબર ક્રાઈમની દુનિયા ઝડપભેર વિસ્તરી રહી છે. અનેક સેલેબ્સના નકલી ચહેરા ઓનલાઈન પેશ કરીને જબરી ઠગાઈ કરતા સાયબર લૂટારા...આ ઠગ ટોળકી બે વિજાતીય પાત્ર વગર પણ ઉત્તેજક ફિલ્મ કે વીડિયો તૈયાર કરી શકે છે. આવા ડાર્ક ડીપ વેબ અને ડિપ ડાર્ક ફેકના ખતરનાક ડિજિટલ કસબનો હેરતભર્યો એક્સ-રે...**

છેલ્લા કેટલાક દિવસોથી તમે અખબારોમાં એક સમાચાર વાંચતા હશો ટીવી અને ડિજિટલ મીડિયા અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ એ ન્યૂઝ તમારી નજરે ચઢતા હશે... એમાંના બે શબ્દ તમારું ખાસ ધ્યાન ખેંચતા હશે. આ શબ્દ છે : ડીપ ડાર્ક વેબ અને ડીપફેક...

થોડા સમય અગાઉ સમાચાર આવ્યા હતા કે ઈન્ટરનેટનો સૌથી મોટા ડેટા લીક થયો, જેમાં ૧૬ અબજથી બધુ પાસવર્ડ ચોરાય છે... પરિણામે એના વપરાશકર્તાઓના ઈ-મેલ સહિત ફેસબુક ઈન્સ્ટાગ્રામ જેવાં વિવિધ સોશ્યલ પ્લેટફોર્મ્સની અંગત માહિતીની ઉઠાંતરી થઈ છે. આજ રીતે, ગત નવેમ્વર મહિનામાં વોટસએપ વાપરતા આશરે ૩૫૦ કરોડ લોકોની અંગત માહિતી જોખમમાં મુકાઈ હતી.

આવી ઓનલાઈન ચિલઝડપમાં આશરે ૮૧ કરોડ ૫૦ લાખ ભારતીય નાગરિકોની અંગત માહિતી, જેમ કે એમનાં આધાર-પાન કાર્ડથી લઈને એમની બેન્કનાં નામ -એકાઉન્ટ નંબર-એમાં કેટલી રકમ બેલેન્સ છે ઉપરાંત એમના પાસપોર્ટ -ઈન્કમ ટેકસની બારીક વિગતો તેમજ ફોન નંબર સહિતની માહિતી વેચાણ માટે ‘ડાર્ક વેબ’ પર વહેતી કરવામાં આવી હતી!

આ ‘ડીપ ડાર્ક વેબ’ વિશે જાણતા પહેલાં આપણે વેબ એટલે શું એની પ્રાથમિક માહિતી મેળવી લઈએ, એટલે ‘વર્લ્ડ વાઈડ વેબ’ પરથી આપણે ઈન્ટરનેટ દ્વારા જોઈતી માહિતી મેળવી શકીએ. આ વેબના ત્રણ વિભાગ છે. ગૂગલ -બીંગ- ફાયરફોક્સ જેવાં સર્ચ એન્જિન દ્વારા સરળ રીતે માહિતિ મેળવીએ એને ‘સરફેસ વેબ’ કહે છે. દાખલા તરીકે, તમે ‘ગૂગલ‘ સર્ચ એન્જિનને કામે લગાડીને પૂછો કે ‘કઈ ભારતીય વ્યક્તિ વડાપ્રધાન પદે પહોંચી એ પહેલાં સ્ટેશન પર ચા વેંચતી હતી?’ તો તમને એનો ફટાક દઈને જવાબ મળી જશે


બીજો પ્રકાર છે : ‘ડીપ વેબ’, જે હકીકતમાં સરફેસ વેબ કરતાં ૫૦૦ ગણો મોટો વિભાગ છે, જ્યાં ઠસોઠસ માહિતી એકઠી થઈ હોય છે, પણ ચીલાચાલુ- રોજિંદા સર્ચ એન્જિનથી ત્યાં પહોંચી શકાતું નથી. એમાંથી માહિતી મેળવવા માટે વિશેષ સર્ચ એન્જિન-યોગ્ય બ્રાઉઝર અને પાસવર્ડની જરૂર પડે. એ મળે તો જ તમે જોઈતી માહિતી સુધી પહોંચી શકો, કારણ કે અહીં તમારા ઈ-મેલ ઉપરાંત બીજા પાસવર્ડ- તમારી અને તમારી કંપનીના આર્થિક હિસાબ-કિતાબ- મેડિકલ રિપોર્ટ્સ-તમારા ફેસબુક-ઈન્સ્ટાગ્રામ- એક્સ ( ટ્વિટર ) જેવાં સોશ્યલ મીડિયાની વિગતો સંઘરાયેલી હોય છે. માત્ર ગૂગલ કરવાથી આ માહિતી હાથ ન લાગે.

હવે આ માહિતિના મહાસાગરની સૌથી તળિયે હોય છે ડાર્ક વેબ એટલે કે સ્ફોટક માહિતીનો મહા ખજાનો, જ્યાં એવી ગુપ્ત માહિતી સચવાયેલી હોય છે, જે મોટાભાગે ગેર કાનૂની છે. ત્યાં સુધી કોઈ સામાન્ય હેકર પહોંચી ન શકે, કારણ કે ત્યાંના ડેટા- માહિતીને ‘એન્ક્રિપશન’ સોફટવેર દ્વારા કોડમાં એટલે કે એવાં આંકડામાં ફેરવી નાખવામાં આવ્યા હોય છે કે કોઈ એને વાંચી ન શકે- ઉકેલી ન શકે. આ કામ માત્ર ડીપ વેબનો જાણકાર નિપુણ હેકર જ કરી શકે.

આવી જડબેસલાક ગોઠવણને કારણે આ ડીપ ડાર્ક વેબ પર બધા જ પ્રકારના ગોરખધંધા ચાલે છે. નશીલાં પદાર્થોથી લઈને હથિયારોની અહીં મોટા પાયે હેરાફેરી થાય છે. પોર્નોગ્રાફી-અશ્લિલ વીડિયોસનું અહીં મોટું બજાર છે. એ જ રીતે, મોટાભાગની સરકારે હજુ જેને પૂર્ણ માન્યતા નથી આપી એવી બિટ કોઈન્સ-ક્રિપ્ટોકરન્સી દ્વારા અહીં તગડા જુગાર રમાય છે- સોદા થાય છે. અરે, ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણી- પ્રોટેક્શન મની પણ આ ડિજિટલ ચલણમાં વસૂલ થાય છે- ચૂકવાય છે... આ ખુફિયા ડાર્ક વેબ પર અપહરણથી લઈને હત્યા સુધીની વરદી લેતાં વ્યવસાયિક




ડીપફેકના શિકાર બનેલા અને ભાવિ શિકાર બનવાના ભય સાથે ‘પર્સનાલિટી રાઈટસ’ માટે કોર્ટના દ્વારે પહોંચે છે કેટલીક સેલેબ્સ




અપરાધીઓ પણ હાજર હોય છે. ચોક્ક્સ રકમની સુપારી લઈ કોઈનું પણ કામ કરી આપે...! દાખલા તરીકે,આ છે એમનું મેન્યુ: રાબેતા મુજબની હત્યા કરવાનો ચાર્જ છે ૪૫ હજાર ડૉલર- હત્યા કરીને એની લાશ ગુમ કરવાની કિંમત ૬૦ હજાર ડૉલર- મારી મારીને ધોલાઈ કરી હાડકાં ભાંગવાના ૧૨ હજાર -જલદ એસિડથી તમારા દુશ્મનનો ચહેરો બેડોળ કરવાના ૧૮ હજાર ને દગો દઈને ગયેલી પ્રેયસી પર બળાત્કાર કરવાના ‘માત્ર’ ૯ હજાર ડૉલર આપો એટલે કામ તમામ!

એથી આગળ અતિ આધુનિક ડિજિટલ ટેક્નિકના જોરે એ જેટલી સિફતથી જંગી લૂંટ ચલાવી શકે છે એથી વધુ સહજતાથી ‘સુપારી’ લઈ કોઈ તગડા રાજકારણીની કિનખાબી કતલ કરી શકે છે અથવા તો તમે ‘વરદી’ આપો તો એની સરકાર પણ ઊથલાવી શકે છે..!

ડાર્ક વેબ -ડીપ વેબ પછી હમણાં નવા પ્રકારના વેબ ક્રાઈમના કિસ્સા વધુ ને વધુ બહાર આવી રહ્યા છે. અપરાધનો આ પ્રકાર છે : ડીપફેક

**-તો આ ‘ડીપફેક’ વળી શું છે?**

વેલ, સરળ ભાષામાં સમજીએ તો કમ્પ્યુટર દ્વારા સર્જિત ‘આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ’ ( AI - કૃત્રિમ બુદ્ધિ)ની મદદથી કોઈ પણ મૂળ તસવીર કે વીડિયો ક્લિપ્સમાં જોઈતા કે ભળતા ફેરફાર કરવાની પ્રક્રિયાને ‘ડીપફેક‘ કહે છે. આ ફેરફાર એટલી કુશળતાથી કરવામાં આવે છે કે એ તદ્દન સાચા ભાસે.

ફિલ્મ જગત સહિતની અનેક જાણીતી હસ્તિ- સેલિબ્રિટીસ, જેમકે મુકેશ અંબાણીથી લઈને ઐશ્વર્યા રાય-કેટરિના કેફ- રશ્મિકા મંદાના, સચીન તેંદુલકર- વિરાટ કોહલી - આલિયા- રણબીર કપૂર સલમાન-આમિર ખાન ,અક્ષયકુમાર ઈત્યાદિ,ઈત્યાદિ જેવી માનીતી જાણીતી વ્યક્તિઓ આ ડીપફેકના શિકાર બની ચૂકી છે.

-અને એટલે જ આવા જાણીતા ચહેરા પોતાના નામ સાથે અપરાધ ન થાય એટલે એને રોકવા માટે સાયબર સ્પેસના આવા કસબીઓથી ત્રાહિમામ પોકારીને પોતાના ‘પર્સનાલિટી રાઈટસ’ની સુરક્ષા માટે કોર્ટ સુધી પહોંચ્યા છે.

આજના ડિજિટલ યુગમાં ‘ડીપફેક’નો વધુમાં વધુ ઉપયોગ - કહો કે દુરુપયોગ ફેક ન્યૂઝ- ખોટા સમાચાર તૈયાર કરવામાં ઉપરાંત પોર્નોગ્રાફી સામગ્રી તૈયાર કરવામાં વપરાય છે.

અભિનેત્રી શિલ્પા શેટ્ટીના કરોડપતિ પતિ રાજ કુન્દ્રાના જ્યારથી પોર્નોગ્રાફીનાં ઢગલાબંધ સ્કેન્ડલ્સ જાહેરમાં પ્રગટ થયાં છે ત્યારથી આ ‘ડીપફેક’ શબ્દ આપણા કાને વધુ અથડાવા માંડયો, કારણ એ જ કે રાજ કુન્દ્રાના કિસ્સામાં કેટલીક મોડલ્સ- નવોદિત એકટ્રેસનાં નામ માર્કેટમાં ઉછળ્યાં છે એમાંથી કેટલીકે કહ્યું છે કે એમને આ વિવાદ સાથે કંઈ લાગતું-વળગતું નથી. અમારી ઈમેજ ‘ડીપફેક’ કરીને આવી પોર્નોગ્રાફી વીડિયો કે શોર્ટ ફિલ્મોમાં વાપરવામાં આવી છે..!

**‘ડીપફેક’ સાથે પોર્નોગ્રાફીને શું સંબંધ?**

વેલ, બે વિજાતીય પાત્ર વગર પણ ઉત્તેજક ફિલ્મ કે વીડિયો તૈયાર કરી શકે છે ‘ડીપફેકક’નો ડિજિટલ કસબ. વિદેશોમાં આ ‘ડીપફેક’નો વ્યાપક ઉપયોગ અશ્લીલ ફિલ્મો- વીડિયો ક્લિપ્સ બનાવવા માટે થઈ રહ્યો છે. આવી ફિલ્મ્સ આંતરરાસ્ટ્રીય માર્કેટમાં ‘સિન્થેટિક પોર્ન’ તરીકે ઓળખાય છે.

બીજી તરફ હવે ઓનલાઈન બીજાની બદનામી કરવા ઉપરાંત ખંડણી વસૂલીના અપરાધ વધ્યા છે- વધી રહ્યાં છે. આપણી પોલીસ કે સાયબર ડિટેકશન સેલ માટે ચિંતાનો વિષય એ છે કે આના અપરાધીઓ મોટેભાગે આજની યુવા પેઢી છે. આવા યુવા -અપરાધી મોટેભાગે પ્રેમભંગ પછી સામેની વિજાતીય વ્યક્તિને બદનામ કરીને બદલો લેવા ઈચ્છતા હોય છે. બીજો વર્ગ એવો પણ છે કે જે માત્ર પોતાની આર્થિક તંગી ટાળવા જાણીતી હસ્તી વિશેની ‘ડીપફેક’ દ્વારા વાંધાજનક સામાગ્રી તૈયાર કરીને એની પાસેથી ખંડણી વસૂલવાના પેંતરા કરે છે.

આવા ‘ડીપફેક’ની વધુ ફરિયાદ ઉત્તર પ્રદેશ સાયબર સેલને મળે છે. છેલ્લાં સમાચાર અનુસાર ૨૪૦ જેટલી ફરિયાદ મળી છે. મુંબઈ તો ફિલ્મ, ફેશન -ગ્લેમર ઉદ્યોગનું કેન્દ્ર છે. અહીં પણ ૨૦૦ જેટલી ફરિયાદ પોલીસ પાસે આવી છે. આમાંથી કેટલા અપરાધી ઝડપાયા એનો ચોક્કસ આંક મળતો નથી. કેટલાક પકડાય છે તો એ ધંધાદારી અપરાધી નથી પણ હોતા.

આવા સાયબર સ્પેસના બાજીગરોથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે ઓનલાઈન પર ખુદ સાબદા રહેવું. આપણા સાયબર ક્રાઈમ સેલની સલાહ મુજબ : કોઈને આપણો પાસવર્ડ કે OTP આપવો નહીં કોઈ અજાણી લીન્ક ક્લિક કરવી નહીં ફોન પર આવતી કોઈ કહેવાતી પોલીસની ‘હાઉસ એરેસ્ટ’ની ધમકી ફગાવી દેવી...દુનિયાની કોઈ પણ પોલીસ ફોન પર કોઈની ધરપકડ કરતી નથી, કરી શકતી નથી! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# સફળ વેપાર માટે સેલ્સની કેવી હોવી જોઈએ વિવિધ વ્યૂહરચના

આજે સેલ્સ અને ડિસ્ટ્રિબ્યુશનનાં આયામ બદલાઈ રહ્યા છે. બ્રાન્ડની સફળતામાં સેલ્સ વ્યૂહરચના પણ મહત્ત્વનો હિસ્સો છે અથવા એમ કહી શકાય કે કોઈ પણ વેપારી માટે સેલ્સ મહત્ત્વનું પાસુ છે, કારણ તે અંતે પ્રોડક્ટ કે સર્વિસ વેચી નફો કરાવી આપશે. ઓનલાઇન હોય કે ઓફલાઈન, સેલ્સની પણ વ્યૂહરચના હોવી જોઈએ એના પર આજે વિચાર કરીએ...

સેલ્સ વ્યૂહરચનાની વાત કરીએ ત્યારે અંગ્રેજીના બે શબ્દોને સમજવાની જરૂર છે. એ છે : સ્ટ્રેટેજી અને ટેક્ટિક્સ. અર્થાત્ વ્યૂહરચના અને યુક્તિ... વ્યૂહરચના હંમેશાં તમારો અંતિમ ગોલ શું છે તેના વિશે વિચારશે. ઉદાહરણ તરીકે, માર્કેટ શેર વધારવો, નવા પ્રોડક્ટ્સ માર્કેટમાં લોન્ચ કરવા, નવા વિસ્તારો સર કરવા વગેરે. આ બધુ વ્યૂહરચનામાં આવે. જ્યારે નક્કી કરેલો ગોલ કેવી રીતે હાંસિલ કરવો તેના માટે યુક્તિની જરૂર પડે. બીજી રીતે સમજવાની કોશિશ કરીએ તો વ્યૂહરચના કહેશે, કન્ઝ્યુમરને સમજાવો કે અમુક ટૂથપેસ્ટ તમારા બાળકોના દાંત માટે સારી છે અને તે બધા ડેંટિસ્ટો દ્વારા પ્રમાણિત છે. જ્યારે ટેક્ટિક કે યુક્તિનું કામ હશે આ ટૂથપેસ્ટને કેવી રીતે લોકો સુધી પહોંચાડી. બધા મેડિકલ સ્ટોરમાં તેના સેમ્પલિંગ કરવા કે પછી શાળાઓમાં જઈ બાળકોને નાના પાઉચ આપી વાપરવાની સલાહ આપવી, જેથી તે પ્રોડક્ટ બાળકો ટ્રાઇ કરે- અજમાવે.

જ્યારે બ્રાન્ડની વ્યૂહરચના વિષે વિચારીએ ત્યારે ત્રણ સ્તરે સ્પષ્ટતા મેળવવી પડશે. કોર્પોરેટ લેવલ પર વિચારવું પડશે કે મારે શું મેળવવું છે? ગ્રોથ, સ્ટેબિલિટી કે પછી નવી માર્કેટ વિસ્તારવી છે. બીજું, બિઝનેસ લેવલ પર વિચારવું પડશે કે હું કેવી રીતે મારા પ્રતિસ્પર્ધીનો સામનો કરી શકીશ? કસ્ટમર સાથે મારો સંબંધ કેવી રીતે વધુ ગાઢ બનાવીશ? મારી કેટેગરીમાં કેવી રીતે લીડરશિપ મેળવીશ? વગેરે. આની સાથે ત્રીજુ માર્કેટ લેવલ પર વિચારવું પડશે કે હું કેવી રીતે આગળ વધીશ? માર્કેટ પેનીટ્રેશન દ્વારા કે પછી ડેવેલપમેંટ દ્વારા ડાઇવર્સિફાઇ કરીને કે પછી બીજું કંઇ. આ ત્રણ વાતની સ્પષ્ટતા વ્યૂહરચનાનો મહત્ત્વનો ભાગ છે. આ વાત મદદ કરશે અને દિશા આપશે તમારા લક્ષ્ય ઠરાવવા માટે. જ્યારે આ ત્રણ પાસાની સ્પષ્ટતા મળશે ત્યારે તેની મદદ મળશે કઈ વ્યૂહરચના મારે અપનાવવી મારી બ્રાન્ડ માટે પુશ વ્યૂહરચના, પુલ વ્યૂહરચના કે પછી બંનેનું મિશ્રણ. પુશ વ્યૂહરચનામાં કંપની સેલ્સ ટીમના અને ટ્રેડ પ્રમોશન એક્ટિવિટીના સથવારે બ્રાન્ડ માટે કન્ઝ્યુમર ડિમાંડ ઊભી કરવાનું કામ કરશે. આના દ્વારા




ડિસ્ટ્રિબ્યુશનની વિવિધ ચેનલો અને તેમના વેપારીઓને, કન્ઝ્યુમરને માલ વેચવા માટે મનાવવામાં આવે છે. તેમને વિવિધ પ્રમોશનલ સ્કીમ્સનો સહારો આપે છે, જેથી માલ વેચવો આસાન થઈ જાય. આમાં વિવિધ ચેનલ્સનો સહારો લેવામાં આવે છે જેમ કે,

કંપની પ્રમોટ કરશે હોલસેલરને, હોલસેલર રીટેલરને અને રીટેલર કન્ઝ્યુમરને. પુશ વ્યૂહરચનામાં અમુક કોમન ટેક્ટિકસ વાપરવામાં આવે છે જેવી કે, અલાઉન્સ આપવામાં આવશે, બાઇ-બેક અર્થાત્ પ્રોડક્ટ નહી વેચાય તો પાછો લેવામાં આવશે, ફ્રી ટ્રાયલ્સ, કોન્ટેસ્ટ્સ, ડિસ્કાઉંટ્સ, ડિસપ્લે, પ્રીમિયમ અને વધુ કમિશન વગેરે. આ વાતો કંપની ટ્રેડ ચેનલને ઑફર કરે છે, જેથી માલ માર્કેટમાં પુશ થાય.

કન્ઝ્યુમર અમુક બ્રાન્ડ સામેથી ખરીદવા આવે છે અને તેની ડિમાંડ કરે છે આને કહેવાય પુલ વ્યૂહરચના. ઉદાહરણ તરીકે, એપલ કંપની કાલે કોઈ નવું પ્રોડક્ટ લોન્ચ કરશે તો લોકો સામેથી માર્કેટમાં લેવા જશે અને તેની માંગણી કરશે.

તમારી બ્રાન્ડની જરૂરિયાત પ્રમાણે અને તેની પ્રસિદ્ધિ અને ડીમાંડ કેટલી છે તેને ધ્યાનમાં રાખી પુશ કે પુલ વ્યૂહરચના નક્કી કરવામાં આવે છે. કઈ વ્યૂહરચના સાચી કે સારી તે તમારો હેતુ શું છે તેના પર નિર્ભર કરે

છે. જોકે, કોઈ પણ સફળ બ્રાન્ડ માટે તો માપદંડ હંમેશાં તે હશે કે કન્ઝ્યુમરને તેની બ્રાન્ડની આદત પડે અને તે સામેથી માંગવા આવે અર્થાત્ પુલ વ્યૂહરચનાની ખેવના હરેક બ્રાન્ડને હોવાની. હરેક મોટી કંપની એક ટાર્ગેટ સેટ કરે છે સેલ્સ માટે.

ઘણીવાર તમારું પ્રોડક્ટ સેચ્યુરેટ થયું હોય કે તમને લાગે કે નવું કઈક વિચારવું પડશે સેલ્સ અચીવ કરવા, ટર્નઓવર વધારવા ત્યારે અમુક વ્યૂહરચનાનો તમે સહારો લઇ શકો, જેવી કે તમે નવી માર્કેટમાં જવાનું વિચારી શકો, નવા ઘરાકોને આ માર્કેટમાં શોધો જેથી તમારું સેલ્સ વધી શકે. બીજું, નવી પ્રોડક્ટ કે સર્વિસને લોન્ચ કરવાનું વિચારી શકો. આના દ્વારા તમે તમારા વર્તમાન કસ્ટમરને ટાર્ગેટ કરી શકો ઉપરાંત નવા કસ્ટમર બનાવી શકો. ત્રીજી રસપ્રદ રીત છે અપસેલ અને ક્રોસ સેલ. પ્રોડક્ટ્સને બંડ્લ કરી વેચો, જેમ કે પ્રિન્ટરની ખરીદી સાથે ઈંક ફ્રી કે પછી મોબાઇલની સાથે બેટરી ફ્રી... ઓનલાઇન માર્કેટમાં આ એક સફળ વ્યૂહરચના ગણાય છે.

જો તમારે નવા પ્રોડક્ટ્સ લોન્ચ ન કરવા હોય કે પછી નવી માર્કેટમાં ન જવું હોય તો તમારા વર્તમાન પ્રોડક્ટમાં કૈંક વેલ્યૂ એડીશન કરી કે પ્રપોઝીશન બદલી તમારા હયાત કસ્ટમરને નવો વિશ્વાસ આપી માલ વેચો. સૌથી મહત્ત્વનું તે કે તમારા કસ્ટમરને તમારો માલ ફરી ફરીને ખરીદવાની આદત પાડો. રિપીટ કસ્ટમર કોઈપણ બ્રાન્ડનું સબળ પાસું છે.

જો સેલ્સની વ્યવસ્થિત રીતે વિચારાયેલી વ્યૂહરચના હશે તો તે સેલ્સ ટીમને મદદ કરશે માલ વેચવા માટે, કસ્ટમરને પણ બ્રાન્ડ વિશે સ્પષ્ટતા આપશે અને સરવાળે બ્રાન્ડને અને કંપનીને પોતાના સેલ્સ ટાર્ગેટ અને ટર્નઓવર અચીવ કરવામાં સફળતા પ્રદાન કરશે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સ્ક્રોલિંગનો જમાનો ને પ્રેમની મોસમ!

આમ તો પ્રેમની મોસમ તો બારેમાસ હોવી જોઈએ , પણ ફેબ્રુઆરીમાં ગુલાબના ફૂલ, ફુગ્ગાઓ, હાર્ટ શેપની કેક અને લાલ રંગ વધુ દેખાય છે. વસંત કુદરતને ખીલવે છે. પ્રેમીઓ પોતાના દિલના તંરગોને ખીલવવા માટે વસંતોત્સવની રાહ જોતા હશે? ખબર નહીં. પણ આ ‘રાહ’ શબ્દ પણ પ્રેમના સેંકડો સમાનાર્થી શબ્દોમાંનો એક છે.

‘પ્રેમ એટલે?’ આ એક સવાલ ઉપર કવિઓ અને લેખકો અને ઘણીવાર ગુરુઓ પણ પોતાની અડધી કારકિર્દી ચલાવી લેતા હોય છે. પ્રેમમાં ઇંતજાર તો સદીઓથી રહ્યો છે. જ્યારે ઘૂંટણભેર બેસીને હાથમાં ગુલાબ લઈને પ્રપોઝ કરવાની ફેશન ન હતી ત્યારે પણ પોતાના ગમતા વ્યક્તિની રાહ જોવાતી અને એ રાહ જોવી પણ ગમતી. પ્રેમના ‘પ્ર’ માં નીચે જે પાંખીયું છે એમાં રાહ ઇંગીત થયેલી છે. પ્રતીક્ષાના પાયા ઉપર પ્રેમ ટકેલો છે. સુમસામ રેલવે સ્ટેશન પર મોડી પડેલી ટ્રેનની રાહ જોવી, બપોર વચાળે ટપાલીની સાયકલનું ટ્રીન ટ્રીન સંભળાય એના માટે કાન સરવા રાખવા, કેન્ટિનમાં એક ઝલક જોવા મળી જાય એના માટે કલાસ બન્ક કરવા, આખી રાત ગરબા ગાતા ઝૂમવું તો રાતે એને ઘરે મુકવા જઇ શકાય - આ બધામાં રાહ જોવાનું બાય ડિફોલ્ટ છે. પ્રેમ વડની વડવાઈ જેવો હોય. ધીમે ધીમે એવો મજબૂત થાય કે ટીંગાઈને ઝૂલી શકો, પણ પ્રેમ હવે નોટિફિકેશન છે.

ફોન વાઈબ્રેટ થાય તો દિલના ધબકારા વધી જાય, નોટિફિકેશનમાં એનું નામ હોય તો વીજળીક વેગે એનું ચેટબોક્સ ખુલી જાય, એની સ્ટોરી ચાર સેકન્ડમાં લાઈક થઈ જાય અને ગમે તેટલા માણસો વચ્ચે પણ પોતાના ફોનમાં જ ચોરી કરતા હોઈએ એમ ચુપકે ચુપકે રિપ્લાય પણ અપાઈ જાય અને પછી હોઠ મરકી ન ઉઠે એનું ધ્યાન પણ રાખવું પડે. પ્રેમ એકાંતમાં ખડખડાટ હસાવે ને જાહેરમાં સ્માઈલને દબાવે. અજબ રસાયણ છે આ. એ એક ગ્રીન ડોટ, એ એકનું જ ઓનલાઈન હોવું, એ એકનું ટાઈપિંગ ટાઈપિંગ લખેલું આવવું, એ એકનો લાંબો મેસેજ, હજારો રીલ વચ્ચે એની એકની જ તસવીરનું બેસ્ટ લાગવું, એ એકનો વીડિયો કોલ જો ભૂલથી આવી ગયો તો સ્ક્રીનમાં ઘુસી જઈને એને ચૂમી લેવાનું મન થવું, મનમાં વિચાર એના અને આંગળીઓ સ્ક્રોલ કરતી ફરતી રહે, આંખો સ્થિર ન રહે પણ ધ્યાન એક જગ્યાએ જ સ્થિર હોય. પ્રેમની પરિભાષાઓ ડિજિટલ છે પણ કેટલી સટીક અને ચોક્કસ છે. સોફ્ટવેરના સમયમાં પણ અભિવ્યક્તિ અને ઈચ્છાઓ દ્રઢ રહે છે.

આપણાં દાદાજીઓ અવાજના પ્રેમમાં પડતા. નવલકથાકારો લખતા કે રૂપાની ઘંટડી જેવો અવાજ, કાનમાં મધ રેડાતું હોય એવો સુમધુર કંઠ. આપણે લોકો પ્રેમમાં કાનનો થોડો ઓછો



ઉપયોગ કરતા થઈ ગયા છીએ. અવાજને બદલે બે-પાંત્રીસનું લાસ્ટ સીન વધુ યાદ રહે છે. ત્યારે પ્રેમપત્રો સાચવીને તિજોરીમાં રખાતા. હવે ચેટ આર્કાઈવ થાય છે. ગૂગલ ડ્રાઇવમાં મેમરીઝ સચવાય છે. શક્ય હોય તો વોલપેપર પર પ્રેમની સજાવટ થાય છે. એ સમયે પ્રેમને અભિવ્યક્ત કરવા માટે લાંબા લેટરો હતા તો હવે લાંબી ઇન્સ્ટા સ્ટોરી છે. આ ઇન્કથી લઈને ઈન્ટરનેટ સુધી પ્રેમ તો એ જ રહ્યો અને એની અનુભૂતિ પણ તીવ્ર રહી પણ કઈંક બીજું બદલાયું.

એ શું? મનુષ્યનું ધ્યાન. પ્રેમ નામના રસાયણમાં રાહ જોઈએ એમ ધ્યાન પણ જોઈએ. ફોકસ દોસ્ત ફોકસ. ધ્યાન અપાય છે તો આદર મળે છે એમ સમજવું. આદર વિના પ્રેમ શક્ય નથી. લાંબા સમય સુધી એકધારું અપાતું ધ્યાન એટલે પ્રેમ જ ને. પણ આજે એ લાંબો સમય કેટલી ક્ષણો સુધી સીમિત થયો છે? ત્રીસ સેકન્ડ? નેવું સેકન્ડ? સ્ક્રીનની લાઈટ ફેડ આઉટ થઈ જાય કે ટાઈપિંગ લખેલું આવતું બંધ થઈ જાય ત્યાં સુધી?

માણસને મહત્તમ બેધ્યાન કરી શકે એવો સમય માનવ ઇતિહાસમાં ક્યારેય આવ્યો ન હતો જે વર્તમાન લાવ્યો. માણસને ખાસ કશું યાદ રહેતું નથી, કારણ કે એ યાદ રાખવાનો પ્રયત્ન કરતો નથી કારણ કે એની પાસે એના વતી યાદ રાખી શકે એવું ડિવાઇસ છે અને તેના થકી જ એ એના પ્રિયજનના સંપર્કમાં રહી શકે છે, પણ ધ્યાન ઈલ્લે ... ! એટેન્શનનો પન્નો ટૂંકો પડે છે. એક સમયે ગુફા અને શિકાર સિવાય ખાસ બીજું કરવાનું ન હતું. પછી ખેતરથી ઓરડીને ત્યાંથી સ્કૂલ સિવાય ખાસ કશું ન હતું. એના પછી વર્ષે દહાડે એકાદી ફિલ્મ કે નાટક કે મેળાથી વિશેષ કશું ન હતું. આજે સ્થિતિ એ છે કે એ સમયે માણસ એના આખા વર્ષમાં જેટલી મનોરંજક પ્રવૃત્તિ કરી શકતો એનાથી વધુ મનોરંજન આજનો માણસ એક જ દિવસમાં સ્ક્રોલ કરીને કન્ઝ્યુમ કરી લે છે. દુનિયાનું સર્જન જ એ રીતે થઈ રહ્યું છે કે દરેક માણસનું ધ્યાન કેવી રીતે ખેંચવું? ચાર રસ્તે ઉભા કરી દેવામાં આવેલી એલઇડી સ્ક્રીનથી લઈને સરકારની નીતિઓ સુધી બધું પબ્લિકનું ધ્યાન ખેંચવા માટે થાય છે. આ ટુકડાઓમાં વહેંચાઈ ગયેલા આપણાં ધ્યાન સાથે એવો પ્રેમ કરવાનો આવે છે જેમાં ખુદ વેંચાઈ જવાનું છે, સમર્પિત થઈ જવાનું છે, પણ આજુબાજુની દુનિયા એ થવા દે છે?

મારી તમારી પાસે ઓપ્શનો ચિક્કાર છે. સ્ક્રોલિંગ અનલિમિટેડ છે. કરવા જેવું, જોવા જેવું, માણવા જેવું પુષ્કળ છે. માધ્યમો અગણિત છે. વિકલ્પો બેસુમાર છે. એમાં રાહ જોવાની વાત જ અવ્યવહારુ લાગે છે આ દુનિયાને. ઢોલ- નગારા વચ્ચે શાંતિથી વાગતા માઉથ ઓર્ગનનો અવાજ સાંભળવાની ટ્રેનિંગ સ્કૂલમાં અપાતી નથી. પરિણામે લગભગ બધાનો પહેલો પ્રેમ તૂટે છે ને છેલ્લે પ્રેમ લગ્ન પછી થાય છે. લગ્નજીવન તો ડામાડોળ રહે જ છે એ ઓપન સિક્રેટ છે. પસંદગીઓની વિપુલતા આપણને મુક્તિ આપવી જોઈએ એને બદલે દિલ પેરેલાઈઝ થતું જાય છે. પહેલા મા-બાપ એના બાળકો માટે બેહતર બાયોડેટાની તલાશમાં રહેતા હવે એના છોકરાઓને જ બ્રેક-અપ પછીની બીજી કલાકે બેટર પ્રોફાઈલ મળી જાય છે.

આજના સમયમાં રોમિયો કે જુલિયેટ કે હિર કે રાંઝાનો પ્રેમ મહાન થઈ ગયો હોત એમ? રોમિયોને બીજી એલિઝાબેથ મળી ગઈ હોત અને હિરને અલતાફ, કારણ કે આખી કાયનાત માણસનું સતત ધ્યાન ખેંચવા માટે પ્રયત્નશીલ છે ત્યાં માણસ ફક્ત એક જ વ્યક્તિ ઉપર સતત પોતાનું ધ્યાન આપી શકે એવી શક્યતા કેટલી? તો પણ આટલા બધા ડિસ્ટ્રેક્શનના જમાનામાં જો કોઈ સંપૂર્ણ સમર્પણથી એના પ્રિયજનનું થઈ જાય તો એ ચોક્કસપણે ઇતિહાસના મહાન નામી પાત્રો કરતા મોટો પ્રેમી છે.

થયો છે તમને આવો પ્રેમ? ■

# ગુજરાતમાં મતદારયાદી તૈયાર ન થતા ચૂંટણી પ્રક્રિયામાં વિલંબ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પાછળ ઠેલાવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ સમયસર યોજાવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. પરિણામે અમદાવાદ સહિત રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ, ૮૦ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૧૮૦થી વધુ તાલુકા પંચાયતોમાં તાત્કાલિક સમયગાળા માટે વહીવટદાર રાજ લાગુ થવાની પ્રબળ શક્યતા જોવા મળી રહી છે.

આ અંગે સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, સીમાંકન, અનામત બેઠકોનું પુનઃનિર્ધારણ અને મતદારયાદીની અંતિમ પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. ખાસ કરીને આ વખતે ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ અને વસ્તી ગણતરીના આધારે બેઠકો ફાળવવાની પ્રક્રિયા હજી પૂર્ણ ન થતાં ચૂંટણીની સમયરેખા આગળ લંબાતી જાય છે. નવરચિત મહાનગરપાલિકાઓમાં વોર્ડ રચના અને વહીવટી માળખું ગોઠવવામાં પણ નોંધપાત્ર સમય લાગી રહ્યો છે.

વહીવટી સૂત્રોના જણાવ્યા મુજબ, હાલની ચૂંટાયેલી પાંખોની મુદત પૂર્ણ થતા જ રાજ્ય સરકાર દ્વારા આ તમામ સંસ્થાઓમાં કલેક્ટર અથવા ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓને વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ દરમિયાન નીતિગત અને વિકાસલક્ષી મોટા નિર્ણયો પર ઔપચારિક બ્રેક લાગશે, જ્યારે રોજિંદા અને આવશ્યક વહીવટી કામકાજ અધિકારીઓના હસ્તક ચાલતું રહેશે.

પરિસ્થિતિને વધુ જટિલ બનાવતું એક મહત્ત્વનું પરિબળ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલો મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ છે. હાલ ગુજરાત સહિત દેશના ૧૨ રાજ્યોમાં આ વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકા, ૮૦ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને લગભગ ૧૮૦ તાલુકા પંચાયતોની ચૂંટણી નવી અને અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ જ યોજી શકાય તેવો કાનૂની બંધારણ છે.

ચૂંટણી પંચના કાર્યક્રમ અનુસાર, મતદારયાદીમાંથી નામ કમી કરવા કે સુધારવા સંદર્ભે આવેલી અરજીઓ પર હાલમાં પ્રક્રિયા ચાલી રહી છે અને ૧૭ ફેબ્રુઆરીએ સુધારેલી મતદારયાદી જાહેર થવાની છે. ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવી શક્ય નથી. આ ઉપરાંત ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ તેમજ ત્યારબાદ શાળાઓની આંતરિક પરીક્ષાઓ શરૂ થતી હોવાથી ચૂંટણી આયોજન વધુ મુશ્કેલ બન્યું છે.

આ તમામ પરિસ્થિતિ વચ્ચે ૯ માર્ચના રોજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તમામ જિલ્લાકક્ષાના કલેક્ટરો સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. આ બેઠકમાં ચૂંટણીના સંભવિત સમયપત્રક, વહીવટદાર રાજની અવધિ અને તબક્કાવાર ચૂંટણી અંગે ચર્ચા થવાની શક્યતા છે. ■

# અમદાવાદ નજીક હવે પ્લેન પણ બનશે, એરોસ્પેસ સેક્ટરમાં વધશે ગુજરાતનો દબદબો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટૂંક સમયમાં વિમાન બનવાનું શરૂ થશે. ૧૦૦ સીટરના વિમાન બનાવવા માટે સરકારે ધોલેરામાં જમીન ફાળવવાનું નક્કી કર્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ અંગેની ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરાશે. જે દેશની પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી બનશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાતે આ પ્રોજેક્ટ ધોલેરામાં લાવવા મજબૂત રજૂઆત કરી હતી. તે અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે. ગુજરાતની રેલ, રોડ અને એર કનેક્ટિવિટી તેમજ રાજ્ય સરકારની ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ નીતિઓએ આ પ્રોજેક્ટ મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ વિમાન અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને વૈશ્વિક એરોસ્પેસ દિગ્ગજ કંપની એમ્બ્રેયર વચ્ચેના સંયુક્ત સાહસ દ્વારા બનાવવામાં આવશે. જમીન સંપાદન અને અન્ય મંજૂરીઓ સંબંધિત પ્રક્રિયાઓ આ વર્ષના અંતમાં શરૂ થવાની અપેક્ષા છે, જ્યારે ઉત્પાદન ચારથી પાંચ વર્ષમાં શરૂ થવાની સંભાવના છે. આ વિકાસથી ભારતના રિજનલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ પ્રોગ્રામને મોટો વેગ મળવાની અપેક્ષા છે. ઉડાન જેવી પહેલથી ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં હવાઈ મુસાફરીનો કાયાકલ્પ થઈ રહ્યો છે, ત્યારે મજબૂત સ્વદેશી પ્રાદેશિક ઉડ્ડયન ઇકોસિસ્ટમની જરૂરિયાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજનને પ્રોત્સાહન આપી રહ્યા છે, અહીં માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેમાં ઇન્ટરનેશનલ એરપોર્ટ, પાયલોટ ટ્રેનિંગ સ્કૂલ, મેન્ટેનન્સ-રિપેરિંગ અને ઓવરહોલિંગ સુવિધા, ગ્રીનફિલ્ડ પોર્ટ, સ્માર્ટ અર્બન ટાઉનશિપ, રેલવે કનેક્ટિવિટી અને મજબૂત ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. વિમાન ઉત્પાદનની આ પહેલ 'આત્મનિર્ભર ભારત' મિશન અને ઉડાન વિઝન સાથે સુસંગત છે. ધોલેરા પીએમ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ગત વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ધોલેરામાં ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક કેન્દ્ર, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. ■

# માયાભાઈના દીકરા જયરાજ આહીરના જામીન મંજૂર, જેલમાંથી મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવનીત બાલધિયા કેસમાં જેલમાં બંધ જયરાજ આહીર આજે સાંજ સુધીમાં બહાર આવી શકે છે. મહુવા કોર્ટે જયરાજ આહીર સહિત ૬ શખ્સોના શરતી જામીન મંજૂર કર્યા હતા. જયરાજ આહીર, નાજુ કામળીયા, કાના ભીખાભાઇ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલીયાની ગઈકાલે મહુવા કોર્ટમાં તેના વકીલ મારફત જેલમુક્ત થવા જામીન અરજી પર કરી હતી. બન્ને પક્ષોના વકીલો દ્વારા લાંબી દલીલો કરવામાં આવી હતી. જેમાં આજે કોર્ટે આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા. ૧૪ દિવસ બાદ જયરાજ આહીર જેલમાંથી બહાર આવ્યો હતો. થોડા દિવસ પહેલાં નવનીત બાલધિયાએ જિલ્લા જેલમાં બંધ જયરાજ આહીરને વૈભવી સુવિધા મળતી હોવાનો આક્ષેપ કરી ડીજીપીને રજૂઆત કરી હતી. જયરાજ આહીર સહિતના અન્ય શખ્સોને જેલમાં સામાન્ય કેદીઓ કરતા અલગ અને વૈભવી સુવિધાઓ આપવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો હતો. જયરાજને જેલ પ્રશાસન દ્વારા નિયમો વિરુદ્ધ વીવીઆઈપી સુવિધા આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે નવનીત બાલધિયાએ તપાસની માગ કરી હતી. ■

# શ્રમિકોની અકસ્માત સહાયમાં ₹ એક લાખનો વધારો થશે, ₹ પાંચ લાખની એકસમાન સહાય મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે શ્રમિકોના હિતમાં શ્રમિકોની અકસ્માત સહાયમાં ₹ ૧ લાખનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. રાજ્યના અસંગઠિત ક્ષેત્રના લાખો શ્રમિકો અને બાંધકામ કામદારો વચ્ચે અકસ્માત વળતરની રકમમાં જે તફાવત હતો, તેને હવે દૂર કરાશે. રાજ્ય વિધાનસભા ગૃહમાં ૧૮ ફેબ્રુઆરીએ રજૂ થનારા ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ના આગામી બજેટમાં સરકાર દ્વારા 'ગુજરાત સામૂહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ તમામ શ્રમિકો માટે હવે રૂપિયા ₹ પાંચ લાખની એકસમાન સહાય આપવાની કે સમાન સુરક્ષા કવચ પૂરું પાડવાની જાહેરાત કરાશે. રાજ્ય સરકારનો આ નિર્ણય શ્રમયોગીઓને 'સુરક્ષાની ગેરંટી' આપશે. રૂપિયા. ૧૨ કરોડ જેવી નાની પ્રીમિયમની રકમ સામે લાખો પરિવારોને રૂ. પાંચ લાખનું કવચ પૂરું પાડવું એ મોડેલ સ્ટેટ તરીકે ગુજરાતની એક ઉત્તમ પહેલ ગણાશે. આ ફેરફારથી રાજ્યના લાખો શ્રમિક પરિવારોને આર્થિક સુરક્ષા મળશે અને અકસ્માત જેવી કપરી પરિસ્થિતિમાં મોટો ટેકો મળી રહેશે.

ગુજરાતમાં અત્યાર સુધી શ્રમિકો માટે અલગ-અલગ બોર્ડ હેઠળ અલગ-અલગ સહાયની જોગવાઈ હતી, જેના કારણે શ્રમિકોમાં અન્યાયની લાગણી અનુભવાતી હતી. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં શ્રમિકો કે કામદારોને રૂપિયા ૩ લાખથી ₹૪ લાખ સુધીની સહાય મળતી હતી. જે તાજેતરમાં કેટલાક કિસ્સાઓમાં રૂપિયા પાંચ લાખ સુધી લંબાવવામાં આવી હતી. ગ્રામીણ અને અસંગઠિત શ્રમિકોને પણ 'ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ' હેઠળ આ રકમ માત્ર રૂપિયા ₹૪,૦૦,૦૦૦ હતી. જોકે, તેમાં મુખ્ય ગૂંચ એ હતી કે, રાજ્યના તમામ શ્રમિકો-કામદારોને અલગ-અલગ નિયમો અને પ્રિમિયમની અલગ-અલગ પધ્ધતિઓને કારણે વળતર મેળવવામાં પણ વિલંબ થતો હતો. ■

# અંબાજીમાં 'શક્તિ કૉરીડૉર'ના નિર્માણના પ્રથમ તબક્કાના કામોનું મુખ્ય પ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજીમાં કુલ ૧,૬૩૨ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા અંબાજી કોરિડોરના પ્રથમ તબક્કાના રૂ. ૯૫૦ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. આગામી પચીસ વર્ષોની યાત્રિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને અંબાજીમાં 'શક્તિ કોરીડોર' માટે રૂ.૧,૬૩૨ કરોડનો વિઝનરી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાને અંબાજી કોરિડોરના આ પ્રથમ તબક્કાના જે કામોના ખાતમુહૂર્ત કર્યા હતાં, તેનાથી આવનારા દિવસોમાં યાત્રિકોને મલ્ટી લેવલ પાર્કિંગ, અન્ડરપાસ રોડ, યાત્રી નિવાસ પાથવે, દિવ્ય દર્શન ચોક, શક્તિપીઠ, એમ્ફી થિયેટર અને લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની બહુવિધ ટુરિસ્ટ એમેનિટીઝ મળશે. આ પ્રસંગે મુખ્ય પ્રધાનેએ વધુમાં જણાવ્યું હતું કે, ૫૧ શક્તિપીઠોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા અંબાજી ધામના વિકાસ માટેનું વડા પ્રધાનનું વિઝન સાકાર થઈ રહ્યું છે. દર વર્ષે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવે છે, તેમાં લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનનો લાભ લે છે. તાજેતરમાં યોજાયેલા પરિક્રમા મહોત્સવમાં પાંચ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. ■

# અમદાવાદમાં મસ્જિદના ધાબા પર સાત વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય, સગીરની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જમાલપુર નજીક ગાયકવાડ હવેલી વિસ્તારમાં સાત વર્ષના બાળક પર એક યુવકે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની ગંભીર ઘટના બહાર આવતા ચકચાર મચી ગઈ હતી. જો કે પોલીસે આ ઘટનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો હતો. જ્યાં આ ઘટના બની હતી તે વિસ્તારના સીસીટીવીના આધારે પોલીસે આરોપીને દબોચી લીધો હતો અને આ સમગ્ર મામલે પોલીસે આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ, અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં ગાયકવાડ હવેલી નજીક આવેલ મકદુમ સાબ નામની મસ્જિદ આવેલી છે, જેના ધાબા પર એક સાત વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હોવાની માહિતી મળતા પોલીસ સ્થળે પહોંચી હતી. આ જ વિસ્તારમાં રહેતો નોમાન શેખ નામનો શખ્સ બાળકને લલચાવી ફોસલાવી ધાબા પર લઈ ગયો હતો. બાળકને નમાજ કઈ રીતે પઢાય તે શીખવાડવાના બહાને તે મકદુમ સાબ નામની મસ્જિદના ધાબા પર લઈ ગયો હતો અને બાદમાં આ કુકર્મને અંજામ આપ્યો હતો.

હાલ આ ચોંકાવનારી ઘટનાના સીસીટીવી વીડિયો પણ બહાર આવ્યા છે. તેમાં આરોપી નોમાન શેખ બપોરે ૧.૩૭ વાગ્યે બાળકને ધાબે લઈ જાય છે અને બાદમાં ૧૫થી ૨૦ મિનિટ ધાબા પર રહ્યા બાદ ૧.૫૨ વાગ્યે આરોપી નોમાન શેખ બાળક સાથે નીચે ઊતરે છે. ત્યારે આ આખા બનાવ અંગે જાણ થતા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી, સાથે ઘટનામાં પીડિત બાળકની સ્થિતિ ગંભીર હોવાથી તે હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સગીર સાથે દુષ્કર્મ મામલામાં ગાયકવાડ પોલીસે આરોપીને સાથે રાખીને આ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. જેમાં આરોપી નોમાનને લાવતા લોકોમાં આક્રોશ પણ જોવા મળ્યો હતો. પોલીસ આરોપીને સાથે લઈ જઈ ઘટનાનું પંચનામું કર્યું હતું. તેની સાથે સાથે પોલીસે મૌલાના પાસેથી ઘટના અંગે જાણકારી પણ મેળવી હતી. ■

# બહુચરાજીથી અંબાજી વચ્ચે દર પૂનમે નિઃશુલ્ક બસ સેવા શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર પૂનમે ગુજરાતભરમાં માઈભક્તો બહુચરાજી ખાતે માતાજીના દર્શન માટે આવે છે. શક્તિપીઠ અંબાજી મંદિરે પણ પૂનમ ભરવા અને માતાના દર્શન કરવા જાય છે. આ શ્રદ્ધાળુઓ શાંતિથી અને અનુકૂળતાથી બંને મંદિરના દર્શન કરી શકે તે માટે બહુચરાજી ખાતે યોજાયેલી ટેમ્પલ ટ્રસ્ટની બેઠકમાં ચેરમેન અને કલેક્ટર દ્વારા બહુચરાજીથી અંબાજી વચ્ચે નિઃશુલ્ક બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. દર પૂનમે બહુચરાજી ખાતે માતાજીના દર્શન માટે આવતા યાત્રિકો સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પણ માતાજીના દર્શન કરી શકે તે માટે બહુચરાજીથી જ અંબાજીની બસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક નિર્ણય બાદ હવે અંબાજીની આ બસમાં યાત્રિકો એક પણ રૂપિયો આપ્યા વિના કે કોઈપણ જાતની ટિકિટ વિના અંબાજી જઈને આવી શકશે.

મહેસાણા જિલ્લા કલેક્ટર શૈલેષભાઈએ જણાવ્યું હતું કે, પ્રારંભિક ધોરણે પહેલા એક બસ શરૂ કરવામાં આવશે. બાદમાં જેમ જેમ યાત્રિકોનો ધસારો વધશે તેમ તેમ બીજી વધારાની બસો પણ ચાલુ કરવામાં આવશે. આ બસમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકાશે. ■

# વિકાસ કામો માટે ૧૫ માર્ચ સુધી વહીવટી મંજૂરી આપવા જિલ્લાઓને સરકારનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર પણ વિકાસના કામોને વેગ આપવા પ્રયાસો કરી રહી છે. રાજ્ય સરકારના વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (એટીવીટી) હેઠળ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું આગોતરું આયોજન તૈયાર કરવા અને ૧૫ માર્ચ સુધીમાં વહીવટી મંજૂરી સાથે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા સરકારે જિલ્લા વહીવટી તંત્રને તાકીદ કરી છે.

સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ દ્વારા જિલ્લા આયોજન મંડળોને એટીવીટી હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં ફાળવાયેલી ગ્રાન્ટના આધારે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું આગોતરું આયોજન કરવા અને મંજૂર થયેલા કામની વહીવટી મંજૂરી ઝડપથી આપીને નાણાકીય વર્ષના અંતે કામ પૂર્ણ કરવા સૂચના આપી છે. એટલું જ નહીં આ માટે સમયપત્રક પણ જિલ્લા તંત્રને ફાળવી દેવાયું છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજનમાં આયોજન મંડળોને જે કામગીરી સોંપાય તેના થકી વિકાસ યોજનાઓ પૂર્ણ થતી હોય છે. રાજ્ય સરકારે તાલુકા સરકારનો અભિગમ અપનાવ્યો છે ત્યારે મૂળભૂત જરૂરિયાત માટેના કામોનું અસરકારક અમલીકરણ થાય લોકોનું જીવન ધારણ સુધરે તેવી યોજનાઓ ઉપર પણ અસર થતી હોય છે. અનેક તાલુકાઓમાં ગ્રાન્ટ સમયસર નહીં વપરાતી હોવાનું પણ તંત્રના ધ્યાને આવ્યું છે. તેથી જે તે નાણાકીય વર્ષમાં જે યોજના હેઠળ કામ સૂચવાયા હોય તે પૂર્ણ થાય તે માટે તમામ જિલ્લા વહીવટી તંત્ર અને તમામ જિલ્લા આયોજન અધિકારીઓને સૂચના આપવી પડે છે.

તે મુજબ એટીવીટી હેઠળ ૨૦૨૫-૨૬માં ફાળવાયેલી ગ્રાન્ટના આધારે આગામી નાણાકીય વર્ષનું બજેટનું આગોતરું આયોજન કરવા અને મંજૂર કામોની વહીવટી મંજૂરી ઝડપથી આપવા તાકીદ કરી છે. તાલુકા આયોજન સમિતિની બેઠક બોલાવવા અને જિલ્લા આયોજન મંડળની બેઠકો બોલાવી વહીવટી મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા સુધીની કામગીરી ૧૫ માર્ચ સુધી પૂર્ણ કરવા જણાવાયું છે. ૨૦૨૬-૨૭નું આગોતરું આયોજન કરવા જે તે તાલુકાને મળવાપાત્ર ૧૦૦ ટકા ગ્રાન્ટમાંથી યાદી મુજબના કામોનો આયોજનમાં સમાવેશ કરવા જણાવાયું છે. જેમાં પીવાના પાણીની યોજના, ગામના રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ સહિતના પાયાની સુવિધાના કામોનો સમાવેશ કરવાનો રહેશે. ■

# બનાસકાંઠાના થરાદ-સાંચોર હાઈવે પર બાઈક અને કાર વચ્ચે ટક્કરઃ બે યુવકનાં મોત, એકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. ૭ ફેબ્રુઆરી શનિવારના રોજ સાંચોર-થરાદ હાઈવે પરના સર્વિસ રોડ પર વધુ એક લોહિયાળ અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતી કારે બાઈકને પાછળથી એવી જોરદાર ટક્કર મારી કે ક્ષણભરમાં બે જિંદગીઓ હોમાઈ ગઈ હતી. જ્યારે એક યુવાનની હાલત ગંભીર છે. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર આંજણા પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. દુર્ઘટના અંગે મળતી વિગત મુજબ, પીલૂડા ગામના ત્રણ યુવાનો એક જ બાઈક પર સવાર થઈને માતાજીના એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા ત્યારે સાંચોર-થરાદ હાઈવેના સર્વિસ રોડ પર પાછળથી આવતી પૂરપાટ ઝડપે આવતી એક કારે બાઈકને અડફેટે લીધું હતું. ટક્કર એટલી ભયાનક હતી કે ત્રણેય યુવાનો હવામાં ફંગોળાઈને દૂર રોડ પર પટકાયા હતા.

આ ગમખ્વાર અકસ્માતમાં નાગજીભાઈ સામાજી વજીર અને ભાણજીભાઈ કેશરાભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પટેલ દિનેશભાઈ નાગજીભાઇ ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા દિનેશભાઈ નાગજીભાઈ પટેલને તાત્કાલિક થરાદની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર છે. ■

# દાહોદ-લીમખેડા હાઈવે પર વાહનની ટક્કરથી દીપડાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ-લીમખેડા નેશનલ હાઈવે પર ફરી એકવાર વાહનની અડફેટે આવતા દીપડાનું મોત થતા વન્ય તંત્ર દોડતું થયું હતું. દાંતિયા ગામ નજીક રોડ ક્રોસ કરી રહેલા દીપડાના અકસ્માત મોતથી વન્યજીવોની સુરક્ષાનો મુદ્દો ફરી ઉછળ્યો છે. વહેલી સવારના સમયે બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, દાંતિયા ગામ પાસે હાઇવે પર દીપડો એક બાજુથી બીજી બાજુ જવા માટે રોડ પાર કરી રહ્યો હતો. એ જ સમયે પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહને દીપડાને ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભયાનક હતી કે દીપડો રોડના ડિવાઇડર પર ફંગોળાઈ ગયો અને લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. આ ઘટનાની જાણ થતા નેશનલ હાઈવે પેટ્રોલિંગની ટીમને થતા જ પેટ્રોલિંગ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

પેટ્રોલિંગ ટીમે રોડ પર પડેલા દીપડાના મૃતદેહને જોઈ તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી. વનવિભાગનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

વનવિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં દીપડાનું મોત વાહનની ટક્કરથી થયાનું જણાઈ રહ્યું છે. દીપડાના મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતના ચોક્કસ કારણો અંગે જાણી શકાશે. ■

# અમદાવાદમાં ટેક્સી અને બાઈક ટેક્સી ડ્રાઈવરોની હડતાળ, મુસાફરો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ટેક્સી અને બાઈક ટેક્સી ડ્રાઈવરો હડતાળ પર છે, જેમાં અમદાવાદના ડ્રાઈવરો પણ જોડાયા હતા. શહેરમાં ડ્રાઈવરોની હડતાળને લીધે મુસાફરોએ રઝળપાટ ભોગવવાનો વારો આવ્યો હતો.

ઓલા, ઉબર, રેપિડો સાથે જોડાયેલા ડ્રાઈવરો એકસાથે હડતાળ પર જઈને વિવિધ માગણીઓ સાથે હડતાળ પર ઉતર્યા છે. ઓલ ઈન્ડિયા બ્રેકડાઉન નામના આ આંદોલનમાં અમદાવાદના ડ્રાઈવરો પણ જોડાયા હતા.

રિક્ષા કરતા પણ ઓછું ભાડું ટેક્સી માટે ચૂકવાય છે, આ સાથે ગ્રાહકો રાઈડ કેન્સલ કરે તો પણ ડ્રાઈવરોએ પેનલ્ટી ચૂકવવી પડે છે. દિવસભર કામ કર્યા બાદ પણ તેમની આવક સાવ જ મામૂલી રહે છે તે પરવડે તેમ નથી. આ સાથે અમદાવાદ એરપોર્ટ પર ખાનગી ટેક્સીઓ પર પ્રતિબંધ મૂકવા પણ માગણી કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદમાં હજારોની સંખ્યામાં લોકો કામકાજે જવા માટે ટેક્સી કે બાઈકનો ઉપયોગ કરે છે. ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા હોવાથી મુસાફરોએ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો થઈ હતી. ■

# સુરતમાં શરમજનક ઘટના, યુવતીને બ્લૅકમૅલ કરી ચાર નરાધમે દુષ્કર્મ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં શરમજનક ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી, જેમાં યુવતીને બ્લેકમેલ કરી તેની સાથે ચાર નરાધમે દોઢ વર્ષ સુધી તેનો શારીરિક લાભ લીધો હતો.

આ ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર એક પરિણિત યુવકને યુવતી સાથે પ્રેમ સંબંધ હતો.

અશોક કાઠી નામના આ યુવકે યુવતી સાથે શરીરસંબંધ બાંધ્યો હતો અને તેનો વીડિયો ઉતાર્યો હતો. ત્યારબાદ આ વીડિયો લિક કરવાનો ડર બતાવી યુવતી પર દુષ્કર્મ આચરતો હતો. યુવતીની ફરિયાદ અનુસાર અશોક ઉપરાંત અન્ય ચાર યુવક લાલો, ભવદીપ આહિર, રણજીત આહિર અને અર્જુન આહિર તેનાં પર વારંવાર દુષ્કર્મ આચરતા હતા. દરમિયાન અશોકે તેની પાસેથી એક તોલાની સોનાની બુટ્ટી પણ લઈ લીધી હતી.

યુવતીએ અંતે કંટાળીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ દુષ્કર્મના પાંચેય આરોપી સામે ગુનો નોંધ્યો હતો અને બેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી હતી. ■

# અમરેલી અને કોડીનારમાં ગીરના બે સાવજનું અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાટીક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન સમાન ગીરમાં બે સિંહના મોતની ઘટના પ્રકાશમાં આવી હતી. ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં એક-એક સિંહોના મોત થયાં હતાં. અમરેલીના લીલિયા તાલુકામાં વાડ વગરના ખુલ્લા કૂવામાં પડી જવાથી અને બીજા બનાવમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેતરને ફરતે લગાવેલા ઇલેક્ટ્રીક શોકથી મોત નીપજ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર, અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના કણકોટ ગામની સિમમાં ખુલ્લા કૂવામાં પડી જવાથી એક સિંહનું મોત થયું હતું. પ્રાથમિક વિગતો અનુસાર, સ્થાનિક ખેડૂતે જ્યારે ખેતરે આવીને જોયું ત્યારે કૂવામાં એક સિંહનો મૃતદેહ દેખાયો હતો. આથી ખેડૂતે તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી. આ વિગતો મળતાની સાથે લીલિયા રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (આરએફઓ) સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સિંહને કૂવામાંથી બહાર કાઢ્યો હતો. એવા પણ અહેવાલો છે કે વનવિભાગ દ્વારા બાંધવામાં આવેલા કૂવામાં સિંહ પડી ગયો હતો અને બહાર નીકળી ન શકતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અન્ય એક ઘટનામાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામમાં એક ખેડૂત દ્વારા લગાવવામાં આવેલા વીજ કરંટની વાડને અડી જવાથી લગભગ ત્રણથી પાંચ વર્ષની વયના એક સિંહનું મોત નીપજ્યું હતું. વન વિભાગની તપાસમાં બહાર આવ્યું હતું કે, ખેડૂતે જંગલી ભૂંડ અને નીલગાયથી પાકને બચાવવા માટે વીજ કરંટવાળી વાડ લગાવી હતી, પરંતુ સિંહ અકસ્માતે તેમાં ફસાઈ ગયો હતો અને તેને કરંટ લાગ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના ચાર દિવસ પહેલા બની હતી. આ ઘટનામાં ખેડૂતે પાછળથી વન વિભાગના અધિકારીઓ સમક્ષ પોતાની ભૂલ કબૂલી હતી. ત્યારબાદ તેની ધરપકડ કરી જેલ હવાલે કરી દેવામાં આવ્યો હતો. ■

## ૬. પરચુરણ

■ શ્રેષ્ઠ કિંમતે જુની પ્રાચીન વસ્તુઓના ખરીદદારો માટે, દરવાજા સેવા પ્રાચીન ઘડિયાળો પેન જરીની સાડી બોડર પેઈન્ટિંગ કેરબા ચાંદી સિક્કા નોટ્સ કોકરી કાર્પેટ જુના, કેમેરા જુના, ફર્નિચર જુના, જરમન વાસન લઈએ છીએ. 9167388771, 7045561663. (૩૨૫)

## ૯. લગ્ન સંબંધી

**જૈન કન્યા નવેમ્બર 1991 બોર્ન, વ્હાઈટ સ્પોટ (Vitiligo છે) B.SC IT, 5'0" માટે યોગ્ય પાત્ર- નોન સ્મોકર, નોન ડ્રીંકર, વેજીટેરિયન આવકાર્ય. Biodata whatsapp કરો:- 94272 52225. (દહેજ નહીં). (૮૮૦૫-એ)**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૭૮૮/એ)

**જૈન જુહુસ્કીમ વિલેપારલા સ્થિત વેલસેટલ્ડ બીઝનેસમેન હેન્ડસમ યુવક જન્મ 1997 M. S. COMPUTER (U.S.A.) માટે વેલસેટલ્ડ કન્યાના વડીલો તરફથી પ્રસ્તાવના આવકાર્ય છે. સંપર્ક - ''મહેતા મેરેજ'' 7021734618. (દહેજ નહીં). (૭૯૩-એ)**

■ સી. એ. ફાયનલ 1991 હેન્ડસમ વેલસેટ બ્રાહ્મણને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

■ માટુંગામાં 1993 બી.એફ.એમ. સ્માર્ટને બિઝનેસ ધરાવતા કપોળને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

## ૯. લગ્ન સંબંધી

■ પાર્લામાં 1985 ફિઝિયોથેરેપીસ્ટ 5'.6" બ્યુટીફુલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

■ બી.ઈ./આય.ટી./એમ.બી.એ. 1982 હેન્ડસમ વેજીટેરીયનને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

■ સાયન 1986 પી.એચ.ડી. દેખાવડી એક્ટિવ જૈનને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

■ બોમ્બે 1996 ન્યુટ્રીશન કન્સલટીંગ એક્ટિવ બ્યુટીફુલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૮૦૨-સી)

USA CITIZEN JAIN GIRL - 1985 Rajesh Thakkar Rajkot 94282 50002. (No Dowry). (B-3098)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ- બાપલી બંગલો. 9821112796. (૮૦૨-બી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**વૃંદાવન યાત્રા (અધિક માસ)**

**02 જૂન 2026, 6 રાત / 7 દિવસ માત્ર 20,999/- પ્રતિ વ્યક્તિ સંપર્ક કરો: 9892026407. (૮૦૪/એ)**

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ હોટેલ Travel Insurance Arrham Holiday 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૦૭૦)

**વ્રજ અયોધ્યા**

કાશી 23/3 થી 2/4 એસી પેકેજ કથા સાથે 18000, 9 દિવસ 9870122631. (૫૨૩-બી)

## ૧૪. નોકરી ખાલી છે

**રસોઈ માટે**

મહાલક્ષ્મી મંદિરની સામે એક નાના ગુજરાતી પરિવારને રસોઈ માટે જરૂર છે. 9819325303 સંપર્ક કરો. (બી-૧૭૦૦૫)

**■ સેલ્સ કમ ઓફિસ માટે યોગ્ય માણસ જોઈએ છે. ભાયખલા સીતાફલ વાડી હાથી મીલ્સ 9820945599. (એસડીબી-૩૦૭૮)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર-તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/વેચાણથી લેવા-વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૭૯૨/બી)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો.ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ, સંપર્ક - 9930333456 (P51800055546) (એસડીબી-૩૦૫૫)

**દેવલાલી**

**વાર્ષિક ધોરણે ભાડેથી શાંતિનાથ દેરાસરની બાજુમાં ફર્નિશ્ડ ૨ બેડરૂમ, હોલ, કિચનનો બંગલો તથા લીફ્ટવાળા નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ, લેવા-વેચવા- ભાડેથી. પરેશ- 9930803959, 9930106054. (૭૫૬-સી)**

**કાંદિવલી (વેસ્ટ)**

મહાવીરનગર - ૩ બેડરૂમ - ભાડેથી હાયર ફ્લોર, વાસ્તુ મુજબ - 7021592582. (૭૬૦-એ)

**ચોપાટી**
**ન્યુ ટાવર, ૨ BHK. રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ ૧ રિઝર્વ પાર્કિંગ જૈન મંદિર પાસે ૬ CR વેચવાનું છે.**
**8080753577**
(બી-૧૭૦૩૧)

**પાર્લા અંધેરી વેસ્ટ**

3 BHK ભાડેથી, અંધેરી ઓફિસ ભાડેથી - 9820613128. (એસડીબી-૩૦૯૨)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/4/5/6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૭૮૦-સી)**

**જુહુ સર્કલ**

**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૭૮૦-ડી)**

**સાન્તાક્રુઝ/ ખાર**

**લકઝરી પ્રોજેક્ટ્સ 3/4/5/6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૭૮૦-ઈ)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**સીટચ ફ્લેટો**

**એક્સક્લુઝીવ સી ફેસીંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ પ્રાઈમ લોકેશન્સઃ જૂહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓઃ બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો સંપર્ક 7021919015. (૭૮૦-એફ)**

**Rustomjee Elements**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK 2350' @ 21 કરોડ. મિહિર 7021919015. (૭૮૦-જી)**

**Kalpataru Solitaire**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, મિહિર 7021919015. (૭૮૦-એચ)**

**વિલે પાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/3000' પૂલ, જીમ, ટેરેસ ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટસમાં કબજો 1 વર્ષ મિહિર 7021919015. (૭૮૦-આઈ)**

**જે વી પી ડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ 50000 થી 75000 psf મિહિર 7021919015. (૭૮૧-એ)**

**જોઇએ ક્લાઇન્ટ માટે માર્ક્સિસ (લોઢાપાર્ક) ૩ બેડ, ૩૦ ફ્લોરના નીચે, પૈસા તૈયાર, તુરંત સોદો.**
**અન્ય વેચાણ / ખરીદી અલુરા, પાર્કસાઇડ, ટ્રમ્પટાવર, કિયારા, માર્ક્સિસ, એડ્રિના. સારી અને શ્રેષ્ટ ડિલ.**
**ASHOK SHAH** SFRC 9821036552 9920655056
(૭૮૭/બી)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા, 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૭૦૭૯)

**અંધેરી પશ્ચિમઃ**

લાલુભાઈ પાર્ક 4 BHK 1415' કાર્પેટ, હાયર ફ્લોર, ઓપન વ્યુ, મેન્ટેઇન્ડ બિલ્ડિંગ, 2 પાર્કિંગ સાથે, ઓનરશીપથી. વિશાલ મહેતા 9821935925 / 9664244444. (૭૯૯-એ)

**નાનાચોક**

૩ બેડરૂમ 1500' - પાર્કિંગ - સી.વ્યુ - ફરનીસ્ટ - 10,50,00000/= નેગોશીએબલ 9820068382. (૫૨૧-એ)

**પેડર**

1 બેડરૂમ 430' કાર્પેટ - પાર્કિંગ - 2,60,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૫૨૧-બી)

**ગામદેવી**

2 બેડરૂમ 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,85,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૫૨૧-સી)

**ઈન્વેસ્ટરો ધ્યાન આપો**

બોમ્બે ડાઈંગ ISLAND CITY CENTER (I C C) દાદર ઈસ્ટમાં ૪ બેડરૂમના Luxurious ટાવરનું બુકિંગ શરૂ થાય છે. Site visit તથા વધુ વિગત માટે સંપર્ક. ધીરજ ગાલા 9821156556. No Brokerage - દલાલી નહીં. (૭૯૯-બી)

**દેવલાલી**

**વેચાણથી. સૌભાગ્ય નગર, ૨ બેડરૂમ, હોલ કિચનના ફ્લેટો, અંડર કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ, મહારેરા રજીસ્ટર્ડ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, જુજ ફ્લેટો બાકી, દેરાસરની બાજુમાં. સોલ એજન્ટ - પરેશ - 9930803959, 9930106054. (૭૪૨-ડી)**

**વિલે પાર્લે (ઈસ્ટ)**

નવી બિલ્ડીંગમાં 2 બેડરૂમ, રેડી, 2.68 CR (All Inclusive). 8976758403.(૭૭૬-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

**૨ બેડરૂમનો ફર્નિશ્ડ ફ્લેટ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૭૨૫ ફુટ કાર્પેટ + ૩૦૦ ફુટ એટેચડ ટેરેસ, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક: 9892245522. (એસડીબી-૩૦૭૧)**

**કાંદિવલી વેસ્ટ**

3 બેડરૂમ, 690' કાર્પેટ, સ્ટેશન નજીક, ફુલ્લી ફર્નિશ્ડ, જીમ પાર્કિંગ સાથે, 2.8 CR. નેગોશિએબલ. - 7710072036, 9820451481.(બી-૧૭૦૩૮)

**વિલેપાર્લે (વેસ્ટ) વેચાણથી**

ઈર્લા દેરાસર નજીક શામિયાના બિલ્ડિંગ - પઝેશન May - 2026 2 BHK - 735' - 3.45 Cr./ 3 BHK - 890' - 4.21 Cr./ (પાર્કિંગ, સરકારી ટેક્સ, સોસાયટી ચાર્જીસ સમાવેશ) ''નવકાર રીઅલ એસ્ટેટ'' - 9082631731. (જેપી-૪૫૪૦-આઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ગ્રીનકોર્ટ (2.50 કરોડ), 3 BHK (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ), અંધેરી - ઈર્લા 3 BHK ભાડેથી (1.75 લાખ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433 - 9821069632. (૭૮૦-એ)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૭૦૬-એ)

**મુલુંડ (પશ્ચિમ)**
**૮૮૫ ચોરસ ફુટ કારપેટ, વેચાણ માટે. ૩ બીએચકે, વાલજી લધા રોડ, નવી ઈમારત, ઉપરના માળે ૨ લિફ્ટ, ૨ પાર્કિંગ, કિંમત ૨.૫૫ કરોડ.**
**સંપર્ક કરો :- 9869054820**
(બી-૧૭૦૫૮)

**ઘાટકોપર**

**ફ્લેટ/ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રક્શન, લેવા-વેચવા- ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નુ શાહ - 9833352224. (૭૯૨-સી)**

**વડાલા - બે બેડરૂમ**

ધરતી આકાશ બધા માટે પણ આ ઘરની સામે હરિયાળી વાતાવરણ ફક્ત એક લેનાર માટે આ ઘરની સામે કોઈ મકાન આવશે નહીં. નવું મકાન ત્રણ લીફ્ટ. વિનોદ : 9892980593. (બી-૧૭૦૬૧)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૫)

**JUHU GULMOHAR**

**3 / 4 BHK for Sale- Prime Location, Carpet Area: 1240 Sq. Ft./ 2363 Sq. Ft. Price: Rs. 6.75 Cr/ Rs. 13.75 Cr. All Inclusive Price (Stamp Duty & Registration Included). Call for Site Visit. Rahul - 9967489498. (B-3094)**

**JUHU-GULMOHAR**

**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf negotiable Prices Mihir - 7021919015. (781-B)**

**GULALWADI BUILDING**

For Sale/ Rent Ground + 4 at Kika Street, Opp. 3rd Bhoiwada, Bhuleshwar in Immitation Market Mumbai 400004. Contact Owner 8692929252. (746-A)

**WADALA WEST MOST PREMIUM**

**Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)**

**DADAR - MATUNGA WEST**

**Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)**

BOISAR (WEST), PARNALI, Flat - 18,00,000/-, Shop - 5,00,000/-. 9167332595. (SDB-3075)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રૂષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૦૭૭)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**■ આટગાંવ સ્ટેશન નજીક અને નાશિક હાઈવે પર ઈન્ડસ્ટ્રી યુનિટ્સ 1,000 સ્ક્વેર ફૂટ કાર્પેટ એરિયાથી આગળ લીવ એન્ડ લાઈસન્સ આધાર પર ઉપલબ્ધ. સંપર્ક: મધુકર ઠક્કર 9820016348. (બી-૧૭૦૭૧)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU SCHEME**

ભાડેથી રિટેલ શોપ 240' કાર્પેટ વૈશાલી શોપિંગ સેન્ટરમાં આપવાની છે. યશ મહેતા- 9833766747 / 9821059304. (૫૨૦-ડી)

**VILEPARLE (WEST)**

ભાડેથી રિટેલ શોપ 650' કાર્પેટ ઝવેરી બિલ્ડીંગમાં આપવાની છે. યશ મહેતા- 9833766747 / 9821059304. (૫૨૦-એ)

**''જ્વેલર્સ માટે''**

શોરૂમ લાયક ભાડેથી, એલ.ટી.રોડ, બોરીવલી વેસ્ટમાં, ગ્રાઉન્ડ ફ્લોર ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા, પહેલા માળે ૪૦૦ થી ૫૦૦ રૂપિયા, હાયર ફ્લોર ૨૫૦ રૂપિયા ફૂટ. સંપર્ક: 8904271844. (બી-૧૭૦૨૯)

**મરીનલાઈન્સ**

500' દુકાન ક્લાઉન્ડ કિચન યોગ્ય, 1,00,000 ભાડે. 9819569698. (૭૮૮/બી)

■ ભાડે/વેચાણ અપવાની છે ઓફિસ, 1670 ફૂટ ફુલ્લી ફર્નિશ્ડ, AC સાથે, પાંચમો માળ, શ્રી કૃષ્ણા સેન્ટર, મીઠાખળી, નવરંગપૂરા - 9824001838, 9898004050. (બી-૧૭૦૭૨)

**ઘાટકોપર-પૂર્વ, ૧૨૦૦ ચોરસ ફીટ, ૧૨મો માળ,**

**પ્લગઈન-ઓફિસ, કમર્શીયલ કોમ્પ્લેક્સમાં, ભાડા પર. ૯૦-ફીટ-રોડ, રેલ્વે સ્ટેશન/ આગામી મેટ્રો-સ્ટેશન નજીક, સંપર્ક:- 9892050204 (OWNER). (૮૦૦-એ)**

**પ્રીમિયમ બ્રાન્ડ્સને પ્રિ-લીઝ્ડ/**

ભાડે ચડેલ રિટેલ દુકાન વેચવાની છે. 300 sq. ft., 435 sq. ft., 560 sq. ft અને 1600 sq. ft. મોટા ઓટલા અને 20 ફુટ ફ્રન્ટેજ સાથે પવઈમાં. સંપર્કઃ રમેશ મંગે - 9920160200 (સમય 11 am થી 6 pm દરમિયાન). (એડીબીજી-૩૦૮૫)

**ઝવેરી બજાર**

વેચાણથી, છીપીચાલ, ૧૨૦' ઓફિસ, ઈમીટેશન/જ્વેલર્સ માટે ઉત્તમ. 9322255218. (૭૯૨/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**JUHU / VILEPARLE / ANDHERI**

Exclusive Commercial, High End Glass Facade Bldg. With Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 7021919014. (780-B)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

**લગ્નગીત, સંગીત સંધ્યા, સાંજી, ભજન, ડાયરો, ANNIVERSARY. મનસુખભાઈ- 9326801860/ 8169552801. (૭૬૫-સી)**

**પ્રાર્થના 6000/-**

Shreenath Sargam લગ્નગીત + મહેંદી + Anniversary + ડાયરો Kiranbhai - 9821795355. (બી-૧૭૦૫૩)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ - ડિઝલ - ટોયાટો - હુંડાઈ - હોન્ડા - મારૂતિ ગાડી લેવા - વેંચવા. શ્રીજી મોટર - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૪)

## ૩૧. નાણાંકીય

**ખોવાઈ ગયેલા**

શેરો પાછા મેળવવા અને ફિઝિકલ શેર ડિમેટ કરવા સંપર્ક- ૯૮૨૦૧૯૭૩૩૩. (જેપી-૪૫૪૦-ઈ)

**FUNDING FOR**

NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 years exp. financenetwork.in / 9819878744. (718-A)

## ૩૨. જમીન-મિલકત

■ તાત્કાલિક વેચવાનો છે બંગલો, 5 B H K, પ્લોટ - 225 વાર, બાંધકામ - 350 વાર, રોડ ટચ. નારણપુરા - 9824001838, 9898004050. (બી-૧૭૦૭૩)

■ અમદાવાદમાં વેચવાનો છે બંગલો 4 બેડરૂમ - હોલ - કિચન, ફુલ્લી ફર્નિશ્ડ, 250 વારના પ્લોટમાં 325 વાર બાંધકામનો દેરાસર - ઉપાશ્રય પાસે. ભટ્ટા, પાલડી. 9638244952. (બી-૩૦૯૭)

■ ઝવેરી બજાર મહાવીર માર્કેટમાં દુકાનની તાત્કાલિક વેચાણઃ Rs. 40 લાખ સંપર્ક: 9820010133. (બી-૧૭૦૮૦)

# મુંબઈ-બેંગ્લૂરુ પ્રીમિયમ ટ્રેનસેવા ટૂંકમાં

બેંગ્લૂરુઃ મુંબઈ-બેંગ્લુરુ પ્રીમિયમ ટ્રેન સેવા જલદી જ શરૂ થશે, એમ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે શનિવારે કહ્યું હતું.

આ વખતના રેલવે બજેટમાં કર્ણાટકને વિક્રમજનક ૭,૭૪૮ કરોડ ફાળવવામાં આવ્યા છે જે કૉંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણી કરતા નવ ગણા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે રાજ્યમાં રેલવેનો રોકાણનો કુલ આંક ૫૨,૯૫૦ કરોડ જેટલો છે. ■

## ૩૨. જમીન-મિલકત

**ઘોલવડમાં ફાર્મહાઉસ વેચવાનું છે**

ઘોલવડમાં ૧ એકર ૧૦ ગુંઠા એરીયાનું જમીન પરનું ફાર્મહાઉસ. ફાર્મહાઉસ ૪૦૦૦ ચો.ફૂટથી વધુનું (ભોયતળીયું + ૨) ખુલ્લા સેન્ટ્રલ પ્રાંગણ સાથે છે. સંલગ્ન શૌચાલય સાથે ૬ એ.સી. બેડરૂમ છે. મીઠા પાણીના ૧,૧૦,૦૦૦ લિટર્સથી વધુની સંગ્રહ ક્ષમતા સાથે વરસાદના પાણી સંગ્રહ દ્વારા પાણી પૂરવઠો છે. રક્ષણાત્મક વાડ અને ફિલ્ટ્રેશન યુનીટ સાથે ૧૬ ફૂટ વ્યાસ અને ૪ ફૂટ ઊંડો સ્પ્લેશ પૂલ છે. રસ ધરાવતી પાર્ટીઓ કૃપયા સંપર્ક કરો. ૯૮૩૩૧૮૧૧૫૩. (સાંજે ૬ અને ૯ વચ્ચે). (બી-૧૭૦૨૫)

**PLOTS REQUIRED**

Budget 100-500 Cr. for A+ Category Developer minimum 2500 sqr mtr prime location within Bandra to Borivali and South Mumbai only Mihir 7021919014. (781-D)

TO SALE / PURCHASE ANY Industrial Land in GIDC - Dahej (Gujarat) or in PCPR - Dahej - Contact - 9825007207. (B-17067)

## ૩૩. ધંધાદારી

**આર્ટ સેન્ટર**

**જૂના કોઇન્સ કોપર, નીકલ 700 પર K.G. જૂની ઝરીની સાડી, હાથના ઘડિયાલ, જૂના કૅમેરા, પેન, સીડી, રૅકોર્ડ, નોટના બન્ડલ મો. 9920663443, Whatsapp- 9107866786. (બી-૧૭૦૦૪)**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/ ૨૬૨૧-એ)

**શુભ પ્રસંગો**

તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે. - 9892930331. (બી-૧૭૦૫૨)

**મેડીકલેમ**

શું આપ જાણો છો? અમારી પાસે એક એવી મેડીકલેમ પોલિસી છે. તેમાં દર વર્ષે ૧૦૦% બોનસ અને એ સાથે ઈ એમ આઈ ફેસીલીટી પણ મળશે. વિગતો માટે- દિલીપભાઈ 9136621227. (૭૯૫-એ)

**EXPORT HOUSE, EPCG Licence Issuance / Closure. 9820936980. (523-A)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

લગ્નયોગ ક્યારે જન્મ તારીખ સમય સ્થાન વોટસએપ કરો. 7304586200. (બી-૧૭૦૬૩)

**સચોટ જ્યોતિષ**

ભાગ્યોદય ક્યારે જન્મ તારીખ સમય સ્થાન વોટ્સઅપ કરો - મોબાઈલ - 7304586200. (બી-૧૭૦૬૨)

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેરબેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (હોમવિઝિટ) 9765396401. (મુંબઈ). (બી-૧૭૦૫૬)

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA Visa be able to Drive Car must be connected with the Diamond Market. Position is to work 6-8 months per years in USA Selling Diamond Jewellery. (2-3 Trips of 2-3 months each) Contect Premal: +9179774-27785. (B-17060)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૦૨૭)

# અમરેલીમાં રાજયના પ્રથમ 'ટેસ્ટ ટ્યુબ વાછરડા'નો જન્મ, પશુપાલકોમાં આનંદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંતાન નહિ હોવાનું દુઃખ વેઠતા દંપતી માટે આઈવીએફ ખૂબ જ ઉપયોગી છે. આઈવીએફ એ એક આધુનિક તબીબી પ્રક્રિયા છે જે એવા યુગલોને બાળક પ્રાપ્ત કરવામાં મદદ કરે છે જેઓ કુદરતી રીતે ગર્ભધારણ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હોય. આ પ્રક્રિયાને ઘણીવાર 'ટેસ્ટ ટ્યુબ બેબી' તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે હવે આ આધુનિક તબીબી પ્રક્રિયા માત્ર માણસો માટે નહીં પણ પશુઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહ્યું છે.

ગુજરાતના પશુપાલન અને ડેરી ક્ષેત્ર માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. અમરેલી ખાતે ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડની એમ્બ્રીયો ટ્રાન્સફર લેબોરેટરીમાં રાજ્યમાં પ્રથમ વખત અદ્યતન ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન પદ્ધતિ દ્વારા ગીર વાછરડાનો સફળતાપૂર્વક જન્મ થયો છે. રાજ્યના પશુપાલકોને સંવર્ધનની આધુનિક ટેકનોલોજીનો લાભ મળે તે હેતુથી, ગીર ગાયોના મૂળ પ્રદેશ ગણાતા અમરેલીમાં આ અત્યાધુનિક લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી હતી.

પશુપાલન પ્રધાન જીતુ વાઘાણીએ આ સફળતા અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ટેકનિકલ સહયોગથી અમરેલીની વરુડી લેબોરેટરીમાં ગયા વર્ષથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ૧૩ પશુઓમાં ગર્ભારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રયોગના પરિણામ સ્વરૂપે, તાજેતરમાં એક કાંકરેજ ઓલાદની સરોગેટ ગાય દ્વારા શુદ્ધ ગીર વાછરડાનો જન્મ થયો છે. આ વાછરડાનો ગર્ભ ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતી ગીર ગાયમાંથી લેવામાં આવ્યો હતો, જેથી નવજાત વાછરડું પણ તેટલા જ ઉચ્ચ ગુણો ધરાવે છે. આ સફળતાથી ઉત્સાહિત થઈને પશુપાલન વિભાગ હવે આગામી સમયમાં અમરેલી લેબોરેટરી ખાતે વધુ ૩૦ પશુઓમાં એમ્બ્રીયો ટ્રાન્સફર કરવાની યોજના બનાવી રહ્યું છે. અધિકારીઓના મતે આ પ્રયાસોથી રાજ્યમાં ગીર ગાયોના સંવર્ધનને મોટો વેગ મળશે અને શ્વેત ક્રાંતિમાં ગુજરાતનું નેતૃત્વ વધુ મજબૂત બનશે. સામાન્ય રીતે, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ગાય તેના સમગ્ર જીવનકાળ દરમિયાન માત્ર સાતથી આઠ વાછરડાને જન્મ આપી શકે છે, પરંતુ આઈવીએફ જેવી ટેક્નોલોજીથી આ ક્ષમતામાં અનેકગણો વધારો કરી શકાય છે. ■

# જૂનાગઢમાં સહકારી મંડળીનું કૌભાંડ બહાર આવ્યું, પૂર્વ મંત્રી સામે પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના જુથળ ગામની સહકારી મંડળીના પૂર્વ મંત્રીએ બેંકમાંથી ખોટા ધિરાણો મેળવી, ખોટા પત્રક દર્શાવી, ખાતર વેચાણ તથા મંડળીના થાપણદારોના રૂપિયા પડાવી જમા ન કરાવીને કરોડોની ઉચાપત કરી હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી હતી.

મંડળીના પૂર્વ મંત્રી કાંતિભાઈ નરશીભાઈ હિંગરાજીયાએ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી ખેડૂત સભાસદોના વિશ્વાસ સાથે છેતરપિંડી આચરી કુલ રૂ. ૨,૦૯,૪૯,૬૦૯ ની માતબર રકમની ઉચાપત કરી હોવાની ફરિયાદ માળીયા પોલીસમથકે નોંધાઈ હતી.

પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદની વિગતો અનુસાર, મંડળીના પ્રમુખ કનૈયાલાલ (કનુભાઈ) દેવશીભાઈ કનેરીયા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, આરોપી મંત્રી વર્ષ ૨૦૦૯થી ફરજ બજાવતા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મંત્રીએ ખેડૂતો પાસેથી વસૂલ કરેલી લોનની રકમ બેંકમાં જમા કરાવવાને બદલે અંગત ઉપયોગમાં વાપરી નાખી હતી.આ ઉપરાંત, મંડળીના રેકોર્ડ પર રૂ. ૨૬.૭૮ લાખનો ખાતરનો સ્ટોક દર્શાવ્યો હતો, પરંતુ વાસ્તવમાં કોઈ સ્ટોક હાજર નહોતો. મંત્રીએ બારોબાર ખાતર વેચીને તે રકમની પણ ઉચાપત કરી હોવાનું તપાસમાં ખુલ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ઉચાપતની વિગતોમાં રોકડ ઘટ, ધિરાણ ઉચાપત અને થાપણદારોના નાણાંનો પણ સમાવેશ થાય છે. મંત્રીએ ૨૩ જેટલા થાપણદારોના રૂ. ૩૦.૪૪ લાખ સરવૈયામાં જમા લીધા વગર જ હડપ કરી લીધા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

એટલું જ નહીં, મંડળીના કાર્યક્ષેત્ર બહારના લોકોને ખોટા ધિરાણો આપીને તેમજ પોતાના નામે ગેરકાયદેસર લોન લઈને મંડળીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૫માં થયેલી સ્પેશિયલ તપાસ (ચોકસી અધિકારી દ્વારા) બાદ આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં પોલીસ દ્વારા આરોપી કાંતિભાઈ હિંગરાજીયા સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦ (છેતરપિંડી), ૪૬૫, ૪૬૭ (બનાવટી દસ્તાવેજ) અને ગુજરાત સહકારી ધારાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એપ્રિલ ૨૦૨૪થી મંત્રી કોઈને કહ્યા વગર ફરાર થઈ ગયા હોવાનું પણ બહાર આવ્યું છે. પોલીસ હવે આ કેસમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ભવનાથ મેળામાં શ્રદ્ધાળુઓનું સ્વાસ્થ્ય નહીં જોખમાય

## ૨૮ હંગામી દવાખાના અને ૨૧૦ વોરિયર્સ સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી દિવસોમાં જૂનાગઢ ખાતે ભવનાથના સિદ્ધ ક્ષેત્રમાં મહાશિવરાત્રિના મેળાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ત્યારે આ વર્ષે રાજ્ય સરકાર પણ મેળાને અતિ ભવ્યતા સાથે ઉજવવા માંગે છે. માટે જ ભવનાથ ખાતે મેળામાં પધારનારા શ્રદ્ધાળુઓના આરોગ્યની જાળવણી માટે તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો અનુસાર, આગામી મહાશિવરાત્રી મેળામાં લાખો શ્રદ્ધાળુઓના આરોગ્યની જાળવણી માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા મેળા દરમિયાન આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૨૮ હંગામી દવાખાનાઓ શરૂ કરવામાં આવશે. આ વર્ષે વહીવટીતંત્ર દ્વારા વાહનોની પ્રવેશ બંધી કરવામાં આવી હોવાથી લોકોને તળેટી સુધી પહોંચવાનું રહેશે.

હાલ રાજયના તાપમાનમાં પણ ફેરફાર થયો છે, ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને બપોરના સમયથી ગરમી અનુભવાઈ રહી છે. ત્યારે ચાલીને ભવનાથ તળેટી સુધી પહોંચવાનું હોવાથી આ દરમિયાન કોઈ શ્રદ્ધાળુને આરોગ્ય સુવિધાની જરૂરિયાત જણાઈ આવે તેવી સ્થિતિને પણ પહોંચી વળવા માટે તંત્ર દ્વારા મેડિકલ ટીમમાં વધારો કરવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓના આગમન પૂર્વે આરોગ્ય વિભાગની ટીમ સ્ટેન્ડ બાય રહેશે.

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જિલ્લા પંચાયત ગ્રાઉન્ડ સામે રોડ પર રેસ્ટ હાઉસ, પ્રેરણા ધામ, પ્રકૃતિ ધામ, કંટ્રોલરૂમ સામે ભવનાથ, નાકોડા દવાખાનુ (આઈસીયુ), ગિરનાર દરવાજા, ભરડાવાવ, સ્મશાન ત્રણ રસ્તા, પાજનાકા પુલ પાસે, ખાખચોક સામે, નારાયણ ધરા તરફ જતા રોડના નાકા પાસે, રૂપાયતન ત્રણ રસ્તા સર્કલ, ભગીરથ વાડીની જગ્યા પાસે, રીંગરોડ સીતારામ મંદિર પાસે વડલા નીચે, મંગલનાથ બાપુની જગ્યાની પાછળના ભાગે ફોરેસ્ટ દીવાલ પાસે, ગિરનાર સીડી ગેટના ગ્રાઉન્ડમાં, જમાલવાડી પાર્કિંગ, કાળુભાઈની વાડી પાર્કિંગ, જીનમ આશ્રમ પ્રાઇવેટ પાર્કિંગ, વાઘેશ્વરી મંદિર પાર્કિંગ, લુહાર જ્ઞાતિની જગ્યાના ખૂણા પાસે, મહેર સમાજ સામે આવકારવાળી ગલીમાં, સાબલપુર, મજેવડી દરવાજા, એસટી બસ સ્ટેન્ડ અંદરના ભાગે, અને રેલવે સ્ટેશન તથા ગિરનાર પર્વત પર જૈન દેરાસર અને અંબાજી મંદિર પાસે મેડિકલ ટીમ કાર્યરત રહેશે. મેળા દરમિયાન ૧૩ મીની અને ૬- ૧૦૮ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. મેળા વિસ્તારમાં એક આઈસીયુ યુનિટ સહિત ૭ મેડિકલ દવાખાના, અને ૨૧ પેરા-મેડિકલ દવાખાનાઓ ઊભા કરવામાં આવનાર છે. સારવાર માટે આરોગ્ય વિભાગના ૨૧૦ અધિકારીઓ અને કર્મચારીઓ ખડેપગે સેવા આપશે. ■

# વ્યાજખોરોના ત્રાસ યથાવત, રાજકોટના રિક્ષાચાલકે કંટાળી મોતને વ્હાલું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરમાં વ્યાજખોરોના ત્રાસની ફરિયાદો થતી રહે છે. વ્યાજખોરોના રંજાડથી જીવન ટૂંકાવી લેવાની ઘટનાઓ પણ ઘણી બનતી રહે છે. આવી જ ઘટના ફરી રાજકોટમાં બની હતી, જેમાં વ્યાજખોરોને પૈસા આપી દીધા હોવા છતાં કથિત ત્રાસ ચાલુ રહેતા એક રિક્ષાચાલકે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું.

રિક્ષાચાલક અમિતભાઈ તન્નાએ આ પગલું ભરતા પહેલા સ્યૂસાઈડ નોટ લખી હતી અને વીડિયો પણ બનાવ્યો હતો. તેમનો વીડિયો જોઈ તેમણે અનુભવેલા માનસિક ત્રાસનો અંદાજો લગાવી શકાય છે. સ્યૂસાઈડ નોટમાં તેમણે જયદીપ દિનેશભાઈ મૈયડ (બોરીચા)ને આ માટે જવાબદાર ઠેરવ્યો છે.

વર્ષ ૨૦૧૮માં અમિતભાઈએ રિક્ષા ખરીદવા માટે જયદીપ પાસેથી પૈસા લીધા હતા. ત્યારબાદ આ રકમ ચૂકવવા માટે તેમણે તેમને દોઢ લાખની કિંમતની રિક્ષા તેમને સોંપી દીધી હતી. અમિતભાઈએ કરેલા આક્ષેપ અનુસાર જયદીપે તેમના નામે કોરા ચેક પર સહી કરી તેમની સામે કોર્ટમાં કેસ કર્યો હતો. અમિતભાઈએ કહેલા આક્ષેપ અનુસાર તેમણે પૈસા ચૂકવી દીધા હોવા છતાં તેમની કનડગત થતી હતી.

તેમણે વીડિયોમાં કહ્યું હતું કે મેં કોઈના આટલા બધા પૈસા લીધા નથી, મારા નામે જૂઠ્ઠાણું ચલાવાય છે. કોર્ટ ભલે તમને જામીન આપે પણ માતાજી ક્યારેય નહીં છોડે. તેમના પત્નીએ પણ આક્ષેપ કર્યો હતો કે તેમને વ્યાજખોરો ફોન કરીને પજવતા હતા અને તેમની પાસેથી સતત પૈસા માગતા રહેતા હતા. પોલીસે બોરીચા વિરુદ્ધ કાર્યવાહીની તજવીજ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિસાવદર મનપાની બબાલ મામલે ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર કર્યા પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદર મનપાના ચીફ ઓફિસર અને ઉપપ્રમુખ વચ્ચે થયેલી બબાલનો વીડિયો વાયરલ થતાં ભારે વિવાદ જાગ્યો હતો. ઉપપ્રમુખ રમેશભાઈ માંગરોળિયા અને ચીફ ઓફિસર પ્રકાશ વઘાસિયા વચ્ચે થયેલા હંગામા મામલે અહીંના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર પ્રહાર કર્યા હતા.

કાલસારી ગામે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જનસંપર્ક બેઠકમાં હાજરી આપી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે કાલસારી ગામના વઘાસિયા સાહેબ જેઓ ખૂબ જ ઈમાનદાર અને વતન પ્રેમી છે. તેઓ રિટાયર થયા પછી પણ પોતાના વતનને અને પોતાના લોકોને કંઈ આપવા માટે ફરીથી નગરપાલિકામાં કામ કરી રહ્યા છે અને ઈમાનદારીપૂર્વક લોકોના કામ થાય એ રીતે તેઓ નિષ્ઠાપૂર્વક પોતાની સેવા આપી રહ્યા છે. બીજી બાજુ વિસાવદર નગરપાલિકામાં ભાજપના જે કોર્પોરેટરો છે એ લોકોએ અનેક જગ્યાએ લૂંટ ચલાવવાના રસ્તાઓ શોધી રાખ્યા છે.

આ ભાજપના કટકી કરવાવાળા લોકોએ પેટ્રોલ ડીઝલથી લઈને રોડ રસ્તા, સાફ-સફાઈ, કચરા ઉઠાવવા સહિત તમામ જગ્યા પર પોતાના કોન્ટ્રાક્ટ સેટ કરી દીધા છે અને આ રીતે બેફામ રીતે નગરપાલિકામાં લૂંટ ચલાવી રહ્યા છે, પરંતુ વઘાસિયા સાહેબ આવા કટકીબાજોના બીલો પર સાઇન કરવા માંગતા નથી જેના કારણે આ બધા લોકોએ ભેગા થઈને ઘેરવા પહોંચી ગયા હતા અને વઘાસિયા સાહેબે કોઈના બે પૈસા લીધા નથી એટલા માટે તેઓ કટકીબાજોના તાબે થયા ન હતા.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા જણાવ્યું કે આ કાલસારી ગામના વઘાસિયા સાહેબ ચીફ ઓફિસર છે, તેઓએ પોલીસ સ્ટેશનમાં જઈને કામકાજમાં અવરોધો ઊભા કરવા બદલ, ખોટા કાગળ ઉપર સાઈન કરવા દબાણ કરવા બદલ અને ધાક ધમકી આપવા બદલ ફરિયાદ દાખલ કરી હતી.

એક સરકારી માણસે ફરિયાદ દાખલ કરી તો એની સામે ભાજપના લોકોએ પણ ફરિયાદ દાખલ કરી કે વઘાસિયા સાહેબે એ લોકોને છરી બતાવી હતી. પોતાની ઓફિસે કામ કરવા જતા અધિકારી સાથે છરી રાખે વાત જ હાસ્યાસ્પદ છે. તો આ સમગ્ર ઘટના બાદ વિસાવદર પોલીસે જે કર્યું એ જોવા જેવું હતું.

વઘાસિયા સાહેબે ફરિયાદ દાખલ કરી અને ચાર દિવસ થઈ ગયા અને ભાજપના લોકોએ જે દિવસે ફરિયાદ કરી એના બીજા દિવસે પોલીસે વઘાસિયા સાહેબને પોલીસ સ્ટેશન બોલાવ્યા અને એમની ધરપકડ કરી અને ત્યારબાદ જામીન લેવડાવ્યા હતા, પરંતુ વઘાસિયા સાહેબે ભાજપના નેતાઓ પર જે ફરિયાદ દાખલ કરી હતી, તેના પર હજુ સુધી એક પણ કાર્યવાહી કરવામાં આવી નથી, આવી ટીકા ઈટાલિયાએ કરી હતી. ■

# જામનગરના ખીજડીયા અભયારણ્યમાં ૩૦૦થી વધુ પ્રજાતિના ૨ લાખ પક્ષીઓ નોંધાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર નજીક આવેલા ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ૬ અને ૭ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય પક્ષી ગણતરીની વિશેષ કામગીરી પૂર્ણ થઈ હતી. વન વિભાગના માર્ગદર્શન હેઠળ વૈજ્ઞાનિક પદ્ધતિથી હાથ ધરાયેલી આ ગણતરીમાં ૧૦૦૦થી વધુ પક્ષીવિદોએ ભાગ લીધો હતો. પ્રાથમિક અંદાજ મુજબ, અભયારણ્યમાં ૩૦૦થી વધુ પ્રજાતિના બે લાખથી વધુ પક્ષીઓ નોંધાયાં છે.

આ કામગીરીનો મુખ્ય હેતુ અભયારણ્યમાં પક્ષીઓની સંખ્યા, તેમની જાતિઓ, વસવાટની સ્થિતિ અને પર્યાવરણ પર પડતી અસર અંગે મહત્ત્વપૂર્ણ માહિતી એકત્ર કરવાનો હતો. આ ડેટા ભવિષ્યમાં પક્ષી સંરક્ષણ અને સંવર્ધન માટેની નીતિઓ ઘડવામાં તેમજ સરકારની સંરક્ષણાત્મક યોજનાઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી સાબિત થશે. પક્ષી ગણતરી માટે સમગ્ર અભયારણ્યને વિવિધ ઝોન અને સેક્ટરમાં વહેંચવામાં આવ્યું હતું. કુલ ૧૨ ટીમો દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં વન વિભાગના કર્મચારીઓ, પક્ષીવિદો, નિષ્ણાતો અને પ્રશિક્ષિત સ્વયંસેવકોનો સમાવેશ થતો હતો. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને, ઈ-બર્ડ એપ્લિકેશન દ્વારા ડિજિટલ રીતે ડેટા નોંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત, લેન કેમેરા, સ્કોપ, દૂરબીન અને સ્કેનકાર્ડ જેવી પરંપરાગત પદ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિશેષ કામગીરીમાં મરીન નેશનલ પાર્ક, ખીજડીયા પક્ષી અભયારણ્ય, વન વિભાગ, સામાજિક વનીકરણ વિભાગ, વિવિધ એનજીઓ, રેસ્ક્યુ ટીમો અને ગાઈડમિત્રો સહિત અનેક પક્ષીપ્રેમીઓ અને પ્રકૃતિમિત્રોએ ઉત્સાહપૂર્વક સહભાગી બનીને આ ગણતરીને સફળ બનાવી હતી. ■

# અમરેલીના સુડાવડ ગામે ૪૦ વર્ષનો અંધકાર દૂર થયો

## ૧૫ પરિવારોને પ્રથમવાર વીજળી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુડાવડ ગામ નજીક સીમ વિસ્તારમાં વસતા ૧૫ માલધારી અને દેવીપૂજક પરિવારોને ૪૦ વર્ષ બાદ પ્રથમવાર વીજળી મળી છે. રાજ્ય કક્ષાના પ્રધાન કૌશિક વેકરિયાના સતત પ્રયાસોને કારણે આ પરિવારોનું વીજળીનું સ્વપન સાકાર થયું છે. આ પરિવારો છેલ્લા ૪૦ વર્ષથી અંધકારમાં જીવી રહ્યા હતા. ૨૧મી સદીના આધુનિક યુગમાં પણ તેઓ સૂર્યાસ્ત પછી માત્ર કેરોસીનના દીવાના સહારે જીવન ગુજારતા હતા. દસ્તાવેજોની ગૂંચવણો અને વહીવટી અવરોધોને કારણે આ વસાહતમાં વીજળી પહોંચી શકી ન હતી.

વીજળી આવતાની સાથે જ આ ૧૫ ઘરોમાં લાઈટ, પંખા અને ટીવી શરૂ થઈ ગયા છે. ગૃહિણીઓને દૂધ અને અન્ય ખાદ્યસામગ્રી સાચવવા માટે ફ્રીજની સુવિધા પણ ઉપલબ્ધ બની છે. અત્યાર સુધી દીવાના આછા પ્રકાશમાં અભ્યાસ કરતાં બાળકો હવે વીજળીના અજવાળે પોતાનું ભવિષ્ય ઘડી શકશે.

કૌશિક વેકરિયાએ આ અંગે જણાવ્યું હતું કે, જ્યોતિગ્રામ યોજના હેઠળ સામાન્ય લોકો સુધી લાભ પહોંચાડવાનો અમારો ઉદ્દેશ્ય છે. ■

# મુંદરાના ભોરારા ગામની નર્મદા કેનાલમાં બે સગીરો ડૂબ્યાઃ પંથકમાં અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા તાલુકાના ભોરારા ગામ ખાતેની નર્મદાની કેનાલમાં ડૂબી જવાથી મૂળ બિહારના સાગર અશોક પાંડે અને અપૂર્વ દેવેન્દ્ર ગઢવી (ઉ.વ ૧૭) (બંને રહે. બારોઈ)ના મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

આ કરુણાંતિકા અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગત ગુરુવારે બંને સગીરો સાંજના અરસામાં ટ્યૂશન ગયા બાદ મોડી રાત્રી સુધી પરત ન આવતાં ચિંતિત પરિવારજનોએ બંનેની વ્યાપક શોધખોળ આદરી હતી.

ટ્યુશનમાંથી રજા બાદ બંને સગીરો નર્મદા કેનાલ નજીક ફરવા ગયા હોવા અંગે એક સહપાઠી પાસેથી જાણવા મળતાં મધરાત્રીના અરસામાં નર્મદા કેનાલ પાસે તપાસ કરતાં બંને ડૂબી ગયા હોવાનું બહાર આવ્યું હતું.

ભુજ ફાયર શાખાને જાણ કરાતાં બચાવ ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આવી હતી અને કેનાલમાંથી બંને હતભાગી સગીરોના મૃતદેહો મળી આવતાં દોરડાંની મદદથી બંનેને બહાર કઢાયા હતા. ટ્યૂશન ગયા બાદ બંને હતભાગી બાળક કેનાલ તરફ ફરવા ગયા બાદ કેનાલમાં કેવી રીતે ડૂબ્યા તે જાણવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

દરમ્યાન, પ્રાથમિક તબક્કે બંને સગીર આકસ્મિક રીતે નર્મદા કેનાલમાં પડી ગયા અને મૃત્યુ પામ્યા તેવું જણાઈ આવે છે તેમ છતાં આ બનાવની ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરાઈ રહી છે તેવું મુંદરા વિસ્તારના પી.એસ.આઈ. વી.એમ.ડામોરે જણાવ્યું હતું. ■

# વિદેશ જવા માટે જરૂરી શારીરિક સજ્જતા પ્રમાણપત્રને ગેરકાયદેસર બનાવવાનું કૌભાંડ ભુજમાંથી પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શારીરિક રીતે કોઈ બીમારી હોવાથી વિદેશમાં જવા માગતા લોકોને જી.સી.સી. માન્ય સર્ટિફિકેટ મળતું ન હોવાથી આવા લોકોને બનાવટી ભારતીય પાસપોર્ટ અને બનાવટી આધારકાર્ડ બનાવી તેનો ઉપયોગ કરવાના હેતુથી ગેરકાયદે કબજામાં રાખનારા એક આરોપીને પશ્ચિમ કચ્છ સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે ઝડપી પાડીને કચ્છમાં સંભવતઃ પ્રથમવાર ઝડપાયેલા નકલી મેડિકલ ફિટ સર્ટિફિકેટ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પૂર્વ બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ભુજ રેલવે મથક પાસે આવેલી હોટેલ દેવરાજ પેલેસ પાસેથી મૂળ રાજસ્થાનના સંજયકુમાર નટવરલાલ લુહારને અટકમાં લઇ, તેની પાસેથી તેના ફોટા અને બીજા વ્યક્તિના નામનો ભારતીય પાસપોર્ટ તથા આધારકાર્ડની કલર પ્રિન્ટ મળી આવી હતી.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે, જી.સી સી માન્ય હોસ્પિટલમાં મેડિકલ રીતે ફિટ હોય તેવી ડમી વ્યક્તિને હાજર રાખી, મૂળ અરજદારના પાસપોર્ટ અને આધારકાર્ડમાં ડમી વ્યક્તિના ફોટા પ્રિન્ટ કરીને મૂળ વ્યક્તિના ઓરિજનલ પાસપોર્ટ અને આધારકાર્ડ સાથે ચેડાં કરીને તેમાં અનઅધિકૃત રીતે ફેરફાર કરી મેડિકલ ફિટનું પ્રમાણપત્ર લઈ આપી અને બાદમાં મૂળ વ્યક્તિના ફોટાવાળું પાનું પાસપોર્ટમાં લગાવી મેડિકલી અનફિટ વ્યક્તિઓને ફિટ દર્શાવીને આ સમગ્ર કૌભાંડ આચરાતું હતું.

આ મામલે ડીવાયએસપી મીનેષ ક્રિશ્ચિયને જણાવ્યું હતું કે, આ કૌભાંડમાં કોણ-કોણ સંડોવાયેલું છે. ■

# મિલ્કતમાં ભાગ માગનારા કળિયુગી પુત્રએ માતા-પિતા ઉપર હુમલો કર્યોઃ ગાંધીધામના બનાવથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ શહેરના ગુરુકુળ વિસ્તારમાં મિલકત મુદ્દે કળિયુગી પુત્રએ પોતાના માતા-પિતા ઉપર હુમલો કરતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરનાં ગુરુકુળ વિસ્તારમાં મહાદેવ મંદિરની બાજુમાં પ્લોટ ૨૯,મકાન નં.-૩,વોર્ડ-૭ બીમાં રહેનાર રસીલાબેન અને તેમના પતિ લાભશંકર અબોટી તેમના ઘરે હતા ત્યારે તેમના દીકરા અમિતે મિલકતમાં ભાગ આપવા વિવાદ ઉભો કર્યો હતો. મિલ્કતમાં ભાગ આપવો કે નહીં એ મુદ્દે પછી વિચારશું તેમ કહીને પિતાએ બીડી માગતાં તમે કાંઇ કમાતા નથી, બીડી નહીં મળે તેવું આ અમિતે પોતાના પિતાને કહી પોતાની દીકરીને છીનવી પોતાના પિતા લાભશંકરને ધક્કો મારી નીચે પાડી દીધા હતા. ફરિયાદી રસીલાબેન વચ્ચે પડતાં આ કળિયુગી પુત્રએ તેમને પણ ઢોરમાર માર્યો હતો અને બંનેને ઘરમાંથી બહાર હાંકી મૂકયા હતા. ઘવાયેલા દંપતીને પાડોશીઓ દ્વારા સારવાર અર્થે નજીકની હૉસ્પિટલે લઇ જવાયા હતા. પોલીસે હુમલાખોર પુત્ર વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કંડલા બંદરે જહાજના ફાલ્કામાંથી નીચે પટકાયેલા યુવા શ્રમિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના કંડલા ખાતે જેટી પર લાંગરેલાં માલવાહક જહાજ પર કામ કરતી વેળાએ ફાલ્કા પરથી નીચે પટકાયેલા લુણીના મામદ ઈશા માંજલિયા (ઉ.વ.૨૫)એ જીવ ખોયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, લુણીમાં રહેનાર મામદ સવારે કંડલા બંદર પર બર્થનંબર પાંચ પર લાંગરેલાં જહાજમાં કામ કરી રહ્યો હતો એ દરમ્યાન જહાજના ફાલ્કા પરથી અકસ્માતે નીચે પટકાતાં તેને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ઘવાયેલા આ યુવાનને સારવાર અર્થે લઈ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરની સર ટી હોસ્પિટલના બાળ આરોગ્ય વિભાગની આઇસીયુની ટીમ દ્વારા સરાહનીય કામગીરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની સર ટી હોસ્પિટલના બાળ આરોગ્ય વિભાગ ખાતે કાર્યરત નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ થયેલા ચાર નવજાત શિશુઓ (ક્વાડ્રુપ્લેટ્સ) ને કુલ ૬૩ દિવસની સફળ અને સુવ્યવસ્થિત તેમજ સઘન સારવાર બાદ સંતોષકારક અને તંદુરસ્ત સ્વાસ્થ્ય સાથેની પરીસ્થિતિમાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

આ દંપતી છેલ્લાં ૧૫ વર્ષથી નિઃસંતાન હતા અને ઈંટ્રાક્ષપદ્ધતિ દ્વારા ગર્ભધારણ થતા માતાએ ચાર અતિ કુમળા, અપરિપક્વ, અધૂરા મહિને ખૂબ જ ઓછા વજન વાળા નવજાત શિશુઓને જન્મ આપ્યો હતો. આ પરિવાર તળાજા તાલુકાના ભાળર ગામનો રહેવાસી છે.બાળકોના પિતા વ્યવસાયે બાંધકામ મજૂર છે. ચારેય બાળકોનો જન્મ અત્યંત ઓછા જન્મ વજન સાથે થયો હતો અને ખાનગી હોસ્પિટલમાંથી તેઓને વિશેષ સઘન સારવાર માટે સર ટી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે બાળ આરોગ્ય વિભાગમાં રીફર કરવામાં આવ્યા હતાં. સર ટી હોસ્પિટલના આઇસીયુ વિભાગમાં દાખલ કરીને કરવામાં આવેલ સઘન સારવાર દરમિયાન આ ચારેય બાળકોને કુલ ૨૧ દિવસ સુધી વેન્ટિલેટર સપોર્ટ આપવામાં આવ્યો હતો. ■


# પાલિતાણામાં હીરા ઉદ્યોગની મંદી વચ્ચે રત્ન કલાકારોની વહારે સંસ્થાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભાવનગરઃ હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી વર્તમાન મંદીની સ્થિતિને ધ્યાનમાં રાખીને, પાલિતાણાના રત્ન કલાકારોને આર્થિક ટેકો અને રાહત મળી રહે તેવા ઉમદા હેતુથી એક વિશાળ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ એન્ડ જ્વેલરી નેશનલ રિલીફ ફાઉન્ડેશન (મુંબઈ), ત્રર્ઝીઅ (મુંબઈ) તથા ઈત્રર્ઝીના સંયુક્ત ઉપક્રમે અને પાલીતાણા ડાયમંડ એસોસિએશનના સહકારથી આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.આ કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે સંસ્થાઓના આ સેવાકાર્યને બિરદાવતા જણાવ્યું હતું કે, જ્યારે ઉદ્યોગ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હોય ત્યારે સામાજિક સંસ્થાઓનું આ પ્રકારનું યોગદાન રત્ન કલાકારો માટે મોટો આશરો બને છે. કાર્યક્રમ દરમિયાન પાલીતાણાના રત્ન કલાકારોને અનાજ અને કરિયાણાની કુલ ૬૦૦૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંદીના માહોલમાં આટલી મોટી સંખ્યામાં કીટનું વિતરણ થતા રત્ન કલાકાર પરિવારોમાં રાહતની લાગણી જોવા મળી હતી. ■

# આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની વાનખેડેમાં રંગારંગ શરૂઆત





વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે ટી-૨૦ વર્લ્ડ કપના ભારત-યુએસએ મુકાબલા પહેલાંની ઓપનિંગ સેરેમનીમાં અભિનેત્રી નોરા ફતેહી અને રૅપ મ્યૂઝિક માટે જાણીતા બાદશાહ, સિતારવાદક રિષભ શર્મા તેમ જ અન્ય કલાકારોએ પોતાની કલા બતાવીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન આતશબાજી પણ થઈ હતી. લગભગ બે કલાકની સેરેમની હજારો પ્રેક્ષકોએ નિહાળી હતી અને ત્યાર બાદ પ્રેક્ષકોએ સૂર્યકુમાર યાદવની આતશબાજી માણી હતી. (પીટીઆઇ)

## વર્લ્ડ કપના પહેલા જ દિવસે હૅટ-ટ્રિક

### શેફર્ડે કુલ પાંચ વિકેટ સાથે સપાટો બોલાવ્યોઃ હેટમાયરની હિટિંગ, વેસ્ટ ઈન્ડિઝે સ્કૉટલૅન્ડને હરાવ્યું

કોલકાતાઃ બે વખત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા વેસ્ટ ઇન્ડિઝે અહીં ગઈ કાલે સ્કૉટલૅન્ડને વર્લ્ડ કપની મૅચમાં ૩૫ રનથી હરાવીને જીત સાથે ખાતું ખોલાવ્યું હતું. શિમરૉન હેટમાયર (૬૪ રન, ૩૬ બૉલ, છ સિક્સર અને બે ફોર) અને રોમારિયો શેફર્ડ (હૅટ-ટ્રિક સહિત પાંચ વિકેટ) આ વિજયના બે સૂત્રધાર હતા.

સ્કૉટલૅન્ડની ટીમને બાંગ્લાદેશના સ્થાને વર્લ્ડ કપમાં સામેલ કરવામાં આવી છે. વેસ્ટ ઇન્ડિઝે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. હેટમાયર ઉપરાંત બ્રેન્ડન કિંગે ૩૫ રન, શેરફેન રુધરફર્ડે ૨૬ રન, રૉવમૅન પોવેલે ૨૪ રન અને કૅપ્ટન શાઇ હોપે ૧૯ રનનું યોગદાન આપ્યું છે. સ્કૉટલૅન્ડના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર બ્રાડ ક્યૂરીએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

સ્કૉટલૅન્ડની ટીમે કૅરિબિયનોને સારી લડત આપી હતી અને તેઓ ૧૮.૫ ઓવરમાં ૧૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થયા હતા. શેફર્ડે ઉપરાઉપરી ત્રણ બૉલમાં ત્રણ વિકેટ લેવા સહિત કુલ ત્રણ ઓવરમાં ૨૦ રનમાં પાંચ વિકેટ લીધી હતી. ત્રણ વિકેટ પીઢ બોલર જેસન હોલ્ડરે લીધી હતી. સ્કૉટિશ ટીમમાં કૅપ્ટન રિચી બેરિંગ્ટનના ૪૨ રન હાઇએસ્ટ હતા જેમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગા સામેલ હતા. ટૉમ બ્રુસે ૩૫ રનનો ફાળો આપ્યો હતો. ■

### આજે કોની મૅચ?

અફઘાનિસ્તાન વિ. ન્યૂ ઝીલૅન્ડ, ચેન્નઈ, સવારે ૧૧.૦૦

ઇંગ્લૅન્ડ વિ. નેપાળ, વાનખેડે, બપોરે ૩.૦૦

શ્રીલંકા વિ. આયરલૅન્ડ, કોલંબો, સાંજે ૭.૦૦

(નોંધઃ ભારતની હવે પછીની મૅચ ગુરુવાર, ૧૨મી ફેબ્રુઆરીએ સાંજે ૭.૦૦ વાગ્યાથી દિલ્હીમાં નામિબિયા સામે રમાશે) ■

## સૂર્યા હૈ તો મુમકિન હૈઃ બે હેલિકૉપ્ટર શૉટ ફટકારીને પબ્લિકને ખુશ કરી



મુંબઈઃ વાનખેડેમાં ગઈ કાલે યુએસએ સામે ટી-૨૦ વર્લ્ડ કપની મૅચમાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અસલ ફૉર્મમાં હતો. તે અનેક વખત શૉટ માર્યા પછી નીચે પટકાયો હતો, પણ ઊભો થઈને પાછો રમવા લાગ્યો હતો. સૂર્યાએ ચાર સિક્સર અને દસ ફોરની મદદથી અણનમ ૮૪ રન ન કર્યા હોત તો યુએસએ સામે હારી જતાં ભારત શરમજનક સ્થિતિમાં મુકાયું હોત. જોકે સૂર્યાની હાજરીએ ભારતની આબરૂ સાચવી હતી. એક પછી એક વિકેટ પડતી ગઈ, પણ સૂર્યા અડીખમ રહ્યો હતો.

એક તરફ ભારતીય ટીમે ૧૩ ઓવરમાં ૭૭ રનમાં કૅચઆઉટમાં છ વિકેટ ગુમાવી ત્યાર બાદ અડીખમ કેપ્ટન સૂર્યકુમારે એક તબક્કે બે બૉલમાં ધોની બ્રૅન્ડ હૅલિકોપ્ટર શૉટની ઝલક આપી હતી. તેણે સૌરભ નેત્રાવલકરના બે બૉલમાં આ પ્રકારના શૉટમાં ચોગ્ગો અને છગ્ગો માર્યો હતો. એ ઓવરમાં કુલ ૨૧ રન થયા હતા. એમાં અક્ષરના ૧૧ અને સૂર્યાના ૧૦ રન સામેલ હતા. સૂર્યાએ ૧૮મી અને ૨૦મી ઓવરમાં જોરદાર ફટકાબાજી કરી હતી. છેવટે ભારતે અમેરિકાને ૨૯ રનથી હરાવ્યું હતું. ■



**બે દિગ્ગજ વાનખેડેમાંઃ** આઇસીસીના ચૅરમૅન જય શાહ ગઈ કાલે વાનખેડેમાં ઓપનિંગ સેરેમની દરમ્યાન ઉપસ્થિત હતા. એ વખતે તેમની સાથે બૅટિંગ-લેજન્ડ અને ૨૦૨૪ના વર્લ્ડ કપનો ચૅમ્પિયન કૅપ્ટન રોહિત શર્મા પણ હાજર હતો. (પીટીઆઇ)

## પાકિસ્તાન વર્લ્ડ કપમાં નેધરલૅન્ડસ સામે મહામહેનતે જીત્યું

### ભારતીય મૂળના બોલર આર્યન દત્તે બે મુખ્ય વિકેટ લીધી, બાબરના માત્ર ૧૫ રન

કોલંબોઃ મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ગઈ કાલે પ્રથમ મૅચમાં નેધરલેન્ડ્સ સામે જીતતાં ૨૦૦૯ના ચૅમ્પિયન પાકિસ્તાનના નાકે દમ આવી ગયો હતો.

નેધરલેન્ડ્સે કૅપ્ટન સ્કૉટ એડવર્ડ્સના ૩૭ રનની મદદથી ૧૪૭ રન કર્યા ત્યાર બાદ ખરાબ પ્રદર્શનમાં પાકિસ્તાને એક તબક્કે ૨/૯૦ના સ્કોર બાદ પાંચ વિકેટ ગુમાવી હતી અને ૧૧૯ રન સુધીમાં તેમની સાત વિકેટ પડી ચૂકી હતી. ખાસ કરીને ભારતીય મૂળના ઑફ સ્પિનર આર્યન દત્તે પાકિસ્તાનની ટીમને મુસીબતમાં મૂકી દીધી હતી. તેણે ઓપનર સાઇમ અયુબ (૨૪ રન) અને સલમાન આગા (૧૨ રન)ને આઉટ કર્યા હતા. પાકિસ્તાને જીતવા માત્ર ૧૦ બૉલમાં ૨૧ રન કરવાના હતા ત્યારે ૩૨ વર્ષીય ઑલરાઉન્ડર ફહીમ અશરફે (૨૯ અણનમ, ૧૧ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) એક ઓવરના પાંચ બૉલમાં ત્રણ સિક્સર અને પછીની ઓવરમાં બે ફોર ફટકારીને પાકિસ્તાનને વિજય અપાવ્યો હતો. ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમ ફક્ત ૧૫ રન કરીને આઉટ થયો હતો.

પાકિસ્તાને ત્રણ બૉલ અને ત્રણ વિકેટ બાકી રાખીને ૭/૧૪૮ના સ્કોર સાથે જીત મેળવી હતી. નેધરલેન્ડ્સના પેસ બોલર પૉલ વૅન મીકેરને પણ બે વિકેટ મેળવી હતી. પાકિસ્તાનને છેલ્લી ઘડીની ફટકાબાજીથી જિતાડીને રાહતનો દમ અપાવનાર ફહીમ અશરફને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ■

### પાકિસ્તાન નથી જીત્યું, અમે અમારી સામે હારી ગયાઃ નેધરલૅન્ડ્સ



કોલંબોઃ નેધરલૅન્ડ્સના પેસ બોલર પૉલ વૅન મીકેરને પાકિસ્તાન સામે અહીં વર્લ્ડ કપની પ્રારંભિક મૅચમાં નેધરલૅન્ડ્સના થયેલા પરાજય બાદ કહ્યું હતું કે 'ખરું કહું તો અમે છેલ્લી પળોમાં પૂરતું ધ્યાન ન આપ્યું એટલે હાર જોવી પડી. ખરેખર તો પાકિસ્તાન જીત્યું નથી, અમે જ પરાજયને નોતરું આપ્યું. બીજી રીતે કહું તો અમે અમારી સામે હારી ગયા.'

પાકિસ્તાને જીતવા ૧૪૮ રન કરવાના હતા અને ૧૭મી ઓવર વખતે ૧૧૪ રનમાં એની સાત વિકેટ પડી ચૂકી હતી. પાકિસ્તાનની હારની સંભાવના વધુ હતી, પણ આઠમા ક્રમના બૅટ્સમૅન ફહીમ અશરફનો (૧૯મી ઓવરમાં) સાત રનના તેના સ્કોર પર મૅક્સ ઑડોવ્ડે કૅચ છોડ્યો હતો. ત્યાર બાદ ફહીમે ત્રણ છગ્ગા અને બે ચોગ્ગાની મદદથી પાકિસ્તાનને રોમાંચક વિજય અપાવ્યો હતો. પાકિસ્તાનની જાણે ઘાત ગઈ હતી. ફહીમે મૅચ પછી કહ્યું કે તે સાત રન પર હતો ત્યારે તેનાથી ભૂલમાં કૅચ અપાઈ ગયો ત્યારે તે બંદગી કરતો હતો કે એ કૅચ છૂટી જાય તો સારું.

ફહીમે કહ્યું કે 'બંદગીમાં માત્ર મારા હોઠ ફફડતાં હતા એટલું જ નહીં, શરીરનું રોમરોમ બંદગી કરી રહ્યું હતું કે આ કૅચ છૂટી જાય તો સારું.' બન્યું એવું કે મૅક્સથી એ કૅચ છૂટી ગયો અને છેવટે ફહીમ મૅચ-વિનર થઈ ગયો હતો. ■

## સિરાજનું ૧૯ મહિને ભારતની ટી-૨૦ ટીમમાં કમબૅક



મુંબઈઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે ગઈ કાલે શરૂ થયેલા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં ઈજાગ્રસ્ત હર્ષિત રાણાના સ્થાને મોહમ્મદ સિરાજને સમાવ્યો અને નવાઈ પમાડે એવી એક વાત એ છે કે સિરાજ ૧૯ મહિને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં પાછો આવ્યો છે. તે છેલ્લે જુલાઈ, ૨૦૨૪માં ભારત વતી ટી-૨૦ રમ્યો હતો.

સિરાજ દેશ વતી માત્ર ૧૬ ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે ૧૪ વિકેટ લીધી છે. ૭.૭૯ તેનો ઇકોનોમી રેટ છે. જોકે તેને આઈપીએલનો બહોળો અનુભવ છે. તેણે આઈપીએલમાં ૧૦૮ મૅચમાં ૧૦૯ વિકેટ લીધી છે. હર્ષિતને પ્રેક્ટિસ મૅચમાં ઘૂંટણમાં ઈજા થઈ હતી. સિરાજ ૪૫ ટેસ્ટ અને ૫૦ વન-ડે પણ રમી ચૂક્યો છે જેમાં તેણે કુલ ૨૧૫ વિકેટ લીધી છે.

ભારતીય સ્ક્વૉડમાં સિરાજ ઉપરાંતના ફાસ્ટ બોલર્સમાં બુમરાહ, અર્શદીપ, હાર્દિક અને શિવમ દુબેનો સમાવેશ છે.

## વૈભવ સૂર્યવંશીનું બીજું નામ 'યુવા વાવાઝોડું'

### તે કેમ હજી ટીમ ઈન્ડિયા વતી નથી રમી શકતો? જાણો નિયમો

હરારેઃ ઝિમ્બાબ્વેની હરારે સ્પોર્ટ્સ ક્લબના મેદાન પર રમાયેલી અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં ધમાલ મચાવનાર ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીની આતશબાજીની ગૂંજ આખા વિશ્વમાં સંભળાઈ રહી છે અને અગાઉ પણ તે ઘણી આક્રમક ઇનિંગ્સ રમી ચૂક્યો છે એમ છતાં તે કેમ ભારતની મુખ્ય ટીમમાં નથી જોવા મળતો એવો સવાલ ઘણા ક્રિકેટપ્રેમીઓના મનમાં થયો હશે.

શુક્રવારે ઇંગ્લેન્ડ વિરુદ્ધની ફાઈનલમાં ૮૦ બૉલમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૭૫ રન ફટકારીને વૈભવે ભારતને માત્ર ફાઇનલ મૅચ જ નહોતી જિતાડી, તેણે રેકૉર્ડ બુક પર પોતાનું નામ કોતરી દીધું છે. જો તે વર્લ્ડ કપમાં ઝમકદાર સદી ફટકારી શકે છે અને અગાઉ ઘણા દેશોના બોલર્સની બોલિંગ ઍનેલિસિસ બગાડયા પછી હવે તેણે ઇંગ્લેન્ડના બેસ્ટ બોલરોને ધૂળ ચટાડી એમ છતાં કેમ ભારતીય ટીમમાં હમણાં તેની એન્ટ્રી સંભવ નથી.

બિહારના આ છોકરડાની પ્રતિભા સામે સૌથી મોટો અંતરાય આઈસીસીનો 'લઘુત્તમ વય'નો નિયમ છે. ૨૦૨૦માં લાગુ કરાયેલા આ કાયદા મુજબ, કોઈપણ ખેલાડી ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા વગર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ (સિનિયર ટીમ) ન રમી શકે. વૈભવનો જન્મ ૨૭ માર્ચ, ૨૦૧૧ના રોજ થયો હતો. ૨૭ માર્ચ, ૨૦૨૬ પહેલાં તે ટીમ ઈન્ડિયાની જર્સીમાં આંતરરાષ્ટ્રીય મૅચ રમી શકશે નહીં.



વૈભવ માટે એક બીજી રસપ્રદ અને કડવી વાસ્તવિકતા એ છેકે તે હવે ક્યારેય અંડર-૧૯ વર્લ્ડ કપ રમી શકશે નહીં. બીસીસીઆઈના નિયમ મુજબ, એક ખેલાડી તેના જીવનકાળમાં માત્ર એક જ વાર અંડર-૧૯ વર્લ્ડ કપ રમી શકે છે. આ નિયમનો હેતુ નવા ખેલાડીઓને તક આપવાનો છે. એટલે કે, ૨૦૨૮ કે ૨૦૩૦માં વૈભવની ઉંમર ભલે ૧૯ વર્ષથી ઓછી હોય, તેમ છતાં તે આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. ૨૦૨૬નો પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ હવે સીધો સિનિયર ટીમ માટે જ તૈયારી કરશે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ૧૦૮ રન બનાવીને સૌથી નાની ઉંમરના સદીવીર બનેલા વૈભવની રમત શારીરિક અને માનસિક પરિપક્વતાનો ઉત્તમ નમૂનો છે. રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા જ્યારે તેણે આક્રમક બૅટિંગ કરી ત્યારે જ તે પસંદગીકારોની નજરમાં આવી ગયો હતો. હવે આખું ભારત ૨૭ માર્ચ, ૨૦૨૬ની રાહ જોઈ રહ્યું છે, જ્યારે આ યુવા વાવાઝોડું સત્તાવાર રીતે સિનિયર ભારતીય ટીમ માટે ઉપલબ્ધ થશે. ■

**વૈભવ સૂર્યવંશીના નામે છે આ રેકૉર્ડ**

(૧) અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલમાં ૮૦ બોલમાં ૧૭૫ રન (૧૫ છગ્ગા સાથે).

(૨) આઇસીસીમાં ૩૫ બૉલમાં સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી.


(૩) વિજય હઝારે ટ્રોફીમાં ૫૯ બૉલમાં ૧૫૦ રન બનાવી એબી ડિવિલિયર્સનો રેકોર્ડ તોડ્યો.

(૪) લિસ્ટ-એ ક્રિકેટમાં ૧૪ વર્ષની ઉંમરે સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી.

(૫) યુથ ટેસ્ટ અને યુથ વન-ડેમાં ભારત વતી સૌથી ઝડપી સદી (અનુક્રમે માત્ર ૫૨-૫૮ બૉલમાં). ■

## ભારત સામેની મૅચના બહિષ્કાર વિશે આઇસીસીએ પાકિસ્તાન પાસે આ મોટો ખુલાસો માગીને મૂંઝવી નાખ્યું

નવી દિલ્હીઃ વર્તમાન ટી-૨૦ વર્લ્ડ કપમાં ૧૫મી ફેબ્રુઆરીની ભારત સામેની કોલંબો મૅચનો બહિષ્કાર કરવાના નિર્ણયને મજબૂત બનાવવા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સાથેના કરારની એક કલમનો ઉપયોગ કરીને આઇસીસી પર તેમ જ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પણ આઇસીસીએ પીસીબી પાસે એક ખુલાસો માગ્યો છે. પીસીબી ફૉર્સ મૅજ્યૉર નામની કલમ લાગુ કરવા માગે છે, પણ આઇસીસીએ એની પાસે એવી સ્પષ્ટતા માગી છે કે તમે આ કલમ કેવી રીતે લાગુ પડાવી શકો એનો અમારી પાસે ખુલાસો કરો.



### ફૉર્સ મૅજ્યૉર કલમ શું છે?

આઇસીસી સાથેના પીસીબીના કરારનામામાં ફૉર્સ મૅજ્યૉર નામની કલમ છે જે મુજબ પાકિસ્તાન બોર્ડ યુદ્ધ, કુદરતી આફત, સરકારી પગલું કે જાહેર જનતાને લગતી તાકીદની સ્થિતિ સહિતના પોતાની કાબૂ બહારના સંજોગોને ધ્યાનમાં લઈને આઇસીસીની કોઈ ઇવેન્ટ સંબંધમાં અમુક જવાબદારી પૂરી ન કરવાનો વિકલ્પ અપનાવી શકે. જોકે કલમ લાગુ કરાવવા માટે પાકિસ્તાન બોર્ડે એ સાબિત કરવું પડે કે પોતે ભારત સામે ૧૫મી ફેબ્રુઆરીની મૅચ રમવા સંબંધમાં જે નિર્ણય લીધો છે એ અણધાર્યા અને અનિવાર્ય કારણસર (સંજોગો બદલ) લેવામાં આવ્યો છે અને એ સંજોગો ટાળવા એણે (પાકિસ્તાને) તમામ વાજબી પગલાં ભર્યાં હતાં. માત્ર પોતાને (પાકિસ્તાનને) કોઈ પ્રકારની અગવડતા પડી હોય એ કારણસર કે રાજકીય કિન્નાખોરીને લીધે નિર્ણય લીધો હોય તો એ આ કલમ હેઠળ સ્વીકાર્ય ન કહેવાય. આઇસીસીએ પાકિસ્તાન બોર્ડ પાસે ખુલાસો માગ્યો છે કે તમે તમારી સરકારની સૂચના મુજબ આખી ટૂર્નામેન્ટ રમવાના છો, પરંતુ શા માટે એક જ મૅચમાંથી ખસી ગયા એનું કારણ આપો. પાકિસ્તાન સરકારે માત્ર એક ટ્વીટ મારફત પોતાની ટીમને ભારત સામે રમવાની મનાઈ કરી છે. ■

## મુંબઈ સમાચાર કલાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂ. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂ. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂ. ૨૦૦ મિનિમમ | રૂ. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂ. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂ. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂ. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વિદેશી હૂંડિયામણની અનામત નવી ટોચે

મુંબઈ: ગત ૩૦મી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૪.૩૬૧ અબજ ડૉલરના ઉછાળા સાથે ૭૨૩.૭૭૪ અબજ ડૉલરની નવી ટોચે રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૮.૦૫૩ અબજ ડૉલર વધીને ૭૦૯.૪૧૩ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં અથવા તો ગત ૩૦મી જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪૯.૩ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૫૬૨.૩૯૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. દેશની સોનાની અનામત ૧૪.૫૯૫ અબજ ડૉલર વધીને ૧૩૭.૬૮૩ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨૧.૬ કરોડ ડૉલર વધીને ૧૮.૯૫૩ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૪ કરોડ ડૉલર વધીને ૪.૭૪૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ઈજારાશાહીથી સર્જનાત્મકતા દૂર થઈ જાય

## ઓપિનિયન

**સી. એ. પ્રકાશ દેસાઈ**

બેબીબુમર્સ, જનરેશન એક્સ અને જનરેશન મિલેનિયમ માટે એવિએશનની દુનિયામાં પેન એમ એરલાઇન્સ જે પેનએમ નામથી બહુ ફેમસ હતી તે આ નામથી અજાણ નહીં હોય.

પેનએમ કે જેનુ ફૂલ નામ હતુ પેન અમેરિકન વર્લ્ડ એરવેઇઝ તે એક પ્રીમિયમ અમેરિકન એરલાઇન્સ હતી અને કદાચ અનઓફિશ્યલ અમેરિકન સ્ટેટ એરલાઇન્સ જેવો તેનો રૂઆબ હતો. દ્વિતિય વિશ્વયુદ્ધ બાદ જે રીતે અમેરિકન્સ અને યુરોપિન્સમાં જે આર્થિક સમૃદ્ધિ આવેલી હતી અને લોકોનું હવાઇ જહાજમાં મુસાફરી કરવાનું પ્રમાણ વધવા લાગ્યું તેનો મોટો ફાયદો પેનએમ ઉપાડેલો હતો. એ દિવસોમાં હવાઇ સફર એક સ્વપ્ન હતું પણ પેનએમના વિમાનોમાં હવાઇ સફર કરવી એ એક સ્ટેટસ સીમ્બોલ હતું. એ દિવસોમાં તો હવાઇ સફરની ટિકિટો બુકલેટના ફોર્મમાં આવતી અને જો કોઇના હાથમાં પેનએમની ચમકતા કાગળવાળી પ્લેનની સફરની ટિકિટો હોય તો તેનો ઠસ્સો કંઇક અલગ જ હતો. ૧૯૨૭માં બે અમેરિકન એરફોર્સના સૈનિકોએ પેનએમ નામની પ્લેન સર્વિસ એરમેલ સેવા માટે શરૂ કરાયેલી હતી. પેનએમએ બીજા વિશ્વ યુદ્ધ પછી તો દુનિયાની એવિએશન માર્કેટમાં એકચક્રી શાસન કરવાનું શરૂ કરી દીધેલું હતું. બોઇંગ ૭૦૭ અને બોઇંગ ૭૪૭ જેવા આધુનિક પ્લેન પેનએમ પાસે હતા. જેનાથી હવાઇ સફરમાં જેટ યુગની શરૂઆત તેણે કરેલી હતી તેટલું જ નહીં, પ્રથમવાર કોમ્પ્યુટરાઇઝ્ડ રિઝર્વેશન સિસ્ટમ પેનએમએ ચાલુ કરી હતી. અને દુનિયાના ૮૭ દેશોમાં ૨૨૬ પ્લેનના કાફલા સાથે પેનએમનો જગતના આકાશ ઉપર કબજો હતો અને ૧૩૧૦૦૦ કિલોમીટરનો ટ્રાવેલ રૂટ હતો. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન કે જે આઇએટીએના નામે પ્રચલિત છે તેની સ્થાપના પણ પેનએમએ કરેલી હતી.

મુ. સ. ના જ્ઞાની વાંચકોમાંથી ભાગ્યશાળીઓને કયારેક પેનએમમમાં સફર કરવાનો મોકો મળ્યો હશે તેઓ જાણતા હશે કે એ દિવસોમાં પેનએમમાં ટ્રાવેલ કરવાનો અનુભવ કેવો રોમાંચક હતો. એવિએશન વર્લ્ડમાં એકચક્રી શાસન કરી રહેલ પેનએમની તકલીફ ત્યારે શરૂ થઇ જયારે અમેરિકન સરકારે ૧૯૭૮માં એવિએશન સેક્ટર ડિરેગ્યુલેટ કર્યું મતલબ કોઇપણ ને એરલાઇન્સ બિઝનેસ શરૂ કરવાની છૂટ આપી દેવામાં આવી. આના કારણે નવા પ્લેયર્સ માર્કેટમાં આવવા લાગ્યા અને શરૂઆતમાં ડોમેસ્ટિક અને પછી ઇન્ટરનેશનલ ટ્રાવેલમાં પેનએમ સામે કોમ્પિટિશનમાં આવી ગયા અને પેનએમની ફાઇનાન્શિયલ કન્ડિશન નબળી પડવા લાગી. સેટઅપ એટલો મોટ હતો અને એટલા બધા દેશો અને શહેરોમાં ફેલાયેલો હતો કે ઓવરરહેડ ખર્ચાઓ ચાલુ જ હતા અને આવક ઘટવા લાગી હતી આના કારણે એર રૂટમાં કપાત આવતા ફલાઇટો ઓછી થવા લાગી અને કથળતી વ્યવસ્થામાં પેસેન્જર્સ અન્ય એરલાઇન્સ તરફ ખેચાવા લાગતા કમાણીમાં બહુ મોટો ફટકો પડવાનો શરૂ થઇ ગયો હતો.

અને કહેવાય છે ને કે પડે ત્યારે સઘળુ પડે તેમ ૧૯૮૧થી પેનએમની સર્વિસ ઘટવા લાગી હતી તેમાં ૨૧મી ડિસેમ્બર ૧૯૮૮ના રોજ ૨૪૩ પેસેન્જર્સ અને ૧૬ ક્રૂ મેમ્બર સહિતનું પેનએમનું ફલાઇટ નં.૧૦૩ લંડનના હિથ્રો એરપોર્ટથી ન્યૂ યોર્કની ઉડાન ભરીને ઉપડયું તેની ૪૦ મિનિટમાં જ ૩૦,૦૦૦ ફૂટ ઉપર આકાશમાં બ્લાસ્ટ થઇ ગયું જેમાં બધા ૨૪૩ પેસેન્જર્સ અને ૧૬ ક્રૂ મેમ્બર્સ આ ફાની દુનિયા છોડી ગયા. બ્લાસ્ટ એટલો મોટ હતો કે જમીન ઉપર રહેલા ૧૧ જણા આ કાટમાળ પડતા સ્વર્ગે સીધાવી ગયા હતા. વિમાનનો કાટમાળ ૮૪૫ સ્કવેર માઇલમાં ફેલાઇ ગયો. યુ. કે. માં આ પહેલો મોટો ટેરરિસ્ટ એટેક હતો. આ ઘટના પેનએમ માટે લાસ્ટ સ્ટ્રોઓન કેમલબેક સમાન હતી. જેમાંથી પેનએમ કયારેય ઉગરી નહી શકયું. ઘટતી આવક અને ચાલુ ખર્ચાઓને પહોંચવા માટે પેનએમ તેઓની મિલકતો અને અકસ્યામતો વેંચવા લાગી. પેનએમના ન્યૂ યોર્કના પાર્ક એવન્યુનું પેનએમનું આઇકોનિક બિલ્ડિંગ પણ વેંચાઇ ગયું અને આજે તે મેટલાઇફનું બિલ્ડિંગ બની ગયું છે.

અંતે જાન્યુઆરી ૧૯૯૧માં પેનએમએ ચેપ્ટર ૧૧ બેંકરપ્સી નોંધાવી કે જેથી લેણદારોથી સેફટી મળી રહે અને પેનએમને ફરી પાટે ચડાવાના પ્રયત્નો કર્યા પણ અંતમાં આ પ્રયાસ પણ નિષ્ફળ ગયો અને ૪ ડિસેમ્બર ૧૯૯૧ના એક સમયની આઇકોનીક એરલાઇન્સ પેનએમ બંધ થઇ ગઇ પણ તેની યાદના રૂપમાં પેનએમનો અમુક બિઝનેસ અને એસેટસ ડેલ્ટા એરલાઇન્સ અને યુનાઇટેડ એરલાઇન્સના રૂપમાં આજે છે. ■

# સરકારે ઘઉંની સ્ટોક મર્યાદા દૂર કરી

નવી દિલ્હી: દેશમાં ઘઉંનાં સ્ટોકની સંતોષજનક સપાટી અને સ્થાનિક જથ્થાબંધ બજારમાં ભાવ પણ ઘટાડાતરફી રહેતા હોવાથી સરકારે ગઈકાલે (ગુરુવારે) મોડી સાંજે સ્ટોક મર્યાદા દૂર કરી હતી. ગત સાલ મે, ૨૦૨૫માં સરકારે ઘઉંના વધતા ભાવ અંકુશમાં રાખવા અને સંગ્રહખોરી ડામવા માટે ઘઉંના હોલસેલરો, રિટેલરો અને પ્રોસેસરો પર સ્ટોક મર્યાદા લાદી હતી. ગઈકાલે અનાજ મંત્રાલયે એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું કે દેશમાં તહેવારોની મોસમ પૂર્વે ઉપલબ્ધિમાં વધારો થવાથી આ સ્ટોક ઓર્ડર જારી કરવામાં આવ્યો છે.

દેશમાં ઘઉંના સ્ટોકની ઉપલબ્ધિ અને ભાવ પર સતત નજર રાખતા જણાયું હતું કે તહેવારોની મોસમ પૂર્વે પર્યાપ્ત માત્રામાં સ્ટોક હોવાથી ગત ૨૭મી મે, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલી સ્ટોક મર્યાદાનો ઓર્ડર પાછો ખેંચવામાં આવી રહ્યો છે. જોકે, ઘઉંના સ્ટોક ધરાવતા એકમોએ અનાજ મંત્રાલયના સ્ટોક પોર્ટલ પર પ્રત્યેક શુક્રવારે તેના સ્ટોકની વિગતો આપવાની રહેશે. અનાજ મંત્રાલયના જણાવ્યાનુસાર હાલ દેશમાં ૮૧ લાખ ટન ઘઉંનો સ્ટોક છે જે ગત સાલના સમાનગાળાની તુલનામાં ૩૦ લાખ ટન વધુ છે તેમ જ સંતોષજનક સપાટીએ છે. વધુમાં ભાવ સંદર્ભે ગ્રાહક બાબતોના મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર હાલમાં હોલસેલ ધોરણે દેશની બજારોમાં ઘઉંના ભાવમાં ઘટાડાતરફી વલણ છે. ■

# PUBLIC NOTICE પબ્લિક નોટીસ

ડુપ્લિકેટ

ટીપી૧૨૪ ૨૪૧૨૦૨૫

**બોમ્બે ટેસ્ટામેન્ટરી અને ઈન્ટેસ્ટેટ જ્યુરિડિક્શન ખાતે ન્યાયાલયની ઉચ્ચ અદાલતમાં ૨૦૨૫ થી અરજી નં. ૨૪૨૪**

૩ એપ્રિલ ૨૦૧૯ ના રોજના છેલ્લી વસિયતનામા અને કરારના પ્રોબેટ માટે અરજી, ૨ મે ૨૦૨૨ ના રોજ કોડિસિલ સાથે,શ્રીમતી મેહરુ પેસ્તોનજી વાસુનિયા, પારસી ઝોરોસ્ટ્રીયન, મુંબઈના ભારતીય રહેવાસી, વૈવાહિક સ્થિતિઃ અપરિણીત, વયઃ ૯૧ વર્ષ, વ્યવસાયઃ ગૃહિણી, જે તેમના મૃત્યુ સમયે ફ્લેટ નં. ૧૦૨, દિના બિલ્ડિંગ, ૫૩,મહર્ષિ કર્વે રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨ ખાતે રહેતા હતા.

...મૃત્યુ પામેલ

પર્સી બોમી વાસુનિયા,<br>
સ્વર્ગસ્થ શ્રીમતી મેહરૂ પેસ્તોનજી<br>
વાસુનિયાના ભત્રીજા, પારસી ઝોરોસ્ટ્રિયન,<br>
મુંબઈના ભારતીય રહેવાસી, ૬૩ વર્ષના,<br>
મૃતકના કોડિસિલ સાથે છેલ્લી<br>
વસિયતનામાના એકમાત્ર અમલકર્તા,<br>
૫ શિવ પ્રસાદ, ૯૭, મરીન ડ્રાઇવ,<br>
મુંબઈ-૪૦૦ ૦૦૨ ખાતે રહે છે. ...અરજીકર્તા

**સંદર્ભ**

પ્રતિ

૧. **બધા સંબંધિત**
૨. **ખોરશીદ ફિરોઝ ટ્રેઝરીવાલા** હિલ મિસ્ટ ગાર્ડન; બી, નં.૩૦, ૮મો માળ, એનઆઈબીએમ રોડની બહાર,કાઢવા, પુણે ૪૧૧૦૪૮
૩. **ધુન ફિરોઝ ટ્રેઝરીવાલા** હિલ મિસ્ટ ગાર્ડન; બી, નં.૩૦, ૮મો માળ, એનઆઈબીએમ રોડની બહાર,કોંઢવા, પુણે ૪૧૧૦૪૮
૪. **જમશેદ ફિરોઝ ટ્રેઝરીવાલા** હિલ મિસ્ટ ગાર્ડન; બી, નં.૩૦, ૮મો માળ, એનઆઈબીએમ રોડની બહાર, કોંઢવા, પુણે ૪૧૧૦૪૮
૫. **કેરસી બિખુ ટ્રેઝરીવાલા** ૬૮૯ દાદર પારસી કોલોની, મુંબઈ ૪૦૦ ૦૧૪.
૬. **ધૂન સિલ્વરસ્ટેઇન** આર્ય મહેલ, સી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
૭. **ડેરાયસ બિલિમોરિયા** આર્ય મહેલ, સી રોડ,ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
૮. **જ્યોતિ ચિનોય** ફ્લેટ ૧૦૨, ક્રિષ્ના બાગ, ૮મા અને ૧૧મા રોડનું જંકશન, ખાર પશ્ચિમ. મુંબઈ ૪૦૦૦૫૨
૯. **રાહુલ કામેકર** ૨૯એ, લક્ષ્મી એસ્ટેટ, અંધેરી પૂર્વ, મુંબઈ - ૪૦૦૦૬૯.
૧૦. **હુટોક્સી બોમન** ડૉ. (શ્રીમતી) હુટોક્સી એચ.બોમન, ૨૦૧ ફૂલસ્નાઘ, બીજો માળ, ૮,નવરોજી ગામડિયા રોડ, પેડર રોડની બહાર, (એક્ટીવીટી હાઈસ્કૂલની લેન), મુંબઈ-૪૦૦ ૦૨૬.
૧૧. **શારૂક ભેસાણિયા** ફ્લેટ નંબર ૩, પહેલો માળ, બિલ્ડીંગ નંબર ઈ, રૂસ્તમ બાગ, સંત સાવતા રોડ, ભાયખલા ઈસ્ટ, મુંબઈ ૪૦૦૦૨૭.
૧૨. **કેરસી બોમી વસુનિયા** ૧૧૫૩. કેમ્પરવુડ્સ ડ્રાઇવ, સિનસિનાટી, ઓહિયો ૪૫૨૪૯, ઓહિયો, યુએસએ.
૧૩. **દિનુ હોસી વસુનિયા** ૨જી માળ. સાગર તરંગ બિલ્ડીંગ, બ્રીચ કેન્ડી, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
૧૪. **ફિરોઝ વસુનિયા** ૩૨એ ઓસેની, ક્રિસેન્ટ, લંડન NW5 2AU, યુનાઈટેડ કિંગડમ.
૧૫. **શરનાઝ તૈયબજી** ૧૦૧ રેવા એપાર્ટમેન્ટ, ૧૦મો માળ, ભુલાભાઈ દેસાઈ રોડ લેન ઓડી શોરૂમની સામે, મુંબઈ-૪૦૦૦૨૬.
૧૬. **અર્નવાઝ વસુનિયા** ૭૩એ મેડલી રોડ ઈલિંગ, લંડન W5 2LT.યુકે
૧૭. **કેકી દોરાબજી ચોથિયા** ૪૧ તારદેવ કોર્ટ, ૨૫૧ તારદેવ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
૧૮. **શેરનવાઝ નવરોજી બુહારીવાલા** ૧૭ પામ રોડ, નાગપુર - ૪૪૦ ૦૦૧.
૧૯. **દિલનવાઝ નવરોજી બુહારીવાલા** ૧૭ પામ રોડ, નાગપુર - ૪૪૦ ૦૦૧.
૨૦. **સિલુ નવરોજી બુહારીવાલા** ૧૭ પામ રોડ, નાગપુર-૪૪૦ ૦૦૧.
૨૧. **સાયરસ બાયરામ ડૂંગાજી** કોમનવેલ્થ બિલ્ડિંગ, ૧૮૧, મેડમ કામા રોડ, નરીમન પોઈન્ટ, મુંબઈ ૪૦૦૦૨૦.
૨૨. **મીનો બાયરામ ડૂંગાજી** કોમનવેલ્થ બિલ્ડિંગ, ૧૮૧, મેડમ કામા રોડ,નરીમન પોઈન્ટ, મુંબઈ ૪૦૦૦૨૦.
૨૩. **નાજુ કે ડૂંગાજી** ડૂંગાજી લોજ, ૫૧૧, નવી કોલોની, નાગપુર-૪૪૦૦૦૧.
૨૪. **જહાંગીર કે ડૂંગાજી** ડૂંગાજી લોજ, ૫૧૧, નવી કોલોની, નાગપુર - ૪૪૦૦૦૧.
૨૫. **શિરાઝ કે ડૂંગાજી** ડૂંગાજી લોજ, ૫૧૧, નવી કોલોની, નાગપુર - ૪૪૦૦૦૧.
૨૬. **શેરનાઝ સેથના** ૧૬ વેસ્ટ ક્રોફ્ટ, ગ્રેઝ હિલ, ક્લબ રોડ, કુન્નુર ૬૪૩ ૧૦૧.
૨૭. **બાયરામ નવરોજી ડૂંગાજી** મેકાવી મેન્શન, ૪થો માળ,૭ ગનબો સ્ટ્રીટ,ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

જો તમે ઉપરોક્ત નામના મૃતકની મિલકતમાં કોઈ હિત હોવાનો દાવો કરો છો, તો તમને પ્રોબેટ મંજૂર થાય તે પહેલાં કાર્યવાહી જોવા માટે આવવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

જો તમે પ્રોબેટ આપવાનો વિરોધ કરવાનો ઈરાદો ધરાવો છો, તો તમારે આ પ્રશસ્તિપત્ર મળ્યાના ૧૪ દિવસની અંદર પ્રોથોનોટરી અને સિનિયર માસ્ટરના કાર્યાલયમાં ચેતવણી રજૂ કરવી જોઈએ.

તમને આથી જણાવવામાં આવે છે કે, પાત્રતા માપદંડો અનુસાર, રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિઓ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો અને તાલુકા કાનૂની સેવા સમિતિઓ તરફથી તમને મફત કાનૂની સેવાઓ ઉપલબ્ધ છે, અને જો તમે પાત્ર છો અને આ મફત કાનૂની સેવાઓનો લાભ લેવા માંગતા હો, તો તમે ઉપરોક્ત કોઈપણ સત્તામંડળ/સમિતિઓનો સંપર્ક કરી શકો છો.

સાક્ષી **શ્રી અલોક આરાધે** મુખ્ય ન્યાયાધીશ બોમ્બે, ઉપરોક્ત ૨જી જુલાઈ, ૨૦૨૫.

પ્રોથોનોટરી અને સિનિયર માસ્ટર માટે

સીલર

સીલ

૦૩મી જુલાઈ, ૨૦૨૫.

**ઓરોમા લૉ**

અરજદાર વતી હિમાયતીઓ

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચની બેતરફી વધઘટ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેનાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ સુધારા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં એકંદરે ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૩૭૯૦થી ૩૮૫૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૪૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના અહેવાલ હતા. ■

# પશ્ચિમ રેલવે ઓલ ઈન્ડિયા ઇન્ટર રેલવે કલ્ચરલ મ્યુઝિક કોમ્પિટિશનમાં ઓવરઓલ ચેમ્પિયન બની




મુંબઈ : પશ્ચિમ રેલવેએ ફરી એકવાર દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે, બિલાસપુર ખાતે આયોજિત ઓલ ઈન્ડિયા ઇન્ટર રેલવે કલ્ચરલ મ્યુઝિક કોમ્પિટિશનમાં ઓવરઓલ ચેમ્પિયન ટ્રોફી જીતીને ગૌરવ અપાવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન ૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરના પ્રતિભાશાળી રેલવે કર્મચારીઓએ તેમની સંગીત શ્રેષ્ઠતાનું પ્રદર્શન કર્યું હતું.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી, શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ભારતીય રેલવેના કુલ ૧૪૭ સહભાગીઓએ તેમના મનમોહક પ્રદર્શનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ૧૪ ઝોનલ રેલવે, રેલવે બોર્ડ અને પશ્ચિમ રેલવે સહિત ૫ પ્રોડક્શન યુનિટના કલાકારો અને કર્મચારીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેના કારણે આ કાર્યક્રમ એક ભવ્ય સાંસ્કૃતિક ઉજવણી બની હતી.

આ કાર્યક્રમ દરમિયાન, સહભાગીઓએ શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય વાદ્ય, હળવું સંગીત (સુગમ સંગીત) સહિત વિવિધ શ્રેણીઓમાં પોતાનું પ્રદર્શન રજૂ કર્યું હતું. મુખ્ય મથક, ચર્ચગેટના શ્રી ચૈતન્ય પરબે

શાસ્ત્રીય ગાયનમાં પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે શ્રીમતી બાજે (મુખ્ય મથક, ચર્ચગેટ) સુગમ સંગીત ગાયન શ્રેણીમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. વાદ્ય વિભાગમાં, રતલામ વિભાગના શ્રી દિનેશ ભંવરિયા અને મુખ્ય મથકના શ્રી સંતોષ વાઘમારેએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ અસાધારણ પ્રદર્શન સાથે, પશ્ચિમ રેલવેએ ગર્વથી ઓવરઓલ ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી. ■

# ટીન અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સની મજબૂતાઈ સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ટીન અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૮૪ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે સપ્તાહના અંતને કારણે એકંદરે કામકાજો પાંખાં રહ્યાંના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ધાતુ બજારમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગનો ટેકો મળતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૮૪ વધીને રૂ. ૪૫૧૭, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૫ વધીને રૂ. ૧૨૬૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૧૧૨૦ તથા કોપર આર્મિચર અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને અનુક્રમે રૂ. ૧૧૯૯ અને રૂ. ૧૫૮૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપર અને ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૨૧૬ અને રૂ. ૧૨૦૬, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૩૨૯, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૩૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૧૭ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા. ■

# મુંબઈ પોર્ટ ઓથોરિટી

મુંબઈ: ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મુંબઈ પોર્ટ ઓથોરિટીએ બંદરો, શિપિંગ અને જળમાર્ગના માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ, શ્રી વિજય કુમાર, IAS, માનનીય સચિવ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય અને અન્ય મહાનુભાવોની મુલાકાતનું આયોજન કર્યું હતું.

આ મુલાકાતમાં બંદરનો બોટ પ્રવાસ અને મુંબઈના ઇસ્ટર્ન વોટરફ્રન્ટને દરિયાઈ વ્યવસાય અને પર્યટન સ્થળ તરીકે રૂપાંતરિત કરવા પર એક પ્રસ્તુતિનો સમાવેશ થતો હતો.

ચર્ચા અમલીકરણ હેઠળના મુખ્ય પ્રોજેક્ટ્સ અને ભવિષ્યમાં વિકાસ માટેના બે મુખ્ય પાથવેઝ પર કેન્દ્રિત હતી.

(૧) જવાહર દ્વીપ અને પીરપાઉ ખાતે ક્રૂડ ઓઇલ, પીઓએલ, એલએનજી, કેમિકલ્સ વગેરે જેવા લિક્વિડ બલ્કના ઓફશોર કાર્ગો ગ્રોથ તેમજ એન્કરેજ પર સોલિડ બલ્ક ટ્રાન્સ-શિપમેન્ટ માટે બાહ્ય બંદરમાં એન્કરેજ વિકાસ દ્વારા મુખ્ય બંદર વિકાસ પામે છે. મુંબઈ બંદરે ૨૦૪૭ સુધીમાં વાર્ષિક ૧૫૦ મિલિયન ટન સુધી પહોંચવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જવાહર દ્વીપ ખાતે રિક્લેમેશન અને શોર પ્રોટેક્શન, જવાહર દ્વીપ ખાતે ૨૨ MTPA છઠ્ઠા ઓઇલ બર્થ અને જવાહર દ્વીપ ખાતે વધારાના રિક્લેમેશન જેવા મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સ તે દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં છે.

(૨) ઇસ્ટર્ન વોટરફ્રન્ટ પર બિનઉપયોગી બંદર સંપત્તિઓને ક્રૂઝ ટૂરિઝમ, મેરીટાઇમ બિઝનેસ અને કૌશલ્ય વિકાસ તેમજ બ્લુ ઇકોનોમીમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ વિકાસ મેરીટાઇમ અમૃત કાલ વિઝન ૨૦૪૭, ક્રૂઝ ભારત મિશન અને નીતિ આયોગના MMR ગ્રોથ હબ પ્લાન સાથે સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો જેવા વૈશ્વિક બેન્ચમાર્ક સાથે સંરેખિત છે,

આ દિશામાં, ગયા વર્ષે, MbPA એ મુંબઈ ઇન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલ શરૂ કર્યું હતું જે ભારતનું સૌથી મોટું આવા પ્રકારનું માળખાગત બાંધકામ છે. હવે મુંબઈ બંદર ઈસ્ટર્ન વોટરફ્રન્ટ પર ભારતના પ્રથમ અને સૌથી મોટા વિશ્વ કક્ષાના વિકાસ ભારત મુંબઈ મરિનાનું નિર્માણ કરવાનું શરૂ કરી રહ્યું છે. ■

# મહત્ત્વના ખનીજનાં ક્ષેત્રમાં પ્રવેશ માટે હિન્દુસ્તાન કોપર સજ્જ

નવી દિલ્હી: હાર્ડ રોક માઈનિંગ અને મિનરલ બેનિફિકેશનની કુશળતાના ઉપયોગ સાથે મહત્ત્વના ખનીજનાં ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે હિન્દુસ્તાન કોપર લિ. (એચસીએલ) સજ્જ અથવા તો સારી સ્થિતિમાં હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું છે. કંપનીનું આ પગલું દેશની ટેક્નોલૉજિકલ અને આર્થિક પ્રાથમિકતાઓમાં નોંધનીય યોગદાન આપશે.

હાર્ડ રોક માઈનિંગ અને મિનરલ બેનિફિકેશનમાં પુરવાર થયેલી તેની કુશળતાનો ઉપયોગ કરીને એચસીએલ મહત્ત્વના ખનીજ ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રવેશ કરવા અનેદેશની ટેક્નોલૉજી અને આર્થિક પ્રાથમિકતાઓમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે કંપની સારી સ્થિતિમાં હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

દેશમાં ગ્રીન એનર્જી તરફ થઈ રહેલા પરિવર્તન અને આયાત નિર્ભરતામાં ઘટાડો કરવા માટે આ જાહેર ક્ષેત્રનું એકમ આક્રમક ધોરણે મહત્ત્વના ખનીજના ક્ષેત્રોમાં એક્સ્પ્લોરેશન અને વિકાસની દિશામાં વિસ્તરણ કરી રહી છે. આ માટે કંપનીએ ઑઈલ ઈન્ડિયા અને કોલ ઈન્ડિયા જેવાં જાહેર ક્ષેત્રના એકમો સાથે રેર અર્થ એલિમેન્ટ્સ તથા કોપર, નિકલ અને કોબાલ્ટ જેવાં મહત્ત્વના ખનીજોનાં એક્સ્પ્લોરેશન, ખનન અને વિકાસ માટે બહુવિધ કરાર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ડિસેમ્બરના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં કંપનીનો કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાના ૬૨.૮૭ કરોડ સામે બે ગણાં કરતાં પણ વધીને ૧૫૬.૩૦ કરોડની સપાટીએ રહ્યો હતો. વધુમાં કંપની આગામી વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં ઑરની ઉત્પાદન ક્ષમતા જે હાલ વર્ષે ૪૦ લાખ ટનની છે તે વધારીને ૧.૨૨ કરોડ ટન સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક ધરાવે છે. ■

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૨ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે વેપારી આલમની હાજરી પાંખી રહેતાં એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ નવભારતના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૮, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો સદંતર અભાવ રહ્યો હતો. ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૪૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૩૦થી ૧૫૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે સતત બીજા દિવસે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૧૫,૦૦૦ ગૂણી મગફળીના વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૫૫૦માં થયા હતા. ■

# પ્લેટિનમની અમુક ચીજોની આયાત પર સરકારે નિયંત્રણો લાદ્યા

નવી દિલ્હી: પ્લેટિનમ સાથે મોટા પ્રમાણમાં સોનાની ગેરકાયદે થતી આયાતને ડામવા માટે સરકારે ગત ગુરુવારે પ્લેટિનમની અમુક ચીજોની આયાત પર પ્રતિબંધ લાદ્યો હતો.

આઈટીસી એચએસ કોડ ૭૧૧૪૧૯૨૦ હેઠળની ચીજોની આયાત નીતિમાં ફેરફાર કરીને તેને મુક્તમાંથી નિયંત્રણ હેઠળ મૂકવામાં આવી હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે એચએસ (હાર્મનાઈઝ્ડ સિસ્ટમ)કોડમાં પ્લેટિનમથી બનાવવામાં આવેલ ચીજોનો સમાવેશ થાય છે.

ઉદ્યોગના નિષ્ણાતોના મતાનુસાર અગાઉ પ્લેટિનમ ઍલોયના સ્વરૂપમાં સોનું આવી રહ્યું હતું અને આ છીંડું બંધ કરવામાં આવ્યું હતું, પરંતુ હવે પ્લેટિનમની ચીજોમાં સોનાની ભેળવણી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં દેશમાં કિંમતી ધાતુ ધરાવતી ચીજોની આયાત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીમાં બમણી થઈને ૯૭.૫ લાખ ડૉલરની સપાટીએ રહી હતી. ■





# મુંબઈમાં ગુજરાતી બહુમતિ ધરાવતા ઘાટકોપરના મરાઠી મેયર રિતુ તાવડે

## વિરોધપક્ષમાં ૬૫ નગરસેવકો સાથે શિવસેના અને ૨૪ નગરસેવકો સાથે કૉંગ્રેસ સત્તાધારીને નાકમાં પાણી લાવવાના બરાબરના પ્રયાસ કરશે



મેયર રિતુ તાવડે અને ડેપ્યુટી મેયર સંજય ઘાડી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેયર મરાઠી જ હોવાનો વિવાદ છેલ્લા અનેક દિવસોથી ચાલી રહ્યો છે અને ભાજપ મરાઠી દ્વેષી હોવાનો સતત વિરોધ પક્ષ તરફથી આરોપ થઈ રહ્યા હતા ત્યારે ભાજપે મુંબઈના મેયર પદ માટે ઘાટકોપરના વોર્ડ નંબર ૧૩૨ના મરાઠી નગરસેવિકા રિતુ તાવડેની પર પસંદગી ઉતારીને વિરોધ પક્ષોની બોલતી બંધ કરી હતી. ઘાટકોપરના મોટાભાગની વસતી ગુજરાતી-જૈનોની છે. ગુજરાતીઓની બહુમતી ધરાવતા વિસ્તારમાંથી મરાઠી નગરસેવિકા બનાવ્યા બાદ મેયર પદ તેને આપીને મરાઠી અસ્મિતા અને ગુજરાતી મતબેંકને ભાજપે સાચવી લીધા હોવાનું કહેવાય છે. ગુજરાતીઓના મત પરંપરાંગત રીતે ભાજપની તરફેણમાં જ હોવાનું કહેવાય છે. ઘાટકોપરના વોર્ડ નંબર ૧૩૨માંથી ૧૯,૮૧૦ મત મેળવીને જીતી ગયેલા ૫૩ વર્ષના રિતુ તાવડે આ અગાઉ ૨૦૧૭ની પાલિકાની ચૂંટણી વોર્ડ નંબર ૧૨૧માંથી હારી ગયા હતા. એ અગાઉ ૨૦૧૨માં તેઓ નગરસેવિકા રહ્યા હતા. એ ટર્મમાં તેઓ પાલિકાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ પદે રહ્યા હતા. તેમ જ ભાજપ મહિલા મોર્ચાના ઉપાધ્યક્ષ અને ઈશાન મુંબઈના જિલ્લાઅધ્યક્ષ તરીકે પણ તેઓ કામ કર્યું છે. વિરોધપક્ષમાં ૬૫ નગરસેવકો સાથે શિવસેના અને ૨૪ નગરસેવકો સાથે કૉંગ્રેસ સત્તાધારીને નાકમાં પાણી લાવવાના બરાબરના પ્રયાસ કરશે ત્યારે તેમનો સામનો કરવા માટે ભાજપને મૅયર પદ માટે એક મજબુત ઉમેદવારની આવશ્યકતા હતી. ■

### કેમ ખાસ છે મુંબઈ મેયરનું પદ?

મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) દેશની સૌથી શ્રીમંત નગરપાલિકા છે, જેનું બજેટ અનેક નાના રાજ્યો કરતા પણ વધુ હોય છે. આથી જ તેના મેયર પદ માટે હંમેશા ખેંચતાણ રહેતી હોય છે. ૧૧ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ વાગ્યે મેયર પદ માટે સત્તાવાર ચૂંટણી યોજાશે. ભાજપે મહિલા મેયરનો દાવ ખેલીને આગામી ચૂંટણીઓ માટે પણ મોટો રાજકીય સંદેશ આપ્યો છે. ભાજપ અને શિંદે જૂથ વચ્ચેનું આ મજબૂત સત્તા સમીકરણ આગામી દિવસોમાં મુંબઈના વિકાસ અને વહીવટમાં મહત્વની ભૂમિકા ભજવશે.

### કોણ છે રિતૂ તાવડે? તેમની રાજકીય સફર

રિતૂ તાવડે ભાજપના જૂના અને વિશ્વાસુ નેતા માનવામાં આવે છે. તેઓ ૨૦૧૨માં વોર્ડ નંબર ૧૨૭ થી પ્રથમ વખત જીત્યા હતા. ત્યારબાદ ૨૦૧૭માં ઘાટકોપરના વોર્ડ નંબર ૧૨૧ અને ૨૦૨૫ની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૩૨ માંથી ભવ્ય વિજય મેળવ્યો હતો. ગ્રાઉન્ડ લેવલ પર તેમની પકડ અને વહીવટી અનુભવને કારણે જ પક્ષે મુંબઈ જેવી મહત્વની મહાનગરપાલિકાનું સુકાન સોંપવાનું નક્કી કર્યું છે. તેમના મેયર બનવાથી મુંબઈના પાયાના પ્રશ્નો, ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મોટા ફેરફારો આવવાની અપેક્ષા છે. ■

# મુંબઈમાં પણ થાણે ફોર્મ્યુલા: પાંચ વર્ષમાં ચાર ડેપ્યુટી મૅયર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણેમાં આગામી પાંચ વર્ષ દરમ્યાન નાગરિકોને ચાર મેયર મળવાના છે. થાણે મહાનગરપાલિકામાં સવા વર્ષ માટે મેયર પદ રાખવામાં આવ્યું છે, તે ફોર્મુલ્યાને આધારે જ મુંબઈ મહાનગરપાલિકામાં પણ શિંદે સેનાએ કોઈને પણ નારાજ નહીં કરતા સિનિયરોને તક મળી રહે તે માટે ડેપ્યુટી મૅયર પદની મુદત સવા વર્ષની રાખી હોવાનું રાજકીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

મુંબઈ મહાનગરપાલિકામાં મહાયુતિના ભાજપ અને શિંદે (સેના)વચ્ચેની આપસી સમજુતી મુજબ મૅયર પદ ભાજપ અને ડેપ્યુટી મૅયર પદ શિંદેસેનાને ફાળે ગયું છે. શનિવારે મુંબઈના મેયર તથા ડેપ્યુટી મૅયર પદ માટે ઉમેદવારી દાખલ કરવાનો દિવસ હતો. ભાજપ તરફથી નગરસેવિકા રીતુ તાવડેએ ઉમેદવારી દાખલ કરી છે અને તે આગામી અઢી વર્ષ માટે મુંબઈના મેયરનું પદ શોભાવશે. તો તેની સામે શિંદે સેનાએ સંજય ઘાડીને ડેપ્યુટી મૅયર પદ માટે ઉમેદવારી આપવામાં આવી છે.

મહાયુતિ પાસે મુંબઈ મહાનગરપાલિકામાં બહુમતી હોવાથી બિનવિરોધ તેમના ઉમેદવાર મૅયર પદ, ડેપ્યુટી મૅયર પદે ચૂંટાઈ આવશે તે નિશ્ચિત છે, જેમા મુંબઈના ડેપ્યુટી મૅયર પદે શિવસેના (શિંદે)માંથી નગરસેવક સંજય ઘાડીને ઉમેદવારી આપવામાં આવી છે, જોકે તેઓ અઢી વર્ષને બદલે ફક્ત સવા વર્ષ માટે ડેપ્યુટી મૅયર પદે રહેશે. થાણે મહાનગરપાલિકામાં પણ

(જુઓ પાનું ૪) ▸▸

# રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર: ‘ડેડ ડ્રૉપ’ મૉડેલનો ઉપયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુના નિવાસસ્થાને ગોળીબાર કરવા માટે બિશ્નોઈ ગૅન્ગ દ્વારા ખૂબ જ ગણતરીપૂર્વકનું કાવતરું ઘડી ‘ડેડ ડ્રૉપ’ મૉડેલ અપનાવવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. આ કાવતરમાં અલગ અલગ કામગીરી બજાવનારા શખસો ક્યારેય એકબીજાના સીધા સંપર્કમાં આવ્યા નહોતા. પરિણામે પોલીસે કાવતરાની કડી તો તોડી, પણ આખી ચેઈન બનાવવામાં ખાસ્સી મુશ્કેલી નડી રહી છે.

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા બૉમ્બ બ્લાસ્ટના કાવતરામાં પણ આરોપીઓએ ઈ-મેઈલ મારફત ડેડ ડ્રૉપ મૉડેલ અપનાવ્યું હતું. આ મૉડેલમાં એક આરોપી બીજા આરોપીને ક્યારેય મળ્યો ન હોય અને તેની સાથે સંપર્ક સાધી શક્યો ન હોય. પરિણામે પોલીસને એક આરોપી હાથ લાગે તો બીજાની કોઈ ભાળ ન મળે. એ સિવાય આરોપી પકડાય તોય ગુનામાં તેમની સંડોવણી સાબિત કરવી એક પડકાર બની રહે.

(જુઓ પાનું ૪) ▸▸

# વિદ્યાવિહાર નજીક સગીરે કાર હંકારીને સ્કૂટરને અડફેટે લેતા ગુજરાતી દંપતી ઘાયલ

મુંબઈ: વિદ્યાવિહાર નજીક ૧૭ વર્ષના સગીરે કાર હંકારીને સ્કૂટરને અડફેટમાં લેતાં ઘાટકોપરનું ગુજરાતી દંપતી ઘાયલ થયું હતું. તિલકનગર પોલીસે આ પ્રકરણે સગીરના પિતા વાલજી ભૂષણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વિદ્યાવિહાર નજીક તાનસા પાઈપલાઈન રોડ પર કોલેજ નજીક ૫-૨-૨૦૨૬ની મધરાતે આ અકસ્માત થયો હતો, જેમાં ધ્રુમીલ પટેલ (૩૩) અને તેની પત્ની મિનલ (૩૨) ઘાયલ થયા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર ઘાટકોપરના પંતનગરમાં રહેતા મહેશ કરમશી પટેલને તેમના મિત્રનો કોલ આવ્યો હતો કે તેમના ભત્રીજાને અકસ્માત નડ્યો છે અને ધ્રુમીલ તથા તેની પત્નીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં છે. મહેશ પટેલ તાત્કાલિક ઘરેથી નીકળીને હોસ્પિટલ જવા રવાના થયા હતા. તેમને જાણવા મળ્યું હતું કે ધ્રુમીલ અને મિનલ પરેલમાં દુકાને ગયા હતા ત્યાંથી પાછા ફરી રહ્યાં હતાં ત્યારે ઘટનાસ્થળે તેમના સ્કૂટરને કારે અડફેટમાં લીધું હતું જેમાં બંને જણ ઘાયલ થયા હતા.

દરમિયાન, ફરિયાદ નોંધાવતી વખતે પોલીસને જાણવા મળ્યું હતું કે, કાર વાલજી ભૂષણની માલિકીની છે અને તેમણે કાર તેમના સગીર પુત્રને હંકારવા માટે આપી હતી અને એ કારથી અકસ્માત થયો હતો. આથી પોલીસે વાલજી ભૂષણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ■

# બાન્દ્રા, ખારમાં મંગળવારે ૧૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે

## ૯૦૦ મિલિલિટર વ્યાસની પાઈપલાઈનમાં મોટું ગળતર

### પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે તેવા વિસ્તારો

બાંદ્રા વેસ્ટ - હિલ રોડ, પેરી રોડ, મેન્યુઅલ ગોન્સાલ્વિસ રોડ, સેન્ટ એન્ડ્રુઝ રોડ, સેન્ટ પોલ રોડ, કાર્ટર રોડ, પાલી ગામ, ચિંબાઈ ગામ, શર્લી ગામ અને કાંટવાડી વિસ્તાર. ખાર વેસ્ટ - ખાર દાંડા, કોલીવાડા, દાંડા પાડા, ચુઇમ ગામ, ગઝદર બંધ ઝૂંપડપટ્ટી અને ખાર પશ્ચિમના કેટલાક ભાગો. હનુમાન નગર ઝૂંપડપટ્ટી, લક્ષ્મી નગર, કાર્ટર રોડ, યુનિયન પાર્ક રોડ નંબર ૧ થી ૪ પાલી હિલ.

ડો. બાબાસાહેબ આંબેડકર રોડ વિસ્તાર, પાલી પ્લેટુ ઝૂંપડપટ્ટી અને ખારમાં ૧૫થી ૨૦મો રોડ બાંદ્રા વેસ્ટના કેટલાક ભાગો, જેમાં ચેપલ રોડ, વેરોનિકા રોડ, ડો. પીટર ડાયસ રોડ અને સેન્ટ જોન ધ બેપ્ટિસ્ટ રોડનો સમાવેશ થાય છે. બાંદ્રા વેસ્ટ બાજુ માઉન્ટ મેરી કેથેડ્રલ અને સંલગ્ન રોડ વિસ્તારો.

કે.સી. રોડ, એલ.કે. મહેતા રોડ, બજાર રોડના કેટલાક ભાગો,

(જુઓ પાનું ૪) ▸▸

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરમાં આવતાં અઠવાડિયે મંગળવારના બાન્દ્રા, પાલિહિલ વિસ્તારમાં ૧૪ કલાકનો પાણીકાપ મૂકવામાં આવ્યો છે, તેથી નાગરિકો પાણી સંભાળીને વાપરવાની સલાહ આપવામાં આવી છે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પાલી હિલ જળાશયની ૯૦૦ વ્યાસની પાણીની પાઇપલાઇન પર રહેલાં ગળતરનું તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવવાનું છે. આ સમારકામ મંગળવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી એટલે કે ૧૪ કલાક માટે હાથ ધરવામાં આવશે. આ કારણે ખાર અને બાન્દ્રાના કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠો ૧૪ કલાક માટે સંપૂર્ણપણે બંધ રહેશે, જ્યારે કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

**ઍપ-આધારિત ટેક્સી-બાઇકની હડતાળ**

# નાગરિકોને હેરાનગતિ થઈ તો કંપની માલિકો સામે કડક કાર્યવાહી કરાશે: પરિવહન પ્રધાન



**હાલાકી:** એપ-આધારિત ટૅક્સી-બાઈકની હડતાળને કારણે બેસ્ટ બસ સ્ટોપ પર પ્રવાસીઓની લાંબી લાઈન લાગી હતી. (અમય ખરાડે)

થાણે: એપ-આધારિત ટેક્સી અને ટુ-વ્હીલર સેવા કંપનીઓ ઓલા, ઉબેર અને રેપિડોના ડ્રાઇવરોએ તેમની માંગણીઓ પર દબાણ લાવવા માટે શનિવારે હડતાળ કરી હતી. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે હડતાળ પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે હડતાળની સામાન્ય લોકોને અસર થવી જોઈએ નહીં.

‘અમે ઓલા, ઉબેર, રેપિડોના ડ્રાઇવરો સાથે સંપર્કમાં છીએ. તેમણે સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે તેઓ કયા મુદ્દાઓમાં

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી: સાંજે ૫:૩૦ સુધી ૬૭ ટકા મતદાન

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૧૨ જિલ્લા પરિષદ અને ૧૨૫ પંચાયત સમિતિની ચૂંટણીમાં શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યા સુધીમાં અંદાજે ૬૭ ટકા મતદાન નોંધાયું હતું.

વિમાન દુર્ઘટના પછીની પહેલી મોટી ચૂંટણી કસોટી તરીકે જોવામાં આવતી આ ચૂંટણીઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની ભાવિ દિશા અને એકતાના સંકેતો માટે નજીકથી નજર રાખી રહી છે, જેના જૂથો પશ્ચિમ મહારાષ્ટ્રમાં તેમના ગઢમાં જોડાણમાં ચૂંટણી લડી રહ્યા છે.

મૂળ પાંચમી ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીઓ અજિત પવારના અવસાન અને ત્યારબાદ ત્રણ દિવસના

(જુઓ પાનું ૪) ▸▸

# ભારતમાં માત્ર હિંદુઓ જ છે, ભાજપ સંઘનો પક્ષ નથી: ભાગવત

મુંબઈ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંઘ યાત્રાના ૧૦૦ વર્ષ - નવું ક્ષિતિજ કાર્યક્રમમાં અનેક મહાનુભાવોએ ભાગ લીધો હતો. આ દરમિયાન આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું, ગુલામી પાછી નહીં આવે તેની શું ગેરંટી છે? આપણા સમાજમાં એકતાનો અભાવ છે. તેમણે કહ્યું કે સંઘ પાસે સમગ્ર સમાજને સંગઠિત કરવા સિવાય બીજું કોઈ કામ નથી. તેમજ ભાજપ સંઘનો પક્ષ નથી. સંઘના સ્વયંસેવકો તેમાં છે.

આ ઉપરાંત મોહન ભાગવતે જણાવ્યું હતું કે સંઘ લોકપ્રિયતાની જરૂર નથી. જો તમારે સંઘને જોવો હોય તો સંઘની શાખામાં જાઓ. સંઘ સમાજમાં એક અલગ સંગઠન સ્થાપિત કરવા નથી માંગતો કારણ કે સંઘનો પ્રથમ સિદ્ધાંત સમગ્ર સમાજ એક થાય તે છે તો જ દેશ બદલાશે. હું આધુનિકતા વિશે વાત કરી રહ્યો છું. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, જર્મની આ બધાના ઉદય અને પતનનો

(જુઓ પાનું ૪) ▸▸

# દસમા-બારમાની પરીક્ષા માટે પોલીસ પ્રશાસન સજ્જ

## પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં જમાવબંધી

વસઈ: ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ નકલમુક્ત વાતાવરણમાં યોજવા માટે પોલીસ પ્રશાસન સજ્જ છે. સાથે જ પરીક્ષા દરમિયાન થતી ગેરરીતિઓ અટકાવવા માટે પોલીસે વિવિધ નિયંત્રણો પણ લાગુ કર્યા છે.

બારમા ધોરણની લેખિત પરીક્ષા ૧૦ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન અને દસમા ધોરણની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન યોજાશે. આ પરીક્ષાઓ ભયમુક્ત અને નકલમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પ્રશાસન દ્વારા રાજ્યભરમાં ‘કોપી-ફ્રી અભિયાન’ ચલાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વસઈ-વિરાર શહેરમાં પોલીસ પ્રશાસન દ્વારા પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં ભીડ કરવા પર મનાઈ ફરમાવવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# ભાજપ વિરુદ્ધના બળવાનો ફુગ્ગો છેલ્લી ઘડીએ ફૂટી ગયો

છત્રપતિ સંભાજી નગર: છત્રપતિ સંભાજી નગરમાં ઝઘડી પડેલા શિવસેના અને ભારતીય જનતા પક્ષ એ બંને પક્ષ અંતિમ ઘડીએ ભેગા થઈ ગયા. ભાજપ તરફથી મેયરપદ માટે સમીર રાજુરકર અને ઉપમેયર માટે શિવસેના તરફથી રા જેન્દ્ર જંજાળની અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે, આ બંને અરજી આવ્યા પછી શિવસેનામાં નારાજી જોવા મળી હતી.

શિવસેના પક્ષ કાર્યાલય તરફથી છત્રપતિ સંભાજી નગરમાં ઉપમેયરના પદ માટે પક્ષાદેશ કાઢવામાં આવ્યો હતો. જોકે શિરસાટને જંજાળનું નામ સ્વીકાર્ય નહોતું.એટલું જ નહીં મહાયુતીની પ્રેસ કોન્ફરન્સમાં જવાનું તેમણે ટાળ્યું હતું. ઉપમેયરપદ શિવસેનાનું હોવા છતાં શિવસેનાએ નામની ઘોષણા ન કરતા ભાજપએ આ નામની ઘોષણા કરી હતી.

ત્યારબાદ પણ શિરસાટએ પોતાના સમર્થકોને ઉપમેયર

(જુઓ પાનું ૪) ▸▸

# માલેગાંવમાં ઈસ્લામ પાર્ટીએ શિંદે સેનાને પછાડી

માલેગાંવ: નાશિક જિલ્લાના માલેગાંવ મહાનગરપાલિકા (એમએલએમસી)ના મેયર પદ પર ઇસ્લામ પાર્ટીના નસરીન બાનોએ જીત મેળવી છે. તેમણે શિવસેનાના લતા ઘોડકેને પચીસ મતના તફાવતથી હરાવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપ અને એમઆઈએમ બંનેએ તટસ્થ રહેવાનું વલણ અપનાવતા એની અસર શિંદે જૂથને થઈ હોવાનું કહેવામાં આવે છે.ટૂંકમાં માલેગાંવમાં શિવસેના એકલી પડી અને ઈસ્લામ પાર્ટીને વિજય મળ્યો છે.

૮૪ સભ્યોની માલેગાંવ મહાનગરપાલિકામાં ઇસ્લામ પાર્ટીના શેખ નસરીન બાનો અને શિંદે જૂથના લતા ઘોડકે વચ્ચે સીધો મુકાબલો

(જુઓ પાનું ૪) ▸▸

# દુરંતો, ગરીબ રથ એક્સપ્રેસના ટાઇમટેબલમાં ફેરફાર

નાગપુર: રેલવે ટ્રેકનું અપગ્રેડેશન અને નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રેલવે એન્જિન બનાવવામાં આવ્યા હોવાથી ટ્રેનોની ગતિ વધવાની અપેક્ષા છે, પરંતુ મધ્ય રેલવેએ આગામી એપ્રિલ મહિનાથી નાગપુર-પુણે અને નાગપુર-મુંબઈ વચ્ચે દોડતી ટ્રેનોને ૧૦ થી ૧૫ મિનિટ મોડી છોડવાનો નિર્ણય લીધો છે.

મુંબઈ-નાગપુર-મુંબઈ રૂટ પર સૌથી વધુ લોકપ્રિય એવી દુરંતો એક્સપ્રેસના ટાઇમટેબલમાં એપ્રિલ મહિનાથી ફેરફાર કરવામાં આવશે. હાલમાં લગભગ ૮૦૦ કિલોમીટરનું અંતર ૧૧ કલાક ૩૫ મિનિટમાં કાપતી આ ટ્રેન એપ્રિલથી અંદાજે ૧૧ કલાક ૫૦ મિનિટનો સમય લેશે. આ નવું ટાઇમટેબલ ૧૪ એપ્રિલથી અમલમાં આવશે.

હાલમાં ટ્રેન નંબર ૧૨૨૮૯ સીએસએમટી-નાગપુર દુરંતો એક્સપ્રેસ સીએસએમટીથી સાંજે ૭.૫૫ વાગ્યે ઉપડે છે. આ સમય બદલીને ૮.૩૫ વાગ્યે કરવામાં આવ્યો છે. તે મુજબ, જે ટ્રેન સવારે ૮.૦૫ વાગ્યે નાગપુર પહોંચે છે તે હવે સવારે ૭.૫૦ વાગ્યે પહોંચશે.

તેવી જ રીતે નાગપુરથી મુંબઈ જતી દુરંતો

(જુઓ પાનું ૪) ▸▸

# અંધેરીમાં લાગેલી આગમાં બે બાળકો જખમી

મુંબઈ: અંધેરી (પૂર્વ)માં આવેલી ગ્રાઉન્ડ પ્લસ સાત માળની બિલ્ડિંગના બીજા માળે પર એક ફ્લેટમાં લાગેલી આગમાં બે બાળકો દાઝી ગયા હોવાનો બનાવ બન્યો હતો. બંને બાળકોને સારવાર માટે ઘાટકોપરની રાજાવાડીમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અંધેરી પૂર્વમાં ચાંદિવલીમાં સંઘર્ષ નગરમાં ગ્રાઉન્ડ પ્લસ સાત માળની નર્મદા હાઉસિંગ સોસાયટી આવેલી છે. શનિવારે સવારના પોણા આઠ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના બીજા માળા પર ફ્લેટ નંબર ૨૦૭ અચાનક આગ ફાટી નીકળી હતી. આગની

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**